
॥ શ્રીહરિઃ ॥ 1212

# એક મહાત્માનો પ્રસાદ

एक महात्माका प्रसाद ( गुजराती )




गीताप्रेस गोरखपुर

GITA PRESS, GORAKHPUR


ગીતાપ્રેસ, ગોરખપુર

# ‘एक महात्मा का प्रसाद’ की अकल्पनीय सिद्धियाँ


Gujarati pdf





Hindi pdf




English pdf




New Typed pdf




Youtube Link
Part 1

Youtube Link
Part 2

Audio
Part 1

Audio
Part 2

Video Link



स्वामी शुद्धानंदगिरीजी

क्या अब भी लाभ नहीं लोगे?

Blog Link

॥ શ્રીહરિઃ ॥ 1212

# એક મહાત્માનો પ્રસાદ

एक महात्माका प्रसाद ( गुजराती )

અનુવાદક :- બાલચંદ્ર ડી. રાઠોડ

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बन्धुश्च सखा त्वमेव।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देवदेव॥

ગીતાપ્રેસ, ગોરખપુર

1212 Ek Mahatma ka Prasad_Section_1_Front

## पुस्तकें यहाँ भी उपलब्ध हैं—

**गीताप्रेस, गोरखपुरकी पुस्तक-दूकान**

१-सूरत— वैभव एपार्टमेन्ट, भटार रोड ✆ ( 0261 ) 2237362, 2238065
२-मुम्बई— 282, सामलदास गाँधी मार्ग ( मरीन लाईन्स स्टेशनके पास ) ✆ ( 022 ) 22030717
३-नागपुर— 851, न्यू इतवारी रोड ✆ ( 0712 ) 2734354
४-जलगाँव— 7, भीमसिंह मार्केट, रेलवे स्टेशनके पास ✆ ( 0257 ) 2226393
५-औरंगाबाद— रेलवे स्टेशन, प्लेटफार्म नं० १
६-हैदराबाद—दूकान नं० 41, 4-4-1, दिलशाद प्लाजा, सुल्तान बाजार ✆ ( 040 ) 24758311

सं० २०७१ चतुर्थ पुनर्मुद्रण २,०००
कुल मुद्रण ७,०००

❖ मूल्य—₹ ३०
( तीस रुपये )

प्रकाशक एवं मुद्रक—
**गीताप्रेस, गोरखपुर—२७३००५**
( गोबिन्दभवन-कार्यालय, कोलकाता का संस्थान )
फोन : ( ०५५१ ) २३३४७२१, २३३१२५०; फैक्स : ( ०५५१ ) २३३६९९७
e-mail : **booksales@gitapress.org** website : **www.gitapress.org**

॥ શ્રીહરિઃ ॥

# નમ્ર નિવેદન

મહાત્માઓનો મહિમા અવર્ણનીય છે. તેમનું સંસારમાં રહેવું અને વિચારવું સામાન્ય રીતે લોકોના કલ્યાણને માટે જ હોય છે. જે રીતે સૂર્ય આ લોકને પ્રકાશ પ્રદાન કરે છે. ચંદ્રમા સમસ્ત જગતમાં ચાંદની ફેલાવીને સહુને શાંતિ આપે છે. તે જ રીતે મહાત્માગણ (તેમના સંપર્કમાં આવવાવાળા) સર્વના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને નિર્મળ જ્ઞાનનો પ્રકાશ ફેલાવે છે અને પોતાની અમૃતસમી વાણીથી સહુને પરમશાંતિ અર્પે છે. મહાત્માઓનું મિલન, તેમનો સત્સંગ, તેમની વાણી-વચન સચોટ હોય છે.

મહાત્માઓના સંગનો અર્થ તેમની નજીક રહેવું જ નથી. સાચો સંગ છે, તેમના વિચારોને પોતાના જીવનમાં ઉતારવો-તેમના કલ્યાણમય ઉપદેશો અનુસાર જીવન બનાવવું. જે મનુષ્ય મહાત્માઓના આદર્શ ઉપદેશ અનુસાર પોતાનો સ્વભાવ અને આચરણ બનાવે છે, તે લોકો જ મહાત્માઓના સંગનો ઉચિત લાભ ઉઠાવી શકે છે. મહાત્માઓની નજીક રહીને રાગ-દ્વેષનું પોષણ કરવું અને તેમના વિચારોનો આદર ન કરીને તેમના નામ પર પ્રમાદ કરવો એ ખરેખર તો તે 'મહાત્મા'ના સંગનો દુરુપયોગ કરવા બરાબર છે. આવું કરનારા લોકો મહાત્માઓના સંગનો મહાન લાભ પ્રાપ્ત કરવાથી વંચિત રહી જાય છે.

સદા વિનમ્રભાવથી મહાત્માઓની સેવા કરવી—તેમના ઉપદેશોનો આદર કરીને તે પ્રમાણે આચરણ કરવું એ જ તેમની સાચી સેવા છે—પોતાના મનની શંકાઓનું સમાધાન કરવા સરળભાવ તથા સરળ ભાષામાં પ્રશ્ન કરવો. સમજમાં ન આવે તો ફરી પૂછવું અને તેમના દ્વારા યોગ્ય સમાધન થઈ જતા તેમના બતાવેલા સન્માર્ગ પર ચાલવાની શરૂઆત કરી દેવી—આવું કરવાવાળા લોકોને મહાત્માઓના સંગનો યોગ્ય લાભ તરત મળી જાય છે, તે પછી તેમનું જીવન બદલાતા વાર લાગતી નથી.

મારા એક માનનીય બંધુ સત્સંગની સાચી ભાવનાથી એક મહાત્મા પાસે ગયા હતા. ત્યાં તે વિનમ્રભાવે રહેતા તથા પોતાના તેમજ બીજા સજ્જનો દ્વારા કરેલ પ્રશ્નોના ઉત્તરરૂપે અને પ્રવચનરૂપે મહાત્માજીના શ્રીમુખથી જે કંઈ સાંભળતા, તે લખી લેતા, લખીને મહાત્માજીને સંભળાવતા. ક્યાંક કોઈ ભૂલ રહી જતી તો મહાત્માજીના આદેશ મુજબ સુધારી લેતા. મહાત્માજીના તે જ મંગલમય ઉપદેશોનો સંગ્રહ 'એક મહાત્માજીનો પ્રસાદ'ના રૂપમાં વાચકોની સેવામાં પ્રસ્તુત કરવામાં આવી રહ્યો છે. મારો વિશ્વાસ છે કે આ પુસ્તકને મન લગાવીને વાંચવાથી અને તે અનુસાર જીવન બનાવવાનો પ્રયત્ન કરવાથી મહાન લાભ થશે. મારા તે બંધુના સ્વભાવમાં અભૂતપૂર્વ પરિવર્તન જોયા બાદ તો મારી આ ધારણા વધુ દૃઢ તથા સુનિશ્ચિત થઈ ગઈ છે. મારી વિનંતી છે કે વાંચકો આ નાનકડા કલ્યાણકારી પુસ્તકથી યોગ્ય લાભ ઉઠાવે.

**ગંગા તટ, ઋષિકેશ** **હનુમાનપ્રસાદ પોદ્દાર**

**અષાઢ વદ ૧૧/૨૦૧૩ વિ૰** **'કલ્યાણ'—સંપાદક**

॥ શ્રીહરિઃ ॥

# વિષયાનુક્રમણિકા

## (પ્રથમ ભાગ)


| વિષય | | પાન નં. |
|---|---|---|
| ૧. | નિરંતર સાધનનું સ્વરૂપ | ....... ૧૧ |
| ૨. | ચિત્ત-શુદ્ધિનો ઉપાય | ....... ૧૧ |
| ૩. | સાધનોપયોગી સિદ્ધાંત | ....... ૧૩ |
| ૪. | ભાવશુદ્ધિ વડે કર્મશુદ્ધિ | ....... ૧૩ |
| ૫. | સ્વદોષને જોવાની તથા મટાડવાની યુક્તિ | ....... ૧૫ |
| ૬. | ભગવત્પ્રેમની પ્રાપ્તિનો ઉપાય | ....... ૧૬ |
| ૭. | અહંતા, મમતા અને વાસનાનું સ્વરૂપ તથા તેના નાશનો ઉપાય તેમજ પ્રેમની અભિવ્યક્તિ | ....... ૧૮ |
| ૮. | યોગ, બોધ અને પ્રેમ ક્રિયાસાધ્ય નથી. વિવેકનો આદર જ તેમની પ્રાપ્તિનો ઉપાય છે | ....... ૨૧ |
| | નામજપ અને સ્મરણનો ભેદ તથા પ્રેમનું મહત્ત્વ | |
| ૯. | સુખ-દુઃખનું કારણ કોઈ વસ્તુ યા પ્રાણી ન માનવું એ જ રાગ-દ્વેષના નાશનો ઉપાય છે. આ વિષયમાં હિતકારક પ્રાપ્ત કરવાની પ્રેરણા | ....... ૨૩ |
| ૧૦. | પરદોષ-દર્શન અને દોષોના ચિંતનનો સર્વથા ત્યાગ કરીને નિર્દોષતા પ્રાપ્ત કરવાની પ્રેરણા | ....... ૨૭ |
| ૧૧. | તમારી સાધનામાં અન્ય લોકો અડચણ ન કરી શકે | ....... ૨૮ |
| | ‘‘પોતાનો પ્રમાદ જ સાધનામાં અડચણરૂપ છે, તેનો ત્યાગ, | |
| | ‘‘બીજાઓની આલોચનાનો ત્યાગ તથા સંસાર અને શરીરમાંથી પોતાપણાનો ત્યાગ કરીને એકમાત્ર ભગવાનને વિશ્વાસપૂર્વક પોતાના માનવાની પ્રેરણા | |
| | ગોપીઓના ચરિત્રથી બોધ પ્રાપ્ત કરવા તથા કર્મ કરવાની રીત | |
| | પોતાના દોષોને જોવાનો તથા મટાડવાનો ઉપાય | |
| ૧૨. | પ્રવૃત્તિ-નિવૃત્તિનો સદુપયોગ અને કર્મ કરવાની આસક્તિનો ત્યાગ | ....... ૩૪ |
| ૧૩. | કર્મની શુદ્ધિ માટે ભાવ અને સંકલ્પની બુદ્ધિશુદ્ધિ આવશ્યક | ....... ૩૭ |
| | વિશ્વાસ, સંબંધ, પ્રિયતા જ સ્મરણ-ચિંતનમાં હેતુ છે, તેથી તેમને ભગવાનમાં પરોવવા જોઈએ. | |
| | સત્પુરુષોના સંગનો અને તેની લાલસાનું મહત્ત્વ | |
| | ભગવાનની લીલાનું રહસ્ય | |

| વિષય | પાન નં. |
|---|---|
| ૧૪. સુખભોગની ઈચ્છાઓના નાશનો ઉપાય-વિચાર અને પ્રેમ સ્વરૂપથી જીવ ઈશ્વર બંને પ્રેમી છે. ભોગી નહિ | ....... ૪૧ |
| ૧૫. પોતાની ઉન્નતિ યા પ્રસન્નતાના હેતુ બીજાને ન માનવા ભગવાનની પ્રાર્થનાનું સ્વરૂપ અને ભગવાનનો મહિમા | ....... ૪૫ |
| ૧૬. વિવેક-વિશ્વાસ અને પ્રેમના આદર અને સદુપયોગનું વર્ણન | ....... ૪૮ |
| ૧૭. મનુષ્ય-શરીરનો મહિમા તથા ભગવાન સાથે એકતાનું વર્ણન | ....... ૫૧ |
| ૧૮. માન્યતા અનુસાર કર્તવ્ય-પાલન દ્વારા માન્યતાથી અલગ થવાનો પ્રકાર તથા અભિમાનથી થતી હાનિ પ્રાપ્ત વસ્તુઓના સદુપયોગથી અને અપ્રાપ્ત વસ્તુઓની ઈચ્છાના ત્યાગથી વાસ્તવિક આવશ્યકતાની પૂર્તિ | ....... ૫૫ |
| ૧૯. પશુ-પક્ષી વગેરે કરતાં મનુષ્ય શરીરની વિશેષતા પરહિત કરવામાં અભિમાનનો ત્યાગ અને તે પર ડાકપિકનનું ઉદાહરણ, વ્યવહારમાં કેવો ભાવ હોવો જોઈએ ઈચ્છાના બે પ્રકાર, ભગવાન પ્રત્યેના પ્રેમની ઈચ્છાનું મહત્ત્વ | ....... ૫૮ |
| ૨૦. ગુણોના અભિમાનથી હાનિ અને તેના ત્યાગનું મહત્ત્વ | ....... ૬૧ |
| ૨૧. પ્રમાદ, આળસ અને અકર્તવ્યનો તથા વ્યર્થ ચેષ્ટાનો ત્યાગ કરીને સંયમપૂર્વક કર્તવ્યપરાયણતા ગુણોના અભિમાનથી ગુણ દોષમાં બદલાઈ જાય છે; જે ગુણો લાલચ અને ભયરહિત છે તે જ ગુણ વાસ્તવિક છે. સાધકે, નેતા, ગુરુ, પ્રચારક કે ઉપદેશક બનવું ન જોઈએ; પોતાના દોષોનો ત્યાગ કરવાના હેતુથી પરસ્પર વિચાર-વિનિમય કરવો જરૂરી છે. સાધન-નિર્માણની પરીક્ષા, સાધનમાં પ્રિયતા અને નામજપનું મહત્ત્વ | ....... ૬૫ |
| ૨૨. સાધનમાં ઉત્સાહ અને વ્યાકુળતા બંને હોવી જોઈએ બુદ્ધિ-બળ વગેરેના સદુપયોગની પ્રક્રિયા | ....... ૬૯ |
| ૨૩. સ્વતંત્ર સાધન માટે પ્રેરણા અને તેનું સ્વરૂપ | ....... ૭૧ |
| ૨૪. સાધનમાં રુચિ અને પ્રવૃત્તિ સ્વાભાવિક હોવી જોઈએ; કર્તવ્યકર્મને ભગવાનનું કામ સમજીને કરો-તે પર ઉદાહરણ સાધનમાં નિષ્કામભાવની આવશ્યકતા, પરદોષદર્શનનો ત્યાગ વ્યવહારમાં કેવી સમતા હોવી જોઈએ તેનું વર્ણન | ....... ૭૩ |

| | વિષય | પાન નં. |
|---|---|---|
| ૨૫. | માનેલા સંબંધનો ત્યાગ અને પ્રભુની સાથે વિશ્વાસપૂર્વક સંબંધ જોડવો; તથા ગોપીઓનું ઉદાહરણ | ....... ૭૮ |
| ૨૬. | બધાને પોતાના સમજવા અથવા કોઈને પણ પોતાના ન સમજવા | ....... ૮૦ |
| | ક્ષમાશીલ હોવું અત્યંત આવશ્યક છે; ભગવાનની પ્રકૃતિ વડે ભોગવાસનાની પૂર્તિની આશા રાખવી એ સાધનામાં વિઘ્ન છે; પતનનું કારણ પ્રારબ્ધ નથી. | |
| | ઉત્તમ જીવનનું ચિત્ર | |
| ૨૭. | દોષોને છુપાવવું તે તેમને પોષણ આપવા સરખું છે; બીજાના દોષોને જોઈને પોતાના દોષોને દબાવવા એ ભૂલ છે | ....... ૮૪ |
| | ચિત્તની દશાનું અધ્યયન કરવાની વિધિ, સુધારનો ઉપાય | |
| ૨૮. | દોષોના રહેવા છતાં તેનું દુઃખ ન થવાનું કારણ | ....... ૮૮ |
| | ઈચ્છાપૂર્તિને સુખ માનવાથી અનેક પ્રકારના દોષોની ઉત્પતિ | |
| | મનુષ્યની વાસ્તવિક જરૂરિયાત અને તેની પૂર્તિનો ઉપાય | |
| ૨૯. | પોતાની યોગ્યતા અને સામર્થ્ય કરતા વધારે ખર્ચ કરવો તથા માન-બડાઈ વગેરે હેતુથી ખર્ચ કરવું-સાધનાથી વિરુદ્ધ છે. અને પ્રાપ્ત યોગ્યતા વગેરેનો સદુપયોગ ન કરવો પણ સાધનાથી વિરુદ્ધ છે | ....... ૯૧ |
| ૩૦. | જીવનમાં પરિવર્તન ન થવાનું કારણ સુખ-દુઃખની જાળમાં ફસાઈ રહેવું તે છે; સંયુક્ત કુટુંબમાં દરેક ખર્ચ ઘરવાળાઓની સંમતિથી કરવો જોઈએ | ....... ૯૩ |
| ૩૧. | કરવાની તથા ભોગવવાની આસક્તિ અને તેના નાશનો ઉપાય | ...... ૯૯ |
| | "પ્રેમતત્ત્વ સમજાવવા માટે કિશોરજીની પ્રેમલીલાનું વર્ણન | |
| ૩૨. | શરીર અને સંસારથી સંબંધ-વિચ્છેદનો ઉપાય; જાણકારી પ્રમાણે જીવન અને માન્યતા અનુસાર કર્તવ્ય-પાલન કરવું | ..... ૧૦૪ |
| | પોતાના અધિકારનો ત્યાગ અને અન્યના અધિકારની રક્ષા | |
| | હું શરીર નથી એ બરાબર સમજવું ખૂબ જરૂરી | |
| ૩૩. | સત્સંગ કરવાની રીત; તેના દ્વારા સાધન-નિર્માણ | ..... ૧૦૯ |
| | પોતાના વિવેકનો આદર; સાધનમાં કોઈ જ શંકા ન રાખવી | |
| ૩૪. | રાગ-દ્વેષનું વ્યર્થ ચિંતન અને ચેષ્ટાનો ત્યાગ | ..... ૧૧૨ |
| | ઘટનાના અર્થને સમજવાની રીત; પોતાની ભૂલોને જોવી, અન્ય તરફ ન જોવું, વર્તમાનમાં સદુપયોગની રીત | |

| વિષય | | પાન નં. |
|---|---|---|
| | સંસાર સાથે સંબંધ પ્રભુ-પ્રેમમાં બાધક છે; દરેક કર્તવ્ય સારી રીતે પૂરા કરીને રાગ-દ્વેષથી રહિત થવું આવશ્યક | |
| ૩૫. | સંસારથી સંબંધ તોડીને ભગવાનને પરમદયાળુ અને પતિતપાવન તથા પોતાને પતિત માનીને ભગવાન સાથે સંબંધ સ્વીકારી લો | ..... ૧૧૯ |
| ૩૬. | મન સાથે બાળક જેવો વ્યવહાર કરવો જોઈએ; દોષોને મટાડવાની અને નિર્દોષતા સ્થાપિત કરવાની યુક્તિ | ..... ૧૨૧ |
| | ભગવાનને પ્રાપ્ત કરવા મુશ્કેલ નથી | |
| | બૂરાઈના બદલામાં ભલાઈ કરવી એ જ સાધુતા છે; ક્રોધથી ઘણી મોટી હાનિ થાય છે. | |
| ૩૭. | ભગવાનની આવશ્યકતા બધાને છે, પણ સુખભોગવવાની ઈચ્છાને કારણે તે દબાયેલી છે, તેથી ઈચ્છારહિત થવું જરૂરી છે | ... ૧૨૭ |
| | વ્યાપારનું શુદ્ધ-સ્વરૂપ, નિત્ય આનંદની પ્રાપ્તિનો ઉપાય | |
| | દરિદ્રતાનું કારણ લોભ છે, તેને કાઢવાનો ઉપાય | |
| ૩૮. | પ્રેમાસપદના મનમાં પોતાનું મન મેળવી દેવું એ જ પ્રેમ-પ્રાપ્તિનું સાધન છે; વ્યાપક પ્રેમ જ વાસ્તવમાં પ્રેમ છે; પ્રેમના સ્વરૂપનું વર્ણન | ..... ૧૩૩ |
| | ભાવની શુદ્ધિ જ ખરેખર શુદ્ધિ છે. તેથી દરેક કાર્ય સર્વ-લોકહિતકારી-ભાવથી | |
| | પ્રભુની પ્રસન્નતાને માટે કરવી જોઈએ | |
| ૩૯. | અન્યનું ખરાબ ઈચ્છવાથી પ્રેમ સમભાવથી અને અસીમ નથી થતો; ખરાબ ઈચ્છવું શું છે તેનું સ્પષ્ટીકરણ તથા સમભાવની અસીમ પ્રેમ-પ્રાપ્તિનું સાધન | ..... ૧૩૮ |
| ૪૦. | શરીર-જાતિ-વર્ણ-આશ્રમ-ધન-સંપત્તિ વગેરે સાથે જે માનેલો સંબંધ છે તેનાથી જ સારા-બૂરા કર્મ થાય છે; તેના ત્યાગના ઉપાયનું વર્ણન; નિષ્કામભાવનું મહત્ત્વ | ..... ૧૪૪ |
| ૪૧. | બધાથી સંબંધ થવાનું કારણ; તેને તોડવાનું તથા ભગવાન સાથે સંબંધ જોડવાનું સાધન; અધિકાર-લાલસાનો ત્યાગ | ..... ૧૫૧ |
| | સાધકે પોતાનું સાધક નિર્માણ કરીને તેમાં તત્પરતાથી લાગી જવું જોઈએ; પોતાના મનની વ્યર્થ વાતને પૂરી કરવામાં શક્તિ નહિ લગાવવી જોઈએ | |

(બીજો ભાગ)


| | વિષય | પાન નં. |
|---|---|---|
| ૧. | પોતાની નિર્બળતા અને ભગવાનની મહિમાના જ્ઞાનથી ભગવાનમાં પ્રેમ અને વિશ્વાસ થાય છે | .....૧૫૭ |
| ૨. | ભગવાનની કૃપાનો અનુભવ | .....૧૫૮ |
| ૩. | મનની એકાગ્રતા | .....૧૫૯ |
| ૪. | દેહાભિમાનરહિત પ્રેમી ભક્તનું આચરણ | .....૧૬૦ |
| ૫. | જીવતે જીવ મૃત્યુ પામવાનું સ્વરૂપ અને ભગવત્પ્રેમ-પ્રાપ્તિનું સાધન | .....૧૬૦ |
| ૬. | મૃત્યુથી ડરવાનું કારણ તથા મૃત્યુનો મહિમો | .....૧૬૩ |
| ૭. | સ્વાધીનતા અને પરાધીનતાનું સ્વરૂપ; ભગવત્પ્રેમની પ્રાપ્તિ | .....૧૬૪ |
| ૮. | મૂર્તિપૂજાનું રહસ્ય તથા સાધનનું મહત્ત્વ, અભિમાનનો સર્વથા ત્યાગ, નામજપ પર તુલસીદાસનું ઉદાહરણ | .....૧૬૫ |
| ૯. | પ્રેમ, મોહ અને આસક્તિનો ભેદ | .....૧૬૯ |
| ૧૦. | નિષ્કામતાનું મહત્ત્વ, લૌકિક અને પરલૌકિક ઉન્નતિની એકતા | .....૧૭૦ |
| | ક્રિયા અને કર્મના સ્વરૂપનો ભેદ તથા કર્મફળ-પ્રાપ્તિનું કારણ | |
| | કુંતીનું સતીત્વ અને તેની ધર્મનિષ્ઠા તથા ધર્મનું સ્વરૂપ | |
| ૧૧. | સ્વરૂપનું રહસ્ય, ઈશ્વરવિશ્વાસનું અને વિવેકનું મહત્ત્વ | .....૧૭૫ |
| ૧૨. | ઈશ્વરપ્રેમી ભક્તમાં સાંસારિક કામનાઓનો અભાવ અને ભક્તિનું સ્વરૂપ, નામજપ અને સ્મરણનો ભેદ | .....૧૭૮ |
| | મનુષ્યનું શું કરવામાં સ્વતંત્ર છે ? તેનો જવાબ અને સાધકનું કર્તવ્ય | |
| | ગુરુતત્ત્વનું વિવેચન અને શિષ્યનું કર્તવ્ય | |
| ૧૩. | શરણાગતિનું સાધન, તેનું સ્વરૂપ તેમજ વિશ્વાસ અને સંબંધનું મહત્ત્વ | .....૧૮૩ |
| ૧૪. | ભગવાનના અવતારનું કારણ અને તેની લીલાનું રહસ્ય | .....૧૮૯ |
| ૧૫. | સાધનમાં સફળતા ન મળવાનું કારણ અને નિષ્કામની આવશ્કતા, સંકલ્પોના નાશનો ઉપાય | .....૧૯૩ |
| ૧૬. | ગોપીભાવનું રહસ્ય અને એના માટે સત્સંગની આવશ્યકતો | .....૧૯૬ |
| ૧૭. | મનુષ્યના વિકાસના ઉપાય તથા ચરિત્રબળ, વિવેકબળ અને વિશ્વાસબળ આ ત્રણની આવશ્યકતા, તેમનું મહત્ત્વ અને તેમની પ્રાપ્તિનો ઉપાય | .....૧૯૯ |

| વિષય | પાન નં. |
|---|---|
| ૧૮. મોહ અને પ્રેમમાં ભેદ, પોતાની યોગ્યતા, રુચિ અને વિશ્વાસ અનુસાર સાધન-નિર્માણ કરવાની યુક્તિ, ભગવાનની મહિમા પર વિશ્વાસ; લક્ષ્ય પર દૃષ્ટિ રાખવાની આવશ્યકતા; અસલી જીવવનું સ્વરૂપ | ......૨૦૪ |
| ૧૯. જગત સાથે સંબંધ થવાનું કારણ | ......૨૧૦ |
| પોતાની ભૂલોને સમજવું જરૂરી; દીનતા અને અભિમાનના નાશનો ઉપાય | |
| પુસ્તક-અધ્યયન કરતા પોતાના જીવનનું અધ્યયન પરમ આવશ્યક | |
| વિદ્યા અને શિક્ષામાં ભેદ | |
| ૨૦. પુરુષત્વની વ્યાખ્યા અને મીરાજીની જીવગોસ્વામીજી સાથે વાતચીત, કાન્તાભાવનું સ્વરૂપ | ......૨૧૫ |
| સાધનામાં તત્પરતા લાવવાનો ઉપાય અને સાધનનું મહત્ત્વ | |
| ભગવાનને માટે કરેલાં દરેક કર્મ સાધન છે | |
| ૨૧. શાંતિ મેળવવાનો ઉપાય | ......૨૨૨ |
| ભગવાન ભક્તને પ્રેમ કરે છે | |
| પોતાના દોષોને જોવાની અને મટાડવાની યુક્તિ | |
| પરદોષદર્શન સાધનમાં વિઘ્ન છે. | |
| જાણકારી અનુસાર કરવાથી સફળતા | |
| ક્રિયાશક્તિ અને ચિંતનશક્તિનો ઉપયોગ | |
| પોતાના અધિકારનો ત્યાગ અને અન્યના અધિકારની રક્ષા-એ જ કર્તવ્ય છે | |
| ૨૨. સુખની નિવૃત્તિનો ઉપાય | ......૨૨૮ |
| ૨૩. મન ચલિત થવાનું કારણ અને તેને રોકવાના ઉપાય | ......૨૨૯ |
| શું કરવું જોઈએ એ પર વિવેચન | |
| ૨૪. પ્રેમ-પ્રાપ્તિનું સાધન-વિશ્વાસ અને આત્મીયતા | ......૨૩૩ |

| વિષય | | પાન નં. |
|---|---|---|
| ૨૫. | ભાવદૃષ્ટિ અને તાત્ત્વિકદૃષ્ટિ<br>મન અને શરીરનું સ્વરૂપ<br>ભજન કરવાનો સમય<br>બાળકોને શિક્ષણ આપવાની પદ્ધતિ<br>તીર્થોમાં કોણે જવું જોઈએ; ત્યાં કેવો વ્યવહાર કરવો જોઈએ<br>સફાઈ, શુદ્ધતા વગેરેનો ભેદ; આચાર અને<br>વિચારમાં વિરોધ નહિ, એકબીજાના સહયોગી સાધન છે<br>આચરણનું વાસ્તવિક સ્વરૂપ | .....૨૩૬ |
| ૨૬. | વીરપુરુષ અને વીરતાનું સ્વરૂપ | .....૨૪૨ |
| ૨૭. | નિરંતર ભગવત્સ્મૃતિનો ઉપાય<br>ભગવાન પર વિશ્વાસ અને તેમનો સંબંધ<br>જીવનો સ્વભાવ બાળક સમાન અને ભગવાન માતા સમાન;<br>જગત એક રમકડું | .....૨૪૬ |
| ૨૮. | દીનતા અને અભિમાનને મટાડવાનો ઉપાય<br>મન વિશ્વાસનું યંત્ર છે, વિશ્વાસ થાય છે મનના પ્રકાશમાં<br>શરીર વગરનું જીવન | .....૨૪૮ |
| ૨૯. | અભિમાનનું કારણ | .....૨૫૧ |
| ૩૦. | ઇચ્છાઓના નાશનો ઉપાય<br>સંતોષ-પ્રાપ્તિનો ઉપાય<br>ગુરુતત્ત્વનું વિવેચન<br>જીવવાની આશાનો ત્યાગ અને ભગવત્પ્રાપ્તિની<br>લાલસાનું મહત્ત્વ | .....૨૫૧ |

॥ શ્રીહરિ: ॥

# એક મહાત્માનો પ્રસાદ

## [પ્રથમ ભાગ]

(થોડા દિવસ પહેલાં અમારા એક સજ્જન એક મહાત્મા પાસે ગયા હતા, ત્યાં પ્રવચન તથા પ્રશ્નોત્તરરૂપમાં મહાત્માજીએ જે કહ્યું, તેને લખવામાં આવ્યું હતું. તે જ અહીં ક્રમવાર આપવામાં આવેલ છે.)

(૧)

સાધકના જીવનમાં એવી પ્રતીતિ નહિ રહેવી જોઈએ કે અમુક સમય તો સાધનનો છે અને અમુક સમય સાધનનો નથી. અમુક ક્રિયા અથવા પ્રવૃત્તિ સાધન છે અને અમુક નથી. તેની તો પ્રત્યેક ક્ષણ અને પ્રવૃત્તિ સાધનમય હોવી જોઈએ. જેની સમજમાં બધું જ ભગવાનનું છે, તેનું પોતાનાં તો એકમાત્ર ભગવાન સિવાય કાંઈ જ નથી. તો પછી તેની કોઈ પણ પ્રવૃત્તિ ભગવાનની સેવા સિવાય હોઈ જ કઈ રીતે શકે ? તેના જીવનની પ્રત્યેક ક્ષણ ભગવાનની પ્રસન્નતા માટે તેમની જ આપેલી યોગ્યતાથી, તેમની જ સેવામાં લાગશે. તેના સિવાય બીજું સાધન કયું હોઈ શકે છે.

(૨)

(૧) ખરાબ અને અનાવશ્યક સંકલ્પોનો ત્યાગ જ ચિત્તશુદ્ધિનો પ્રથમ ઉપાય છે.

(ક) જે કાર્યથી અન્યનું અહિત થાય છે, તે વિષયમાં સંકલ્પ કરવાનું નામ ખરાબ સંકલ્પ છે.

(ખ) જેનો વર્તમાનથી સંબંધ ન હોય, જે સંકલ્પને પૂરા કરવાની સાધકમાં યોગ્યતા અથવા શક્તિ ન હોય અને જો શક્તિ અથવા યોગ્યતા હોય તો વર્તમાન સમયમાં તેને પૂરી કરવી આવશ્યક

ન હોય અથવા સંભવ ન હોય, એવા સંકલ્પોનું નામ છે - અનાવશ્યક સંકલ્પ.

તેની નિવૃત્તિ પછી જે સાધકના મનમાં આવશ્યક અને સારા સંકલ્પ આવે છે, તેની પૂર્તિ આપમેળે થાય છે, આ પ્રકૃતિનો નિયમ છે.

(૨) આવશ્યક અને સાચા સંકલ્પની પૂર્તિ થતા તે પૂર્તિના સુખમાં રસ ન લેવો, પરંતુ ભગવાનની અહેતુકી કૃપાનો અનુભવ કરતાં કરતાં તેમના પ્રેમ અને વિશ્વાસને મજબૂત કરતા રહેવુ - એ ચિત્તશુદ્ધિનો બીજો ઉપાય છે.

(ક) આવશ્યક સંકલ્પ એટલે એવો સંકલ્પ જે અનુસાર સાધકની પ્રવૃત્તિ થવી સ્વાભાવિક છે અને જેની પૂર્તિનો સંબંધ વર્તમાન સાથે છે, દા.ત. ભોજન વગેરે શરીરસંબંધી-ક્રિયા વિષયક સંકલ્પ. તેમજ પોતાની યોગ્યતા અનુસાર અન્ય વર્તમાન પ્રવૃત્તિથી યા નિવૃત્તિથી સંબંધ રાખવાવાળા સંકલ્પ.

(ખ) સારા સંકલ્પ તેને કહેવાય જેમાં પરહિત-પ્રસન્નતા સમાયેલા છે.

(૩) જ્યારે સાધકને એવું લાગે કે મારા આવશ્યક અને શુભ સંકલ્પોની પૂર્તિ નથી થઈ રહી, તો તે સમયે મનમાં કોઈ પણ પ્રકારની હતાશા અથવા નિરાશાને લાવવી નહિ, પરંતુ એવું સમજવું જોઈએ કે 'પ્રભુ હવે મને અપનાવવા માટે - 'મને પોતાનો પ્રેમ પ્રદાન કરવા માટે મારા મનની વાત પૂરી ન કરીને પોતાના મનની વાત પૂરી કરી રહ્યા છે.' તથા આવા ભાવથી તે પ્રેમાસ્પદના સંકલ્પમાં પોતાના સંકલ્પો મેળવી તેમની પ્રસન્નતા માટે તેમજ તેમના પ્રેમની પ્રાપ્તિની આશાભર્યા ઉમંગમાં આનંદમગ્ન થઈ જવું - આ જ અંતઃકરણની પરમ શુદ્ધિનું છેલ્લું સાધન છે.

ચિત્ત શુદ્ધ થવાથી નિર્વિકલ્પ સ્થિતિ અને સંદેહરહિત બોધ થાય છે. તે સમયે સાધકના જીવનમાં સર્વ પ્રકારનાં દુઃખોની સમાપ્તિ

તથા સ્વાધિનતા અને સામર્થ્ય વગેરેનો અનુભવ થાય છે; પરંતુ તેનાથી થનારા સુખમાં પણ સાધકે સંતુષ્ટ ન થવું જોઈએ અને તેનો ઉપભોગ પણ નહિ કરવો જોઈએ; બલકે ઉદાસીન ભાવથી તેની ઉપેક્ષા કરીને ભગવાનના પ્રેમ અને વિશ્વાસને જ મજબૂત કરતા રહેવું જોઈએ.

(૩)

સાધકને માટે તે જ સિદ્ધાંત સર્વશ્રેષ્ઠ માન્ય છે, જે સમજવામાં તેને કોઈ પણ પ્રકારનો સંદેહ ન હોય અને જે અનુસાર પોતાનું જીવન બનાવવામાં તેને કોઈ પ્રકારની કઠિનાઈનો અનુભવ ન થતો હોય. એટલે કે વર્તમાનમાં મળેલી પરિસ્થિતિ અને યોગ્યતાના સદુપયોગથી જ તે સિદ્ધાંત અનુસાર જીવન બનાવી લેવું સરળ હોય, જેમાં નિરાશા માટે કોઈ સ્થાન ન હોય. જે સાધકને સહુથી વધારે પ્રિય હોય તથા જેમાં તેનો પૂર્ણ વિશ્વાસ હોય. જે સાધકની પાસે ધનનું બળ નથી, શરીરનું બળ નથી, બુદ્ધિ-બળ નથી, ઈન્દ્રિય બળ નથી, સદાચાર બળ નથી અને ન તો જાતિબળ છે-આવો દીન-હીન પતિતથી પણ પતિત મનુષ્યને જે સિદ્ધાંત અનુસાર સરળતાથી પોતાના સાધ્યને (પ્રભુને) અચાનક સરળતાથી પ્રાપ્ત કરી શકે છે, તે સિદ્ધાંત જ સર્વશ્રેષ્ઠ છે. જે સિદ્ધાંત પ્રાપ્ત યોગ્યતાના સદુપયોગ દ્વારા સાધકને પોતાના સાધ્યની પ્રાપ્તિ કરાવી દેવામાં સમર્થ છે, તે સિદ્ધાંત જ તેના માટે વાસ્તવિક સિદ્ધાંત છે. પોતાના સિદ્ધાંતનું પાલન કરતાં કરતાં અન્યના સિદ્ધાંતોનો આદર કરવો એ જ ધર્મ છે; કેમ કે ધર્મ બધા જ સિદ્ધાંતોનો સમર્થન છે.

(૪)

કોઈ પણ કર્મની શુદ્ધિ માટે એ જાણવું પરમ આવશ્યક છે કે તેનું મૂળ ઉત્પત્તિ સ્થાન શું છે અર્થાત્ કર્મની ઉત્પત્તિ ક્યાંથી થાય છે ? વિચાર કરવાથી એ સમજાશે કે કર્તાના ભાવ અને

સંકલ્પથી કર્મ બને છે અર્થાત્ પહેલાં કરતાં કોઈ ભાવથી પ્રવૃત્ત થઈને પોતે કાંઈક બને છે, ત્યાર બાદ તે અનુસાર સંકલ્પ અને કર્મની ઉત્પત્તિ થાય છે. જ્યારે મનુષ્ય કોઈ સારા કાર્યમાં પ્રવૃત્ત થાય છે, તો પહેલા તો પોતે સારો બને છે. તે જ પ્રમાણે જ્યારે ખરાબ કામમાં પ્રવૃત્ત થાય છે તો પ્રથમ તો પોતે ખરાબ બને છે. જેમ કે ચોર બનીને ચોરી કરે છે. ભોગી બનીને ભોગ ભોગવે છે, સેવક બનીને સેવા કરે છે વગેરે. તેથી એ સિદ્ધ થઈ ગયું કે ક્રિયાની શુદ્ધિ માટે સાધકને પ્રથમ તો પોતાના અહંભાવને શુદ્ધ કરવો પરમ આવશ્યક છે; કેમ કે કારણની શુદ્ધિ વગર કાર્યની વાસ્તવિક અને સ્થાયી શુદ્ધિ થતી નથી. એટલા માટે પોતાની માન્યતાને પ્રથમ તો સ્થિર અને શુદ્ધ બનાવવી જોઈએ. વિકલ્પરહિત એ નિશ્ચય કરવો જોઈએ કે હું ભગવાનનો છું. આ ભાવ નિશ્ચિત થવાથી આપમેળે એવાં કામો કરવાના સંકલ્પ પેદા થશે જે ભગવાનને પ્રિય હોય છે. જે ભગવાનની પ્રસન્નતા માટે કરવા આવશ્યક છે. આ રીતે ભાવ, સંકલ્પ અને કર્મની શુદ્ધિ સુગમતાપૂર્વક આપમેળે થઈ શકે છે. સાધક જે વર્ણ, આશ્રમ, પરિસ્થિતિમાં રહેતો હોય તેને ભગવાનની નાટકીય શાળાનો વેશ સમજે અને તે વેશ અનુસાર જ્યારે જે કર્મ કરવું આવશ્યક હોય તેને ખૂબ ઉત્સાહ, સાવધાની અને પ્રસન્નતાપૂર્વક કરતો રહે, પરંતુ તે અભિનયને પોતાનું જીવન ન માને અર્થાત્ તેમાં જીવન-બુદ્ધિ, સદ્ભાવ-(મોહ) ન રાખે. આવું થવાથી અભિનયના રૂપમાં થવાવાળી પ્રવૃત્તિઓમાં રાગ રહેશે નહિ, જેનાથી નિર્વાસના આવશે અને પ્રત્યેક પ્રવૃત્તિને અંતે સ્વાભાવિક જ પ્રેમાસ્પદના પ્રેમની પ્રતિક્ષાનો ઉદય થશે; કેમ કે અભિનયકાળમાં આ ભાવના જાગ્રત રહે જ છે કે આપણા ભાગમાં આવેલો અભિનય સારી રીતે પૂરો થવાથી આપણા પ્રેમાસ્પદ આપણને જરૂર અપનાવશે, આપણને પ્રેમ કરશે. પ્રેમાસ્પદ તરફથી મળેલ અભિનયથી

છુપાયેલ રાગથી નિવૃત્ત થવાય છે. રાગનો અંત થતાં જ અનુરાગની ગંગા આપમેળે લહેરાવા લાગે છે-આવો બધા જ પ્રેમીઓનો અનુભવ છે. અભિનય કરતી વેળા એ વાતને ક્યારેય ન ભૂલો કે હું તેમનો છું, કે જે આ લીલાસ્થળરૂપ જગતનો સ્વામી છે. તેથી હું જે કાંઈ કરી રહ્યો છું યા જે કાંઈ મારે કરવાનું છે - તે પ્રભુની પ્રસન્નતાને માટે કરવાનું છે અને આ અભિનયને તે જોઈ રહ્યા છે.

અહંભાવની શુદ્ધિ વગર જો કોઈ મનુષ્ય કર્મની શુદ્ધિ માટે પ્રયત્ન કરે છે તો કોશિશ કરવા છતાં કર્મને શુદ્ધ બનાવી શકતો નથી; કેમ કે જ્યાં કર્મની ઉત્પત્તિ થાય છે, જે તેનું કારણ છે, તેની શુદ્ધિ વગર કર્મની શુદ્ધિ સંભવ નથી.*

(૫)

સાધકે પોતાના પ્રાપ્ત વિવેક દ્વારા પોતાના મનની દશાનું સારી રીતે નિરીક્ષણ કરવું જોઈએ કે તેની આંતરિક રુચિ શું છે, તેમાં કઈ કઈ આસક્તિ (રાગ) છુપાયેલી છે. આ રીતે અંતરમનમાં રુચિ અને રાગના રૂપમાં છુપાયેલા પોતાના દોષોને જાણી લેવાથી તે દોષ આપમેળે નષ્ટ થઈ જાય છે અને ચિત્ત શુદ્ધ થઈ જાય છે, આ પ્રકૃતિનો નિયમ છે. જ્યાં સુધી સાધક ગુરુજનો અથવા શાસ્ત્રો

---

**અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ ।**
**સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્વ્યવસિતો હિ સઃ ॥**
(૯ । ૩૦)

ગીતાના આ શ્લોકમાંથી પણ એ જ ભાવ (અર્થ) નીકળે છે; કેમ કે ભગવાને આમાં સાધકના નિશ્ચયની મહિમાનું જ વર્ણન કરેલ છે. ભગવાનનું એવું કહેવું છે કે જે મને અનન્ય ભક્તિથી ભજે છે, તે કદાચ અત્યંત દુરાચારી હોય તોપણ તેને સાધુ જ સમજવો જોઈએ; તેનો નિશ્ચય ઘણો સરસ છે, તેણે જે ધારણા કરી લીધી છે કે હું ભગવાનનો ભક્ત છું. આ નિશ્ચય તેને ઝડપથી ધર્માત્મા-સદાચારી બનાવી દેશે-આ ભાવ તેની આગળના શ્લોકમાં સ્પષ્ટ છે.

દ્વારા સાંભળીને પોતાના દોષોને દોષ સમજે છે-તેમને સદ્‌ગુણોની ભાવનાથી દબાવતો રહે છે, ત્યાં સુધી તે એક વાર તો દબાઈ જાય છે; પણ તે દોષોનો પૂર્ણ નાશ નથી થતો અને ફરી લાગ આવતા ભયાનકરૂપે ભડકી ઊઠે છે, પરંતુ પ્રત્યેકરૂપે જોઈ લેવાથી દોષોનો મૂળ સહિત નાશ થઈ જાય છે. જો કે સાધક બુદ્ધિજન્ય વિવેક દ્વારા દોષોને દોષરૂપમાં સમજે છે અને તેને છોડવા પણ માગે છે. તે જ રીતે સદ્‌ગુણોને પણ સમજે છે અને તેને ધારણ કરવા માગે છે; પરંતુ જ્યાં સુધી હૃદય અને વિવેકની એકતા નથી થઈ જતી, મનને તે દોષોમાં રસ આવતો રહે અને ગુણોના રસનો અનુભવ નથી થતો. ત્યાં સુધી દોષોનો ત્યાગ અને ગુણોને ધારણ કરવાનું બનતું નથી. તેથી સાધકે પ્રાપ્ત વિવેક દ્વારા ઊંડાઈથી પોતાના દોષોનું નિરીક્ષણ કરીને વિવેક અને હૃદયથી એકતા સ્થાપિત કરવી જોઈએ, અર્થાત્ મન અને બુદ્ધિમાં જે અંતર છે, તેને દૂર કરી મનને બુદ્ધિમાં વિલીન કરવું જોઈએ. આવું થવાથી દોષોની ઉત્પત્તિ નહિ થાય અને ગુણોનું અભિમાન નહિ થાય. ત્યારે બુદ્ધિ આપમેળે સમાન અને સ્થિર થઈ જશે.

(૬)

સાધકે પોતાના મનને પુનર્જન્મ અને નરક વગેરેનો અથવા અન્ય કોઈ પ્રકારનો ભય બતાવીને અથવા લાલચ આપીને તેની રુચિને દબાવવી ન જોઈએ; પરંતુ પ્રાપ્ત વિવેક દ્વારા તેની રુચિનું નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. આવું કરવાથી મનની દશાનું જ્ઞાન સહજમાં જ થઈ શકશે અને તેની રુચિ અનુસાર આચરણ કરવા છતાં પણ જ્યારે મનના ઉદ્દેશ્યથી પૂર્તિ નહિ થાય, ત્યારે તે સરળતાથી તે રુચિમાં પરિવર્તન સ્વીકાર કરી લેશે. આમ કરવાથી સ્વાભાવિક જ મનમાં એ

રુચિ ઉત્પન્ન થશે કે મને એવું સુખ મળે જે કાયમ માટે રહે, જે કદી ઓછું ન થાય અને જેમાં દુઃખનું મિશ્રણ ન હોય. આ રુચિ અનુસાર જ્યારે તેને સંસારના કોઈ પણ ભોગમાં-કોઈ પણ પરિસ્થિતિમાં-અવસ્થામાં એવું સુખ નહિ મળે, જ્યારે તે બધેથી ભટકીને થાકી જશે ત્યારે મનની રુચિ અને બુદ્ધિના વિવેકની એકતા થઈ જશે એટલે મનમાં એ વિશ્વાસ દૃઢ થઈ જશે કે ભગવાન સમાન સુંદર બીજું કાંઈ જ નથી-સમસ્ત સૌંદર્યનું કેન્દ્ર તે જ છે; સમસ્ત જગતની સુંદરતા તેમના સૌંદર્યના એક અંશનું પ્રતિબિંબ માત્ર છે; ભગવાન સમાન પ્રેમ કરનાર, પ્રેમતત્ત્વ જાણનાર પણ બીજો કોઈ નથી તથા કારણ વગર દયા કરનાર પણ તે જ છે, તેમના જેવું બીજું કોઈ છે જ નહિ-ત્યારે મન પોતાની મેળે તેમનામાં લાગી જશે.

વર્તમાન સમયમાં સાધકને જો એવી પ્રતીતિ થાય કે શું કરીએ મન ભગવાનમાં લાગતું નથી, ભગવાનની તરફ મન ખેંચાતું નથી, પણ પછી બિલકુલ વિપરીત થઈ જશે. મન હટાવવા ચાહશો તોપણ ભગવાન તરફથી હટશે નહિ. ગોપીઓના ચરિત્રથી આ ભાવ બરાબર સમજમાં આવી જાય છે. તેઓ એકબીજાને શું કહે છે-આ જ કે 'સખી ! શું કરું, જ્યારથી આ આંખોએ તે મોહિની મૂર્તિને જોઈ લીધી છે, ત્યારથી મારી આંખો, મારું મન, મારું નથી રહ્યું. તે છોડીને બીજી બાજુ મન લાગતું જ નથી.'

આ રીતે હૃદય અને વિવેકની એકતા થઈ જતાં બુદ્ધિ સમ અને સ્થિર થઈ જાય છે. ત્યારે સાધકનો અહંકાર ગળી જઈને પ્રેમાસ્પદના પ્રેમની લાલસાના રૂપમાં બદલાઈ જાય છે. તે સમયે અહંભાવ અને પ્રેમની લાલસામાં કોઈ અંતર નથી હોતું. બંને એક થઈ જાય છે તેમજ પ્રેમાસ્પદ અને તેમના પ્રેમની લાલસા સિવાય કંઈ પણ નથી રહેતું.

(૭)

ધ્યાન રાખો કે શરીરના દોષોનું દર્શન કરવું, તેનું ચિંતન કરવા સમાન નથી. દોષોનું ચિંતન તો સાધનમાં વિઘ્નરૂપ છે, આસક્તિને મજબૂત કરવાવાળું છે. તેથી સાધકે શરીરના આદિ, મધ્ય, અંતિમ અવસ્થા ઉપર તાત્ત્વિક વિચાર કરીને તેની વાસ્તવિકતાને જોવી જોઈએ. તે શરીરના અથવા તેના દોષોનું ચિંતન ન કરવું જોઈએ. આ રીતે જ્યારે સાધક પ્રાપ્ત વિવેક દ્વારા શરીરના વાસ્તવિક સ્વરૂપનું દર્શન કરી લે છે, ત્યારે શરીરની સત્યતા અને સુંદરતા મટી જાય છે. તેના મટતા જ કામનાનો અંત થઈ જાય છે. તે પછી અનંત અને નિત્ય સૌંદર્યના નિધાન પરમ પ્રેમાસ્પદ પ્રભુને મળવાની લાલસા જાગ્રત થઈ જાય છે.

સાધકે વિચાર કરવો જોઈએ કે શરીરમાં સુંદરતા, નિત્યતા અને પ્રિયતાની પ્રતીતિ કેમ થાય છે ? તેનું કારણ શું છે ? વિચાર કરતા જણાશે કે અવિચાર અર્થાત્ વિચારની ખામી જ આનું કારણ છે. સાધકનું પોતાનું સ્વરૂપ નિત્ય ચેતન અને આનંદમય છે. તેથી તે જેની સાથે પોતાને મેળવીને તેમાં અહંભાવ કરી લે છે, તેમાં જ તેને નિત્યતા અને ચેતનાનો આભાસ થવા લાગે છે અને તે ત્યાં સુધી રહે છે, જ્યાં સુધી સાધક પ્રાપ્ત વિવેક દ્વારા તેના પર વિચાર નથી કરતા અર્થાત્ પોતાની જાણકારીનો અનાદર કરતો રહે છે.

વાસ્તવમાં જે જેનો સજાતીય છે, તેનાથી જ તેની એકતા અર્થાત્ વાસ્તવિક સંબંધ છે. પોતાનાથી વિજાતીય સાથે ક્યારેય કોઈની પણ એકતા અથવા સંબંધ નથી થતો, તોપણ શરીર, જે આપણું સજાતીય નથી, તેને જ અજ્ઞાનવશ સજાતીય માનીને મનુષ્ય

તેનાથી પોતાની એકતા અને સંબંધ માનવા લાગે છે. આનું જ નામ અવિચાર અને આ જ સર્વ અનર્થોનું મૂળ છે.

આ બધા મનુષ્યોની સ્વાભાવિક જાણકારી છે કે શરીર હું નથી. બોલચાલમાં પણ તે કહે છે કે આ મારો હાથ છે, આ પગ છે, આ આંખ છે, આ મન છે, આ બુદ્ધિ છે વગેરે. કોઈ પણ એવું નથી કહેતું કે હું હાથ છું, હું આંખ છું, તોપણ એવી માન્યતા બની ગઈ છે કે શરીર હું છું. હું શરીર નથી એવી માન્યતા સામાન્ય રીતે રહેતી નથી. એ જ કારણ છે કે તે શરીરના સુખદુઃખથી પોતાને સુખી-દુઃખી માને છે. તેથી આ અનિત્ય, ક્ષણભંગુર અને ગંદું શરીર નિત્ય તેમજ સુંદર લાગે છે. તેમાં અને તેના સંબંધીઓમાં પોતાપણાનો સંબંધ થઈ જવાને કારણે તેમાં પ્રેમનો ભાસ થાય છે અને તેને જ 'કામ' કહે છે. તદુપરાંત તુચ્છ ભોગસામગ્રીઓને, તેમને ભોગવવાની શક્તિને અને ઉપર કહેલી પરિસ્થિતિને પ્રાપ્ત કરવાની ઇચ્છાઓ છે. પ્રકૃતિનો એ નિયમ છે કે ઇચ્છાઓ અનુસાર મનુષ્યની પ્રવૃત્તિ તો થાય છે, પણ તે પ્રવૃત્તિના અંતે પ્રાપ્તિ બિલકુલ નથી હોતી. ઇચ્છાઓનો મનુષ્ય નાશ તો કરી શકે છે પણ તેની પૂર્તિ નથી કરી શકતો. ભોગોના ઉપભોગથી શું થાય છે ? ભોગવવાની શક્તિનો હ્રાસ અને ભોગવાસનાની ઉત્તરોત્તર વૃદ્ધિ. તેને કારણે અભાવ ક્યારેય મટતો નથી અને ક્યાંય પણ સુખ-શાંતિ મળતી નથી.

સાધક પાસે જે આપમેળે મળેલી જાણકારી પ્રાપ્ત છે, તેનો આદર કરવો જોઈએ, તેનો સદુપયોગ કરવો જોઈએ અને તે દ્વારા એ નિશ્ચય કરે છે કે ન તો આ શરીર હું છું અને ન તો આ શરીર મારું છે. જો આ શરીર જ મારું નથી, તો તેનાથી સંબંધ રાખવાવાળા એના જ અન્ય સજાતીય પદાર્થો તો મારા હોઈ જ કેવી રીતે શકે ? આવો નિશ્ચય થતાં જ બધી પ્રકારની ઇચ્છાઓ

આપમેળે નિવૃત્ત થઈ જાય છે. અંતઃકરણ શુદ્ધ, શાંત અને સ્થિર થઈ જાય છે. પછી આ નિશ્ચય કરવામાં કોઈ કઠણાઈ નથી થતી કે મારા તો કેવળ ભગવાન છે; કેમ કે હું તેમનો જ છું. મારી અને તેમની સજાતીયતા છે. સ્વભાવથી જ હું તેમનો પ્રિય છું, તે મારા પ્રેમાસ્પદ છે. જે સમયે હું તેમના અને પોતાના સંબંધને ભૂલી ગયો છું-તે સમયે પણ મારો અને તેમનો જે નિત્ય સંબંધ છે-તે તો છે જ. તેનો કદી વિચ્છેદ નથી થતો. આ વિશ્વાસ દૃઢ થવાથી તાત્કાલિક સાધકના હૃદયમાં તે પરમ સુખદ, પરમ પ્રેમાસ્પદ પ્રભુને મળવાની ઉત્કટ લાલસા જાગ્રત થઈ જાય છે. તેની પૂર્તિ થવા છતાં પણ તે મટતી નથી, પરંતુ નિત્ય નવીન બનતી જાય છે.

ભગવત્પ્રેમ કોઈ પણ કર્મનું ફળ યા ક્રિયાસાધ્ય વસ્તુ નથી. તેના માટે કાલાંતરની પ્રતીક્ષા કરવી એ ભૂલ છે. ભગવાન અને તેમના પ્રેમથી સાધકના દેશ, કાળ, અવસ્થા વિષયક કોઈ પણ પ્રકારનું વ્યવધાન અથવા અંતર નથી. ઉપરોક્ત પ્રકારથી સર્વ પ્રકારની ઈચ્છાઓ મટી જવાથી યોગ અને બોધની પ્રાપ્તિ થાય છે, ત્યારે ભગવત્પ્રેમનું પ્રાકટ્ય અને ભગવાનનું સાન્નિધ્ય સ્વાભાવિક કોઈ પણ પ્રકારના પ્રયત્ન વગર પોતાની જાતે જ થાય છે.

જીવની સહુથી મોટી ભૂલ છે કે તે પોતાની સ્વાભાવિક જાણકારીનો આદર કરતો નથી, તેની અવહેલના કરીને તેના વિરુદ્ધ આચરણ કરે છે. આ ભૂલને સાધક મટાડી શકે તો ભગવાન અને તેમના પ્રેમની પ્રાપ્તિમાં વિલંબ ન થાય. તેનો સબંધ વર્તમાનથી છે. તેને ભવિષ્ય માટે છોડવું એ આળસ કરવા બરાબર છે.

શાસ્ત્રોમાં જે કહેલું છે કે સાધના કરતાં કરતાં કાલાંતરમાં ચિત્તની શુદ્ધિ અને તેનું પરિણામ યોગ, બોધ તથા પ્રભુ-પ્રેમની પ્રાપ્તિ થાય છે, તે કહેવું કેવળ તે જ અંશમાં ઠીક છે કે સાધક

ક્યાંક સફળતામાં વિલંબ જોઈને નિરાશ ન થઈ જાય. વાસ્તવમાં વિલંબનું કારણ પોતાની જાણકારીનો અનાદર કરવો છે, કારણ કે તે પછીનું બધું કાર્ય તો ભગવાનની અહેતુકી કૃપાથી આપમેળે પહેલાંથી જ બનેલું હોય છે. તેને માટે પ્રયત્ન કરવો જરૂરી નથી. જાણકારીના આદરનું પરિણામ છે-પૂર્ણ વૈરાગ્ય. વૈરાગ્યની પૂર્ણતા જ યોગ તથા બોધ છે. અબાધ અને ભોગનો હેતુ રાગ જ છે. બોધની પૂર્ણતામાં જ પ્રેમ સમાયેલો છે.

(૮)

એ યાદ રાખો કે યોગ બોધ અને પ્રેમ ક્રિયાસાધ્ય નથી. કોઈ ક્રિયાના ફળસ્વરૂપે તે મળતા નથી; કેમ કે ક્રિયાનો જન્મ કર્તા-ભાવથી થાય છે. કર્તા-ભાવ શરીરમાં હું-પણાનો ભાવ હોવાથી થાય છે તેમજ શરીરમાં હું-પણાનો ભાવ અવિચારને કારણે થાય છે જ્યાં અવિચાર છે અર્થાત્ વિવેકનો આદર નથી-ત્યાં યોગ, બોધ કે પ્રેમ શી રીતે થઈ શકે ?

એ નિશ્ચિત નિયમ છે કે પ્રાપ્ત વિવેકનો આદર કરવાથી અર્થાત્ તેનો સદુપયોગ કરવાથી જ્યારે ઇન્દ્રિયજનિત જ્ઞાન પર બુદ્ધિનો વિજય થઈ જાય છે, ત્યારે અંતઃકરણ સર્વથા શુદ્ધ થઈ જાય છે. તે સમયે શરીરમાં અહંતા-મમતા ન રહેવાને કારણે કર્તાપણું અને ભોક્તાપણું પણ નથી રહેતું. જ્યારે સર્વ પ્રકારના રાગ અને વાસનાનો ક્ષય થઈ જાય છે. ત્યારે વૃત્તિનિરોધરૂપ યોગ આપમેળે સિદ્ધ થઈ જાય છે. આમ થવાથી વિકલ્પરહિત બોધ સ્વયં પ્રકટ થાય છે, એ નિયમ છે. આવી પરિસ્થિતિમાં ભગવત્પ્રેમની લાલસા જાગ્રત થાય છે અને હૃદયમાં પ્રેમની ગંગા વહેવા લાગે છે. જેનો ક્યારેય અંત નથી થતો-નિત્ય નવો પ્રેમ બની રહે છે.

સાધકનો પુરુષાર્થ ત્યાં સુધી જ છે કે પોતાના અંતઃકરણમાંથી

સર્વ પ્રકારની ભોગવાસનાઓને નિર્મૂળ કરીને તેને શુદ્ધ બનાવી દે, ત્યારબાદ તેનું કોઈ કર્મ કર્તવ્ય નથી રહેતું.

પોતાના પ્રેમાસ્પદનું સ્મરણ યા ચિંતન કર્મ નથી; કેમ કે તે તો આપમેળે થાય છે. તેમાં કર્તાપણાનું અસ્તિત્વ રહેતું નથી.

નામ-જપ અને સ્મરણમાં એ જ અંતર છે કે જપ તો પ્રેમની પ્રાપ્તિ માટે કર્તા-ભાવથી કરવામાં આવે છે. તેમાં ક્રિયાની અધિકતા છે અને ભાવની ન્યૂનતા રહે છે; પરંતુ સ્મરણ-ચિંતન તો પ્રેમાસ્પદના વિરહમાં આપમેળે થતું રહે છે.

જે ધ્યાન યા ચિંતન ભગવાનના ગુણ, નામ, લીલા વગેરેનું મહત્ત્વ સાંભળીને કોઈ પ્રકારના રૂપ, આકૃતિ યા ભાવનું ધારણપૂર્વક કર્તાપણા સાથે કરવામાં આવે છે, તે અંતઃકરણને શુદ્ધ કરવાનો હેતુ છે, અને ભગવાનમાં પ્રેમ-વિશ્વાસ ઉત્પન્ન કરનાર છે, એટલે જ તે ભક્તિનું એક અંગ છે; પરંતુ તેની સાથે જ્યાં સુધી કર્તાપણાનો સંબંધ છે, ત્યાં સુધી તેમાં વિચ્છેદ જરૂરી છે. તે સર્વથા નિરંતર થઈ નથી શકતું.

જે સ્મરણ-ચિંતન પ્રેમાસ્પદના વિયોગમાં-તેમની વિરહ વ્યાકુળતામાં થાય છે તેમાં વ્યવધાન નથી રહેતું; કેમ કે તેમાં કર્તાપણું એ ભોક્તાપણું અસ્તિત્વ રહેતું નથી, એક માત્ર પ્રેમ-બસ પ્રેમ જ રહી જાય છે. તે સમયે સાધકનો શરીર સાથે સબંધ રહેતો નથી. તેથી જ તે ક્રિયાસાધ્ય નથી.

જે કાંઈ પણ કર્તાપણાના ભાવથી કરવામાં આવે છે, તેનું ફળ તાત્કાલિક નથી મળતું, સમય જતાં મળે છે. ભગવત્પ્રાપ્તિ અને તેમનો પ્રેમ વર્તમાનમાં મળે છે તેમાં સમયની રાહ જોવી પડતી નથી. કાળાંતર સુધી રાહ જોવી પડતી નથી. તેનાથી એ જ સિદ્ધ થાય છે કે તે પ્રયત્નસાધ્ય નથી.

જ્યારે સાધક પોતાને સર્વથા ભગવાનમાં જ સમર્પણ કરીને

ભગવાન પર જ નિર્ભર થઈ જાય છે, ત્યારે તેનું કર્તાપણું પૂર્ણ રીતે ગળી જાય છે. કર્મ કરવાની વાસનાનો અંત થઈ જાય છે. તેની ઇચ્છાઓ ભગવાનની અકારણ કૃપાથી આપમેળે પૂર્ણ થઈ જાય છે. હૃદય પ્રેમથી છલકાયેલું રહે છે, કર્મ કરવાથી જે કાંઈ મળ્યું છે, તેમાંથી તેના મોહની નિવૃત્તિ થઈ જાય છે, અને જે વર્તમાનમાં સર્વત્ર સર્વથા મોજૂદ છે તેના વિશ્વાસ પર ચિત્ત શુદ્ધ થઈ જાય છે.

જે સાચે જ નિત્ય વર્તમાન છે, તે (પરમેશ્વર) પોતાને અને જે સદા-સર્વથા નથી-તેને પણ પ્રકાશિત કરે છે, પરંતુ 'છે' (પરમાત્માની પ્રીતિ)-જે વાસ્તવમાં નથી, તેની નિવૃત્તિમાં અને જે છે તે (પરમાત્માની) પ્રાપ્તિમાં સમર્થ છે. તેથી પ્રભુપ્રીતિનું મહત્ત્વ ભગવાનથી પણ અધિક છે. આથી જ પ્રભુમાં વિશ્વાસ ધરાવનાર સાધકોએ પ્રભુપ્રીતિ અને વિશ્વાસને સર્વથા સુરક્ષિત રાખવો જોઈએ.

(૯)

કોઈ પણ કર્મના ફળસ્વરૂપે મળેલ પરિસ્થિતિ અને ભોગવિલાસમાં મોહ ન રાખવો જોઈએ; કેમ કે મળેલ પદાર્થમાં મનુષ્યનો મોહ થાય છે, તે જ જાતના ન મળેલ પદાર્થમાં તેનું ચિંતન રહે છે. તેમ જ તેના સંસ્કારો (મન પર) અંકિત થઈને વાસનાનું રૂપ ધારણ કરે છે. તેનાથી અંતઃકરણ મલિન થતું જાય છે.

રાગ એટલે કે આસક્તિ, દ્વેષ એટલે કે વેર-ભાવ-આ બંનેને પૂર્ણ રીતે નાશ કરવા માટે સાધકે ઇન્દ્રિય-જ્ઞાન અનુસાર અનુકૂળ અને પ્રતિકૂળ લાગનારી પરિસ્થિતિઓની પ્રાપ્તિમાં જે સુખ અને દુઃખ થાય છે; તેનું કારણ અન્યને ન સમજવું જોઈએ. અન્ય વ્યક્તિઓને, ક્ષુદ્ર જીવોને યા પદાર્થોને સુખ-દુઃખનું કારણ માની લેવાથી તેમાં આસક્તિ કે વેર-ભાવ થઈ જ જાય છે. જ્યાં સુધી

મનુષ્યનો કોઈ વ્યક્તિમાં કે પદાર્થમાં રાગ-દ્વેષ મોજૂદ છે. ત્યાં સુધી ચિત્તની શુદ્ધિ નથી થતી. તેના મનમાં બિનજરૂરી સંકલ્પો અને વ્યર્થ ચિંતન થતું રહે છે.

વાસ્તવમાં જોઈએ તો સુખ-દુઃખમાં અન્ય વ્યક્તિ, પ્રાણી કે પદાર્થ કારણ રૂપ છે જ નહિ. કોઈ પૂછે કે તો કારણ શું છે, તો આ વિષયની માન્યતાઓને ત્રણ ભાગમાં વહેંચી શકાય–

(૧) એ જ કે પૂર્વે કરેલાં સારા-ખરાબ કર્મોના ફળસ્વરૂપે સમસ્ત પ્રાણીઓને અનુકૂળ કે પ્રતિકૂળ ભોગ મળે છે. બીજું કોઈ કારણ નથી. આવી માન્યતા તો તે મનુષ્યોની થાય છે જે દેહાભિમાની અને કર્મમાં આસક્ત છે. પોતાની આ માન્યતા મુજબ તેમના ખરાબ કર્મોને ત્યજીને સારાં કર્મોમાં લાગવાનો નિશ્ચય દૃઢ થાય છે, જે તેમને ઉન્નતિશીલ બનાવવામાં મદદ કરે છે. તેથી આ માન્યતા પણ એક રીતે સારી છે.

(૨) સુખ-દુઃખની પ્રાપ્તિનું એક માત્ર કારણ મનુષ્યનો પ્રમાદ અર્થાત્ પ્રાપ્ત વિવેકનો આદર ન કરવો. એટલે કે તેનો સદુપયોગ ન કરવો જ છે, બીજું કંઈ નથી; કેમ કે વિચારશીલ સાધકને જ્યારે કોઈ પ્રકારની શારીરિક યા માનસિક પ્રતિકૂળતા પ્રાપ્ત થાય છે, ત્યારે તે તેનાથી દુઃખી નથી થતો, પરંતુ એમ સમજીને ખુશ થાય છે કે પ્રતિકૂળતા તો જીવનને ઉન્નત બનાવે છે. જેને જીવનમાં પ્રતિકૂળતાનો અનુભવ નથી થતો, તેની ઉન્નતિ અને પ્રગતિ નથી થતી. જો પ્રતિકૂળ પરિસ્થિતિ ન થાય તો શરીર અને સંસારમાંથી અહંતા-મમતાનું દૂર થવું સામાન્ય રીતે સંભવ નથી. તેથી જ પ્રતિકૂળ પરિસ્થિતિ તો શરીર અને સંસારમાંથી અલગ કરવાવાળી છે. જ્યારે શરીરમાં અહંભાવ અને તેનાથી સંબંધિત જગતમાં મારાપણું નહિ રહે ત્યારે કોઈ પણ પરિસ્થિતિ મનુષ્યને સુખ યા દુઃખ દેનારી થઈ જ નથી શકતી. આ માન્યતા તે વિચારશીલ સાધકોની હોય

છે. જે એકમાત્ર પ્રમાદને જ અહંતા-મમતાનું કારણ સમજીને પ્રાપ્તવિવેકનો આદર કરનારા છે.

(૩) ત્રીજી માન્યતા દરેક પરિસ્થિતિમાં સર્વત્ર અને સર્વદા ભગવાનની જ કૃપાના દર્શન કરવાવાળા ભગવાન પર નિર્ભર પરમવિશ્વાસુ ભક્તોની હોય છે. તે અનુકૂળ પરિસ્થિતિમાં તો ભગવાનની અહેતુકિ કૃપાનો અનુભવ કરીને તેમના પ્રેમમાં ભાવ-વિભોર થઈ જાય છે કે પરમ સુહૃદ પ્રભુ મારી દરેક આવશ્યકતાનો કેટલો બધો ખ્યાલ રાખે છે. મારા જેવા અધમ પ્રાણી પર ભગવાનની કેટલી દયા છે, જે પોતાની સેવા કરાવીને મને પોતાનો પ્રેમ પ્રદાન કરવા માટે આ સામગ્રી આપી છે અને તેનો ઉપયોગ કરવાની યોગ્યતા આપી છે. તે જ રીતે પ્રતિકૂળ પરિસ્થિતિ આવતા તે એમ વિચારે છે કે આ શરીરમાં અને સંસારમાં જો પ્રમાદવશ થઈને સુખ માની લીધું હતું, જેને કારણે હું મારા પરમ મિત્ર પ્રભુથી દૂર થઈ ગયો હતો, તે શરીર અને સંસારથી મને દૂર કરીને પોતાની તરફ આકર્ષિત કરવાને માટે ભગવાને કૃપા પૂર્વક આ પરિસ્થિતિ મોકલી છે. ભગવાનની કેવી અનુપમ દયા છે કે તે પોતાના દાસને દરેક સમયે દરેક પ્રકારથી પોતાનો પ્રેમ આપવા માટે ઉત્સુક રહે છે. આ રીતે તે ભગવાનની કૃપાનો અનુભવ કરતો કરતો પ્રેમમાં વિભોર થતો રહે છે.

ઉપર જણાવેલી ત્રણે પ્રકારની માન્યતા પોતપોતાના અધિકાર મુજબ મનુષ્યને ઉન્નતિશીલ બનાવે છે. તેનાથી વિપરીત જે અન્ય પ્રાણીઓ કે પદાર્થોને પોતાના સુખ કે દુઃખનું કારણ માને છે, તેનું સર્વ રીતે પતન થાય છે, કેમ કે જે પ્રાણી કે પદાર્થને મનુષ્ય પોતાના સુખમાં કારણ માની લે છે. તેમાં તેનો રાગ-મોહ-આસક્તિ થઈ જાય છે અને જેને પોતાના દુઃખનું કારણ માને છે, તેમાં તેનો દ્વેષ થઈ જાય છે. આ રાગ અને દ્વેષ મનુષ્યને તે પ્રાણી-પદાર્થોના

ચિંતનમાં પરોવીને મનને મલિન અને વિક્ષિપ્ત કરી દે છે. તેથી તેને કોઈ પણ સમયે શાંતિ મળતી નથી.

જ્યારે સાધકનો કોઈ પ્રાણીમાં વેરભાવ-દ્વેષભાવ નથી રહેતો, ત્યારે સર્વમાં સમાનભાવથી પ્રેમ થઈ જાય છે. જ્યારે આસક્તિ અને સ્વાર્થવશ પ્રેમ જે પ્રાણીઓમાં થાય છે, તે પ્રેમ નથી, તે મોહ છે. તેથી જ તે પ્રેમ, જે જે વ્યક્તિ કે પદાર્થમાં મમતા થાય છે, તેમાં જ થાય છે, પણ વ્યાપક અર્થમાં નથી થતો. તેમાં દ્વેષનો અભાવ થતો નથી. પરંતુ દ્વેષનો પૂર્ણ નાશ થવાથી સર્વ પર સમભાવથી પ્રેમ થાય છે, તે જ વિશુદ્ધ પ્રેમ છે. તેમાં કોઈની પાસેથી કંઈ લેવાનું નથી રહેતું. તેથી તે પ્રેમ આમ તો પ્રાણીઓ ઉપર હોવા છતાં વાસ્તવમાં ભગવાન પર જ છે.

શાસ્ત્રોમાં સુખ-દુઃખને સમાન સમજવાની જે વાત કહેવામાં આવે છે, તેમાં પણ આ જ ભાવ જણાય છે કે બંનેનું પરિણામ એક જ થાય. પરિણામમાં ભેદ ન રહેવો જોઈએ. ઉપર્યુક્ત પ્રકારથી જ્યારે સાધક સુખ-દુઃખનું કારણ અન્યને ન માનીને પ્રારબ્ધને કે પ્રમાદને કે ભગવાનની અહેતુકી કૃપાને માને છે, ત્યારે તેનો બંને પ્રકારની પરિસ્થિતિઓમાં ભેદભાવ નથી રહેતો. તેને માટે અનુકૂળ પરિસ્થિતિની જેમ જ પ્રતિકૂળ પરિસ્થિતિ પણ પ્રસન્નતા અને વિકાસનું કારણ બની જાય છે. સાધક ભોગને બદલે યોગ, મૃત્યુને બદલે અમરતા અને રાગ-દ્વેષને બદલે ત્યાગ અને પ્રેમની તરફ આકર્ષિત થઈ જાય છે.

ઉપર્યુક્ત ભાવનાથી મનુષ્યને સુખ, 'ઉદાર' બનાવવામાં અને દુઃખ 'વિરક્ત' બનાવવામાં સમર્થ છે, જેનાથી પ્રાણીઓનું હિત જ થાય છે. જે પ્રાણી સુખ મળતાં જ તેના ઉપભોગમાં આસક્ત થઈ જાય છે અને દુઃખ આવતાં જ ભયભીત થઈ જાય છે, તે બિચારો સુખ-દુઃખનો સદુપયોગ નથી કરી શકતો, જે ન કરવાથી વાસ્તવમાં

પડતીનું મૂળ છે.

સુખ-દુઃખમાં સાધના બુદ્ધિ કરીને તેમનો ઉપર્યુક્ત પ્રકારથી ઉપયોગ કરવો સાધક માટે પરમ આવશ્યક છે. સુખ-દુઃખના ઉપયોગયુક્ત જીવનને જીવન માની લેવું ભૂલ છે. જીવન તો વાસ્તવમાં તે છે, જેનો અનુભવ સુખ-દુઃખથી રહિત થવાથી થાય છે.

(૧૦)

સાધકે દોષ-દર્શનનો સર્વથા ત્યાગ કરવો જોઈએ, કેમ કે દોષ કરવાની અપેક્ષા દોષોનું ચિંતન અધિક પતન કરનાર છે. દોષોને ક્રિયારૂપમાં કરવામાં તો બહુ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, પરંતુ દોષોના ચિંતનમાં કોઈ પ્રકારની મુશ્કેલી લાગતી નથી. આ કારણે તેના ચિંતનમાં રસ લેવાની આદત સ્વાભાવિક થઈ જાય છે.

આ આદત છોડવા માટે સાધકે પોતાના દોષ જોવાની આદત પાડવી જોઈએ. જેટલી ગહેરાઈથી તે પોતાના દોષ જોશે, તેના દોષો તેને અધિક દેખાશે, તથા જેમજેમ તે દોષોને ખરેખર દોષ માનતો જશે- તેમતેમ તે દોષો તેનાથી દૂર થતા જશે. મનુષ્ય એમ સમજીને પણ કે મારામાં અમુક દોષ છે, કોઈ ને કોઈ માત્રામાં તેમાં રસ લેતો રહે છે અને તેમાં ગુણ બુદ્ધિ કરી લે છે. એટલે જ પોતાનામાં જે દોષોનો મનુષ્ય સ્વીકાર કરે છે, તેને પણ છોડતો નથી. તેનાથી ચિપકેલો રહે છે. તેથી સાધકે પોતાના દોષોને ગહેરાઈથી જોવા જોઈએ અને વિચારપૂર્વક તેને છોડવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ. જે ભૂલ પોતાની સમજમાં આવી જાય, તેને ફરી ન કરે. આમ કરવાથી સાધકનું જીવન ખૂબ જલદી પરિવર્તન પામી શકે છે. પોતાના દોષોને જોઈને તેનો ત્યાગ કરી દેવો જ લાભદાયક છે. તેમનું ચિંતન નહિ કરવું જોઈએ; કેમ કે ચિંતન કરવાથી તેમાંથી

રાગ મટતો નથી. મનુષ્ય જીવન સર્વથા દોષયુક્ત નથી હોતું. તેમાં ગુણો પણ હોય છે; પરંતુ તે ગુણમાં અભિમાન કરવું, તે પણ દોષ જ છે. તેથી સાધકે ગુણના અભિમાનનો પણ ત્યાગ કરી દેવો જોઈએ. દોષોની ઉત્પત્તિ ન થાય અને ગુણોનું અભિમાન પણ ન થાય, તે જ વાસ્તવિક નિર્દોષતા છે.

(૧૧)

મનુષ્યનું અંતઃકરણ જે દોષોને કારણે અશુદ્ધ કે મલિન થાય છે, તે દોષો બહારથી આવેલા નથી, સ્વયં તેના જ બનાવેલા છે. તેથી તે દોષોને કાઢીને અંતઃકરણને શુદ્ધ બનાવવામાં તે બધી રીતે સ્વતંત્ર છે. મનુષ્ય વિચારે છે અને કહે છે, મારું નસીબ જ કંઈ એવું છે જે મને ભગવાનમાં લાગવા જ નથી દેતું, મારા પર ભગવાનની કૃપા નથી. આજકાલ સમય બહુ જ ખરાબ છે. સત્સંગ થતો નથી. આસપાસનું વાતાવરણ સારું નથી. શરીર સારું નથી રહેતું. પરિવારનો સહયોગ મળતો નથી. સારા ગુરુ નથી મળ્યા. પરિસ્થિતિ અનુકૂળ નથી. એકાંત મળતું નથી. સમય નથી મળતો વગેરે આ રીતનાં અનેક કારણોને તે શોધી કાઢે છે, જે તેને પોતાના આધ્યાત્મિક વિકાસમાં અડચણ પેદા કરનાર પ્રતિત થાય છે અને આવી અસત્ય ધારણાથી તે પોતાની ઉન્નતિથી નિરાશ થઈ જાય છે અથવા એ રીતનો સંતોષ માની લે છે કે ભગવાનની જેવી ઇચ્છા, તે જ્યારે કૃપા કરશે, ત્યારે જ ઉન્નતિ થશે. પરંતુ તે પોતાની અસાવધાની કે ભૂલની સામે નથી જોતો.

સાધકે વિચારવું જોઈએ કે જે મહાપુરુષોએ ભગવાનની ઇચ્છા પર પોતાને છોડી દીધા છે, તેમના જીવનમાં શું ક્યારેય નિરુત્સાહ કે નિરાશા આવે છે ? શું તેઓ કોઈ પણ પરિસ્થિતિમાં ભગવાન સિવાય કોઈ વ્યક્તિ કે પદાર્થને પોતાના માને છે ? તેમના મનમાં

શું કોઈ પ્રકારની ભોગવાસના બાકી રહે છે ? જો નહિ તો પછી આપણાં જ બનાવેલા દોષો રહેતા ભગવાનની ઇચ્છાનું બહાનું બનાવીને પોતાના મનમાં જૂઠો સંતોષ માનવો અથવા આધ્યાત્મિક ઉન્નતિમાં અન્ય વ્યક્તિ, પરિસ્થિતિને અડચણ રૂપ સમજવું. પોતાની જાતને તેમજ બીજાઓને ઠગવા સિવાય બીજું શું છે ?

એમ વિચારીને સાધકે એ નિશ્ચય કરવો જોઈએ કે ભગવાનની પ્રકૃતિ કે જે જગત માતા છે, જેનું વિધાન સદા હિતકારક જ હોય છે, તે કોઈના વિકાસમાં અડચણ નથી કરતી, બલકે મદદ જ કરતી રહે છે. કોઈ પણ વ્યક્તિ કે સમાજ કોઈની સાધનામાં બાધક નથી બની શકતા. કોઈ પણ પરિસ્થિતિ એવી નથી જેનો સદુપયોગ કરવાથી તે સાધનામાં સહાયક ન બને. ભગવાનની કૃપા શક્તિ તો હંમેશાં બધાં જ પ્રાણીઓના હિતમાં રહેલી રહે છે. જ્યારે પણ મનુષ્ય તેની સમક્ષ જાય છે, તે જ સમયે તેનું હૃદય ભગવાનની કૃપાથી ભરાઈ જાય છે.

સાધકના પોતાના બનાવેલ જે આ મહાન દોષો કે જેનાથી તેનો કોઈ સંબંધ નથી, જે કોઈ પણ રીતે તેના થઈ શકતા નથી તેવા મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોના સંગાથ રૂપ શરીરને અને તેનાથી સંબંધિત પદાર્થોને પોતાના માની લીધા છે તથા જેની ઉપર કોઈ પણ પ્રકારનો વિશ્વાસ ન કરવો જોઈએ, તેની પર જ વિશ્વાસ કરી લીધો છે તથા જેને પરમ મિત્ર પરમેશ્વર પર વિશ્વાસ કરવો જોઈએ, જે બધી રીતે વિશ્વાસ કરવા યોગ્ય છે અને સજાતીય હોવાને નાતે જ ખરેખર બધી રીતે આપણાં છે, તેમની પર ન તો વિશ્વાસ કરે છે અને ન તો તેમને પોતાના માને છે અને ન તો વર્તમાનમાં તેમની આવશ્યકતાનો અનુભવ કરે છે. આ જ એક મહાન દોષ છે જેનાથી સર્વ પ્રકારના નાના-મોટા દોષો ઉત્પન્ન થયા છે અને થતાં રહે છે. તેથી આ દોષનો સર્વથા ત્યાગ કરી દેવો જોઈએ.

આ દોષો મનુષ્યના પોતાના બનાવેલ છે. તેથી પોતે જ તેને દૂર કરવા પડશે. પોતાના જ બનાવેલા દોષોને દૂર કરવામાં કોઈ પણ સાધક અસમર્થ નથી. તેમ છતાં પણ જો પોતાની કમજોરી દેખાય, અગર તે ખરેખર પોતાને અસમર્થ સમજતો હોય, તો તેની તે નિર્બળતાના દુઃખથી દુઃખી સાધક તે નિર્બળતાનો નાશ થયા વગર ચેનથી શી રીતે રહી શકે ?

અન્યની આલોચના કરતી વખતે મનુષ્યના મનમાં આવો ભાવ ઊઠે છે કે અમુક આચાર્યએ અમુક ભૂલ કરી, જેનાથી તેના અનુયાયીઓનો વિકાસ ન થયો. અમુક નેતામાં આ ભૂલ છે, અમુક સમાજમાં આ દોષ છે, અમુક સાધક આ ભૂલ કરે છે. અમુક સમુદાયના લોકો આટલી ભૂલો કરે છે. હિંદુઓની અમુક ભૂલો છે. અંગ્રેજોની અમુક ભૂલો છે. મુસલમાનોએ અમુક ભૂલ કરી. આ રીતે તે બધાય દોષોનું ખૂબ ચતુરાઈપૂર્વક નિરીક્ષણ કરે છે. તે વખતે આખા જગતની બુદ્ધિ એકત્ર થઈને તેમાં આવી જાય છે. પણ તે જ મનુષ્ય પોતાની આ બુદ્ધિને પોતાના દોષ જોવામાં નથી લગાડતો. જો તે અન્યના દોષો જોવાના છોડી દે, જે વાસ્તવમાં તે લોકોમાં છે કે નહિ, તે નક્કી નથી તથા તે સ્વભાવને છોડીને પોતાના દોષો જોવામાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે અને જે દોષ સમજાય તેને છોડતો જાય તો તેના ચિત્તની શુદ્ધિ ત્વરિત થઈ જાય છે. સાધકે જે પોતાનું નથી, જે વિશ્વાસને યોગ્ય નથી, તેને પોતાનું માનવું કે તેના પર વિશ્વાસ કરવાનું છોડી દેવું જોઈએ. જેણે આપણને અનેક વાર દગો દીધો છે તેમનો ફરી કદી વિશ્વાસ ન કરવો જોઈએ. કદી પણ કોઈ પરિસ્થિતિમાં તેમને પોતાના ન સમજો અને જે પ્રભુ અનાદિકાળથી આપણી સાથે છે, જે હંમેશાં આપણા હિતમાં લાગેલા છે, જેની સાથે સાધકનો નિત્ય સબંધ છે, જેમણે કદી કોઈને દગો નથી દીધો. શાસ્ત્ર અને સંતગણ તથા પોતાનો અનુભવ પણ જેનો સાક્ષી છે,

તે પરમ મિત્ર પ્રભુ પર નિઃશંક વિશ્વાસ કરીને તેમને પોતાના માની લેવા એ જ સાધકનો પરમ પુરુષાર્થ છે.

જે દોષ આપણે બનાવ્યા છે, તેમને અન્ય દૂર કરી દેશે, તે આશા રાખવી તથા તે દૂર ન થાય તો નિરાશ થવું તે બંને બાબતો અનુચિત છે. કેમ કે તે બંને સ્વાભાવિક નિયમ વિરુદ્ધની બાબત છે.

લોકો કહે છે કે ભગવાન ન્યાયકારી છે, પરંતુ સાધકે તો એમ જ સમજવું જોઈએ કે ભગવાન તો હંમેશાં દયા કરવાવાળા છે. એટલે જ ભગવાન તેમની આપેલી શક્તિઓનો દુરુપયોગ કરનારને પણ દંડતા નથી. જો તે ન્યાય કરતા તો જૂઠું બોલવાવાળાની જીભ તે જ સમય કાપી નાખતા. ચોરી કરનારના હાથ કાપી નાખત, પરંતુ તે એવું નથી કરતા. તે તો સદાય મનુષ્ય માત્ર પર કૃપા કરતા રહે છે અને એ જોવાને સદા ઉત્સુક રહે છે કે કઈ રીતે આ (મનુષ્ય) મારા પર વિશ્વાસ કરીને એવું માની લે કે હું તારો છું.

જેમનું ચરિત્ર સાંભળવા માત્રથી ઇચ્છાઓનો નાશ થઈ જાય છે, જેમની કૃપા કટાક્ષથી પ્રેમ પ્રાપ્ત થાય છે, જેમની ચરણરજ માટે ઉદ્ધવ જેવા તત્ત્વવેત્તા પણ તરસે છે, તેવા ગોપીજનોના ચરિત્રથી સાધકને એ જ બોધ મળે છે-કે એકમાત્ર પ્રભુને જ પોતાના માનવા જોઈએ, કેમ કે તે (ગોપીઓ) પણ એક માત્ર શ્યામસુંદરને જ પોતાના માનતી હતી. તેમણે પોતાની જાતને ભગવાનમાં સમર્પિત કરી દીધી હતી. તેમનું મન ભગવાનનું મન થઈ ગયું હતું. તેમની આંખો ભગવાનની આંખો થઈ ગઈ હતી. તેમની વાણી, પ્રાણ અને શરીર બધું ભગવાનનું હતું. તે (ગોપીઓ) પોતાના સંબંધીઓ, ગાયો તથા સમસ્ત પદાર્થોને ભગવાનના જ સમજતી હતી. તે જે કંઈ પણ કરતી, ભગવાનની પ્રસન્નતા માટે, ભગવાનને સુખ પહોંચાડવા

માટે જ કરતી. પ્રત્યેક પ્રવૃત્તિમાં ભગવાનની પ્રસન્નતા જ કારણભૂત રહેતી.

તેથી સાધક જે કંઈ પણ કરે, પોતાના પ્રેમાસ્પદની પ્રસન્નતા માટે જ કરે. બીજું તો શું, ભોજન લે તો એટલા માટે કે મારા ન ખાવાથી મારા પ્રેમાસ્પદને ક્યાંક દુઃખ ન થાય. ભૂખ્યો રહે તો એટલા માટે કે આજે મારા પ્રેમાસ્પદ આમાં જ રાજી છે. એટલે જ તેમણે મને ભોજન કરવાનો મોકો નહિ આપ્યો. તે રીતે દરેક પ્રવૃત્તિમાં ભગવાનની પ્રસન્નતાનો અનુભવ કરતાં કરતાં હમેશાં તેમનામાં પ્રેમ વધારતો રહે અથવા તેમના પ્રેમની પ્રતિક્ષામાં રાહ જોતો રહે.

સાધકે પોતાનું જીવન પૂર્ણ રીતે ભગવાનને સમર્પિત કરી દેવું જોઈએ. તેની એવી સદ્ભાવના હોવી જોઈએ કે મારું જીવન ભગવાન માટે છે. મારે તેમના થયા વગર એક પળ પણ જીવવું નથી. ભગવાન મને પોતાનો માને કે ન માને પણ હું ક્યારેય બીજાનો થઈને નહિ રહું.

કદાચ સાધકના મનમાં એવો ભાવ આવે કે ભગવાનને હું જાણતો નથી. મેં તેમને ક્યારેય જોયા નથી, તો વગર જોયે અને વગર જાણકારીએ તેમની પર કઈ રીતે વિશ્વાસ કરવો અને તેમને કઈ રીતે પોતાના માનવા. આ બાબતમાં પોતાના મનને સમજાવવું જોઈએ કે તું જે જે બાબતો પર વિશ્વાસ કરે છે અને જેમને પોતાના માને છે તે બધાને શું તું જાણે છે ? વિચાર કરતાં જણાશે કે કેટલીએ બાબત આપણે નથી જાણતા તોપણ તેના પર વિશ્વાસ કરીએ છીએ અને તેમને પોતાના માનીએ છીએ અને જેમને સારી રીતે જાણી લીધા પછી ન તો તે વિશ્વાસ કરવા યોગ્ય છે અને ન તો તેઓ કોઈ પણ પ્રકારે પોતાના છે. તેમનામાં વિશ્વાસ તથા આત્મીયતા છે, જે ત્યાં સુધી છે જ્યાં સુધી તેમની વાસ્તવિકતાનું જ્ઞાન નથી,

પરંતુ ભગવાન એવા નથી. તેમને પોતાના માનનારા અને તેમના પર વિશ્વાસ કરનારા જેમજેમ તેમના મહિમાને જાણતો જાય છે. તેમતેમ પોતાનો વિશ્વાસ અને પ્રેમ નિત્ય નવીન વધે છે, કેમ કે તે (પ્રભુ) વિશ્વાસ કરવાને યોગ્ય છે અને ખરેખર આપણાં છે.

જે સાધકોનો એવો નિશ્ચય હોય કે, 'હું તો પહેલા જાણકારી લઈને જ માનીશ, વગર જાણ્યે માનીશ નહિ, તો તેણે જે વ્યક્તિ-જે પદાર્થ પર વગર જાણ્યે વિશ્વાસ કરી લીધાં છે અને જેમને પોતાના માની લીધાં છે, તે સર્વની માન્યતાને સર્વથા દૂર કરી દેવી જોઈએ.' કોઈને પણ વગર જાણ્યે માનો નહિ. આમ કરવાથી પણ તેના પોતાના બનાવેલા દોષોનો નાશ થઈને ચિત્ત શુદ્ધ થઈ જશે. ત્યારે તેનામાં પ્રાપ્ત કરવા યોગ્ય તત્ત્વને જાણવાનું સામર્થ્ય આવી જશે અને તે તેને પ્રથમ જાણીને પાછળથી માની લેશે. આમાં પણ કોઈ આપત્તિ નથી. આ પણ તેમને (ભગવાનને) પામવાનો એક ઉપાય છે.

જેને મનુષ્ય પોતાના માને છે અને જેમની પર વિશ્વાસ કરે છે. શું તેમાં સ્વાભાવિક પ્રેમ નથી હોતો ? તેમને પ્રેમ કરવામાં મનુષ્યને કોઈ પાઠ ભણવો પડે છે ? શું કોઈ પ્રકારનું અનુષ્ઠાન કરવું પડે છે કે ક્યાંક એકાંતમાં આસન લગાડીને ચિંતન કરવું પડે છે ? શું આપણાં બધાનો અનુભવ નથી કે આવું કંઈ જ કરવું પડતું નથી, બલકે પોતાની મેળે જ, અનાયાસે જ પ્રત્યેક અવસ્થામાં પ્રેમ આપમેળે જ થઈ જાય છે.

સાધકે દરરોજ સૂતાં પહેલાં સારી રીતે પોતાના આખા દિવસની દિનચર્યાનું પ્રાપ્ત વિવેકથી નિરીક્ષણ કરવું જોઈએ અર્થાત્ કયા કયા દોષો કયાં કયાં કારણોથી કેટલી વાર દિવસમાં મારા પર હાવી થયા. તે સ્વાધ્યાયમાં જો પોતાની અસાવધાની સમજમાં આવે, તો તેનો ત્યાગ કરવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ અને તે દોષથી

વિરુદ્ધ ભાવ પોતાનામાં સ્થપિત કરે. જો વ્યર્થ બોલાઈ ગયું હોય તો જે પ્રલોભનથી તે દોષ થયો તેની તુલના સત્ય-ભાષણની યથાર્થતા સાથે કરીને પોતાના મનને સમજાવે જેથી ફરીથી તે કોઈ પ્રકારના પ્રલોભનને વશ ન થાય તથા એવો સંકલ્પ કરે કે 'હું મિથ્યાવાદી નથી. હવેથી હું ક્યારેય જૂઠું નહિ બોલીશ.' આ રીતે કામ, ક્રોધ વગેરે દરેક પ્રકારના દોષોના વિષયમાં સમજવું જોઈએ.

સવારે ઊઠ્યા પછી જે પણ કાર્ય હાથમાં લો તે પહેલાં વિવેકપૂર્વક સારી રીતે નિર્ણય કરવો કે મારા દ્વારા જે કાર્ય થવા જઈ રહ્યું છે, તેનાથી કોઈનું અહિત અથવા કોઈના અધિકારનું હનન તો નથી થતું ને ? જે કાર્યમાં અન્યનું હિત, તેમના અધિકારની રક્ષા થતી હોય, તેવાં કાર્યોથી કર્તામાં (ભાવની) શુદ્ધિ આવે છે અને પરસ્પર સ્નેહરૂપી એકતા સુદૃઢ થાય છે. હૃદય પ્રેમથી ભરાઈ જાય છે. સાધક કોઈનો ઋણી નથી રહેતો. આમ થવાથી સાધકના જીવનમાં સ્વાધીનતા આવી જાય છે. તેને પ્રેમ વિવેક અને યોગની પ્રાપ્તિ થાય છે, કે જે માનવજીવનનું લક્ષ્ય છે; કેમ કે પ્રેમ વડે ભક્તિ, વિવેક વડે મુક્તિ અને યોગ વડે શક્તિ આપમેળે પ્રાપ્ત થાય છે.

જો સંભવ હોય તો સાતેક દિવસમાં એક વખત, જેની સાથે તમારો સ્વભાવ મળેલ છે-એવા સત્સંગી ભાઈઓની સાથે બેસીને આપસમાં વિચાર-વિનિમય કરવો જોઈએ અને તેમની સમક્ષ પોતાના દોષોને સંકોચ વગર તથા સહેજ પણ છુપાવ્યા વગર સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરી દો તથા તેનાથી દૂર થવા તેમની સલાહ લેવી જોઈએ. આમ કરવાથી સાધકના દોષ ત્વરિત દૂર થઈ શકે છે.

(૧૨)

જ્યાં સુધી મનુષ્યનું ચિત્ત શુદ્ધ નથી ત્યાં સુધી તે જેનું પણ ચિંતન કરવા ચાહે છે, તેનું ચિંતન કરી નથી શકતો અને જેનું નથી કરવા ચાહતો, તેનું ચિંતન થતું રહે છે. જે કામ તેણે કરવું

જોઈએ તે કામ તે કરી શકતો નથી અને જે ન કરવું જોઈએ તે કરે છે.

એટલે સાધકે જે સમયે જે કામ કર્તવ્ય રૂપે મળેલ હોય, તેને પૂરું કરવામાં પોતાની વિવેકશક્તિ તથા ક્રિયાશક્તિ પૂરી રીતે લગાવીને પૂર્ણ ધૈર્ય, ઉત્સાહ અને સાવધાનીથી જે રીતે કરવાનું છે તે રીતે જ કરવું જોઈએ. તેને કરવામાં આળસ કે ઉતાવળ ન કરો. દરેક કાર્યની શરૂઆતમાં એ વિચાર કરો કે જે કામ હું કરવા માંગું છું, તેનાથી કોઈના અધિકારનું હનન તો નથી થતું ને ? તે કોઈના અહિતમાં કારણભૂત તો નથી ને ? તે રીતે વિચારીને પોતાના પ્રભુની સેવા અર્થે તે કામને કુશળતાપૂર્વક પૂરું કરે. એવું કોઈ કામ ન કરો જેનો સંબંધ ભગવાન સાથે ન હોય, જે ભગવાનની આજ્ઞા અને પ્રેરણાથી વિરુદ્ધ હોય.

પ્રવૃત્તિ પછી નિવૃત્તિ આવવી અનિવાર્ય છે. તેથી જે કાર્ય કર્તવ્યરૂપે મળેલ છે, તેને ઉપર્યુક્ત પ્રકારે પૂરું કરી દેવાથી નિવૃત્તિ કાળમાં સાધકના ચિત્તની સ્થિરતા અને પોતાના પ્રેમાસ્પદનો પ્રેમ મેળવવાની લાલસા અવશ્ય જાગ્રત થાય છે. વ્યર્થ સંકલ્પ અને વ્યર્થ ચિંતન આપમેળે શાંત થઈ જાય છે.

કોઈ પણ કાર્ય નાનું-મોટું હોતું નથી. જે કાર્યને લોકો સાધારણ અથવા નાનું કહે છે, તેને સાધકે કુશળતાપૂર્વક બિલકુલ જેવા ભાવથી કરવું જોઈએ એવા ભાવથી કરે તો તે કાર્ય સાધકને માટે ઉત્તમોત્તમ મનાતા કાર્યથી સહેજ પણ ઓછું નથી હોતું; કેમ કે કર્મ કરવાની આવશ્યકતા કોઈ ફળની આશા માટે નહિ, પરંતુ કર્તામાં જે ક્રિયાશક્તિનો વેગ છે, તેને પૂરો કરવા માટે છે.

ઉપર કહેલ ભાવથી કર્મ કરવાથી કર્તાપણું અને ભોક્તાપણું પોતાની જાતે-આપમેળે વિલીન થઈ જાય છે. જે ઉદ્દેશ્ય મોટાં-

મોટાં સાધનોથી મુશ્કેલીથી લાંબા સમયે પણ પૂરું નથી થતું. તેવા ઉદ્દેશ્યની સિદ્ધિ અનાયાસે ખૂબ ઓછા સમયમાં આપમેળે થઈ જાય છે.

કર્મના રહસ્યને ન જાણવાથી મનુષ્ય, જે કાર્ય જે સમયે કરવું જોઈએ તેને તે સમયમાં નથી કરતો અને જ્યારે કરે છે, ત્યારે તેને બોજારૂપ સમજીને, જેમ તેમ પૂરું કરવાના ભાવથી કરે છે. પૂરી શક્તિ લગાડીને નથી કરતા. તેથી તેમનો રાગ નષ્ટ થતો નથી. તેથી જે સમયે તે કાર્યમાંથી નિવૃત્ત થાય છે, તે સમયે પણ તેમના અંતઃકરણમાં વ્યર્થ સંકલ્પોની સ્ફુરણા થતી રહે છે; કેમ કે તેમનામાં ક્રિયાશક્તિનો વેગ બનેલો રહે છે અથવા તો તેમનો સમય આળસ યા નિદ્રામાં વ્યતીત થઈ જાય છે.

મનુષ્ય જીવનનો સમય અતિશય કીમતી છે, તેથી તેની એક પણ ક્ષણ વ્યર્થ ન જવી જોઈએ. તેમાં પણ જે નિવૃત્તિકાળ છે, જે સમયે મનુષ્ય પાસે કોઈ યોગ્ય કાર્ય નથી રહેતું તે સમય તો ખાસ કરીને પોતાના પરમ પ્રેમાસ્પદ પ્રભુના સ્મરણ-ચિંતનમાં રહીને તેમના પ્રેમમાં ડૂબેલા રહેવાનો છે. આવા સમયે જો સાધકના ચિત્તમાં વ્યર્થ સંકલ્પ અને વ્યર્થ ચિંતન થતું રહે અથવા તમોગુણની વૃદ્ધિ થઈને તે સમયે જડતામાં વ્યતીત થઈ જાય તો તેનાથી વધારે દુઃખદાયક ભૂલ કઈ હોઈ શકે ? એટલે સાધકે જે કર્મ કર્તવ્યરૂપે પ્રાપ્ત છે, તેને આગળ બતાવ્યા મુજબ ભગવાન માટે તેમની આજ્ઞા અને પ્રેરણા મુજબ તેમણે આપેલ શક્તિનો કુશળતાપૂર્વક પ્રયોગ કરીને પૂરા કરતો જાય. જેમ જેમ સાધક મળેલ કર્તવ્યને બરાબર રીતે પૂરું કરતો જાય છે, તેમતેમ તેની સઘળી પ્રવૃત્તિઓ નિવૃત્તિમાં બદલાતી જાય છે.

જે કામ જે રીતે કરવું જોઈએ. તે રીતે ધૈર્ય અને ઉત્સાહપૂર્વક, સાવધાનીથી ન કરવાથી તેનું પરિણામ સ્વાસ્થ્ય માટે તથા સમાજ અને દેશને માટે પણ હિતકારક નથી હોતું. આ દૃષ્ટિએ સાધકે દરેક કાર્ય, ભલે તે ખાન-પાન સંબંધી સામાન્ય હોય, ભલે પરિવાર-સમાજ કે દેશથી સંબંધિત હોય - બરાબર કરવું જોઈએ.

જો સાધક કર્મ કર્યા વગર રહી શકે અર્થાત્ તેને ન તો કોઈ કામ કર્તવ્યરૂપે મળેલ છે કે ન તો કોઈ કામ કરવા માટે કોઈ પ્રકારની ક્રિયાશક્તિનો વેગ હોય, તે સમયે તેના માટે કર્મ કરવું આવશ્યક નથી. કર્મ કરવાની વાત તો તે જ સમય માટે કહેલ છે કે જ્યારે સાધકને માટે કર્મ કરવું આવશ્યક થઈ જાય.

સાચી પ્રવૃત્તિ થવાથી સહજ નિવૃત્તિ આપમેળે થાય છે. સહજ નિવૃત્તિ જેમ જેમ સ્થાયી અને સ્થિર થતી જાય છે, તેમતેમ મનમાં સ્થિરતા, હૃદયમાં પ્રીતિ અને વિચારોનો ઉદય આપમેળે થતો જાય છે કે જે મનુષ્યની માગ છે.

(૧૩)

આગળ ઉપર જણાવેલ કે કર્તવ્ય રૂપે મળેલ કાર્યને ધૈર્ય અને ઉત્સાહપૂર્વક પૂરું કરવાથી વાસના નાશ પામે છે અને નિવૃત્તિ આપમેળે આવે છે અને સાધકનું ચિત્ત શુદ્ધ થતું જાય છે.

હવે એ વિચાર કરવો જોઈએ કે મનુષ્યનું દરેક કાર્ય, તેની દરેક પ્રવૃત્તિ શુદ્ધ અને સાચા અર્થ જેવી હોવી જોઈએ, બિલકુલ તેવી કેવી રીતે થાય ? વિચાર કરતાં જણાશે કે દરેક પ્રવૃત્તિના પ્રારંભમાં કર્તાએ પોતાના મનમાં તે પ્રવૃત્તિની શુદ્ધિ માટે સંકલ્પ કરવો જરૂરી છે.

ખરાબ સંકલ્પો અને ભાવનાનો ત્યાગ કરીને, સારા સંકલ્પો

તથા સારી ભાવનાઓનો સ્વીકાર કરવાથી સંકલ્પની શુદ્ધિ થાય છે. ખરાબ સંકલ્પ અને ખરાબ ભાવના તેને કહેવાય જેમાં અન્યનું અહિત સમાયેલું છે તેમજ સારો સંકલ્પ કે સારી ભાવના તે છે જેમાં અન્યનું હિત ભરેલું છે. જેમાં અન્યનું હિત સમાયેલું છે. તેમાં જ સાધકનું પણ હિત સમાયેલું છે અને જેમાં અન્યનું અહિત થાય છે તેમાં પોતાનું પણ અહિત જ થાય છે. અન્ય પર કરેલી ભલાઈથી જ પોતાના પ્રતિ ભલાઈ થાય છે. અન્યની સાથે કરેલી બૂરાઈ જ પોતાના પ્રતિ બૂરાઈ થાય છે. તેમાં કોઈ શંકા નથી, તેથી જ મનુષ્ય બીજાનું અહિત કરીને પોતાનું હિત સાધે છે. તે ખૂબ મોટી ભૂલ છે.

સંકલ્પશુદ્ધિ માટે વેદોમાં ઈશ્વરને પ્રાર્થના કરવાના પ્રકાર બતાવેલા છે. તે માટે 'શિવસંકલ્પ' નામનું એક પ્રકરણ શુક્લ યજુર્વેદમાં આવે છે-એમ સાંભળ્યું છે.

શુભ સંકલ્પોનો ચિત્ત પર બહુ જ પ્રભાવ પડે છે. તેનાથી ચિત્તની શુદ્ધિ સરળતાથી થઈ જાય છે. તેથી સાધકે જો સંકલ્પ કરવાનો જ હોય, સંકલ્પ કર્યા વગર મન માને જ નહિ તો શુભ સંકલ્પ જ કરવો જોઈએ. અશુભ સંકલ્પ કદી નહિ કરવો જોઈએ.

જો મનમાં એવી શંકા જાગે કે શું ચિત્ત શુદ્ધ થતાં પહેલાં શુભ સંકલ્પ કરવો સાધકના હાથની વાત છે ? શું તે તેમ કરવામાં સ્વતંત્ર છે ? તો એમ સમજવુ જોઈએ કે કોઈનું પણ ચિત્ત પૂર્ણપણે અશુદ્ધ નથી હોતું. તેમાં અશુદ્ધિની સાથે સાથે શુદ્ધિનો અંશ પણ ચોક્કસ રહે છે. તેના જ પ્રભાવથી મનુષ્યના મનમાં પોતાનો સુધાર કરવાની ઇચ્છા થાય છે. તેથી એમાં કોઈ સંદેહ નથી કે મનુષ્ય ખરાબ સંકલ્પોને ત્યાગીને શુભ સંકલ્પો કરવામાં સ્વતંત્ર છે. ભગવાનની અકારણ કૃપાથી તે આ કાર્યમાં સફળ થઈ શકે છે.

સંકલ્પો મુજબ જ મનુષ્ય કાર્ય કરવા પ્રવૃત્ત થાય છે તેથી શુભ સંકલ્પોથી મનુષ્ય શુભ કાર્ય કરવા પ્રવૃત્ત થાય છે અને તે કાર્યોને ભગવાન માટે ધૈર્ય અને કુશળતાપૂર્વક કરવાથી કર્તાનો ભગવાન સાથે સંબંધ થઈ જાય છે.

એ નિયમ છે કે જેની ઉપર મનુષ્યનો વિશ્વાસ હોય છે તેનાથી જ તેનો સંબંધ થાય છે, જેનાથી સંબંધ થાય છે તે જ તેને પ્રિય લાગે છે, પ્રિયનું જ સ્મરણ થાય છે, જેનું સ્મરણ થાય છે તેનું જ ચિંતન થાય છે અને આ ચિંતન જ આગળ જતા ધ્યાન, સમાધિ બની જાય છે. જ્યારે સાધક સમાધિના રસથી પણ વિરક્ત થઈ જાય છે, તેને પણ ઈચ્છતો નથી, ત્યારે તેને વિશુદ્ધ પ્રેમની પ્રાપ્તિ થાય છે.

એ વાત આગળ કહેલ છે કે ચિંતન કરવા યોગ્ય એક માત્ર પ્રભુ જ છે, કેમ કે જે સદાય છે, બધી જગ્યાએ છે અને સ્વયંપ્રકાશ છે, તે જ ચિત્ત દ્વારા પ્રાપ્ત થઈ શકે છે. શરીર અથવા ભોગવિલાસના પદાર્થો તેમ જ સંસાર ચિંતન કરવા યોગ્ય નથી, કેમ કે જે હંમેશાં બધી જગ્યાએ ઉપલબ્ધ નથી, જે અનિત્ય છે, જડ છે, તેમની પ્રાપ્તિ ચિંતન કરવાથી થતી નથી. એટલે જ તેમનું ચિંતન કરવું વ્યર્થ છે. ભગવાનનું ચિંતન કરવું જોઈએ. ભગવાનનું ચિંતન કરવા માટે તેમની ઉપર વિશ્વાસ કરવો અને તેમને પોતાના માનવા આવશ્યક છે.

જે વાસ્તવમાં આપણા નથી, જેમને મનુષ્ય ભૂલથી પોતાના માને છે, જે માનેલા સંબંધોનો વિચ્છેદ અવશ્ય થનારો છે, તે અનિત્ય, ક્ષણભંગુર પદાર્થોને જ્યાં સુધી સાધક નિત્ય અને પોતાના માનતો રહે છે, ત્યાં સુધી તે પોતાને સત્ય નિત્ય સંબંધી પરમ પ્રેમાસ્પદ પ્રભુને પૂર્ણરૂપે પોતાનો માની શકતો નથી. તેથી સાધકે તેના શરીર

અને સંસારમાં 'હું' પણું અને આત્મીયતા ભૂલથી માનેલ છે, તેનો સર્વ પ્રકારના ભાવથી પરિત્યાગ કરવો જોઈએ. આમ કરવાથી તેનો પોતાનો નિત્ય મિત્ર-સ્વભાવથી જ મિત્ર પ્રભુમાં આત્મીયતા આપમેળે થઈ જશે. જે ભાવ ત્યાગથી પ્રાપ્ત થાય છે, તેને પ્રાપ્ત કરવામાં મનુષ્ય હમેશાં સ્વતંત્ર છે, કેમ કે ત્યાગ કરવામાં કોઈ પરતંત્ર નથી.

યોગ, બોધ અને પ્રેમ કોઈ ક્રિયાનું ફળ નથી. તેનો સંબંધ તો સાધકની ચિત્તશુદ્ધિ સાથે છે. ચિત્ત શુદ્ધ થવાથી યોગીને યોગ, વિચારશીલને બોધ અને પ્રેમીને પ્રેમ આપમેળે પ્રાપ્ત થાય છે. ચિત્તની શુદ્ધિ તેવા મહાપુરુષોના સત્સંગથી થાય છે, જેમનો ભાવ શુદ્ધ થઈ ગયો છે. તેથી જ સાધકે સત્પુરુષોનો સંગ પ્રાપ્ત કરીને પોતાના સાધનનું નિર્માણ કરવું જોઈએ અને તેમની આજ્ઞા મુજબ તત્પરતાથી સાધનમાં લાગી જવું જોઈએ. પોતાના પ્રાણ કરતાં પણ સાધનનું મહત્ત્વ અધિક સમજવું જોઈએ.

સત્પુરુષોનો સંગ મળવામાં પોતાના પ્રારબ્ધને તેનું કારણ ન માનવું. સત્પુરુષોનો સંગ ભગવાનની અકારણ કૃપાથી મળે છે તેમજ દરેક પરિસ્થિતિમાં પ્રભુની કૃપા માનવાથી અને તેનો આદર કરવાથી ભગવાનની કૃપા ફળીભૂત થાય છે. તેથી સાધકે ભગવાનની કૃપા પર વિશ્વાસ કરીને મળેલ શક્તિ અને પરિસ્થિતિ મુજબ સત્પુરુષોનો સંગ મેળવવા માટે સાચી અભિલાષાની સાથે પ્રયત્ન કરતા રહેવું જોઈએ. આમ કરવાથી તેને સત્સંગની અવશ્ય પ્રાપ્તિ થશે. તેમાં કોઈ સંદેહ નથી.

અશુભ સંકલ્પોને ત્યાગવાથી શુભ સંકલ્પોની પૂર્તિ આપમેળે થવા લાગે છે. તેનાથી ઉત્કૃષ્ટ ભોગોની પ્રાપ્તિ થાય છે. પણ જે સાધક પોતાને શુભ સંકલ્પોની પૂર્તિના સુખમાં આબદ્ધ (સંલગ્ન) નથી કરતો, તેને દરેક પ્રકારના સંકલ્પોની નિવૃત્તિ દ્વારા યોગ-

રસની પ્રાપ્તિ થાય છે. જે સાધક યોગ-રસમાં પણ વિરક્ત રહે છે. તેમને વિવેકપૂર્વક સદ્ગતિ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત થાય છે. પણ જે સાધક મોક્ષની પણ ઉપેક્ષા કરી દે છે. તેને પરમ પ્રેમની પ્રાપ્તિ થાય છે, જે વાસ્તવમાં પાંચમો પુરુષાર્થ છે, જેના પ્રભાવથી પૂર્ણબ્રહ્મ, સચ્ચિદાનંદઘન પોતાના મહિમામાં નિત્ય જેમના તેમ સ્થિત રાખીને જીવભાવને સ્વીકારે છે. સંપૂર્ણ સંસાર જેના એક અંશમાં છે તે અનંત બ્રહ્મ પ્રેમીઓના ખોળામાં રમે છે.

ભગવાનમાં જે રીતે ઐશ્વર્યની પરાકાષ્ઠા છે, તે જ રીતે તેમનું માધુર્ય પણ અનંત છે. તે છ દિવસની ઉંમરમાં પૂતનાનો પ્રાણ લઈને ઐશ્વર્યની લીલા કરવાની સાથે પોતાની અકારણ કૃપાથી તેને તે ગતિ પણ પ્રદાન કરે છે. જે મોટા-મોટા તપસ્વી, યોગીઓને પણ ઘણી મુશ્કેલીથી મળે છે. તેમણે બ્રહ્માજીના અભિમાનનો નાશ કરવા તેમજ ગાયો તથા ગોપ-ગોપીઓના વાત્સલ્ય-પ્રેમની લાલસાને પૂર્ણ કરવા માટે પોતે જ વત્સ અને વત્સપાલ બનીને પોતાનું ઐશ્વર્ય અને માધુર્યને પ્રકટ કરવાવાળી અદ્ભુત લીલા કરી.

જે ભગવાન પોતાના પ્રેમી-ભક્તો માટે પોતાની ઐશ્વર્ય-શક્તિને ભૂલીને પ્રેમીને વશ થઈ જાય છે, પોતાના પ્રેમીથી પ્રેમાસ્પદ બનાવીને સ્વયં તેના પ્રેમી બની જાય છે, તે પ્રેમી દ્વારા પ્રેમપૂર્વક અર્પિત કરેલાં પત્ર-પુષ્પ, ફળ-જળ વગેરે જેવા સામાન્ય પદાર્થો માટે પણ લાલાયિત રહે છે, તે ભગવાનને પ્રેમ ન કરીને આ મનુષ્ય તેને પ્રેમ કરે છે, જે તેને પ્રેમ કરવા નથી માગતો. આ મનુષ્ય તેને ચાહે છે, જે તેને ચાહતો નથી. તેને પોતાના માને છે, જે ક્યારેય તેના થયા નથી. આનાથી મોટો પ્રમાદ બીજો કયો હોઈ શકે ?

(૧૪)

આગળ ચિત્ત-શુદ્ધિ માટે સુખ-લોભની ઇચ્છાઓનો ત્યાગ

કરવાની વાત જણાવેલ છે. હવે સમજવાનું એ છે કે સુખ-ભોગની ઈચ્છા ઉત્પન્ન કેવી રીતે થાય છે અને તેનો ત્યાગ શી રીતે થઈ શકે છે? વિચાર કરતાં માલૂમ પડે છે કે તેના ત્યાગ બે રીત થઈ શકે. એક વિચારથી અને બીજો પ્રેમથી, કેમ કે અવિચારને કારણે જ શરીરમાં અહંભાવ થઈ જવાથી અને તેનાથી સંબંધ રાખવાવાળા પદાર્થોમાં આત્મીયતા થઈ જવાને કારણે જ ભોગેચ્છાઓની ઉત્પત્તિ થાય છે.

એ દરેક મનુષ્યના અનુભવની વાત છે કે જ્યારે તેનો કોઈ પ્રત્યે ક્ષણિક પ્રેમ પણ હોય છે, તે સમયે તે અનાયાસે પ્રસન્નતાપૂર્વક પોતાના પ્રેમાસ્પદને સુખ આપવાની ભાવનાથી પોતાના સુખનો ત્યાગ કરી દે છે. તે સમયે ઉપભોગની સ્મૃતિ ખલાસ થઈ જાય છે અને તેને પોતાના પ્રેમાસ્પદને સુખ આપવામાં જ રસ મળે છે. તે રસની સામે ઉપભોગનો રસ ફિક્કો પડી જાય છે. જો સાધારણ પ્રેમની આવી વાત છે તો જે પ્રેમના તત્ત્વને જાણનાર છે, જે દરેક પ્રાણી સાથે સદા પ્રેમ કરે છે, પ્રેમ જ જેમનો સ્વભાવ છે, એવા પરમ પ્રેમાસ્પદ પ્રભુના પ્રેમની જેમને લાલસા છે, તેવા પ્રેમીની સર્વ પ્રકારના સુખભોગ-સંબંધી ઈચ્છાઓનો ત્યાગ આપમેળે વગર પ્રયત્ને થઈ જાય, તેમાં આશ્ચર્યની શું વાત છે? તેથી એ સિદ્ધ થાય છે કે પ્રેમથી પણ ઈચ્છાઓનો ત્યાગ અનાયાસે જ થઈ શકે છે.

જેટલી પણ ઉપભોગની ઈચ્છાઓ છે, તે બધી શરીરમાં અહંભાવ થઈ જવાને કારણે પેદા થાય છે. શરીર પર મમતા ન રહેતાં મનમાં ઉપભોગની ઈચ્છા થતી નથી. તેથી જ ખૂબ વિચારને અંતે જ્યારે મનુષ્ય એ સમજી લે કે 'હું શરીર નથી' ત્યારે ભોગેચ્છાઓનો ત્યાગ આપમેળે થઈ જાય છે અને ઈચ્છાઓનો સર્વથા નાશ થવો એ જ અંતઃકરણ શુદ્ધિ છે. ત્યાગ અને પ્રેમનો સંબંધ મજબૂત છે.

પ્રેમથી ત્યાગ થાય છે અને ત્યાગથી પ્રેમ દઢ થાય છે. તેથી જો સાધક પોતાના પ્રેમાસ્પદ પ્રભુ માટે દરેક પ્રાણીઓને સુખ આપવાની ભાવના રાખે તો તેનાથી તેનું અંતઃકરણ ખૂબ જલદી શુદ્ધ થાય છે અને વિશુદ્ધ અંતઃકરણમાં પ્રેમાસ્પદ પ્રભુના પ્રેમની લાલસા આપમેળે પ્રકટ થઈ જાય છે.

સાધકે મળેલ શક્તિ દ્વારા પ્રભુને નાતે અન્યના અધિકારની પૂર્તિ કરવી જોઈએ અને કોઈના પર પણ પોતાનો અધિકાર ન સમજવો જોઈએ. શરીર-નિર્વાહ માટે આવશ્યક પદાર્થોને પણ અન્યની પ્રસન્નતા માટે, તેમના અધિકારને સુરક્ષિત રાખવા માટે જ સ્વીકાર કરે, કે જે લેવાના રૂપમાં પણ દીધા બરાબર છે, કેમ કે આ શરીર વડે જેમના અધિકારની પૂર્તિ થાય છે, તેમનો તો આ શરીર પર અધિકાર છે જ. જ્યારે સાધક શરીર અને પ્રાપ્ત વસ્તુ તથા સર્વ પ્રકારની શક્તિઓને પોતાના પ્રભુની જ માને, તેમની પર પોતાનો કોઈ અધિકાર ન માને, તેનાથી કોઈ પ્રકારનો ઉપભોગ કરવાની આશા ન કરે, ત્યારે તેના દ્વારા જે કંઈ પણ થાય છે તે ત્યાગ અને પ્રેમ જ છે જે અંતઃકરણની શુદ્ધિનું મુખ્ય સાધન છે.

પ્રેમનો અધિકારી પ્રેમી જ હોય છે, ભોગી નહિ, કેમ કે ઉપભોગથી પ્રેમમાં શિથિલતા આવી જાય છે. જો ગંભીરતાથી વિચાર કરવામાં આવે તો એ સમજાય છે કે જીવ અને ઈશ્વર બંને પ્રેમી છે. તેમાંથી કોઈ પણ ભોગી નથી. જીવમાં જે ભોગબુદ્ધિ જાગ્રત થાય છે, તે કેવળ દેહના સંબંધથી થાય છે, જે સ્વાભાવિક નથી; અને દેહનો સંબંધ અવિચારસિદ્ધ છે, તે બધાં જ દર્શનકારો માને છે. તેથી જ પ્રેમને માટે વિવેકપૂર્વક દેહથી અલિપ્ત થઈને વાસનારહિત થવું પરમ આવશ્યક છે.

ઈશ્વર અને જીવ બંને પ્રેમી હોવા છતાં પણ બંનેના પ્રેમમાં

ઘણો તફાવત છે, કેમ કે ઈશ્વર ઇચ્છાથી રહિત અને સમર્થ પણ છે. જીવ ઇચ્છાથી રહિત તો છે, પરંતુ સમર્થ નથી. જીવમાં પ્રેમની ભૂખ છે. એટલા માટે તે પ્રેમ કરે છે અને ઈશ્વર બધી રીતે પૂર્ણ અને સર્વથા અસંગ છે, તેથી જ તેને કોઈ પણ પ્રકારની ઇચ્છા નથી હોતી.

જીવ જે ભોગોને ભોગવીને તેની ઇચ્છાનો ત્યાગ કરે છે, તેમાં કોઈ અગત્યની વાત નથી, કેમ કે ભોગોને ભોગવવાનું પરિણામ રોગ જ છે. તેનાથી બચવા માટે તેનો ત્યાગ અનિવાર્ય છે. આ સિવાય જીવને જે પણ વસ્તુ અને કાર્યશક્તિ મળેલી છે, તે પણ ઈશ્વરની જ આપેલી છે. તેથી તેનો ત્યાગ કરવો કોઈ મોટી સિદ્ધિ નથી. એ જ રીતે સદ્‌ગતિની લાલચનો ત્યાગ કરી દેવો કોઈ મહત્ત્વની વાત નથી; કેમ કે બધા પ્રકારના ભોગોની ઇચ્છાથી રહિત થવાથી દુર્ગતિ તો થતી નથી. એટલું જ નહિ, જીવની આ ઇમાનદારીને અર્થાત્ તેના નામમાત્રના ત્યાગથી પણ ઈશ્વર પોતાના સહજ કૃપાળું સ્વભાવથી જીવની ઘણી મોટી ઉદારતા માને છે અને જીવને એવો પ્રેમ કહે છે કે સ્વયં પૂર્ણકામ હોવા છતાં જીવને પ્રેમ કરવાનો આરોપ પોતાના માથે ઓઢી લે છે; કેમ કે પ્રેમ એ ઈશ્વરનો સ્વભાવ છે અને જીવની જરૂરિયાત છે. તેથી જે તેમનાથી પ્રેમ કરે છે, ઈશ્વર તેનો પોતાને ઋણી માને છે. ખરેખર ઈશ્વર એકમાત્ર જ પ્રેમી છે, કેમ કે પ્રેમ આપવાનું બળ બીજા કોઈનામાં નથી.

ભોગી મનુષ્ય પ્રેમનો અધિકારી નથી હોતો. તે તો સેવાનો અધિકારી છે. પ્રેમનો અધિકારી તો ઇચ્છારહિત હોય છે, કેમ કે ઇચ્છાવાળા વ્યક્તિને કરેલ પ્રેમ સ્થાયી નથી રહેતો. તે પેલા પ્રેમને પણ પોતાની ઇચ્છા-પૂર્તિનું સાધન માની લે છે. તેથી તે પ્રેમનો આદર કરી શકતો નથી.

(૧૫)

આગળ ઉપર પ્રેમ અને વિચારને અંતઃકરણની શુદ્ધિનું કારણ બતાવેલ છે; કેમ કે વિચારથી દેહાભિમાનનો ત્યાગ અને પ્રેમથી પોતાની જાતનું સમર્પણ થવાથી આપમેળે ઈચ્છારહિત આવી જાય છે. બધા પ્રકારની ઈચ્છાનો નાશ થવો એ જ અંતઃકરણની પરમ શુદ્ધિ છે.

જ્યાં સુધી મનુષ્યના રાગ-દ્વેષ સંપૂર્ણ રીતે નષ્ટ નથી થતા, ત્યાં સુધી તે ઈચ્છારહિત નથી બની શકતો અને જ્યાં સુધી તે પોતાની પ્રસન્નતાનું કારણ પોતાનાથી અલગ કોઈ વ્યક્તિ, વસ્તુ, અવસ્થા કે પરિસ્થિતિને માને છે, ત્યાં સુધી રાગ-દ્વેષનો અંત આવતો નથી. તેથી સાધકે પોતાના વિકાસ એટલે કે ઉન્નતિ કે પ્રસન્નતાનું કારણ બીજા કોઈને ન માનવું જોઈએ.

વિચાર કરવાથી જણાશે કે કોઈ વ્યક્તિ, સંપત્તિ કે પરિસ્થિતિ ઉપર મનુષ્યની ઉન્નતિ કે પ્રસન્નતાને આધારિત નથી; કેમ કે અજ્ઞાનવશ પોતાની પ્રસન્નતાનું કારણ સમજીને તે જેનો જેટલો સંગ્રહ કરે છે, તેટલો જ તે ગુલામીની જાળમાં ફસાય છે તે ગુલામી કોઈની પ્રસન્નતાનું કારણ નથી, એવો પ્રાણીમાત્રનો અનુભવ છે. સ્વાધીનતા, સામર્થ્ય અને પ્રેમ-એ મનુષ્યની-સ્વાભાવિક જરૂરિયાત છે, જે કોઈ પ્રકારના સંગઠન કે સંગ્રહથી પૂરી થઈ નથી શકતી અને સ્વાભાવિક જરૂરિયાતની પૂર્તિ વગર કોઈને આનંદ મળતો નથી.

પ્રત્યક્ષ રીતે એવું જણાય છે કે સ્વાવલંબી મનુષ્ય જેટલો સુખી અને આનંદિત રહે છે, પરાધીન વ્યક્તિ ક્યારેય તેવો આનંદિત રહી શકતો નથી. મનુષ્ય અજ્ઞાનવશ એવું માની લે છે કે મને ઘણો મોટો અધિકાર મળવાથી કે ઘણી મોટી સંપત્તિ મળવાથી હું

સુખી થઈ જઈશ, પરંતુ જેમ જેમ વૈભવ વધે છે, તેમ તેમ તેના જીવનમાં પરાધિનતા, ભય, રોગ, ભોગાસક્તિ અને કઠોરતા વધે છે. જે પ્રત્યક્ષ રીતે દુઃખનું કારણ છે.

તેથી સાધકે સંસારમાંથી જે મેળવ્યું છે, તેને પાછું આપીને અર્થાત્ મેળવેલ સંપત્તિ અને શક્તિ દ્વારા તેની સેવા કરીને તેના ઋણથી મુક્ત થઈ જવું જોઈએ તથા તેનાથી કંઈ લેવું ન જોઈએ તથા પોતાની જાતને ભગવાનને સમર્પિત કરીને અર્થાત્ ભગવાનનો થઈને ભગવાનના ઋણથી મુક્ત થઈ જાય છે. આ રીતે જ્યારે તેની ઉપર કોઈનું ઋણ નથી રહેતું, ત્યારે અંતઃકરણ આપમેળે પરમ પવિત્ર થઈ જાય છે.

ભગવાનને પણ એ જ પ્રાર્થના કરો કે 'ભગવાન ! મને તમે તમારા કોઈ પણ કામમાં આવવા યોગ્ય બનાવી દો. હું આપની પ્રસન્નતા માટે તમારું રમકડું બની જાઉં અથવા જે પણ સ્થિતિમાં રહું, આપની કૃપાનો પાત્ર બનું. આ સિવાય મને બીજું કાંઈ જોઈએ નહિ.'

જો કોઈ કહે કે ભગવાન તો પૂર્ણકામ છે, પોતાના મહિમામાં જ સદા પ્રસન્ન છે, તો તેમને પોતાની પ્રસન્નતા માટે જીવની શું આવશ્યકતા છે ? તો કહેવું જોઈએ કે ભગવાનની પૂર્ણતા એકદેશીય નથી હોતી. તે તો બધી જ રીતે પૂર્ણ જ છે. તેથી જેની જેવી માગ હોય, તેને ભગવાન તે જ રીતે પૂર્ણ કરે છે. તે પૂર્ણ કામ છે. તોપણ પોતાના આશ્રિત પ્રેમીની જરૂરિયાત પૂર્ણ કરવામાં તેને આનંદ મળે છે.

જે સર્વસમર્થ નથી, તેવા મનુષ્યની પાસે જઈને જો કોઈ કહે કે 'મને તમે કોઈ કામ પર રાખી લો, નાનામાં નાનું કોઈ પણ કામ કરવામાં મને કોઈ નાનમ નથી' જો જરૂર ન હોય તો તે કહેશે કે મારી પાસે હાલ કોઈ કામ નથી. હું તને રાખી નથી

શકતો. કેમ કે તે એટલો સમર્થ નથી કે બધાને કામે રાખી શકે. પરંતુ ભગવાન તો સર્વ સમર્થ છે. તેમની પાસે તો કોઈ વાતની ઊણપ નથી. તો જે મનુષ્ય એકમાત્ર તેમનો જ પ્રેમ ચાહે છે. જેને અન્ય કોઈ પ્રકારના સુખની આશા નથી. તેને સર્વ સમર્થ પ્રભુ કઈ રીતે નિરાશ કરી શકે છે. તે તો સ્વયં તેમના પ્રેમી બનીને તેને પોતાનો પ્રેમાસ્પદ બનાવી લે છે. એ જ તેમની અસાધારણ મહિમા છે.

જ્યાં સુધી મનુષ્ય સંસારમાંથી કંઈ લેવાની આશા રાખે છે. ત્યાં સુધી તે કદી સુખી થઈ શકતો નથી. કેમ કે સંસાર અનિત્ય અને ક્ષણભંગુર છે તેનાથી તેને જે કંઈ મળે છે તેનો વિયોગ અવશ્ય છે. આ રહસ્યને સમજીને સાધક કોઈની પણ પાસેથી કંઈ જ આશા નથી રાખતો, બધાની સર્વ પ્રકારે સેવા કરે છે અને તેના બદલામાં કંઈ પણ લેતો નથી. તે હંમેશાં પ્રસન્ન રહે છે. પછી તેનો કોઈ પણ વસ્તુ-વ્યક્તિમાં રાગ નથી રહેતો તથા બધા જ તેને ચાહે છે. તેથી તેનો કોઈ વિરોધ કરતા નથી. તેથી તે સવર્થા ક્રોધ રહિત અને નિર્ભય થઈ જાય છે. કોઈ જ પ્રકારની ઈચ્છા ન રહેવી તેમજ લોભ, ક્રોધ અને ભયનો નાશ થઈ જવો એ જ અંતઃકરણની પરમ શુદ્ધિ છે. અંતઃકરણ શુદ્ધ થઈ જવાથી યોગીને યોગ, વિચારશીલને જ્ઞાન અને પ્રેમીને પ્રેમની પ્રાપ્તિ આપમેળે થઈ જાય છે. વિચાર અને પ્રેમથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને શુદ્ધ અંતઃકરણમાં આપમેળે વિચાર અને પ્રેમ પ્રકટ થાય છે. આ પ્રમાણે તે એકબીજાના સહાયક છે.

ચિત્તશુદ્ધિ માટે એ ખૂબ જરૂરી છે કે સાધક કોઈનો ઋણી ન રહે અર્થાત્ જેનાથી જે કાંઈ મળેલ છે તે તેને પાછું આપી દે અને ક્ષમા માગી લે. તેની પ્રસન્નતા અન્ય કોઈ પર આધારિત ન રહે. પોતાનાથી અલગ એ જ છે જેનાથી તેની જાતિ તથા સ્વરૂપની એકતા નથી.

(૧૬)

આગળ ઉપર એ વાત કહેવામાં આવી છે કે બધા પ્રકારની ઈચ્છાનો નાશ વિચાર અને પ્રેમથી થાય છે. તેમાં પ્રેમ બાબતે આગળ ઉપર કહેવામાં આવેલ છે, પરંતુ વિચાર બાબતમાં વિશેષ કહેવામાં નથી આવ્યું તેથી હવે તે જ સાંભળો.

વાસ્તવમાં વિવેક, વિશ્વાસ અને પ્રેમ-તેમાં પરસ્પર કોઈ વિરોધ નથી. તે એકબીજાના સહયોગી છે. વિવેકશીલ પહેલા જાણે છે અને બાદમાં માને છે. અર્થાત્ તેની ઉપર વિશ્વાસ કરે છે તેમજ વિશ્વાસ કરવાવાળો પહેલા માને છે અને બાદમાં જાણે છે.

જો મનુષ્ય બુદ્ધિથી વિચાર કરીને પોતાના દોષોને જાણી લે, પણ તેનો ત્યાગ ન કરે તો કેવળ જાણવાથી કામ નથી ચાલતું. તેવી જ રીતે કેવળ માનવાથી પણ નથી ચાલતું. પોતાની માન્યતા અનુસાર જીવન બનવું આવશ્યક છે.

વિવેક, વિશ્વાસ અને પ્રેમ-એ બધું મનુષ્યને મળેલ છે. પરંતુ મળેલ વિવેકનો આદર ન કરીને મનુષ્યે તેનો વિશ્વાસ ન કરવો જોઈએ, જે વિશ્વાસ કરવા યોગ્ય નથી, પોતાના જીવનમાં જેના ઉપર વિશ્વાસ કરીને વારંવાર દગો ખાધો છે, તેના ઉપર વિશ્વાસ કરે છે, તેને માનીને તેમાં પ્રીતિ કરી છે અને જેના ઉપર વિશ્વાસ કરવો જોઈએ. તેના ઉપર નથી કરતો. જે તેનું ખરેખર પોતાનું છે તેને પોતાનું નથી માનતો અને તેમાં પ્રીતિ નથી રાખતો. જે પણ દશ્ય છે, જેને મનુષ્ય ઇન્દ્રિય, મન અને બુદ્ધિ વડે જુએ છે, તે ભલે વ્યક્તિના રૂપમાં હોય, ભલે દેશ, કાળ અને વસ્તુના રૂપમાં હોય, તે બધું જ અનિત્ય છે, તેનાથી મનુષ્યનો કાયમી સંબંધ નથી રહેતો.

અજ્ઞાનને આધિન મનુષ્ય આ સંયોગને સુખનું કારણ માની

લે છે. પરંતુ વિચાર કરવાથી જણાશે કે તેમનો સંયોગ નિત્ય સુખ આપનાર નથી, કેમ કે પોતાના અત્યંત પ્રિય મિત્રથી પણ મનુષ્ય અલગ થવા માગે છે. કોઈ પણ વસ્તુ કેટલી પણ પ્રિય કેમ ન હોય તેનાથી અલગ થાય જ છે. જો ખરેખર કોઈ વ્યક્તિ, વસ્તુ અને દેશ-કાળ સુખકારક હોય તો મનુષ્ય તેને કદી છોડતા નથી. પરંતુ તેવું થતું નથી. મનુષ્ય જાગ્રત અવસ્થામાં જેના સંબંધથી પોતાને સુખી માને છે તે સંબંધનો સ્વપ્નમાં ત્યાગ કરે છે. સુષુપ્તિ અવસ્થામાં જાગ્રત અને સ્વપ્ન બંને અવસ્થાના દશ્યોનો કોઈ સંબંધ રહેતો નથી. તેથી સાબિત થાય છે કે બધા જ સંયોગવિયોગવાળા છે અને સંયોગ કરતા સંયોગનો અભાવ જ અધિક સુખકારક છે. આ બધાના અનુભવમાં આવે જ છે.

તેથી સાધકે સંયોગકાળમાં જ વિયોગના દર્શન કરીને કોઈ પણ વ્યક્તિ, પદાર્થ, દેશ, કાળ અથવા પરિસ્થિતિમાં પ્રીતિ ન કરે તેમજ કોઈને પોતાના સુખનો આધાર-કારણ ન માને. દશ્યમાત્રથી સર્વથા અસંગ થઈ જાય.

દરરોજ મનુષ્ય સુષુપ્તિ અવસ્થામાં બધા જ પ્રકારના સંબંધોનો ત્યાગ કરે છે પરંતુ તેના અંતઃકરણમાં રાગ છુપાયેલો હોય છે, તેનો નાશ થતો નથી તે જ કારણે જ્યારે જાગીએ છીએ ત્યારે બધા સાથે પહેલાંની જેમ જ સંબંધ થઈ જાય છે. જ્યાં સુધી શરીર અને સમસ્ત દશ્યવર્ગ સાથે સંબંધ બંધાયેલો રહે છે ત્યાં સુધી તે તેના સંબંધથી પોતાને સુખ-દુઃખ ભોગવનારો માનતો રહે છે અને દશ્ય સંબંધી આસક્તિને કારણે વારેવારે જન્મે છે અને મૃત્યુ પામે છે.

તેથી સાધકે વિચાર કરીને એ નિશ્ચય કરવો જોઈએ કે જે કાંઈ પણ જોવામાં, સાંભળવામાં અને અનુભવ કરવામાં આવે છે, તેમાં શરીર, બુદ્ધિ, મન, ઈન્દ્રિયોસહિત કોઈ પણ દશ્ય પદાર્થ સાથે મારો

કોઈ પણ સંબંધ નથી; કેમ કે તેમની સાથે ન તો મારી જાતીય એકતા છે. ન તો સ્વરૂપની. તેથી તેમનો અને મારો સંબંધ વાસ્તવિક નથી. અજ્ઞાન વડે માનેલો છે. હું તેનાથી સર્વથા અસંગ, નિત્ય ચેતન છું. આ બધા જ અનિત્ય અને બીજા વડે પ્રકાશિત છે.

મનુષ્ય અજ્ઞાનવશ શરીરમાં અહંભાવ તથા જાતિ, વર્ણ, આશ્રમ અને ક્રિયાની સાથે પોતાની એકતા કરીને માનવા લાગે છે કે હું બ્રાહ્મણ છું, હું અછૂત છું, હું વેપારી છું, હું સંસારી છું વગેરે; પરંતુ વિચારશીલ સાધકે હંમેશાં શરીર અને સંસારથી પોતાને સર્વથા અલિપ્ત કરી દેવો જોઈએ.

જ્યારે સાધકને એ અનુભવ થઈ જાય છે કે 'હું શરીર નથી અને દૃશ્ય વર્ગથી મારો કોઈ સંબંધ નથી.' ત્યારે તેમાં સ્વાભાવિક અસંગતા અને નિર્વાચના (ઇચ્છારહિત સ્થિતિ)નો ભાવ પેદા થાય છે અને તેનું અંતઃકરણ આપમેળે શુદ્ધ થઈ જાય છે. તેમાં કોઈ પણ પ્રકારનો વિકાર રહેતો નથી. અંતઃકરણ શુદ્ધ થતાં જ જ્ઞાનનો પ્રકાશ ફેલાય છે અને સાધકને પોતાના લક્ષ્યની પ્રાપ્તિ થઈ જાય છે. પણ ધ્યાન રાખવું કે કોઈને કોઈ પ્રકારના સંગથી 'અહં'નો અને 'મારું'માંથી જ ચિત્ત અશુદ્ધ થાય છે. તેથી ચિત્ત શુદ્ધિ માટે 'અહં' અને 'મારું' બંનેનો નાશ કરવો અનિવાર્ય છે અને તે ત્યારે જ થશે જ્યારે દૃશ્ય વર્ગથી-દૃશ્યમાત્રથી વિમુખતા પ્રાપ્ત થશે. વિમુખતા પ્રાપ્ત થતાં જ હું અને મારું, તું અને તારુંમાં બદલાય છે. અર્થાત્ જે વાસ્તવમાં જે તે બાકી રહી જાય છે. તેમાં જ પ્રેમ થઈ શકે છે. તેના વડે જ યોગ થઈ શકે છે અને તેનું જ જ્ઞાન થાય છે. આ ત્રણેયની એકતા થવી એ જ વાસ્તવિક એકતા છે અને તેનાથી જ મનુષ્યને સર્વ પ્રકારના અભાવોનો અભાવ થાય છે જે પ્રાણીમાત્રને પ્રિય હોય છે. તેથી એ નિર્વિવાદ સિદ્ધ થાય છે કે વિચારપૂર્વક ચિત્ત શુદ્ધ કરવું એ જ જીવનનો પરમ પુરુષાર્થ છે.

(૧૭)

સાધકેનિશ્ચય પૂર્વક એ સમજી લેવું જોઈએ કે મનુષ્યનું શરીર વિષયોનો ઉપભોગ કરવા માટે મળ્યું નથી. વિષયોનો ઉપભોગ તો પશુ, પક્ષી વગેરે અનેક યોનિઓમાં આ જીવ જન્મ-જન્માંતરથી કરતો આવ્યો છે, તેના માટે મનુષ્ય શરીરની કોઈ વિશેષતા નથી.

મનુષ્ય, શરીર પોતાની ભૂલોને દૂર કરવા મળ્યું છે. એટલે કે જીવે એ જે પોતાના પ્રમાદથી અનેક પ્રકારના દોષોને સંઘરેલા છે. તેમનો સાધના વડે નાશ કરવા માટે જો કોઈ કહે કે ભગવાને જીવમાં ભોગ ભોગવવાની ઈચ્છા ઉત્પન્ન જ કેમ કરી ? જો ભોગોની ઈચ્છા જ ન હોત તો મનુષ્ય તે ભોગોની પ્રાપ્તિ માટે પ્રયત્ન જ કેમ કરે ? તો એનો જવાબ એ છે કે જીવમાં ભોગવાસના ઈશ્વરે ઉત્પન્ન નથી કરી. ભગવાને તો આ પરંપરાગત ભોગવાસનાને નાશ કરવા જ કૃપા કરીને આ મનુષ્ય-શરીર આપ્યું છે. જો તેમાં ભોગ-વાસના પહેલાં ન હોત તો શરીર આપવાની કોઈ આવશ્યકતા ન પડત, જ્યારે કોઈ રોગ થાય છે ત્યારે જ તેને મટાડવા માટે દવાની જરૂર પડે છે. તેથી ભોગ-વાસનાનો નાશ કરવા માટે જ ભોગ-વાસનાની સાથે-સાથે ભગવાને મનુષ્યને યોગની, બોધની અને પ્રેમની લાલસા પણ પ્રદાન કરેલી છે. ભોગોનું ક્ષણિક સુખ પણ કોને કોઈ પ્રકારના સંયોગથી એટલે કે વિષય અને ઈન્દ્રિયોના સંબંધથી મળે છે. તે યોગની જ ઝલક છે. આ જ રીતે રાગમાં પ્રેમની ઝલક રહેલી છે. પ્રેમનું જ બીજું રૂપ રાગ અથવા મોહ છે, અને અવિવેકમાં વિવેકની ઝલક છે, કેમ કે વિવેકનો સર્વથા અભાવ નથી થતો, તેની ઊણપમાં શંકા ઉત્પન્ન થાય છે, જે જિજ્ઞાસાના રૂપમાં બોધનું કારણ થઈ જાય છે. જ્યારે સાધક મળેલ વિવેક વડે પોતાના બનાવેલા દોષોને દૂર કરી નાખે છે ત્યારે ભોગ-વાસના

યોગમાં, રાગ-અનુરાગમાં અને વિવેક જ્ઞાનમાં બદલાઈ જાય છે. દોષોની ઉત્પત્તિ અને ગુણોનું અભિમાન એ જ ચિત્તની અશુદ્ધિ છે. તેને દૂર કરવા માટે જ સાધન છે. તેથી સાધકે બોધનો, યોગનો, અને પ્રેમનો ગર્વ નહિ રાખવો જોઈએ. કહેવાનો મતલબ એ કે યોગ હોય, પરંતુ હું યોગી છું. એવું અભિમાન ન હોવું જોઈએ. જ્ઞાન હોય પરંતુ હું જ્ઞાની છું, એવું અભિમાન અને પ્રેમ હોય, પણ હું પ્રેમી છું એવું અભિમાન ન હોવું જોઈએ.

ભગવાનથી જીવનું કોઈ પ્રકારે અંતર નથી. ભગવાન અને જીવ જાતિથી અને સ્વરૂપથી પણ એક જ છે. બંને નિત્ય છે. તેથી સમયનું પણ કોઈ અંતર નથી. બંને એક જ જગ્યાએ રહે છે. તેથી સ્થળમાં પણ કોઈ અંતર નથી. બંનેનો સંબંધ નિત્ય છે. આટલી નિકટતા અને એકતા હોવા છતાં જે અંતર ભાસે છે તે કેવળ અભિમાનને કારણે જ છે.

જ્યારે પણ ભક્તના મનમાં કોઈ પ્રકારના અભિમાનની છાયા આવી જાય છે, ત્યારે તેનો નાશ કરવા માટે ભગવાન તેની સામેથી છુપાઈ જાય છે. રાસક્રીડા કરવાને સમયે જ્યારે ગોપીઓના મનમાં એ વાત આવી કે 'હવે તો શ્યામસુંદર અમારા આધીન થઈ ગયા, અમે જેમ કહીએ, તેમજ તે કરે છે.' બસ આવો ભાવ મનમાં આવતા જ તેમની સામેથી ભગવાન અંતર્ધાન થઈ ગયા. જેઓના મનમાં એવું અભિમાન ન આવ્યું તેમને પોતાની સાથે લઈ ગયા. આગળ જતા જ્યારે તેમના પણ મનમાં અભિમાન આવ્યું. તો કહેવા લાગી કે 'હવે મારાથી આગળ ચાલી શકાતું નથી, મને ખભા પર ઉઠાવી લો.' ત્યારે તેમને પણ ત્યાં જ છોડીને પ્રભુ અંતર્ધાન થઈ ગયા. પાછળથી જ્યારે શ્યામસુંદરને શોધતી અન્ય ગોપીઓ તેમને મળી તો ત્યાં પણ શ્યામસુંદર મળ્યા નહિ એટલે તે બધી શ્યામસુંદરના વિરહમાં વ્યાકુળ થઈને તેમને વનમાં ચારે તરફ શોધવા લાગી.

લતા-પાન, પશુ-પક્ષી વગેરે દરેકને પૂછવા લાગી કે 'તમે શ્યામસુંદરને જોયા હશે. તે કઈ બાજુ ગયા ?' તે છતાં પણ જ્યારે શ્યામસુંદર ન મળ્યા, તો જ્યાંથી લીલાનો પ્રારંભ કર્યો હતો ત્યાં જ આવીને વિરહ વ્યાકુળતાથી તેમનામાં (શ્રીકૃષ્ણમાં) તન્મય થઈ ગઈ અને તેમની જ લીલાનો અભિનય કરવા લાગી. જ્યારે તે વ્યાકુળતાના દુઃખથી અભિમાન ઊતરી ગયું ત્યારે શ્યામસુંદર પણ ત્યાં પ્રકટ થઈ ગયા. તે જ્યારે અંતર્ધાન થઈ ગયા, ત્યારે પણ ત્યાં જ હતા. ક્યાંય ગયા ન હતા, પણ ગોપીઓ તેમને જાણી ન શકી. પ્રકટ થયા બાદ જ્યારે ગોપીઓ તેમને ઠપકો આપવા લાગી, ત્યારે તેમણે એ જ કહ્યું કે 'મારી પ્યારી સખીઓ ! હું તો હંમેશાં તમારી પાસે જ હતો. અહીંથી ક્યાંય દૂર ગયો નથી. હું તો તમારા પ્રેમ રસની વૃદ્ધિ માટે જ છુપાઈ ગયો હતો.' તેથી સાધકે કોઈ પ્રકારનું અભિમાન નહિ કરવું જોઈએ.

ભગવાને જે જગતની રચના કરી છે, તેમાં ભગવાનનો જીવોને વિવિધ પ્રકારે રસ પ્રદાન કરવાનો તથા સ્વયં તેમના પ્રેમ રસનો આસ્વાદન કરવો એ જ હેતુ છે. વિચારશીલ સાધકનું ચિત્ત શુદ્ધ થવાથી તેને બોધ થાય છે અને ત્યાર બાદ પ્રેમની પ્રાપ્તિ થાય છે. કોઈ એમ કહે કે બોધ પછી પ્રેમની પ્રાપ્તિ કેવી ? તેનું તો શરીર-મન વગેરેથી કોઈ સંબંધ નથી રહેતો. તો પછી પ્રેમ કોણ, કેવી રીતે અને કોનાથી કરે છે ? તેનો ઉત્તર એ છે કે પ્રેમીનું મન, ઇન્દ્રિયો વગેરે કોઈ પણ રીતે ભૌતિક નથી હોતું. તેમનું મન-બુદ્ધિ વગેરે બધું જ દિવ્ય અને ચિન્મય હોય છે, કેમ કે ભગવાન સ્વયં જે ચિન્મય પ્રેમની ધાતુમાંથી બનેલ છે, તેનાથી જ તેમનો પ્રેમી, તેમના દિવ્ય ધામ અને બાકી બધું જ બનેલું છે. તેમાં કોઈ જ વસ્તુ ભૌતિક નથી. એટલે જ બોધ થયા પછી પ્રેમ થવો અસંગત નથી. આમાં તો સચ્ચિદાનંદઘન પૂર્ણબ્રહ્મ લીલામય પરમેશ્વરના

સગુણ-સાકાર રૂપની સાર્થકતા છે. પ્રેમના સિવાય સગુણ બ્રહ્મનું હોવાનું કોઈ કારણ જ નથી.

પ્રેમ અનંત છે, તેનો ક્યારેય અંત થતો નથી; કેમ કે પ્રેમી અને પ્રેમીની લાલસા તેમ જ પ્રિયતમ બધાં જ નિત્ય અને અસીમ છે, તેથી તેમના મિલન અને વિયોગમાં હંમેશાં આકર્ષણ રહે છે તથા નિત્ય નવો પ્રેમ બનેલો રહે છે.

ભગવાન જીવના નિત્ય મિત્ર છે. કદી તેનાથી અલગ નથી તથા તેમ છતાં મનુષ્ય તેમને જાણતો નથી, અને ભૂલી ગયો છે. જે રીતે કોઈના ખિસ્સામાં ઘડિયાળ પડી હોય અને તે તેને ભૂલી જાય તો પોતાની પાસે હોવા છતાં પણ તેનાથી દૂર હોય એવો અનુભવ કરે છે. જ્યાં સુધી તેને એ ખબર નથી કે ઘડિયાળ મારી પાસે મારા ખિસ્સામાં જ છે, ત્યાં સુધી તે તેને શોધતો જ રહે છે ને તેના વગર દુઃખી થાય છે, પરંતુ જ્યારે તેને બોધ થાય છે, ત્યારે ઘડિયાળ મળી જાય છે. તે જ રીતે આ જીવ પણ જ્યારથી ભગવાનને ભૂલી ગયો છે, ત્યારથી પોતાને તેનાથી અલગ માનીને દુઃખી થઈ રહ્યો છે. આ ભૂલને મટાડીને જે પોતાના પ્રેમાસ્પદના સંબંધનું સ્મરણ કરે છે, તે જ વાસ્તવિક સ્મરણ છે. તેથી નામ-જપ વગેરે સાધન કરતા સમયે પણ સાધકે એ ન ભૂલવું જોઈએ કે 'આ નામ મારા પ્રિયતમનું છે.'

ચિત્તશુદ્ધિ માટે સાધકે મનમાં બિલકુલ શંકા રાખ્યા વગર વિશ્વાસ કરી એ માની લેવું જોઈએ કે 'મારી અને પ્રભુની જાતીય એકતા છે. તેથી તે મારા જ છે. બીજું મારું કોઈ નથી.' અને આમ માનીને એક માત્ર પ્રિયતમ પ્રભુના પ્રેમની લાલસા પ્રકટ કરવી અને શરીર તથા સંસારમાં માનેલા જે 'હું અને મારાપણું' છે. તેને વિચાર દ્વારા દૂર કરીને સચ્ચિદાનંદઘન બ્રહ્મથી પોતાના સ્વરૂપની એકતાનો બોધ પ્રાપ્ત કરવો જોઈએ.

જાતીય એકતા અને સ્વરૂપની એકતા પર વિશ્વાસ અને ક્રોધ થવાથી જ પ્રેમ તથા બોધની પ્રાપ્તિ સંભવ છે. અન્ય કોઈ રીતે નહિ.

(૧૮)

આગળ ઉપર એ વાત કહેવામાં આવી છે કે ચિત્ત-શુદ્ધિ માટે ઈશ્વરની સાથે જાતીય એકતા માનવી અથવા સ્વરૂપની એકતાને જાણવી અનિવાર્ય છે. આજે તેની ઉપર જ વિચાર કરવાનો છે.

એ નિયમ છે કે મનુષ્ય જેની સાથે પોતાના 'હું' ને ભેળવી દે છે. તે જ સત્ય ભાસે છે અને પોતાનાથી ભિન્ન સમજીને જેની સાથે આત્મીયતાના સંબંધ માની લે છે. તેમાં જ આસક્તિ થઈ જાય છે અને જેને પરાયો સમજે તેમાં તેને દ્વેષ થઈ જાય છે.

મનુષ્યનો 'હું' ભાવ જગતમાં અનેક રીતે વહેંચાયેલો છે. હું બ્રાહ્મણ છું, હું વૈશ્ય છું, હું મહત્તર છું, હું હિંદુ છું, હું મુસલમાન છું, હું ખ્રિસ્તી છું, હું હિન્દુસ્તાની છું, હું યુરોપિયન છું, હું અમેરિકન છું – આ રીતે શરીર, જાતિ, દેશ, વર્ણ, આશ્રમ અને પરિસ્થિતિ વગેરેની સાથે પોતાના 'હું' ને ભેળવીને મનુષ્ય તેમાં સદ્‌બુદ્ધિ કરી લે છે. તેને જ પોતાનું જીવન માનવા લાગે છે. તે કારણે તેને એ બોધ નથી થતો કે વાસ્તવમાં મારી અને તેમની ન તો સ્વરૂપથી એકતા છે અને ન તો જાતીય એકતા છે, તથા એ પણ નથી જાણતો કે આ રીતની સ્વીકૃતિ તેણે કઈ રીતે સાધનનું નિર્માણ કરીને તેનાથી ઉપર ઊઠવા અને પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે કરી છે.

તેમ છતાં દરેક પ્રકારની માન્યતાની સાથે તેની સાથે સંબંધ રાખનાર વિધાન રહે છે. જેમ કોઈ માને છે કે હું હિન્દુ છું, તો

હિંદુ માનનાર માટે હિંદુ ધર્મમાં તેના વર્ણ, આશ્રમ મુજબ કર્તવ્યનું વિધાન કરેલ છે, તેને પણ માનવું જોઈએ અને જો તેને માની લે તો સાધક વર્તમાન પરિસ્થિતિની આસક્તિથી રહિત થઈને પોતાના લક્ષ્ય તરફ આગળ જાય. તે વિષયમાં કોઈ શંકા નથી, કેમ કે મનુષ્યને જે પરિસ્થિતિ મળેલ છે, તે હંમેશાં પોતાના લક્ષ્ય તરફ અગ્રેસર કરવા માટે જ છે, પરંતુ આ રહસ્યને ન સમજવાને કારણે મનુષ્ય તેનો સદુપયોગ નથી કરતો.

આને જ કારણે આજે જે પોતાને હિંદુ કહે છે, તે હિંદુત્વનું અભિમાન કરીને બીજાઓ સાથે રાગ-દ્વેષ કરે છે એટલે કે તે માનવા લાગે છે કે હિંદુ છે તે તો મારા છે, જે હિંદુ નથી તે પરાયા છે. તેથી પોતાને હિંદુ માનનારામાં આસક્તિ અને બીજામાં તે દ્વેષ કરે છે. જો તે પોતાને હિંદુ માનવાની સાથે સાથે તેના વિધાનને પણ માને, તો 'આત્મવત્ સર્વભૂતેષુ' અનુસાર બધાને પ્રેમ કરત કોઈની સાથે રાગ-દ્વેષ ન કરત. આ જ રીતે અન્ય સર્વમાં સમજવું જોઈએ.

મહાપુરુષોએ જ્યારે પણ જે સંપ્રદાયો ચલાવ્યા છે તે મનુષ્યને ઉન્નત બનાવવાના સાધનરૂપે બનાવ્યા છે. દરેક પ્રકારની માન્યતા, પોતપોતાના અધિકાર, પોતપોતાની યોગ્યતા અને પ્રીતિ અનુસાર તેને સાધન માનીને ચાલનાર માટે હિતકારક છે. આ દૃષ્ટિએ બધા જ સંપ્રદાય અને બધી જ માન્યતા આદર કરવાને યોગ્ય છે.

પરંતુ જ્યારે મનુષ્ય શરીર, જાતિ, વર્ણ, આશ્રય, ધર્મ, દેશ અને પરિસ્થિતિની સાથે એકતા માનીને અભિમાન કરી લે છે. તેમજ તે મુજબ પોતાને વિવિધ ભાવોમાં બાંધીને રાગ-દ્વેષ કરવા લાગે છે ત્યારે તેનું ચિત્ત અશુદ્ધ થતું જાય છે.

એટલા માટે સાધકે વિચાર અને વિશ્વાસ દ્વારા એ નિશ્ચય

કરવો જોઈએ કે હું શરીર નથી. આ મનુષ્ય શરીર મને ભગવાનની કૃપાથી સાધના કરવા માટે મળ્યું છે. આમ નિશ્ચય કરીને શરીરમાં અથવા કોઈ પ્રકારની પરિસ્થિતિમાં સદ્‌ભાવ (આસક્તિ) ન કરવી જોઈએ. તેને પોતાનું જીવન માનવું જોઈએ. જે પણ મળેલું છે, તેનો સદુપયોગ કરવો જોઈએ. મળેલ વસ્તુનો સદુપયોગ કરવાથી અને અપ્રાપ્ત વસ્તુની ઇચ્છા ન કરવાથી રાગનો નાશ થાય છે. રાગનો નાશ થવાથી દ્વેષ આપમેળે નષ્ટ થઈ જાય છે અને રાગદ્વેષનો નાશ થવાથી નિર્વાસના આવે છે. પછી કોઈ જાતની ઇચ્છાનો ઉદય થતો નથી. આ જ ચિત્તની શુદ્ધિ છે. ચિત્ત શુદ્ધ થવાથી યોગ, બોધ અને પ્રેમ પોતાની જાતે જ પ્રકટ થઈ જાય છે.

વર્તમાન પરિવર્તનશીલ જીવનમાં મનુષ્યને જ્યાં સત્યતા અને આત્મીયતાની પ્રતીતિ થાય છે, તેનું મૂળ કારણ ઉપરોક્ત માનેલ અભેદભાવનો અને ભેદભાવનો સંબંધ છે, બીજું કંઈ જ નહિ. જો શરીર વગેરેથી અભેદના સંબંધનો વિચ્છેદ કરવામાં આવે તો તેની સત્યતા અને જડતા ચિન્મયતામાં બદલાઈ જાય છે. એટલે કે હું શરીર છું, એવો ભાવ નાશ પામે છે. તે નષ્ટ થતાં જ દેહધર્મમાં જે આસક્તિ થઈ ગઈ છે તે પણ નાશ પામે છે. તેનો નાશ થતાં જ શરીર અને તેનાથી સંબંધિત પદાર્થોમાં સત્યતાની ગંધ પણ બાકી નથી રહેતી. તે દૂર થતા જ રાગ-વૈરાગ્યમાં તથા ભોગ યોગમાં બદલાય છે. પછી જેનામાં જાતિ તથા સ્વરૂપની એકતા છે, તેનો બોધ થાય છે અને તેનાથી આપમેળે પ્રેમ થઈ જાય છે. આજ મનુષ્યની વાસ્તવિક આવશ્યકતા છે જેની પૂર્તિ અત્યંત આવશ્યક અને સ્વાભાવિક છે, તેનાથી નિરાશ થવું એ એકમાત્ર પ્રમાદ સિવાય કંઈ જ નથી, કેમ કે સ્વાભાવિક આવશ્યકતાની પૂર્તિ અને અસ્વાભાવિક ઇચ્છાઓનો નાશ કરવો એ જ મનુષ્યનો પુરુષાર્થ છે.

(૧૯)

આગળ ઉપર કહેલું છે કે મનુષ્ય જેની સાથે પોતાના 'હું' ને ભેળવી દે છે, તેને તેજ સત્ય ભાસે છે. એવા સાધકે વિચાર કરવો જોઈએ કે હું જો પોતાને મનુષ્ય માનું છું, તો પશુ-પક્ષી વગેરે અન્ય પ્રાણીઓની અપેક્ષા એ તેમાં શી વિશેષતા છે ? આહાર, નિદ્રા, મૈથુન વગેરે વિષય ભોગોનું સુખ તથા તેમનો વિયોગનો અને મરવાનો ભય, આ બધું તો તેમનામાં પણ હોય છે, પરંતુ મનુષ્યની અપેક્ષા તેમનું વિષય-સેવન અધિક નિયમિત અને પ્રકૃતિને અનુકૂળ હોય છે.

વિચાર કરવાથી જણાશે કે પ્રાણીઓ કરતા મનુષ્યોમાં વિવેકશક્તિ વધારે હોય છે. તે વિવેકશક્તિ દ્વારા તે સમજી શકે છે કે હું વાસ્તવમાં કોણ છું, મારે શું કરવું જોઈએ, શું ન કરવું જોઈએ વગેરે.

જો મનુષ્ય આ વિવેકશક્તિનો આદર ન કરે, તેનો સદુપયોગ ન કરીને ભોગ-સુખને જ પોતાનું જીવન માની લે તો તે પશુ-પક્ષી કરતાં પણ ગયેલો ગુજરેલો છે; કેમ કે પશુ-પક્ષી વગેરે તો કર્મફળને આ જન્મમાં ભોગવીને પૂર્વનાં કર્મોનો ક્ષય કરીને ઉન્નતિ તરફ પ્રયાણ કરી રહ્યા છે, પરંતુ વિવેકનો આદર ન કરનાર મનુષ્ય તો ઉલટાનો પોતાને નવાં કર્મોમાં બાંધી રહ્યો છે. પોતાના ચિત્તને હજુ વધુ અશુદ્ધ કરી રહ્યો છે.

તેથી સાધકે મળેલ વિવેકનો આદર કરીને તેના વડે આ વાતને સમજવી જોઈએ કે આ મનુષ્યશરીર તેને શા માટે મળેલું છે, તેનો શું ઉપયોગ છે. વિચાર કરતાં જણાશે કે આ સાધન ધામ છે તેના વડે મનુષ્ય ચિત્ત શુદ્ધ કરીને પોતાના લક્ષ્યની પ્રાપ્તિ કરે છે.

ચિત્તશુદ્ધિ માટે એ જરૂરી છે કે સાધક એવો સંકલ્પ ન કરે

જેની પૂર્તિ અન્ય પર આધારિત હોય, જેને તે પોતે પૂરો ન કરી શકે, કેમ કે જે મનુષ્ય અન્ય દ્વારા મેળવેલ વસ્તુઓથી કે તેમના પરિણામથી પોતાના સંકલ્પોની પૂર્તિ કરવા ઇચ્છે છે, તેમજ તેમ કરે છે અને કરાવતો રહે છે. સંકલ્પ ભલે ગમે તેટલો શુભ કેમ ન હોય, તેનું ચિત્ત શુદ્ધ નથી થતું. પોતાના સંકલ્પોને અન્ય વડે પૂરાં કરાવનાર તેમનો ઋણી થઈ જાય છે. તેમજ તેનું ચિત્ત અશુદ્ધ થતું જાય છે અને તેમાં પરાધિનતાની વૃદ્ધિ થતી જાય છે. પરાધિન મનુષ્ય કદી સુખી નથી થઈ શકતો. તેથી જ અન્ય પર આપણો કોઈ અધિકાર ન માનવો જોઈએ.

આપણા વડે પૂરા કરવા યોગ્ય આવશ્યક સંકલ્પોને પૂરા કરી દેવા જોઈએ. પરંતુ તેની પૂર્તિના રસનો ઉપભોગ નહિ કરવો જોઈએ. તેના ઉપભોગથી રાગની વૃદ્ધિ થાય છે અને અંતઃકરણ અશુદ્ધ થઈને તેમાં ફરીથી સંકલ્પોનો ઉછાળ આવે છે.

સાધકે દરેક કાર્ય વડે અન્યના અધિકાર અને સંકલ્પોની રક્ષા અને પૂર્તિ કરતા રહેવું જોઈએ તેમાં પણ એવું અભિમાન ક્યારેય ન કરવું જોઈએ કે મેં બીજાનો કોઈ ઉપકાર કર્યો છે. બલકે એમ સમજવું જોઈએ કે તેમના જ માટે પ્રાપ્ત થયેલ શક્તિ અને પદાર્થ મેં તેમને આપ્યા છે તેમાં મારું કંઈ જ નથી. જેમ કોઈ ટપાલી ટપાલ ઘરમાંથી મળેલ રૂપિયા કે પાર્સલને લેનાર વ્યક્તિ પાસે પહોંચાડી દે છે, તો તેમાં તેનું તે લેનાર વ્યક્તિ પર કોઈ અહેસાન નથી. હા, એ વાત ચોક્કસ છે કે પોતાની ફરજનું બરાબર પાલન કરવાને નાતે તેને સરકારની પ્રશંસા પ્રાપ્ત થાય છે. આજ રીતે મળેલ શક્તિઓનો સદુપયોગ કરવાથી સાધકને પણ ભગવાનની પ્રશંસા પ્રાપ્ત થાય છે.

બીજાના અધિકારની રક્ષા કરવા માટે એટલે કે તેમના મનમાં

ઉત્પન્ન સંકલ્પોની પૂર્તિ દ્વારા તેમની પ્રસન્નતા માટે સાધકે કોઈ આવશ્યક વસ્તુ લેવાની જરૂર પડે અથવા એવું કોઈ કાર્ય તેમના દ્વારા કરાવવું પડે તો તે ચિત્તની અશુદ્ધિનું કારણ નથી. તેમાં સાધકે એવો ભાવ રાખવો જોઈએ કે આ શરીર પણ ભગવાનનું જ છે તેથી ભગવાને તેમના દ્વારા પોતાની જાતે જ આ શરીર માટે જે આવશ્યક વસ્તુ આપેલી છે, તેને તેની પાસેથી લઈને, એમના ઉપયોગમાં લગાવી દેવી એ પણ દીધા બરાબર જ છે. પરંતુ તેમાં પણ ઉપભોગના રસથી અલિપ્ત રહેવું જોઈએ કેમ કે રસનો ઉપભોગ કરવાથી પોતાના શરીરમાં અહંભાવ અને જેમના દ્વારા સંકલ્પોની પૂર્તિ કરવામાં આવે છે તે વ્યક્તિઓમાં આપણી આસક્તિ થઈ જાય છે. તેનાથી ચિત્તમાં અશુદ્ધિ વધે છે.

મળેલ શક્તિનો ઉપયોગ પોતાના સંકલ્પોની પૂર્તિ માટે તો પશુ-પક્ષી પણ કરે છે. તે જ કામ જો મનુષ્ય પણ કરે તો તેમાં મનુષ્ય શરીરની શી વિશેષતા થઈ ? તેથી સાધકે સમજવું જોઈએ કે જે પ્રકારની જે પણ શક્તિ ભગવાને બીજાને આપવા માટે એટલે કે તેમની પ્રસન્નતા અને હિતમાં લગાવવા માટે જ પ્રદાન કરી છે, તેનો ઉપયોગ ભગવાનની આજ્ઞા મુજબ કરવો એ જ માનવતા છે.

આટલું કરવા છતાં પણ સંપૂર્ણ ચિત્તશુદ્ધિ નથી થતી, કેમ કે જ્યાં સુધી શરીરમાં અહંતા-મમતા રહે છે. ત્યાં સુધી કોઈ ને કોઈ પ્રકારનો રસ એટલે કે આસક્તિ રહે છે. આસક્તિ રહેવાથી સંકલ્પોની જાળ તૂટતી નથી. કોઈ ને કોઈ પ્રકારની ઇચ્છા રહે જ છે. આ ઇચ્છા એ જ ચિત્તની અશુદ્ધિ છે. તેથી સાધકે અહંતા-મમતાનો ત્યાગ કરી દેવો જોઈએ.

મનુષ્યની ઇચ્છાના બે પ્રકાર હોય છે. એક તો દૃશ્યની ઇચ્છા જે તેનું પતન કરી શકે છે. જે રીતે નદીમાં નીચેની તરફ વહેતું પાણી

સમુદ્રમાં પહોંચે છે, ત્યાંથી વાદળ બનીને વરસે છે અને ઝરણા તથા નાળાઓ દ્વારા ફરી નદીમાં આવીને સમુદ્રમાં જાય છે. તે જ રીતે આ દૃશ્યની ઇચ્છા કરનારો મનુષ્ય પણ જન્મ-મૃત્યુના ચક્કરમાં પડીને વિવિધ પ્રકારની યોનિઓમાં ભટકતો રહેં છે. બીજું તે પ્રિયતમની ચાહ કે જેનાથી આ દૃશ્યવર્ગ-સંપૂર્ણ જગત ઉત્પન્ન થયું છે. જે તેનો પ્રકાશક છે અને તેને સત્તા-સ્ફૂર્તિ આપનાર છે-તે ચાહ સાધકને તેના પ્રિયતમ સાથે મેળવી દે છે એટલે કે શરીર અને સંસારમાં અહંતા-મમતા ન રહેવાથી જે સાધકની દૃશ્યજગત સાથે ક્યાંય પણ આસક્તિ નથી રહેતી. ભોગવાસના ન રહેવાને કારણે ઇચ્છાનો સંપૂર્ણ નાશ થઈ જાય છે. જે એક માત્ર ભગવાન ઉપર વિશ્વાસ કરીને તેમને જ પોતાના માને છે. તેમજ જેના મન, બુદ્ધિ, અહંભાવ વગેરે એક માત્ર ભગવત્પ્રેમના રૂપમાં બદલાઈ ગયા છે, ભગવાનનો પ્રેમ જ જેનું જીવન છે, તે પોતાના પ્રિયતમને મેળવી લે છે અને નિત્ય નવા અનંત પ્રેમરસનો અનુભવ કરતો રહે છે.

જે સંપૂર્ણ દૃશ્યવર્ગની ઇચ્છાનો નાશ કરે છે, તેવા ઇચ્છાવિહીન સાધકને જે દિવ્ય આનંદ મળે છે, તે ઇચ્છાયુક્ત મનુષ્યની ઇચ્છાપૂર્તિમાં કદી મળતો નથી. તે સંતોના અનુભવની વાત છે. જેને વિશ્વાસ ન હોય, તે વધારે નહિ પણ બે-ચાર મિનિટ ઇચ્છાવિહીન થઈને તપાસે. ઇચ્છાવિહીન કાળમાં તેને જે સુખ મળશે, જે તેના જીવનમાં ઇચ્છાપૂર્તિથી ક્યારેય નથી મળ્યું. ઇચ્છાની પૂર્તિમાં વાસ્તવિક સુખ નથી મળતું બલકે સુખનો ભાસ થાય છે, જે બીજી જ ક્ષણે નષ્ટ થઈ જાય છે.

(૨૦)

ચિત્તની અશુદ્ધિનાં અનેક કારણો હોય છે અને તેની શુદ્ધિના ઉપાયો પણ અનેક હોય છે. કારણોમાં એક મુખ્ય કારણ અભિમાન પણ છે. અભિમાન તેને કહે છે જેનાથી મનુષ્ય કોઈ પ્રકારના ગુણનો

સાથ લઈને પોતાને અન્યની અપેક્ષાએ શ્રેષ્ઠ લાગે છે.

આ અભિમાનના કારણે મનુષ્ય જેનામાં તે ગુણનો અભાવ કે ઊણપ જુએ છે, તેમને તુચ્છ સમજીને તેમનાથી નફરત કરવા લાગે છે અને જેનામાં પોતાનાથી અધિક ગુણ જુએ છે, તેમનાથી અધિક ઈર્ષા કરવા લાગે છે. આ રીતે નફરત અને ઈર્ષાને કારણે તેનું ચિત્ત અશુદ્ધ થઈ જાય છે.

ગુણોના અભિમાનથી મનુષ્યને પોતાના દોષો દેખાતા નથી. તેથી તેને તે દૂર નથી કરી શકતો. ગુણોનું અભિમાન સ્વયં એક મોટો દોષ છે. તેના રહેવાથી બીજા દોષોનો નાશ કરવો શક્ય નથી. સંતોનું કહેવું છે કે અભિમાની યોગી કરતા તો પશ્ચાત્તાપ કરનારો પાપી મનુષ્ય સારો, કેમ કે સદ્‌ગુણોનું અભિમાન જ બૂરાઈનું મૂળ છે.

જે મનુષ્ય એમ સમજે કે હું સત્યવાદી છું, તો તેમાં ક્યાંક ને ક્યાંક જૂઠ છુપાયેલું છે. જો તે ખરેખર સત્યવાદી હોય, તો તેનો તેને ભાસ ન થવો જોઈએ કે હું સત્યવાદી છું. બલકે સત્ય બોલવું એ જ તેનું જીવન બની જવું જોઈએ. જે ગુણ સાધકનું જીવન બની જાય છે તેમાં સાધકનું અભિમાન નથી રહેતું. તેના કારણે તે પોતાનામાં કોઈ પ્રકારની વિશેષતાનો અનુભવ નથી કરતો. જ્યાં સુધી કોઈ ગુણનો ગુણ બુદ્ધિથી ભાસ થાય છે, તેમાં રસનો અનુભવ થતો રહે છે, ત્યાં સુધી મનુષ્યમાં અનેક પ્રકારના દોષો ઉત્પન્ન થતા રહે છે, તેથી જ ગુણોના અભિમાનથી ચિત્ત અશુદ્ધ થતું રહે છે.

ગુણોના અભિમાનથી ભેદબુદ્ધિ પેદા થઈ જાય છે. એ એમ સમજતો હોય હું ઈશ્વરને માનું છું, હું આસ્તિક છું અને અમુક મનુષ્ય જે ઈશ્વર અને ધર્મને નથી માનતો તે નાસ્તિક છે, તો આવા ભેદભાવને કારણે તે ઈશ્વરને ન માનનારને માનીને તેનાથી દ્વેષ કરે છે. તે તેનાથી પ્રેમ નથી કરી શકતો અને પ્રેમ વગર એકતા થતી નથી, પરંતુ જે

ખરેખર આસ્તિક હોય છે, તેને બીજા ઉપર નફરત કે દ્વેષ હોતા નથી. તે તો સર્વમાં પોતાના પ્રિયતમ પ્રભુના દર્શન કરે છે. એટલે કે તે બધાને પ્રેમ કરે છે.

સાધકે વિચાર કરવો જોઈએ કે મારા સ્વામીનો કેવો સ્વભાવ છે. તે મારાથી શું આશા રાખે છે. શું તેમને ન માનનારાઓને આકાશ, વાયુ, અગ્નિ, પાણી, પૃથ્વી વગેરે તત્ત્વોના ઉપભોગમાં એટલી સ્વતંત્રતા નથી આપતા જેટલી તે એક આસ્તિકને આપે છે ? જો આ રીતનો ભેદ ભગવાન તેમની સાથે કરે તો એક ક્ષણ જીવતા રહેવું પણ તેને માટે મુશ્કેલ બની જાય, પરંતુ ભગવાન એમ નથી કરતા. તેથી તે પોતાના ભક્તને પણ એવો જ આદેશ આપે છે.

પોતાનામાં સમદર્શિતાનું અભિમાન રાખનારા જે સમદર્શી નથી, તેમનાથી દ્વેષ રાખે તો શું તે દ્વેષ કરનારો સાચો સમદર્શી છે ? શું તેમનામાં સમતા છે ?

આ રીતે અન્ય દરેક ગુણોના અભિમાનમાં સમજવું જોઈએ. ગુણોના અભિમાનથી ગુણની પૂર્ણતા નથી થતી. જેમાં ગુણની પૂર્તિ હોય છે તેમાં અભિમાન નથી હોતું. આ તેની કસોટી છે.

ગુણોના અભિમાનીને અન્યમાં દોષ-જ-દોષ દેખાય છે. એટલે જ તે પોતાના દોષની તરફ દૃષ્ટિ નાખતો નથી. તેનામાં ગુણોના અભિમાનને કારણે દોષોની પુષ્ટિ થતી જાય છે. તેથી સાધકે પોતાનામાં દોષોનું નિરીક્ષણ કરીને તેનો ત્યાગ કરવો જોઈએ. તેમજ ફરી તેમને પેદા ન થવા દે તથા ગુણોના અભિમાનને અન્ય દોષો કરતાંય મોટો દોષ સમજીને તેને ફરી ક્યારેય ઉત્પન્ન ન થવા દે.

જે સાધક ગુણોનો ગર્વ નથી કરતો. તેમાં રસ લઈને તેનાથી બંધાતો નથી અને દોષોને ઉત્પન્ન નથી થવા દેતો તેનું ચિત્ત બહુ જલદી શુદ્ધ થઈ જાય છે.

કર્મમાં અને માન્યતામાં ભેદ હોવા છતાં સ્નેહની એકતા હોવી જોઈએ. કર્મમાં અને માન્યતામાં ભેદ હોવો જરૂરી છે. તેને કોઈ દૂર નથી કરી શકતું. તેથી કર્મના ભેદને લઈને અથવા માન્યતાના ભેદને લઈને સ્નેહમાં ભેદ રાખવો એટલે કે કોઈમાં રાગ અને કોઈમાં દ્વેષ કરવો કોઈ પણ રીતે યોગ્ય નથી. આથી ચિત્તમાં અશુદ્ધિ આવે છે. અધિકારની ઈચ્છા અભિમાનને જાગ્રત કરે છે. તેનાથી વાસના પેદા થાય છે જે ગુલામીનું મૂળ છે. પોતાની ફરજો વડે બીજાના અધિકારની રક્ષા કરવી એ જ વાસ્તવમાં અધિકાર છે. જેનાથી ચિત્ત શુદ્ધ થાય છે, જે પોતાના અધિકારને બાજુએ રાખીને બીજાના અધિકારની રક્ષા કરે છે તેમનું હૃદય પ્રેમથી ભરાઈ જાય છે. તેમને નિર્વાસના (ઈચ્છારહિત) પ્રાપ્ત થાય છે. વાસનારહિત હોવું એ જ 'મુક્તિ' છે અને હૃદય પ્રેમથી ભરાઈ જવું એ જ 'ભક્તિ' છે. સાચો આસ્તિક તો નાસ્તિકમાં પણ પ્રભુના દર્શન કરે છે. સાચા સમદર્શીના હૃદયમાં સર્વ પ્રત્યે અગાધ સ્નેહ-પ્રેમ રહે છે.

જે માન્યતા તથા જે સિદ્ધાંત મનુષ્યને સ્નેહથી દૂર કરીને રાગ-દ્વેષમાં પ્રેરિત કરે છે, તે ગમે તેટલા સુંદર કેમ ન હોય, તેનાથી ચિત્ત શુદ્ધ નથી થતું. ચિત્ત શુદ્ધ કરવા માટે તો સાધકે પોતાનું હૃદય પ્રેમથી ભરવું પડશે અને દરેક વાસનાઓનો નાશ કરવો પડશે. એવું ત્યારે જ સંભવ છે જ્યાં સુધી સાધક સર્વ પ્રકારના અભિમાનથી રહિત થઈને પોતાના અધિકારને ભૂલી જાય. આ જ ચિત્તશુદ્ધિનો સુંદર તથા સુગમ ઉપાય છે તથા ચિત્તશુદ્ધિ થવાથી જ સાધક વાસ્તવિક યોગ, બોધ તથા પ્રેમને પ્રાપ્ત કરી શકે છે. ચિત્તશુદ્ધ કરવામાં સાધક પરતંત્ર નથી કેમ કે ચિત્ત શુદ્ધિ પોતાના બનાવેલા દોષોના ત્યાગથી થાય છે, જે કરવામાં સાધક હંમેશાં સ્વતંત્ર છે.

(૨૧)

આગળ ઉપર કહેવામાં આવ્યું છે કે ગુણોનું અભિમાન પણ ચિત્ત અશુદ્ધિનું કારણ છે, તેના પર ફરીથી વિચાર કરીશું. દરેક માણસ આદર્શ સન્માન ઈચ્છે છે. પરંતુ જ્યાં સુધી મનુષ્ય યોગ્ય કામને જે રીતે કુશળતાપૂર્વક કરવું જોઈએ, તે રીતે પૂરું કરતો નથી અને ન કરવા યોગ્ય વ્યર્થ કામને કરતો રહે છે, ત્યાં સુધી તેને આદર્શ સન્માન મળતા નથી. જે કર્તવ્યપરાયણ અને સંયમી છે તેમને જ આદર મળે છે. તેથી સાધકે કર્તવ્યપરાયણ બનવું જોઈએ એટલે કે કરવા યોગ્ય કાર્યને કુશળતાપૂર્વક પૂરું કરી દેવું જોઈએ. કોઈ પ્રકારનો પ્રમાદ કે આળસ કરવી જોઈએ નહિ. જ્યાં સુધી મનુષ્ય આળસ અને પ્રમાદનો ત્યાગ કરતો નથી ત્યાં સુધી કોઈ પણ કાર્ય સર્વાંગસુંદર બનતું નથી. તે જ રીતે સાધકે કોઈ પણ એવું કાર્ય નહિ કરવું જોઈએ જે કરવું જરૂરી ન હોય અથવા જેમાં બીજાઓનું હિત સમાયેલું ન હોય. મન અને ઇન્દ્રિયોને વ્યર્થ કાર્યમાં ન લગાડવી એ જ સંયમ છે. સંયમી માણસની આંખો ખુલ્લી રહે છે, પરંતુ જે જોવાનું નથી તે વસ્તુ તેને દેખાતી નથી. કાન ખુલ્લા હોવા છતાં પણ જે સાંભળવું ન જોઈએ તે તેને સંભળાતું નથી. તેમ છતાં પણ સાધકને એવું અભિમાન નહિ થવું જોઈએ કે હું કર્તવ્યપરાયણ છું કે હું સંયમી છું, કેમ કે ગુણનું અભિમાન આવવાથી તે ગુણનું દોષના રૂપમાં પરિવર્તિત થઈ જાય છે. તેમાં વાસ્તવિકતા રહેતી નથી. ફક્ત દેખાવ રહી જાય છે એટલે કે તે દંભ-ઢોંગનું રૂપ ધારણ કરી લે છે.

સાચો સાધક એ જ છે જેના ગુણો જ તેનું જીવન બની જાય છે. કોઈ પણ ગુણનું તેમાં અભિમાન નથી તથા તે ગુણો પ્રમાણેનું આચરણ કોઈ ભય કે લાલચથી નથી કરતો. આદર-સન્માનની

લાલચથી કે અનાદરના ભયથી કરેલું આચરણ સાચું આચરણ નથી. તેથી જ તે ચિત્તને શુદ્ધ નથી કરતું.

જે મનુષ્ય દેખાવ કરવા પૂરતું વસ્ત્રો પહેરવાનું છોડી દે છે. પલંગના સુંદર બિછાનાનો ઉપયોગ નથી કરતો, બધી રીતે સાદગીથી રહે છે, પરંતુ અંદર મનમાં વાસના રાખે અથવા તો તેના ત્યાગનું અભિમાન કરે, તો તેવી સાદગીથી તેનું ચિત્ત શુદ્ધ થતું નથી. તેમાં તો પોતે કરેલ ત્યાગનું અભિમાન અને અન્ય પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થવાને કારણે ચિત્ત અશુદ્ધ રહે છે.

સાધનનો દંભ કરનાર કરતા તો સાધન ન કરનાર સારો છે, કેમ કે સાધન ન કરનાર ભવિષ્યમાં સાધક બની શકે છે, પરંતુ જે દંભી માણસ સન્માનને ખાતર અથવા તો બીજા કોઈ દેખાવને ખાતર સાધન કરે છે અને પોતાને સાધક બતાવવાનો પ્રયત્ન કરે છે, તેનો સુધાર થવો મુશ્કેલ છે.

તેથી ચિત્તશુદ્ધિ માટે સાધન કરનાર સાધકે પોતાના સાધનનું અભિમાન ન કરવું જોઈએ અને તેમાં કોઈ પ્રકારનો દેખાવ ન આવવા દેવો જોઈએ.

જે મનુષ્ય નેતા અથવા પ્રચારક અથવા ઉપદેશક બની જાય છે, તેનું ચિત્ત શુદ્ધ થવું કઠણ છે, કેમ કે બીજાના દોષોને જોવાનું તેને માટે આવશ્યક કામ થઈ જાય છે. બીજાના દોષોને જોયા વગર તેને દૂર કરવાનો ઉપાય તે શ્રોતાઓને બતાવી શકતો નથી. આ રીતે તે પોતાના દોષોને પણ પ્રકટ કરી શકતો નથી, કેમ કે દરેક પ્રકારે પોતાના ગુણોનું અભિમાન હોવું અને તે ગુણોનું પ્રદર્શન કરવું તથા અવગુણોને છુપાવવા આ બધા ચિત્ત-અશુદ્ધિનાં કારણો છે. એટલા જ માટે શાસ્ત્રોમાં નેતા કે ગુરુ બનવાને પતનનું કારણ માનેલ છે. તેનાથી એ સાબિત થાય છે કે આ કામ મહાપુરુષોએ

જ કરવા યોગ્ય છે. સાધકે આવા બખેડામાં કદી પડવું ન જોઈએ.

પોતાના દોષોને નજર સમક્ષ રાખીને બીજાઓ સાથે પરસ્પર વિચાર-વિનિમય કરવો, પોતાના સુધાર માટે પરસ્પર સલાહ લેવી એ નેતાગીરી કે ઉપદેશક બનવા સમાન નથી. તેથી સાધકે જ્યારે કોઈ સુધારની બાબતે બીજાને કહેવાનો મોકો મળે, ત્યારે તેમાં સુધારાનો હેતુ રાખીને જ તે કહેવું જોઈએ. જે સાધક એવું અભિમાન રાખે કે 'હું સત્સંગી છું', દોષોને કઈ રીતે દૂર કરવા તે મને ખબર છે, બીજાને ખબર નથી, તો આવા ભાવથી જે બીજાના દોષોને જોતો રહે છે અને તેને દૂર કરવા બીજાને શિખામણ આપે છે તેનું ચિત્ત કોઈ જ પ્રકારે કોશિશ કરવા છતાં શુદ્ધ થતું નથી. એ જ કારણે અનેક વર્ષો સુધી સત્સંગ કરવા છતાં પણ તે પોતાના લક્ષ્યને પામતો નથી.

જ્યાં સુધી મનુષ્યને પોતાનું સાધન બોજારૂપ લાગે છે ત્યાં સુધી તેનાં કાર્યો સ્વાભાવિક બનતા નથી. દા.ત. તે સત્સંગમાં જાય તો નિયત સમયે ન જાય, જાય તો સત્સંગની વાતોને ધ્યાનથી સાંભળે નહિ, શરીર તેનું સત્સંગમાં હોય, પણ મન ક્યાંય બીજે ભટકતું હોય. આ જ રીતે જપ-ધ્યાન વગેરે સાધનોમાં પણ તેનું મન લાગતું નથી. તો હવે તેણે સમજવું જોઈએ કે મારા સાધનનું નિર્માણ હજુ થયું નથી. જે સાધન હું કરી રહ્યો છું, તે મારી યોગ્યતા અને રુચિને અનુકૂળ નથી.

જે સાધનને સાધક પોતાનું જીવન બનાવી લે, જેના વગર તેને ચેન ન પડે, સાધન વગર રહી ન શકે, જીવન કરતાં સાધન વધુ પ્રિય થઈ જાય, સાધનોપયોગી બધાં કાર્યો સમયસર કરવામાં નિત-નવો ઉત્સાહ અને પ્રેમ વધતો રહે ત્યારે સાધકે સમજવું જોઈએ કે હવે ભગવાનની અને મહાપુરુષોની કૃપાથી મારા સાધનનું નિર્માણ

થયું છે. ખરા સાધકમાં કદી પણ સાધનનું અભિમાન નથી હોતું અને કોઈ પણ પરિસ્થિતિમાં સાધન બોજારૂપ નથી લાગતું, એ નિયમ છે.

સાધન ક્યારેય નાનું-મોટું નથી હોતું, પરંતુ તેમાં પ્રીતિ થવી જોઈએ અને તેને પૂરી શક્તિથી યોગ્ય રીતે કરવું જોઈએ. માની લો, કોઈએ એવું નક્કી કર્યું કે હું તો કેવળ એક જ વખત સવારે ચાર વાગે પ્રભુનું નામ લઈશ. આ નિશ્ચય મુજબ જો તે એક સેકંડે પણ તે નિશ્ચિત સમયનું ઉલ્લંઘન કર્યા વગર દરરોજ સવારે બરાબર ચાર વાગે પ્રભુનું એક વાર પ્રેમપૂર્વક નામ લે અને પ્રભુના પ્રેમમાં તન્મય થઈ જાય તો તે એક વખતનું લીધેલું નામ જ તેનો ઉદ્ધાર કરી દેશે. જે સાધક એવો નિશ્ચય કરે કે અગિયારશને દિવસે મરનારની સદ્‌ગતિ થાય છે, તો મારું મૃત્યુ પણ તે જ દિવસે થાય. ખરેખર તો તે જ દિવસે મૃત્યુ પામશે. જે સાધકનો ભગવાનના ધ્યાનમાં વિશ્વાસ અને પ્રેમ છે તેમજ તે નિયમિત-સમયસર પ્રેમપૂર્વક ધ્યાન કરે છે તથા તેની એવી ઇચ્છા હોય કે હું ધ્યાનાવસ્થા દરમ્યાન જ મોતને પામું, તો તે ધ્યાનાવસ્થામાં જ મૃત્યુ પામશે. વિશ્વાસપૂર્વક મનુષ્યે કરેલ સંકલ્પમાં અદ્‌ભુત શક્તિ હોય છે. પણ તે જે કંઈ પણ કરે તેને સાંગોપાંગ સુંદર રીતે અતિ પ્રેમપૂર્વક કરવું જોઈએ.

જે લોકો ભગવાનનું નામ-જપ તથા ચિંતન કરે છે તેમજ ચિંતન કે કિર્તન કરતાં કરતાં જ્યારે તેમને કોઈ રસ મળે અને તેનાથી જ તે સંતોષ માની લે અને તેને જ સાધનની સફળતા માની લે તે લોકો પોતાના લક્ષ્ય સુધી પહોંચી શક્યા નથી. સાધનમાં તો નિત-નવો ઉત્સાહ અને વ્યાકુળતા વધતી જ રહેવી જોઈએ. જેને પોતાનું લક્ષ્ય મળી ગયું છે, જે બધી રીતે પૂર્ણ છે, તેમને માટે તો કંઈ કહેવાનું રહેતું નથી. તેઓ તો પૂજનીય છે. ભગવાન

સરીખા અથવા એમ કહો કે ભગવાનનાય ભગવાન છે, પરંતુ જ્યાં સુધી સાધક કે સાધનને લાગેવળગે છે ત્યાં સુધી સાધકના જીવનમાં કદી પણ કોઈ પણ પરિસ્થિતિમાં તેનો સંતોષ ન હોવો જોઈએ. તેના હૃદયમાં તો દિન-પ્રતિદિન ઉત્તરોત્તર નીતનવીન ઉત્સાહ, નીત-નવીન વ્યાકુળતા વધતી જ રહેવી જોઈએ.

કોઈ પણ સાધનની સફળતા તેની આગળની નવી સાધનાને ઉત્પન્ન કરે છે. જ્યાં સુધી કંઈ પણ કરવાનું બાકી રહી જાય છે, ત્યાં સુધી સાધનમાં સંતોષ કરવો એ સાધનમાં શિથિલતા ઉત્પન્ન કરનાર છે, જે વાસ્તવમાં અસાવધાનીની નિશાની છે. જેમ-જેમ સાધક સાધનથી એકરૂપ થતો જાય છે, તેમ-તેમ તેનામાં સાધ્ય માટે અતિ વ્યાકુળતા અને ઉત્સાહ વધતો જ રહેવો જોઈએ. તેમાં જ સાધનની સફળતા છે.

(૨૨)

જો કોઈ કહે કે ઉત્સાહ અને વ્યાકુળતા બંને એકસાથે કેવી રીતે રહી શકે ? તો તેનો જવાબ એ છે કે જેને પામવાની તીવ્ર અભિલાષા હોય છે તેના મિલનમાં જેમ જેમ વાર થતી જાય તેમ તેમ વ્યાકુળતા વધતી જાય છે અને તેને પામવાની આશા રહેવાને કારણે ઉત્સાહ વધતો જાય છે. જે રીતે કોઈ મહાત્માને મળવા અથવા તો દેવમૂર્તિનું દર્શન કરવા માટે કોઈ નિશ્ચિત સ્થાન પર જવું પડે છે, તો ત્યાં જવાની જે તીવ્ર અભિલાષા છે અને કોઈ વિઘ્નને કારણે જવામાં મોડું થાય તો તે સમયે તે વિલંબને કારણે તેવી વ્યાકુળતા વધતી જાય છે અને ત્યાં જવાની અભિલાષા પૂર્ણ થવાના ઉમંગમાં ઉત્સાહ પણ વધતો જાય છે તેથી તે બધી જ જાતની મુશ્કેલીઓનો સામનો કરતો પોતાના ઈષ્ટની તરફ વધતો

જ જાય છે. ઉત્સાહના કારણે તેના માટે ચાલવાની મહેનત અને પડતી મુશ્કેલીઓ દુ:ખરૂપ નથી બનતી. પરંતુ પોતાના ઇષ્ટને મળવામાં વિલંબને સહી ન શકવાને કારણે વ્યાકુળતા વધતી જાય છે. આ જ રીતે સાધકના જીવનમાં પણ વ્યાકુળતા અને ઉત્સાહ વધે તે અતિ આવશ્યક છે.

જ્યાં સુધી મનુષ્ય પોતાની ઇચ્છાઓને પૂર્ણ કરવાના સુખમાં રસ લે છે, પોતાના મનની ઇચ્છાઓને પૂરી કરવામાં જ સંતોષ અનુભવે છે અથવા તો જે આળસ કે નિદ્રા જેવી જડ વસ્તુઓમાં રસ લેતો રહે છે ત્યાં સુધી તેના જીવનમાં પ્રેમની લાલસા જાગ્રત થતી નથી. તે જ કારણે તેનામાં ન તો સાધન પ્રત્યે ઉત્સાહ રહે છે, ન તો લક્ષ્યને પામવાની વ્યાકુળતા આવે છે કે ન તત્પરતા હોય.

આપણે જાણીએ છીએ કે જ્યાં સુધી કોઈ સમૂહમાં બધા સાથીઓનું મન એક થતું નથી, તેમાં ભેદભાવ રહે છે, ત્યાં સુધી તે નાનામાં નાનુ કાર્ય પણ પૂર્ણ કરી શકતા નથી અને આપસમાં મતભેદોનો ઝઘડો રહે છે. પરંતુ જ્યાં મનની એકતા હોય છે ત્યાં અતીમુશ્કેલ કામ પણ આસાનીથી પૂરું થઈ જાય છે.

જ્યાં સાથીદારો અને સાધકના વિચારો અલગ પડે ત્યાં સાધકે જે કાર્ય વિવેકને અનુકૂળ હોય તેમાં પોતાના સાથીઓને સાથ આપીને પોતાના મનને તેમનામાં મેળવી દેવું જોઈએ અન્યના અધિકારની રક્ષા માટે પોતાની ઇચ્છાઓનો સહર્ષ ત્યાગ કરી દેવો જોઈએ. અને કદાચ તેની ઇચ્છાઓ વિવેકથી વિરુદ્ધ હોય તો સહેજ પણ દ્વેષભાવ રાખ્યા વગર તેમનો ત્યાગ કરવો જોઈએ. ત્યાગનું ફળ બધાથી અધિક ત્યાગ કરનારને મળે છે. તેથી સાધકે દરેક રીતની ઇચ્છાઓનો સર્વથા ત્યાગ કરી દેવો જોઈએ. ત્યાગથી જ કાયમી શાંતિ મળે છે.

સાધકની પ્રવૃત્તિ દરેકને હિતકારક હોવી જોઈએ અને નિવૃત્તિ સમયમાં તેણે બધાથી અલિપ્ત રહેવું જોઈએ.

જગત અને શરીરનો સંબંધ કર્મ સાથે છે. તેનું ચિંતન કરવું વ્યર્થ છે. તેના ચિંતનથી કોઈ લાભ થતો નથી.

આત્મા અને પરમાત્માનો સંબંધ ચિંતન સાથે છે. તેમાં કર્મની જરૂરિયાત નથી. જે વસ્તુ ચિંતનથી મળે છે, તે કર્મ કરવાથી નથી મળતી અને જે કર્મથી મળે છે, તે ચિંતનથી નથી મળતી.

બુદ્ધિને વિવાદમાં ન લગાડવાને બદલે સત્યની ખોજમાં લગાવવી જોઈએ. બળને ઉપભોગમાં લગાડવાને બદલે બીજાઓના દુઃખ દૂર કરવામાં લગાડવું જોઈએ. સમયને વ્યર્થ ચિંતનમાં ગુમાવવાને બદલે સાર્થક ચિંતનમાં પરોવવું જોઈએ. સંયોગજનિત સુખની આશા મનને હોય છે. વિવેકને તે પ્રિય નથી. વસ્તુ, અવસ્થા અને પરિસ્થિતિના સંયોગથી મળનારું સુખ વાસ્તવિક સુખ નથી. તેનો જન્મ દુઃખ વડે થાય છે અને અંત પણ દુઃખમાં જ થાય છે. જ્યારે તરસનું દુઃખ થાય છે ત્યારે પાણી પીવાથી સુખ (તૃપ્તિ) મળે છે. ભૂખનું દુઃખ જ ભોજન વડે સુખ આપે છે. આ જ રીતે સુખના વિયોગમાં પણ દુઃખ જ હાજર હોય છે.

(૨૩)

સાધકે પોતાની ચિત્તશુદ્ધિ માટે પોતાની યોગ્યતા અને રુચિ મુજબ એવું સાધન અપનાવવું જોઈએ જે બીજા પર આધારિત ન હોય. જેમાં પોતાનાથી અલગ કોઈ વ્યક્તિ, પદાર્થ, સ્થાન કે પરિસ્થિતિના આધારની જરૂર ન હોય અને જે પૂર્ણ રીતે સ્વતંત્ર હોય.

વેદાંતમાં બતાવેલ ચાર સાધનો વિવેક, વૈરાગ્ય, શમ-દમ વગેરે, ષટ્સંપત્તિ અને મુમુક્ષતા કરવામાં પણ સાધક બધી રીતે સ્વતંત્ર

નથી કેમ કે ઇન્દ્રિયોને વશમાં પણ રાખવી, મનને વશમાં રાખવું, ઠંડી-ગરમી સહન કરવી વગેરે સાધનો માટે તેનું શરીર સશક્ત હોવું જોઈએ.

આ રીતે તપ કરવામાં, દાન આપવામાં, તીર્થ-યાત્રા કરવામાં, એકાંતવાસ કરવામાં અથવા બીજી કોઈ પણ પ્રકારની પરિસ્થિતિ જાળવી રાખવામાં પણ મનુષ્ય સ્વતંત્ર નથી.

જો સાધક એમ વિચારે કે જ્યારે અમુક તીર્થ સ્થાનમાં જઈશ ત્યારે સાધન કરીશ, અથવા આવું વાતાવરણ થશે ત્યારે અથવા તો શરીર સ્વસ્થ થશે ત્યારે સાધન કરીશ તો ત્યાં સુધીમાં જીવનનો અમુલ્ય ભાગ એમાં જ નષ્ટ થઈ જશે અને સાધન થશે નહિ.

જે સાધક પોતાના સાધનમાં બીજાઓની મદદની આશા રાખે છે કે મદદ લે છે, તેનો તે વ્યક્તિઓમાં મોહ અને પદાર્થોમાં આસક્તિ થઈ જવાથી ચિત્ત શુદ્ધ થતું નથી.

વિશ્વાસ, ત્યાગ, પ્રેમ અને કર્તવ્યપાલન-આ સાધનો કરવામાં મનુષ્ય બધી રીતે સ્વતંત્ર છે. કોઈ પણ વ્યક્તિ કે વસ્તુને મેળવવી મનુષ્યના હાથની વાત નથી. પરંતુ તેનો ત્યાગ કરવામાં કોઈ મુશ્કેલી નથી. એ જ રીતે વિશ્વાસ રાખવામાં પણ કોઈની મદદની જરૂર નથી. જ્યારે ઇચ્છે ત્યારે મનુષ્ય પોતાના ઇષ્ટ પર વિશ્વાસ કરી શકે છે. પ્રેમ કરવામાં પણ માણસ સ્વતંત્ર છે. દરેક મનુષ્ય પ્રેમ કરવામાં સ્વતંત્ર છે તે જ રીતે પોતાના કર્તવ્યપાલનમાં પણ માણસ પરતંત્ર નથી, કેમ કે મળેલ વિવેકનો આદર અને શક્તિનો સદુપયોગ જ તેનું કર્તવ્ય છે, જે દરેક મનુષ્ય દરેક પરિસ્થિતિમાં કરી શકે છે. સંસાર અને શરીરથી અલગ થઈને પોતાને પ્રભુને સમર્પિત કરીને તેમજ આધારિત રહેવામાં તેમની અકારણ નિઃસ્વાર્થ કૃપાને જ આધારિત થઈ જવામાં કોઈ પ્રકારની મુશ્કેલી નથી. તેથી જ

આ સાધન અત્યંત સરળ અને અમોઘ છે.

જે મનુષ્ય બીજાની ઉદારતા, ત્યાગ, પરિશ્રમ તેમજ કર્તવ્યપરાયણતાથી પોતાના અધિકારને સુરક્ષિત રાખે છે, પોતાની ઈચ્છાઓને પૂરી કરતો રહે છે તથા તેમ ન થતા બીજાઓના કામમાં દોષ કાઢે છે અથવા તેમની પર ક્રોધ કરે છે તેનું ચિત્ત શુદ્ધ થઈ શકતું નથી. હા. જે લોકો તેનો આદર કરે છે, તેના અધિકારની રક્ષા માટે પોતાની ફરજોનું પાલન કરે છે, ક્રોધ કરવા છતાં નારાજ થતા નથી બલકે પોતાનો જ દોષ માને છે, પોતાના કોઈ અધિકારની માગણી નથી કરતા તેમનું ચિત્ત અવશ્ય શુદ્ધ થઈ શકે છે. તેમનો વ્યવહાર અવશ્ય રીતે સાધન માની શકાય પરંતુ જો તેઓ તે જ કામ કોઈ સાંસારિક સુખની લાલચથી કે કોઈ પ્રકારના ભયથી કરતા હોય, ચિત્તશુદ્ધિ વડે પોતાના લક્ષ્યને પામવાના હેતુથી નથી કરતા તો તેમનું ચિત્ત પણ શુદ્ધ થતું નથી.

તેથી સાધકે પોતાના સાધન માટે કોઈ પણ વ્યક્તિ, વસ્તુ, પરિસ્થિતિ કે સ્થાન વગેરેની આશા ન રાખવી જોઈએ. જ્યારે જે પરિસ્થિતિ આપમેળે મળે, તેને પ્રભુનો નિયમ, તેની અકારણ કૃપા માનીને સાધનપરાયણ થઈ જાય અને તે મળેલ પરિસ્થિતિનો સદુપયોગ કરે એટલે કે કોઈ ઉપર પોતાનો હક્ક ન માને અને બીજાના હક્કોનું રક્ષણ કરે. પોતાના શરીર અને મળેલ પદાર્થો વડે જેમાં અન્યનું હિત અને પ્રસન્નતા સચવાય તે રીતે સેવા કરે અને કોઈ પ્રકારના અભિમાનને આવવા ન દે.

(૨૪)

આગળ એ બાબત જણાવેલ કે જ્યાં સુધી સાધક સ્વતંત્ર અને સુલભ સાધન નથી અપનાવતો, પોતાના સાધ્યની પ્રાપ્તિ માટે બીજા

પર આધાર રાખે છે ત્યાં સુધી તેનું ચિત્ત શુદ્ધ નથી થતું.

અહીં ઉપર જે બીજા પર લખેલ છે તેનો અર્થ ઈશ્વર, પોતાની જાત કે પોતાના કર્તવ્ય માટે નથી, કેમ કે ઈશ્વરથી સાધકનો કોઈ ભેદ નથી. તેની સાથે તો સાધકનો નિત્યનો સંબંધ છે, જેનાથી સ્વરૂપ અથવા જાતિનો નિત્ય સંબંધ નથી, માનેલો સંબંધ છે, તેને માટે બીજા શબ્દ વાપરેલ છે.

જ્યારે મનુષ્ય બીજાઓના કર્તવ્ય પર આધારિત થઈને તેમને સાધનમાં સહાયક માને છે, ત્યારે બીજાઓના અનુકૂળ વ્યવહારથી તેમના પ્રત્યે આસક્તિ થઈ જાય છે અને પ્રતિકૂળ વ્યવહારથી ક્રોધ આવે છે. આ બંને બાબતો ચિત્તની અશુદ્ધિનાં મુખ્ય કારણો છે.

વિચાર કરતા જણાશે કે સાધન કરવામાં મનુષ્ય બધી રીતે સ્વતંત્ર છે. જે પરિસ્થિતિ અને યોગ્યતા તેને હાલમાં મળેલ છે તેમાં જ તે સાધન કરી શકે છે. કેમ કે મળેલી પરિસ્થિતિનો સદુપયોગ જ સાધન છે અને તેમાં સફળતા પણ ચોક્કસ મળે છે. તેમ છતાં સાધનામાં પ્રવૃત્તિ અને રુચિ નથી થતી. જે કામ ઠીક સમજીએ તેને કરી શકતા નથી. આ જ તો સૌથી મોટું આશ્ચર્ય છે. મળેલ વિવેક વડે સાધકે આનું વાસ્તવિક કારણ શું છે તેની તપાસ કરવી જોઈએ. વિચાર કરતા જણાશે કે સામાન્ય રીતે જે પોતાનો સાધક માને છે અને સાધનના કારણથી ઘરબાર અને કુટુંબ છોડીને અલગ રહે છે. તે પણ પોતાના મિત્ર-સંબંધીઓથી કોઈ ને કોઈ પ્રકારની આશા રાખે છે. તેમના કર્તવ્ય વડે પોતાના મનની વાત પૂરી કરવા ચાહે છે. પોતાના અધિકારનો ત્યાગ કરવો અને ભગવાનના નાતે બીજાઓની ઇચ્છાઓ પૂરી કરવી એવું પોતાનું કર્તવ્ય છે એમ માનતા નથી તેથી જ તેમના ચિત્તની શુદ્ધિ થતી નથી.

બીજું કારણ એ છે કે તે લોકો જે કામ કરે છે, તેને જે રીતે કરવું જોઈએ તે પ્રકારે પૂરું કરતાં નથી. તેને ગમે તે પ્રકારે

પૂરું કરવા ધારે છે. તેથી જ કાર્ય પત્યા પછી પણ તેમને સંકલ્પ-વિકલ્પ રહ્યા કરે છે. તેનું ચિંતન દૂર થતું નથી.

તેથી સાધકે જે વખતે જે કાર્ય હાથમાં લીધું હોય તેને ભગવાનનું કાર્ય માનીને ભગવાનની પ્રશંસા માટે તેમાં ઉત્સાહપૂર્વક મન પરોવીને સારી રીતે પૂરું કરવું જોઈએ જેથી કાર્ય પૂરું કર્યા પછી મન સંકલ્પ રહિત થઈ જાય અથવા તો પોતાના પ્રિયતમના ચિંતનમાં લાગી જાય અને હૃદયમાં તેમના પ્રેમ-રસનો અનુભવ થવા લાગે.

જેમ એક સતી સ્ત્રી દરેક કામ તેના પતિની પ્રશંસા માટે સારી રીતે કરે છે, તેમાં ભૂલ નથી કરતી અને જે રીતે તે તેનું મન તેના પતિના મનમાં જ લગાવી દે છે. પોતાનો કોઈ મત-આગ્રહ ન રાખીને પતિ જેમ ઇચ્છે છે તેમ જ કરે છે અને પતિની પ્રશંસા માટે પતિના મિત્રો, સંબંધીઓ, માતા-પિતા, ભાઈ-બહેન વગેરેની સેવા પણ ઘણાં પ્રેમ-ઉત્સાહથી કુશળતાપૂર્વક કરે છે. તેમાં કોઈ જાતની અસાવધાની, અનાદર કે આળસ નથી કરતી. જેમ એક શ્રેષ્ઠ શિષ્ય પોતાનાં ગુરુની પ્રશંસા માટે એક શ્રેષ્ઠ પુત્ર પોતાનાં માતા-પિતાની પ્રસન્નતા માટે એક પિતા પોતાનાં સંતાનની પ્રશંસા માટે પોતાનાં સ્વાર્થનો ત્યાગ કરે છે. તે જ રીતે સાધકે પણ પોતાના પ્રભુની પ્રસન્નતા માટે પોતાના મનની વાત ત્યજીને દરેક સાથે તેમને અનુકૂળ વ્યવહાર કરવો જોઈએ.

જે સ્ત્રી પોતાના સુખ માટે પતિની સેવા કરે છે, પોતાના પતિ દ્વારા પોતાની ઇચ્છાઓ પૂરી કરાવવા ચાહે છે અથવા જે પતિ પોતાની ઇચ્છાઓ પોતાની સ્ત્રી વડે પૂરી કરાવવા ઇચ્છે છે, પોતાના સુખ-ભોગને ખાતર સ્ત્રીનું પાલન-પોષણ કરે છે તેમને આપસમાં સંઘર્ષ ચાલ્યા જ કરે છે, પ્રેમ તો હોતો નથી અને એકબીજાને છોડી પણ શકતા નથી. આ જ રીતે ગુરુ અને શિષ્ય, પિતા અને પુત્ર, મિત્ર અને મિત્ર, સેવક અને સ્વામી દરેકના સંબંધોમાં ઉપર

મુજબ સમજવું જોઈએ.

જે સાધક ભગવાનની ભક્તિ, તેમનું ભજન-સ્મરણ પોતાના માટે સુખ મેળવવાની ઈચ્છાથી કરે છે. ભગવાનથી કંઈક મેળવવા ઈચ્છે છે. જેમને તેમના પ્રેમની અભિલાષા નથી. તેમનું ચિત્ત પણ કદી શુદ્ધ થતું નથી, તે ભગવાનનો પ્રેમપાત્ર બની શકતો નથી.

તેથી સાધકે રાત-દિવસ ચોવીસ કલાક તથા સાધનના આરંભથી મૃત્યુ સુધી જે કંઈ પણ કરે, પ્રભુની પ્રશંસા માટે જ કરવું, તેમના પ્રેમની ઈચ્છા સિવાય કોઈ પ્રકારની ઈચ્છા ન કરવી, પોતાનું આખું જીવન સાધનમય બનાવી લેવું જોઈએ. ભજન-સ્મરણ, ખાવું-પીવું, વ્યવહાર-વેપાર અતિથી સત્કાર સેવા વગેરેમાં કોઈમાં પણ પ્રેમ-ભેદ ન રાખવો જોઈએ.

આજકાલ લોકો પોતાના ઓળખીતા વડે પોતાના અધિકારની રક્ષા અને ઈચ્છાઓનું પોષણ કરે છે. દરેક મનુષ્ય બીજાઓની ફરજ અને પોતાના અધિકાર તરફ જ દૃષ્ટિ રાખે છે. પોતાની ફરજ તરફ જોતા નથી. તેને કારણે ધર્મ-પાલન અને અરસપરસમાં પ્રેમ-વ્યવહાર બનતો નથી. ગુરુ શિષ્યને તેની ફરજમાં થયેલી ભૂલો બતાવે છે, સાધુ ગૃહસ્થને તેની ફરજો બતાવે છે અને પોતાના મનથી સહેજ પણ વિરુદ્ધ થતા ક્રોધ કરવા માંડે છે. સંસારી એ વિચારે છે કે આ કેવા સાધુ છે ? શું સાધુઓને પણ ક્યારે ક્રોધ આવવો જોઈએ ? તે રીતે તેવો એકબીજાના દોષ જુએ છે. તો પછી તેમનું અંતઃકરણ કેવી રીતે શુદ્ધ થાય ?

આ રીતના વ્યવહારથી જ્યારે પિતા પુત્રને કહે છે કે તું અમુક કામ અમારા મનને અનુકૂળ કરતો નથી, તું બહુ નાલાયક છે, 'તો કદાચ પુત્ર સામે ભલે નહિ કહે પણ તેના મનમાં તો જરૂર એ ભાવ આવશે જ કે ભૂલ તો તેમની જ છે અને મને નાલાયક કહે છે.' તેથી બુદ્ધિશાળી મનુષ્ય એ જો કોઈને આવી હિતની બાબત

પણ કહેવી હોય તો પહેલાં તેમાં પ્રેમ અને વિશ્વાસ પેદા કરવા જોઈએ. જ્યારે સામેની વ્યક્તિને વિશ્વાસ થઈ જાય કે આ મારું બધી જ રીતે હિત ઇચ્છે છે. તેમનો તેમાં કોઈ સ્વાર્થ નથી. ત્યારે જ તે તેમની વાત માનીને તે મુજબ ચાલવાનો પ્રયત્ન કરશે.

ચિત્તશુદ્ધિ માટે વ્યવહારમાં પણ સમતા રહેવી જોઈએ. વિષમ વ્યવહારથી ચિત્ત અશુદ્ધ થાય છે તેનાથી મનુષ્યનો સાધનમાં ઉત્સાહ રહેતો નથી. આજકાલ એવું જોવામાં આવે છે કે લોકો પોતાના મિત્રો અને ઓળખીતા બંનેમાં વ્યવહારમાં અંતર રાખે છે. પિતા જે રીતે પોતાના પુત્રને પ્રેમ કરે છે તેવો ભાઈના પુત્રને કે પડોશીના પુત્રને કરતો નથી. સ્ત્રી પોતાના પતિને જે રીતનું ભોજન આપે છે, તેવું પોતાના દિયર-જેઠને નથી આપતી. જે રીતનું પોતાના પુત્રને આપે છે. તેવું દિયર-જેઠના પુત્રોને ભોજન નથી આપતી. બીજું તો જવા દો, પોતાના જ શરીરથી ઉત્પન્ન થયેલા પુત્ર અને પુત્રીમાં પણ ભેદ રાખે છે. તે એમ સમજે છે કે પુત્ર તો આપણાં ઘરમાં જ રહેશે. કમાઈને આપણું ભરણ-પોષણ કરશે, જ્યારે પુત્રી તો બીજે ઘર જશે. તેને તો ઉલટાનું આપવાનું જ રહેશે. તે રીતે પોતાનાં સગાં-સંબંધી, ઓળખાણ-પીછાણ વાળી વ્યક્તિઓમાં અને અજાણ આગંતુક વ્યક્તિઓની સાથે પણ વ્યવહારમાં ભેદ રાખે છે. ઉપરોક્ત ભેદ કેવળ કર્મ પૂરતો હોય અથવા આવશ્યકતાની દૃષ્ટિએ ભેદ હોય કે જેનો સત્કાર કરવાનો છે તેની રુચિને કારણે વસ્તુમાં ભેદ હોય તો કોઈ હાનિ નથી. તે તો હોવો જ જોઈએ, પરંતુ પ્રેમમાં ભેદ ન રાખવો જોઈએ. પ્રેમની એકતા હોવી જરૂરી છે પણ થાય છે તેનાથી બિલકુલ ઊલટું. કોઈવાર કોઈ કારણથી વસ્તુમાં ભેદ રાખવાને બદલે પ્રીતિમાં ભેદ થઈ જાય છે. જેનાથી ન તો ચિત્ત શુદ્ધ થાય છે, ન તો પ્રેમ વધે છે, ન તો આપસમાં એકતા આવે છે અને ન તો શાંતિ મળે છે.

તેથી સાધકે જેની પણ સાથે વ્યવહાર કરે, તેને ભગવાનનું સ્વરૂપ માનવું જોઈએ એટલે કે તેણે એમ સમજવુ જોઈએ કે ભગવાને જ કૃપા કરીને મારી સેવા સ્વીકાર કરવા માટે આ વેશમાં આવ્યા છે અથવા એમ સમજે કે સર્વવ્યાપી ભગવાન આ વ્યક્તિમાં પણ હાજર છે જ, તેથી તેની સેવા કરવી એ ભગવાનની સેવા કરવા બરાબર છે. એમ પણ ન થઈ શકે તો ઓછામાં ઓછું એમ સમજે કે જે સમસ્ત જગતના કર્તા-સંહારક અને સ્વામી છે. તેમનો દાસ આ વ્યક્તિ પણ છે જ. તેથી તેના આદરસત્કાર અને સેવાથી ભગવાન પ્રસન્ન થશે. મને તેમનો પ્રેમ પ્રાપ્ત થશે. આમ સમજીને પ્રેમ અને ઉત્સાહથી તેની દરેક આવશ્યકતાને પૂર્ણ કરે તથા બધું જ ભગવાનનું છે, તેમની જ વસ્તુ તેમના જ કામમાં લાગી રહી છે, આવી ભાવનાથી પોતાના મનમાં કોઈ જાતનું અભિમાન ન આવવા દે. આ રીતે વ્યવહાર કરનાર સાધકનું ચિત્ત શુદ્ધ થઈ જાય છે. તેનામાં કોઈ જાતની ભોગ-વાસના રહેતી નથી. નિઃસ્વાર્થ પ્રેમ જ વાસ્તવમાં ભક્તિ છે અને બધી જાતની વાસનાઓથી રહિત થવાનું નામ જ મુક્તિ છે. તેથી ભક્તિની ઇચ્છા રાખનારા સાધકોમાં પ્રાણીમાત્ર પ્રત્યે અગાધ પ્રેમ હોવો જોઈએ અને મુક્તિની ઈચ્છા રાખનાર સાધકોમાં બધી જાતની વાસનાઓ નિર્મૂળ થઈ જવી જોઈએ.

(૨૫)

અગાઉ કહેવામાં આવ્યું છે કે ચિત્ત શુદ્ધિ માટે માની લીધેલા સંબંધોનો ત્યાગ કરવો જરૂરી છે.

સાધકે શરીર અને સંસાર સાથે જે માની લીધેલો સંબંધ છે, તેને તોડીને પ્રભુ ઉપર વિશ્વાસ કરીને તેમની સાથે સંબંધ જોડવો જોઈએ, તેમના સિવાય બીજા કોઈને પોતાનો ન માને.

ભગવાનને પોતાના માનવામાં અને તેમને પ્રેમ કરવામાં સાધક

હંમેશાં સ્વતંત્ર છે. હા. ભગવાન તેને પોતાનો માને કે ન માને, તેને પોતાનો પ્રેમ પ્રદાન કરે કે ન કરે, તે તેમના હાથની વાત છે. આમાં સાધકના વશની વાત નથી. પરંતુ તેનો પ્રેમ ભલે ભગવાન ન સ્વીકારે તોપણ તેમને પોતાના માનવા, તેમને પ્રેમ કરવો અને તેમની પર જ આધારિત રહેવું આ બાબતમાં તો સાધક કોઈ પણ રીતે પરતંત્ર નથી. ગોપીઓને ભગવાને ઠોકર મારવા છતાં શું તે કદી તેમનાથી દૂર થઈ ? ભગવાનને પોતાના માનવાના અને પ્રેમ કરવાનું શું તેમણે છોડી દીધું ? ના, તે ભલે અસ્વીકાર કરે કે ભલે પ્રેમ કરે દરેક સ્થિતિ ગોપીઓને તો ભગવાન પોતાના જ લાગતા હતા. એ જ કારણે ભગવાન અલગ રહેવા છતાં પણ તેમની સાથે જ રહેતા હતા. ભગવાન શ્યામસુંદર પણ ગોપીઓના પ્રેમમાં એટલા મુગ્ધ હતા કે તેમણે (ગોપીઓએ) સ્પર્શ કરેલ ફૂલને જોઈને પ્રેમમાં વિભોર થઈ જતા, તેમના ચરણની રજ હવામાં ઊડીને શરીર પર પડતી તો પોતાને ધન્ય માનતા.

કોઈ એમ કહે કે અમે તો ભગવાનને કદી જોયા નથી, તો કઈ રીતે તેમને પોતાના માનીએ, કઈ રીતે તેમને પ્રેમ કરે ? તો તેનો જવાબ એ છે કે જે સંસાર અને શરીરને તમે જોઈ રહ્યા છો, તેનાથી સંબંધ તોડવામાં તો તમે સ્વતંત્ર છો. આ સંબંધ તો તમે જાતે બનાવેલ છે. તેનાથી સંબંધ તોડીને તમે બિલકુલ વિમુખ થઈ જાઓ. જો તે તમારી પાછળ દોડે તોપણ તેની તરફ દૃષ્ટિપાત ન કરો. જ્યારે તેની સાથેનો સંબંધ નિર્મૂળ થઈ જશે, ત્યારે આપોઆપ ભગવાન સાથે તમારો સંબંધ થઈ જશે. તેની તરફ પીઠ કરતા જ તમે ભગવાન સમક્ષ થઈ જશો. ભગવાન સમક્ષ થતા જ તમારા અનંત જન્મોનાં પાપોનો નાશ થઈ જશે અને એ જ ક્ષણે તમારું ચિત્ત શુદ્ધ થઈ જશે અને ભગવાન તમને અપનાવી લેશે. ત્યારે તમે ભગવાનને જોઈ શકશો.

કોઈ એમ કહે કે, પહેલાં અમને ભગવાનનો પ્રેમ મળે, પછી આ જગતના સંબંધોને તોડી દઈશું, તો તેમ થાય નહિ. કોઈ પોતાના મોઢામાં ગળો (એકવેલ) મૂકે અને કહે કે સાકરની મીઠાશ મળે ત્યારે જ મોઢામાંથી ગળો કાઢીશ તો જેમાં ગળો સંભવ નથી તે જ રીતે જ્યાં સુધી સંસાર તરફ પીઠ કરીને સાધક ભગવાન સમક્ષ જતો નથી, ત્યાં સુધી તેમનો પ્રેમ મળવો સંભવ નથી. ભગવાનથી સંબંધ બાંધવા માટે એટલે કે જેની સાથે તેનો નિત્યનો સંબંધ છે, અને જેને તે પ્રમાદવશ ભૂલી ગયો છે, તે ભૂલને દૂર કરવા માટે પોતાના માનેલા સંબંધોને તેને તિલાંજલિ આપવી પડશે.

શરીર અને સંસારથી સંબંધ તૂટતાં જ નિર્વાસના અને અસંગતતા પ્રાપ્ત થઈ જશે. રાગનો સંપૂર્ણ રીતે નાશ થઈ જશે. નિર્વાસનાથી યોગ, અસંગતતાથી બોધ અને સમર્પણથી અનુરાગ આપોઆપ થઈ જાય છે તે એક નિયમ છે.

જગતથી સંબંધ તોડવાથી મુક્તિ અને ભગવાન સાથે સંબંધ જોડવાથી ભક્તિ આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે.

(૨૬)

સાધકને જ્યાં સુધી પોતાના લક્ષ્ય સુધી પહોંચવામાં કોઈ જાતની મુંઝવણ કે તકલીફ લાગતી હોય તો સમજવું જોઈએ કે ચિત્તમાં કોઈ ને કોઈ જાતની અશુદ્ધિ છે.

જ્યાં સુધી મનુષ્ય પરતંત્ર રહે છે એટલે કે પોતાની ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે અન્યનો સહારો લે છે. ત્યાં સુધી તેનું ચિત્ત શુદ્ધ થતું નથી.

સંતોનું એવું કહેવું છે કે જ્યારે મનુષ્ય આઝાદ (સ્વાધીન) થઈ જાય છે, ત્યારે ખૂંખાર સિંહ તેને ખોળામાં બેસાડે છે અને વૃક્ષો તેને ફળ આપવા માંડે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યારે

મનુષ્ય ઈચ્છારહિત થઈ જાય છે, ત્યારે તેને આવશ્યક વસ્તુઓ આપોઆપ અનાયાસે જ મળી જાય છે.

સાધકે કાં તો બધાને પોતાના સમજવા અથવા તો કોઈનેય પોતાના ન સમજવા. આ બંને બાબતો સાધન સમાન છે. બધાને પોતાના સમજવાવાળો સર્વને એકસરખો પ્રેમ કરે છે. પ્રેમમાં તો ફક્ત આપવાનું જ હોય છે. કોઈ પાસેથી લેવાની ભાવના રખાતી નથી. તેથી મળેલ શક્તિ વડે બધી રીતે લોકોનું હિત કરવું, તે શક્તિને લોકોના જ હિતમાં લગાડી દેવી અને બદલામાં તેમની પાસેથી કંઈ લેવું નહિ, એનું નામ જ બધાને સમજવું એમ થાય, તેમજ બધાથી અસંગ થઈ જવું એ જ તેમને પોતાના ન સમજ્યા બરાબર છે, જે બીજાની પાસેથી કંઈક લેવા માટે જ પોતાના સમજે છે, તે વ્યક્તિ પરાધિનતામાંથી કદી છૂટી શકતો નથી. જે જે ભોગની તેને ઈચ્છા થાય છે, તે તે ભોગનો તે ગુલામ બનતો જાય છે. તેથી જે તે સ્વતંત્ર બની શકતો નથી અને તેનું ચિત્ત અશુદ્ધ બનતું જાય છે.

ચિત્તની શુદ્ધિ જોઈતી હોય તો ક્ષમાનો ગુણ કેળવવો પડશે. સાધકે તેથી ક્ષમાશીલ બનવું જોઈએ. જ્યારે તેને ખબર પડે કે તેને કારણે બીજાને કષ્ટ પહોંચ્યું છે. તેનાથી બીજા સાથે પ્રતિકૂળ વ્યવહાર થઈ ગયો છે તો તરત જ તેની માફી માગી લેવી જોઈએ. જો પોતાની ભૂલનો અહેસાસ ઘણાં સમય બાદ થાય તો મનથી ક્ષમા માગી લેવી જોઈએ અને ફરી તેવી ભૂલ ન કરવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ. આથી સાધકમાં નિર્દોષતાનો ગુણ આવે છે.

જો બીજાઓનો વ્યવહાર આપણને અનુકૂળ ન હોય, તો તેને તત્કાલ ક્ષમા આપવી. આપણા મનમાં એ ભાવ ન આવવા દો કે સામેની વ્યક્તિએ કોઈ અપરાધ કર્યો છે, તેથી બદલો લેવાની ભાવના કદી ઉત્પન્ન ન થાય. ભાવ તો એવો રાખવાનો કે સરકાર કે ઈશ્વર પાસેથી તેને કોઈ જાતનો દંડ ન મળે, બલકે ઈશ્વરને

એવી પ્રાર્થના કરો કે આની બુદ્ધિને શુદ્ધ કરો જેથી તે બીજા સાથે ખરાબ વર્તન ન કરે. આનાથી સાધકમાં વેર-ભાવના મટી જશે.

જે સ્વયં દુઃખી છે, તે જ બીજાને દુઃખ આપે છે. તેની પાસે જે વસ્તુ હશે. તે જ તો તે બીજાને આપશે. જેની પાસે દુઃખ છે જ નહિ તે ક્યાંથી લાવીને દુઃખ આપશે ? દુઃખી વ્યક્તિ દરેક રીતે દયાને પાત્ર છે તેથી જ ક્ષમાશીલ સાધક ક્યારેય કોઈની ઉપર ક્રોધ નથી કરતો. તેને બીજાની ભૂલો દેખાતી જ નથી. કોઈ પણ દુઃખનું કારણ તે પોતાની અણસમજને સમજે છે.

જે ક્ષમાશીલ સાધક પોતાની ભૂલો માટે બીજાની માફી માગે છે અને ફરી ભૂલ ન કરવાનો નિર્ધાર કરીને નિર્દોષ બને છે તથા પોતાના પ્રત્યે જે દુર્વ્યવહાર કરે છે, તેને દોષ ન માનીને વેર-ભાવનાથી રહિત થઈ જાય છે. તેનું ચિત્ત શુદ્ધ થઈ જાય છે.

આજકાલ બધાને જ્યારે તેમના મનથી વિપરીત કોઈ વાત કરે છે, ત્યારે તેમને ક્રોધ આવી જાય છે. જો કોઈ તેમને કહે કે ક્રોધ ન કરવો જોઈએ, તો કહેશે કે 'ક્રોધ કોને નથી આવતો ? શું હું મહાત્મા થઈ ગયો છું ? હું તો સંસારી છું.' જો તેમને પૂછવામાં આવે કે 'તમે મહાત્મા કેમ ન બન્યા? કોણે તમને મનાઈ કરી હતી? મનુષ્ય જ તો મહાત્મા હોય છે.' તો તેનો કોઈ જવાબ તેમની પાસે હોતો નથી. આવી વ્યક્તિઓનું ચિત્ત શુદ્ધ થતું નથી.

જે મનુષ્ય ભગવાનની પ્રકૃતિને પોતાની માનીને તેનાથી ભોગ-વાસના પૂર્ણ કરવાની ઇચ્છા રાખે છે. તેની સાથે પ્રકૃતિ ઉદાર વ્યવહાર નથી દાખવતી. તેને પ્રકૃતિ તેના કર્મ મુજબ ન્યાયોચિત્ત ફળ આપે છે. તેના પર પ્રસન્ન થવાને બદલે ક્રોધ કરે છે. જે રીતે સતી સ્ત્રીને કોઈ પોતાની માનીને તેનાથી ભોગ-વાસનાની ઇચ્છા કરે તો સતી સ્ત્રી શું કરશે ? શું તે શ્રાપ નહિ આપે ? તે જ રીતે પ્રકૃતિના બારામાં પણ એવું જ સમજવું. પરંતુ જે પ્રકૃતિને પોતાના

પ્રભુની સમજે છે, તેનાથી કોઈ જાતની ભોગ-વાસનાની ઇચ્છા નથી રાખતો, તેની ઉપર પ્રકૃતિ માતા પ્રસન્ન થાય છે અને તેનું પાલન-પોષણ એ રીતે કરે છે જેમ કોઈ માતા પોતાના પુત્રનું કરે. એટલે જ ઇચ્છારહિત સાધકને કોઈ વસ્તુની ઊણપ નથી રહેતી.

કદી પણ એમ ન સમજો કે પતનનું કારણ પ્રારબ્ધ છે. કેમ કે પ્રારબ્ધ કોઈના પતનનું કારણ નથી બનતું. વિવેકનો અનાદર અને મળેલ શક્તિઓનો દુરુપયોગ કરવાથી જ મનુષ્યનું પતન થાય છે.

જે મનુષ્ય પોતાના દોષો તરફ ધ્યાન ન આપે અને બીજાને દોષી માને તેમજ 'અહીંયાં મારું કોઈ સન્માન નથી, મારી સાથે લોકો બરાબર વર્તતા નથી' એમ વિચારીને એક જગ્યા છોડીને બીજે જાય છે, ત્યાં પણ તેને સન્માન મળતું નથી, કેમ કે બીજાથી સુખની ઇચ્છા રાખનાર મનુષ્યનો કોઈ આદર નથી કરતા. જેવી રીતે એક મૂર્ખ વ્યક્તિ છે અને બધા લોકો તેને મૂર્ખ માને છે. ત્યારે તે અપમાનથી બચવા કોઈ અજાણી જગ્યાએ જતો રહે, ત્યાં જઈને પણ તે જમીનમાં પડેલા ખાડામાં બેસીને ભોજન કરે અને આમતેમ ડાફેરા માર્યા કરે કે મને કોઈ જોઈ ન જાય. તો આ પરિસ્થિતિમાં તેને જોનાર કહે કે 'અરે મૂર્ખ ! અહીં શું કરે છે ?' તો તે શું સમજે ? મનમાં તેને થશે કે લોકોએ અહીંયાં પણ મને ઓળખી લીધો. કહેવાનો ભાવ એ જ છે કે જ્યાં સુધી તેનામાં અણસમજણ રહેશે, લોકોથી તે છુપાયેલી રહેશે નહિ. એ જ રીતે જ્યાં સુધી મનુષ્ય પોતાના દોષોનો નાશ નહિ કરે, ત્યાં સુધી તેને ક્યારેય સુખ-શાંતિ મળશે નહિ.

તેથી સાધકે જ્યારે જેવી પરિસ્થિતિ હોય તેનો સદુપયોગ કરવો. આમ કરવાથી તેની ઉન્નતિનો માર્ગ આપોઆપ ખૂલી જાય છે અને ઉન્નતિ માટે જરૂરી પરિસ્થિતિ આપોઆપ અનાયાસે જ પ્રાપ્ત થાય છે. ભગવાન તેના માટે જ્યારે એકાંત વાસ જરૂરી સમજે,

ત્યારે તેવી જ પરિસ્થિતિ પેદા કરી આપે છે.

સાધક માટે સારામાં સારું જીવન એ જ ગણાય જ્યારે હૃદયમાં નિરંતર પ્રેમની ગંગા લહેરાતી હોય. અહં અભિમાનથી બધી રીતે અલિપ્ત હોય, કોઈ પ્રકારની ઈચ્છા જાગે નહિ, શરીર આ જગતના કામમાં આવતું રહે તથા જીવન દરેક રીતે પૂર્ણ અને અનંત હોય.

જીવન બદલાઈ જવું એ સાધકનો નવો જન્મ થયા બરાબર છે. યજ્ઞોપવીત-સંસ્કાર થઈ ગયા બાદ જે 'દ્વિજ' કહેવાય છે એનો અર્થ એ જ છે કે આ તેનો બીજો જન્મ છે એટલે કે તેને વેદના જ્ઞાનને પામવાનો અધિકાર પ્રાપ્ત થઈ ગયો છે. તે જ રીતે કોઈ રીતની દીક્ષા આપીને તેના અહંને બદલવો, ગૃહસ્થાશ્રમમાંથી વાનપ્રસ્થાશ્રમ કે સંન્યાસ ગ્રહણ કરવો એ પણ બીજો જન્મ ગણાય છે, કેમ કે તેનાથી તેનો અહં પરિવર્તિત થાય છે.

જ્યારે સર્વ પ્રકારના દોષોનો નાશ થઈને ચિત્ત શુદ્ધ થઈ જાય છે, ત્યારે સાધકે સમજી લેવું કે હવે તે પહેલાં જેવો નથી રહ્યો. આ મારો બીજો જન્મ છે, પરંતુ તેમાં પણ યોગનું, બોધનું કે પ્રેમનું અભિમાન ન હોવું જોઈએ. પ્રેમીભક્ત તો પોતાના ઉદ્ધારની પણ ભગવાન પાસે માગણી નથી કરતો. તે તો સર્વ પ્રકારે નિષ્કામ રહે છે.

(૨૭)

ચિત્ત-શુદ્ધિ પ્રસંગમાં ક્ષમા આપવી તથા ક્ષમા માગવી બાબતે આગળ કહેવામાં આવ્યું છે, હવે કહેવાની બાબત એ છે કે મનુષ્યને પોતાનો દોષ સ્વીકાર કરવામાં અને ક્ષમા માગવામાં સંકોચ કેમ થાય છે. વિચાર કરતા માલૂમ પડશે કે મનુષ્યને દોષી બની રહેવામાં એટલું દુઃખ નથી થતું જેટલું તે દોષોનો સ્વીકાર કરવામાં કે દોષી કહેવડાવવામાં છે. તે ઈચ્છે છે કે લોકો મને સારો માણસ સમજે અને મારી ભૂલો જાહેર ન થાય, છુપાયેલી રહે. આ ભાવનાને કારણે દોષોનું

પોષણ થયા કરે છે અને તેનું અંતઃકરણ શુદ્ધ થતું નથી.

લગભગ દરેક જગ્યાએ એવું જોવામાં આવ્યું છે કે કોઈ હિત ચિંતક મિત્ર માતા, પિતા અને ગુરુ પણ કોઈનો દોષ બતાવે છે તો તેનો સ્વીકાર કરવાનું તો દૂર રહ્યું તે ખિજાઈને તેની સફાઈ આપવા માંડે છે. પોતાના દોષોને છુપાવવા અનેક જાતના દોષો પેદા કરે છે. ત્યાં સુધી કહી દે છે કે જ્યારે પોતાના પર આવે ત્યારે ખબર પડે. બીજાને સમજાવવું સરળ છે. જો તમે મારી જગ્યાએ હોત તો તમે પણ તેમજ કરત વગેરે વગેરે એ જ કારણે મનુષ્ય અનેક વર્ષો સુધી સત્સંગ કરે છે, છતાં ક્યારેય પોતાના ચિત્તને શુદ્ધ બનાવી શકતા નથી.

તેથી સાધકે પોતાના ચિત્તના દોષોને જોઈને દુઃખી થવું અને દોષી કહેડાવતા ડરવું ન જોઈએ. તેમજ નિર્દોષ બનવાનો પ્રયત્ન કરવો પણ નિર્દોષતાની જાહેરાત ન થવા દે. નિર્દોષતાની જાહેરાતથી ચિત્ત શુદ્ધ થતું નથી એટલે કે તમને નિર્દોષ બનવા નહિ દે. તેથી જો કોઈ તમને તમારા દોષો બતાવે તો તેનાથી ખિન્ન ન થાવ. તેનો તમારો શુભ ચિંતક માનો અને તેની વાત સાંભળીને સફાઈ આપવાની કોશિશ ન કરો, પરંતુ પોતાના દોષોને સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈને તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો. દોષોના નાશ કરવો કઠિન નથી, કેમ કે દોષો મનુષ્યમાં હોવા સ્વાભાવિક નથી. તે તો મનુષ્યના પ્રમાદ વડે ઉત્પન્ન થયેલાં છે.

જે લોકો એમ વિચારે કે દોષો કોનામાં નથી હોતા મોટામોટા માણસોમાં પણ દોષો હોય છે. આ રીતે વિચાર કરીને બીજાના દોષોની તરફ નજર આપનારાનું ચિત્ત શુદ્ધ થતું નથી, કેમ કે તેથી તેને પોતાના દોષો રહેવાનું કોઈ દુઃખ રહેતું નથી અને તેને દૂર કરવા માટે પ્રયત્ન નથી થતો. બલકે નિરાશા પેદા થાય છે.

તેથી સાધકે ઉપર જણાવેલ રીતે બીજાના દોષો જોઈને સંતોષ

ન પામે તેમજ પોતાના દોષ મટાડવામાં હતાશ ન થાય બલકે પોતાના દોષોને ઊંડાઈથી જુએ અને તેના ન મટવાથી દુઃખી થવું જોઈએ. આ જ દોષોને દૂર કરવાનો ઉપાય છે. જે પોતાના દોષોને જોઈ જોઈને દુઃખી થાય છે અને તેને દૂર કરવા સાધન કરે છે, તેમાં દોષ રહી શકતા નથી.

જો બીજા લોકો તમારી મોટાઈ કરે. તમને નિર્દોષ બતાવે તો સાધકે હૃદયથી તેનો વિરોધ કરવો જોઈએ અને વિનાસંકોચે પોતાના દોષોને લોકોની સમક્ષ સ્વીકાર કરવા જોઈએ. તેમજ સાથે સાથે ભગવાનની અપાર દયાનો અનુભવ કરવો જોઈએ કે તેમનો કેટલો મધુરો સ્વભાવ છે કે જે મારા જેવા અધમ મનુષ્યને પણ લોકોની દૃષ્ટિમાં સન્માનને યોગ્ય બનાવી દે છે.

પોતાના દોષો જાણવા સાધકે પોતાના ચિત્તની દશાનું નિરીક્ષણ કરવું જોઈએ. જો કોઈ છોકરી અથવા સ્ત્રીને જોઈને તેની સુંદરતા તેને આકર્ષે, મનને પ્રિય લાગે તો સમજવું જોઈએ કે મનમાં હજુ પણ (ચામડીના) સૌંદર્યનું મહત્ત્વ રહેલું છે. એટલે કે મારામાં કામ દોષ હાજર છે. જો તેને જોઈને કોઈ ખરાબ વિચાર ઉત્પન્ન ન થાય તોપણ સુંદરતા પ્રત્યે પ્રતિ એ કામ-દોષ જ છે. એ જ રીતે કોઈ મકાનને જોઈને તેની બનાવટની, સુંદરતાની કે ઉપયોગિતાની મહત્તા જણાય તો સમજવું કે મનમાં હજી લોભરૂપી, દોષ હાજર છે. જો સંપત્તિવાન વ્યક્તિને જોઈને સંપત્તિનું મહત્ત્વ લાગે, ધનવાનને જોઈને ધનનું મહત્ત્વ લાગે તો સમજવું કે હજુ લોભરૂપી દોષ હાજર છે અને જો ઘેર પર મહેમાન આવે અને તેના સત્કારમાં જે દૂધ, અન્ન, ફળ કે બીજી વસ્તુઓ ખર્ચાય તેમની તરફ મન આકર્ષિત થાય અને એવો વિચાર આવે કે આજે આટલા પ્રમાણમાં અમુક અમુક વસ્તુ તો વપરાઈ અને અમુક બચી તે વ્યર્થ જશે. આ રીતે તે વસ્તુઓનું મહત્ત્વ જો પ્રતિત થાય તો સમજવું કે લોભરૂપી દોષ હજુ છે. જેના મનમાં લોભરૂપી દોષ નહિ

હોય, તે તો જેટલા અતિથિઓની સેવા કરવાનો અવસર મળશે, તેટલું જ તેને પોતાનું સૌભાગ્ય માનશે. તેની દૃષ્ટિ તે વસ્તુઓ પર નહિ જાય. જે રીતે ધન ભેગું કરવું એ લોભ છે. તે જ રીતે તેના ખર્ચમાં રસ રાખવો-દૃષ્ટિ રાખવી તે પણ લોભ જ છે, કેમ કે તેના મનમાં ધનનું મહત્ત્વ હાજર રહે છે. પરિવારના સભ્યોને પોતાના સુખમાં કારણરૂપ જાણવું, તેમના પ્રત્યે જે પ્રીતિ રહે છે તે મોહનો દોષ છે. તે જ રીતે પોતાના શરીરને હૃષ્ટ-પુષ્ટ અને તંદુરસ્ત જોઈને જે આનંદ થાય છે તે પણ મોહ છે તેમજ કોઈ બળવાન અને સ્વસ્થ મનુષ્યને જોઈને તેના પ્રત્યે મહત્ત્વ જણાય તો તે પણ મોહનો દોષ છે. લોકોનું સન્માન થતું જોઈને તેની મહત્તા જણાય તો સમજવું કે હજુ સુધી દેહાભિમાનનો દોષ હાજર છે. જો કોઈની ખ્યાતિ સાંભળીને તેનું મહત્ત્વ જણાય તો સમજવું, માન-મોટાઈની વાસનાનો દોષ છે, કેમ કે અપમાનનો ભય અને માન-મોટાઈની આશા એ બન્ને દેહાભિમાનને લીધે છે અને લોકવાસનાને કારણે મોટાઈ પ્રિય લાગે છે.

આ રીતે પોતાના દોષોનો બારીકાઈથી અભ્યાસ કરીને તેને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ અને કદી પણ પોતાને નિર્દોષ માનીને અભિમાન ન કરવું કેમ કે અભિમાનને લીધે ચિત્ત શુદ્ધ થતું નથી.

કોઈ ત્યાગી મહાત્માને જુઓ તો તેમના ત્યાગનું મહત્ત્વ જણાવવું જોઈએ. ગોપીઓના ચરિત્રથી તેમના પ્રેમનું મહત્ત્વ સમજાવું જોઈએ. મીરાંને યાદ કરીને તેના વિશ્વાસનું મહત્ત્વ સમજો. સહજોબાઈને યાદ કરીને તેના વિવેકનું મહત્ત્વ સમજો. આ રીતે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય, ત્યાં ત્યાં જો બીજાના સદ્ગુણોનું મહત્ત્વ આંકીને તેમની તરફ ચિત્ત આકર્ષાય તો સમજવું કે ચિત્ત શુદ્ધ થઈ રહ્યું છે.

સાધકે એવો નિયમ કરવો કે મારે ત્યાં પહોંચવું છે કે જેની આગળ કોઈ રસ્તો રહ્યો નથી. જે સર્વની અંતિમ સીમા છે અને

તે છે પરમ પ્રિયતમ પ્રભુનો અગાધ પ્રેમ. એ રસ્તામાં જો ક્યાંક સ્થિરતા કે શાંતિનું વિશ્રામ સ્થળ મળે તો રોકાવાનું નથી.

(૨૮)

આગળ ઉપર ચિત્તશુદ્ધિ બાબતે એ કહેલું છે કે સાધકે પોતાના દોષ દર્શન કરીને દુઃખી થવું જોઈએ. તો જ દોષોનો નાશ થઈને ચિત્ત શુદ્ધ થઈ શકે છે.

હવે સમજવાનું એ છે કે દોષોના રહેવા છતાં મનુષ્યને તેમના રહેવાનું દુઃખ કેમ થતું નથી ? વિચાર કરશો તો જણાશે કે મનુષ્ય તે દોષોમાં સુખ-ભોગની કલ્પના કરીને તેમાંથી રસ લે છે. તે જ કારણે તેમના રહેવાનું તેને કોઈ દુઃખ થતું નથી અને તેને દૂર કરવાની પ્રબળ ઇચ્છા કે કોશિશ થતી નથી.

ભોગની ઇચ્છા ઉત્પન્ન થવી અને તે પ્રાપ્ત થવી તેને જ મનુષ્ય સુખ માની લે છે અને આ જ સૌથી મોટો દોષ છે. કામ, ક્રોધ, લોભ, મોહ જેવા દોષો ભોગ વાસનાથી ઉત્પન્ન થાય છે અને પુષ્ટ થતા રહે છે.

આજકાલની સભ્યતા માણસને એ જ શિખવાડે છે કે પોતાની રહેણીકરણીમાં ઉન્નતિ લાવો એટલે કે સુંદર-ભોગેચ્છા ઉત્પન્ન કરો અને તેની પૂર્તિ માટે શ્રમ કરો તેને પામવા વિવિધ પ્રકારની ભોગ સામગ્રી એકઠી કરો તેમજ તેનો ઉપભોગ કરીને તમારી ઇચ્છાપૂર્તિનું સુખ ભોગવો અને ફરી ભોગેચ્છા ઉત્પન્ન કરો. આ રીતે જેની દૃષ્ટિમાં સુખ-દુઃખના ચક્કરમાં ફરતા રહેવું એ જ ઉન્નતિ હોય તો તેના હૃદયમાં પોતાના દોષોને મટાડવાનો-નાશ કરવાનો ભાવ કઈ રીતે પ્રકટ થાય ?

તેમની શિક્ષાના દુરુપયોગ કરનારા આળસુ માણસો તો ભોગ-

સામગ્રી ભેગી કરવા મહેનત પણ કરવા નથી માગતા. એ તેવી આશા રાખે છે કે બીજાઓ અમારે માટે આ ભોગ-સામગ્રી ભેગી કરે અને અમે તેનો ઉપભોગ કરીએ.

આવા માણસોને પોતાની વાસ્તવિક આવશ્યકતાનું જ્ઞાન હોતું નથી કેમ કે તેમને ખબર જ નથી કે આ જીવન કરતાં પણ ઉત્કૃષ્ટ બીજું કોઈ જીવન છે. જ્યાં કોઈ જ પ્રકારનો અભાવ નથી. જ્યાં મોતનો બિલકુલ ભય નથી. જેમાં કેવળ રસ જ રસ છે. લેશમાત્ર પણ દુઃખ નથી. જો કે બધાં પ્રાણીઓ એવું ઇચ્છે છે કે અમને દુઃખ ન મળે. અમે સ્વતંત્ર અને સમર્થ બનીએ. અમારું જીવન અમર થઈ જાય. મોતનો ભય ન રહે, પરંતુ તેવા જીવન તરફથી મોઢું ફેરવીને તેઓ વર્તમાન જીવનને જ વાસ્તવિક જીવન માનવા લાગ્યા છે.

ઇચ્છાપૂર્તિને સુખ માનનારના મનમાં ધનની ઇચ્છા જાગ્રત થાય છે તેને માટે એ એવા કામ કરે છે જે કરવા જોઈએ અને તેવા કામ પણ કરે છે જે ન કરવા જોઈએ. એક સૂતરની મિલ ચલાવનાર હજારો સૂતર કાંતનારાઓની જીવીકા નષ્ટ કરીને સ્વયં ધનવાન બને છે. એક તેલની મિલનો માલિક હજારો ઘરગથ્થુ ઘાણી ચલાવનાર લોકોનું જીવન દુઃખમય બનાવીને સ્વયં ધનવાન બને છે. એક આટા યંત્રનો માલિક સેંકડો વિધવા અને પરિશ્રમ કરનાર સ્ત્રીઓને બેકાર બનાવી દે છે. તેનાથી દેશની કેવી હાનિ થઈ રહી છે એ તરફ એ સ્વાર્થી લોકોનું ધ્યાન જતું નથી. તે લોકો સમાજને શુદ્ધ વસ્તુઓને બદલે ખરાબ વસ્તુઓ આપીને લોકોની તંદુરસ્તી બગાડે છે અને તેમને દેશની ઉન્નતિ દેખાય છે, પ્રગતિ દેખાય છે.

બીજા સમૂહના લોકો જે પોતાને વિરક્ત રહેવાની ડિંગ મારે છે. પોતાને ભગવાનના ભક્ત કહે છે, તેમનું જીવન પણ મનુષ્યને પોતાની વાસ્તવિક આવશ્યકતા શું છે તેનું ભાન નથી કરાવતું;

કેમ કે આ સમૂહના મોટા ભાગના લોકો મોટા મોટા મઠ ઘણી બધી સત્તા અને ઘણી બધી ભોગ-સામગ્રીઓનો સંગ્રહ કરવામાં જ પોતાના જીવનને સફળ અને ઉન્નત માને છે. અમુક સ્વામીનો આશ્રમ ખૂબ સુંદર છે. ત્યા લોકોને બધી જાતની સગવડ મળે છે, તેમના શિષ્યોમાં મોટા ધનવાનો, ઓફિસરો, મિનિસ્ટરો વગેરે છે, તેમનું નામ બહુ ઊંચું છે, આ રીતની માન-મોટાઈમાં જ તે લોકો મસ્ત રહે છે. વ્યક્તિ, વસ્તુ, અવસ્થા અને પરિસ્થિતિના સંબંધે ઈચ્છાપૂર્તિના સુખને જ સુખ માને છે. તેમના હૃદયમાં પણ મનુષ્યની વાસ્તવિક આવશ્યકતા શું છે તેનો અનુભવ નથી હોતો.

આ પ્રકારના લોકો જ્યારે ક્યાંક બહાર જાય ત્યારે તેમને ઓછામાં ઓછો એક ઓરડો સ્વતંત્ર મળે એમ ઈચ્છે છે. ભલે તેમની સાથેના માણસોને સૂવાની પૂરી જગ્યા મળે કે ન મળે. તે મેળવવા માટે તે વિવિધ પ્રકારના દંભ આચરે છે. એમ કહે કે અમને એકાંત જોઈએ. ખરેખર જો એકાંત જોઈતું હોય તો જંગલમાં તે કમી નથી. કોઈ પણ ઝાડની નીચે એકાંત મળી શકે છે. તૂટેલા ખંડેરો અને જીર્ણ મંદિરની પણ કોઈ કમી નથી, પરંતુ ત્યાં આરામ ક્યાંથી મળે ? આ રીતનું એકાંત તેમને ભાવતું નથી.

આ જ રીતે જે લોકો તીર્થયાત્રાને બહાને પોતાના શોખ પૂરા કરે છે. વિવિધ પ્રકારનાં સ્થાનોને, પ્રકૃતિના સૌન્દર્યને અને અનેક જાતનાં દૃશ્યોને જોઈને તેમાં આનંદ પામે છે, તેમને પણ તીર્થસેવનનું સાચું ફળ નથી મળતું એટલે કે તેમનું ચિત્ત શુદ્ધ નથી થતું નથી. તીર્થસેવનનો અધિકારી એ જ ગણાય જે તીર્થસ્થાનોમાં દિવ્યલોકનો અનુભવ કરે મતલબ કે તેની તીર્થક્ષેત્રમાં ભૌતિક બુદ્ધિ નથી.

મનુષ્યની અસલ જરૂરિયાત એ છે-એવો આનંદ જેમાં દુઃખનો છાંટોય ન હોય, એવું જીવન જેમાં મોતનો ભય ન હોય, એવો રસ જેમાં નીરસતાની કોઈ ગંધ પણ ન હોય અને એવું જ્ઞાન

જેમાં કોઈ રીતનો સંદેહ ન હોય.

આ જરૂરિયાત ત્યારે જ પૂર્ણ થઈ શકે છે જ્યારે સાધક પોતાને મળેલા વિવેકનો સદુપયોગ કરે, કોઈ પણ વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિ વડે મળનારાં સુખ-દુઃખથી ચલિત ન થાય, પોતાના દોષદર્શનથી તે દોષોની હાજરીથી દુઃખી થાય અને જ્યાં સુધી ચિત્ત શુદ્ધ થાય ત્યાં સુધી ચેનથી બેસે નહિ.

દેહાભિમાન રહેવાથી ઇચ્છાઓનો નાશ નહિ થાય. ઇચ્છાઓ રહેવાથી ચિત્ત શુદ્ધ નહિ થાય. ચિત્ત શુદ્ધ ન થાય તો અસલ આવશ્યકતાઓ પૂરી નહિ થાય. તેથી સાધકે દેહાભિમાનનો ત્યાગ કરીને ઇચ્છાઓથી રહિત થઈ જવું જોઈએ. ચિત્તશુદ્ધિનો આ જ ઉપાય છે. ચિત્તશુદ્ધિ થતાં આપોઆપ જ યોગ, બોધ અને પ્રેમની પ્રાપ્તિ થાય છે.

(૨૯)

મળેલી યોગ્યતા અને શક્તિ કરતા વધારે મેળવવા દોડધામ કરવાથી તેમજ તે બંનેનો પૂર્ણ ઉપયોગ ન કરવાથી પણ મનુષ્યનું ચિત્ત શુદ્ધ થતું નથી. જેની પાસે ધન ન હોય અને દાન આપવા લાગે, બ્રાહ્મણો અને સાધુઓને ભોજન કરવો, તો તેનું ચિત્ત શુદ્ધ નથી થતું, કેમ કે જજ દાનવીર કહેવડાવવામાં કે પોતાની ઇજ્જત વધારવા માટે દાન કરે છે તેનાથી તો અભિમાન ઉન્નત બને છે. તે જ રીતે જે તપ તપસ્વી કહેવડાવવા માટે, જે યોગ યોગી કહેવડાવવા માટે, જે ત્યાગ ત્યાગી કહેવડાવવા માટે અને જે સંયમી કહેવડાવવા માટે કરવામાં આવે છે, તેનાથી દંભ અને અંહકાર વધે છે. તેનાથી ચિત્ત શુદ્ધ થતું નથી.

સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે જેની પાસે ધન નથી, તે પોતાના શરીરને બહારથી ખૂબ શણગારે છે, ધનવાન તેટલું

નથી શણગારતો કેમ કે જે યોગ્યતા જેનામાં ખરેખર હોય છે, તેનું પ્રદર્શન કરવાનો તેને શોખ થતો નથી, તે તો સ્વભાવ બની જાય છે, તેના મનમાં તેની કોઈ વિશિષ્ટતા રહેતી નથી.

જે સાધુ કે પ્રચારક પોતાના અનુયાયી પાસે તેમની શક્તિ કરતા વધારે ખર્ચ કરવો છે, તે તેમને બેઈમાની કરવા માટે પ્રોત્સાહન આપે છે તથા જે મનુષ્ય ઈજ્જત વધારવા માટે પોતાની શક્તિ કરતાં વધુ ર્ખચ કરે છે, તે બેઈમાન બનાવવાની તૈયારી કરે છે.

હેસિયત કરતાં વધારે ખર્ચ કરનાર હંમેશાં ધનના લોભને કારણે અશાંત રહે છે. તેને ઈજ્જત જવાનો ભય લાગ્યા કરે છે. તેથી તેના ચિત્તમાં દોષ પેદા થયા કરે છે. તેમજ જે પોતાની શક્તિ મુજબ આવશ્યકતા હોવા છતાં ખર્ચ કરતો નથી, તેનું ચિત્ત પણ શુદ્ધ થતું નથી.

સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે લોકો એવું સાધન કરવા ચાહે છે જે તેમની શક્તિ, યોગ્યતા અને રુચિને અનુકૂળ નથી અને તેવા સાધન નથી કરતા જે તેઓ કરી શકે છે. તેઓ સાધનમાં નાના અને મોટાની કલ્પના કરે છે અને જે ઉચ્ચ પ્રકારનું સાધન જેને સમજે તેને જ કરવા ચાહે છે. પરિણામે જે સાધન તે લોકો કરી શકે છે, તેમાં વિશ્વાસ અને શ્રેષ્ઠ બુદ્ધિ આવતી નથી અને જે કરવા માગે છે તે થતું નથી. તેથી જ તેમનું ચિત્ત શુદ્ધ થતું નથી.

સાધકે પોતાની યોગ્યતા અને રુચિ મુજબનું સાધન નિશ્ચિંત કરીને વિશ્વાસપૂર્વક તત્પરતા સહિત તેમાં લાગી જવું જોઈએ. પોતાના જીવનમાં કોઈ જાતના દંભ કે આડમ્બર આવવા ન દેવા. મનને ભગવાનમાં લગાડે. બુદ્ધિને પોતાના દોષ નિરખવામાં લગાડે, શરીરને સર્વહિતકારક કાર્યોમાં લગાડે, મળેલ શક્તિમાં આસક્ત ન થાય, ન મળેલાની ચિંતા ન કરે. કોઈ જ જાતના ગુણ અને દોષોનું અભિમાન

ન કરે, કેમ કે અભિમાનના રહેવાથી ચિત્ત શુદ્ધ થતું નથી.

જ્યારે સાધકનો ભગવાન પર, પોતાની જાત પર અને પોતાના કર્તવ્ય પર વિશ્વાસ થઈ જાય છે. ત્યારે તેના મનમાં કોઈ પ્રકારનો ભય કે ચિંતા રહેતા નથી. ભય અને ચિંતાનો દરેક રીતે અભાવ થઈ જવો, એ જ ચિત્તની શુદ્ધિ છે. સાધકના જીવનમાં વસ્તુઓનો નાશ થઈ જવાનો કે, મોતનો કે અન્ય કોઈ પ્રકારનો ભય રહેવાનો ન જોઈએ. તેણે તો હંમેશાં ભગવાનની મહિમા સમજીને સદાય તેમની ઉપર જ આધારિત થઈ જવું જોઈએ.

ભય તેને લાગે છે જે શરીર અને સંસાર પર વિશ્વાસ કરે છે, તેમજ જેની પાસે કાંઈક હોય છે. જેની પાસે પોતાનું કાંઈ નથી, જેણે સર્વસ્વ ભગવાનને અર્પણ કરેલ છે. તેને ભય કેમ કરીને હોય ?

કર્તવ્યવિશ્વાસ અને આત્મવિશ્વાસનો આધાર પણ ઈશ્વરવિશ્વાસ જ છે. તેના વગર બીજા વિશ્વાસ ટકતા નથી.

ચિત્ત-શુદ્ધિ માટે અહંતા અને મમતાનો નાશ અનિવાર્ય છે. વિચારમાર્ગી સાધક પ્રથમ તેના અહંભાવનો નાશ કરે છે, અહમ્ ન રહેવાથી મમતા આપોઆપ મટી જાય છે, ભગવદ્ વિશ્વાસી પહેલાં મમતાનો ત્યાગ કરે છે, બાદમાં તેનો અહંભાવ ગળી જઈને તેના પ્રિયતમનો પ્રેમ બની જાય છે.

માની લીધેલા અહંભાવના દૂર થવાથી. 'છે' નો બોધ થાય છે અને મમતા જવાથી પ્રેમનો ઉદય થાય છે. તેથી 'અહં' અને 'મારું' મરવાથી બોધ અને પ્રેમ પ્રાપ્ત થાય છે-જે ચિત્તશુદ્ધિનું વાસ્તવિક ફળ છે.

## (૩૦)

આગળ કહેલું છે કે અહંતા અને મમતાનો નાશ થવાથી ચિત્ત શુદ્ધ થઈ જાય છે. હવે સમજવાનું એ છે કે મનુષ્યને આટલી

ખબર પડવા છતાં અહંતા અને મમતા જતી કેમ નથી ? વિચાર કરતા જણાશે કે આપણે હાલના જીવનથી સંતુષ્ટ છીએ, તેમાં જ કોઈ ને કોઈ રીતનું સુખ માનીએ છીએ. એ જ કારણ જીવનમાં પરિવર્તનની આવશ્યકતાનો વિચાર આવતો નથી. જ્યાં સુધી મનુષ્ય સુખપૂર્વક કે દુઃખપૂર્વક હાલની સ્થિતિમાં રહી શકે છે, ત્યાં સુધી તેનું જીવન પરિવર્તન થતું નથી. જ્યાં સુધી મનુષ્ય સુખ-દુઃખની જાળમાં ફસાયેલો રહે છે, ત્યાં સુધી ભલે તે મોટા તપસ્વી કે સંયમી બને છતાં તેના જીવનમાં જે પરિવર્તન થવું જોઈએ તે થતું નથી. તેના બધા જ પ્રયત્નો નિરર્થક જાય છે.

ઈચ્છાપૂર્તિ ન થવાથી તે અભાવ બનેલો રહે છે, તેની પૂર્તિ થતી નથી. ઈચ્છાપૂર્તિ ન થવાને કારણે પૂર્તિની આશા બનેલી રહે છે. આ રીતે સુખમાં દુઃખ અને દુઃખમાં સુખની લાલસા રહેવાને કારણે મનુષ્ય સુખ-દુઃખની જાળમાં ફસાયેલો રહે છે.

સુખ-અને દુઃખનું આક્રમણ બહુ ભયંકર હોય છે. તે વખતે મનુષ્યના મનના બે ભાગ થઈ જાય છે. અંદરનું મન કંઈક અલગ કહે છે અને બહારનું મન કંઈક અલગ કહે છે. તે વખતે માણસ ઉપદેશની વાતો સાંભળતો નથી. બીજાઓ દ્વારા સમજાવતા તે ઉપરથી હા, હૂ કરશે, પરંતુ અંદરથી તો તે તેની પરિસ્થિતિની ચિંતામાં જ ડૂબેલો રહેશે. જેનું ધન ચાલ્યું ગયું છે, તેને કોઈ સમજાવશે, ધનના દોષ બતાવશે તો તે સાંભળશે નહિ. તે વખતે જો કોઈ ધન પ્રાપ્તિના ઉપાય બતાવશે, તેને માટે મંત્ર જપ વગેરેની અનુષ્ઠાન બતાવશે, તો તે એક ચિત્તે સાંભળવા લાગશે અને તેને તે વાત ઘણી પ્રિય લાગશે. આ રીતે સુખ અને દુઃખ મનુષ્યને એક અવસ્થામાં બાંધી દે છે.

જો દુઃખનો પૂર્ણ વિકાસ થઈ જાય તો, તેનું દુઃખ અવશ્ય નાશ પામશે. પૂર્ણ દુઃખમાં ચિંતન કરવાની કોઈ જ શક્તિ રહેતી

નથી. તે જ રીતે અત્યંત સુખમાં પણ હોશ રહેતા નથી. તે સમયે મનુષ્ય બેહોશ કે મૂર્છિત થઈ જાય છે. પરંતુ સામાન્ય રીતે મનુષ્ય ન તો પૂર્ણ સુખી થાય છે ન તો પૂર્ણ દુઃખી થાય છે. ઉપરથી દુઃખ પણ અંદરથી સુખની ઇચ્છા રહે છે. અમુક ઇચ્છાઓ પૂરી થતી રહે છે, અમુક પૂરી થતી નથી. આવી સ્થિતિ જીવનમાં પરિવર્તન આવવા નથી દેતી.

સાધકે એવું ઇચ્છવું જોઈએ કે મારા મનમાં સંકલ્પો કેમ આવે છે. કોઈ રીતનો રાગ હાલમાં હાજર છે, તેથી જ સંકલ્પો આવે છે. મારે તેથી રાગનો નાશ કરવો જ જોઈએ.

જેની પાસે ધન ન હોય તેણે દાન કરવાની ઇચ્છા ઊભી ન કરવી કેમ કે ધનની પ્રાપ્તિ મહેનતથી અથવા તો કોઈ તેમને પોતાના માનીને આપે તેવા પાસેથી થાય છે. જેમને મહેનતથી કે બીજાની પાસેથી ધન મળ્યું છે એવી સ્થિતિમાં જો તે ઘરના સભ્યો પર દબાણ લાવીને દાન કરવાની અથવા તેમની જ પાસેથી ધન લેવાનો પ્રયત્ન કરે છે તો તેમાં આપસમાં વિખવાદ થાય છે. તેનાથી ચિત્ત અશુદ્ધ થાય છે, કેમ કે કોઈને દુઃખ આપીને મળેલી/મેળવેલી વસ્તુ અંતે તો કાળાંતરે દુઃખના રૂપમાં સામે આવે છે. જે દાન આપવામાં આપનાર કે તેના સંબંધીઓને દુઃખ થાય છે, તે દાન લેનાર અને આપનાર બંનેને કોઈ પણ રીતે લાભદાયક નથી. દાન તો સંગ્રહ કરવાનો ટેકસ છે. તેનાથી ચિત્તની શુદ્ધિનો કોઈ જ સંબંધ નથી. તે જ કાર્ય જો તે પોતાની મહેનતથી કમાયેલા ધનથી સહુની પ્રસન્નતાયુક્ત સંમતિ મેળવીને એવા ભાવથી કરે કે ભગવાનની વસ્તુ ભગવાનના કામમાં આવી રહી છે, હું પણ તેનો જ છું અને લેનાર પણ તેમનો જ છે, લેવડ-દેવડ બધી તેમની પ્રસન્નતા માટે જ છે, તો આવા ભાવથી ચિત્તની શુદ્ધિ થઈ શકે છે. આમાં ભાવનું મહત્ત્વ છે, દાનનું નહિ.

જે કમાતો નથી તેના દ્વારા કરાતો ખર્ચ બધાને ખરાબ લાગે છે. તેથી ખર્ચ કરનારે એ વિચારવું જોઈએ કે હું જે ખર્ચ કરું છું, તેમાં બીજાઓનો અધિકાર પણ છે. સંયુક્ત કુટુંબમાં આવકમાં બધાનો સરખો હક્ક હોય છે. તેથી પુત્રે પિતાની સલાહ લેવી જોઈએ. પિતાએ પુત્રની લેવી જોઈએ. ભાઈ-ભાઈએ અરસ-પરસ સલાહ લેવી જોઈએ. પતિ-પત્નીએ પણ આપસમાં સલાહ લેવી જોઈએ. આ રીતે બધાની સંમતિ અને પ્રસન્નતા મુજબ ખર્ચો કરવો જોઈએ. તો જ આપસમાં મેળ રહી શકશે. અધિકારના અભિમાનમાં આવીને પોતાનું મનમાન્યું દાન અથવા તો કોઈ પ્રકારના ખર્ચથી લાભ નહિ થાય.

સહુની સંમતિ અને પ્રસન્નતા પ્રાપ્ત ન હોય એવા કાર્યને કરવાને બદલે ન કરવું સારું, કેમ કે ન કરવાથી પણ બધું પ્રાપ્ત થઈ શકે એટલે કે કરવાની ઈચ્છાનો ત્યાગ કરવાથી સાધકને એ પ્રાપ્ત થશે જે કરવાથી નથી થતું. સાધકે વિચારવું જોઈએ કે આ જગત ભગવાનના સંકલ્પથી બનેલ છે. તેમનો સંકલ્પ પૂરો કરવા દઈએ. આ રીતે જ સાધક પોતાના સંકલ્પને ભગવાનના સંકલ્પમાં ભેળવી દે છે ત્યારે તેને કાર્યનો સંકલ્પ જતો રહે છે.

સાધકને જો કોઈ વસ્તુના અભાવથી દુઃખ થાય તો તેણે જોવું જોઈએ કે તે વસ્તુ જેની પાસે ભરપૂર છે, તે સુખી છે કે કેમ, જોવાથી અને પૂછવાથી માલૂમ પડશે કે મોટાં મોટાં ધનિકો, રાજા, મહારાજાઓના અભાવની પણ પૂતિ થઈ નથી. તે પણ પોતાને દુઃખી માને છે. તેમના જીવનમાં પણ પૂર્ણ સુખ નથી. આમ જોઈને વસ્તુઓના અભાવની પૂર્તિની આશા છોડી દેવી જોઈએ અને પોતાની વાસ્તવિક-(ખરેખર) આવશ્યકતાને સમજવી જોઈએ-કેમ કે તેને જાણ્યા વગર અને તેને માટે બાકીની બધી વસ્તુઓની આશા છોડીને એકમાત્ર તેને જ પામવા માટેની વ્યાકુળતા વગર વાસ્તવિક સુખની પ્રાપ્તિ થઈ શકતી નથી.

સાધકે પોતાનું જીવન એટલું સુંદર બનાવવું જોઈએ જેથી તેની પ્રત્યેક આવશ્યકતા બીજાની આવશ્યકતા બની જાય, એટલે કે બીજાઓને તેના જીવનની આવશ્યકતાની ખબર પડે.

ઈશ્વર પર વિશ્વાસ રાખનાર સાધકે કદી ઈશ્વર પાસેથી કોઈ વસ્તુની આશા રાખતો નથી. ભગવાન તેને જ સ્થિતિમાં રાખે, તેમાં જ તે આનંદથી રહે છે. વસ્તુ પ્રાપ્ત થવાથી તે ભગવાનની આજ્ઞા મુજબ તેનો સદુપયોગ કરે છે અને ન મળે તો તેમને ધન્યવાદ આપે છે. વસ્તુના મળવાની કે ન મળવામાં તે ભગવાનની કૃપાના જ દર્શન કરે છીએ.

મનની ઈચ્છા પૂરી કરી દેવાથી મન મરતું નથી. પૂરી ન કરવાથી પણ મન મરતું નથી. તેથી સાધકે મનની વાતને પૂરી ન કરવાની હઠ કે પૂરી કરવાની હઠ ના કરે. જે પણ થઈ રહ્યું છે તેમાં જ આનંદિત રહે, કેમ કે વસ્તુ, સ્થિતિ, અવસ્થા કે બીજી કોઈ પ્રકારની પરિસ્થિતિની ઈચ્છા ન રહેવી એટલે જ મનનું મરી જવું છે.

જો કોઈ એમ કહે કે મનમાં ભજન કરવાની ઈચ્છા થાય તો શું તેને પણ દબાવી દેવી ? તેનો જવાબ એ છે કે મન પોતાનું હોય ત્યાં સુધી ભજન થતું નથી. મનના મરી જવાથી એટલે કે પ્રભુને સોંપી દેવાથી જ ભજન થાય છે. તેથી આવો પ્રશ્ન ઉદ્‌ભવતો જ નથી.

જે મનુષ્ય એમ વિચારે કે 'છોકરો હોશિયાર થાય તો કામનો ભાર તેને સોંપીને પછી ભજન કરીશ અથવા અમુક સ્થળે જઈને ભજન કરીશ, અમુક પ્રકારની પરિસ્થિતિ આવશે ત્યારે ભજન કરીશ.' તેના મનમાં ભજન કરવાનું એટલું મહત્ત્વ નથી જેટલું પરિસ્થિતિ અને વસ્તુઓનું છે. તેથી તે ભજન કરી શકતો નથી. જેને પ્રથમ સ્થાન આપવામાં આવતું નથી, મતલબ કે બધા કરતા પ્રમુખ મહત્ત્વ જેને આપવામાં ન આવે, તે ચીજ આવશે નહિ.

ભજન કરવા માટે કોઈ પણ વસ્તુ અને પરિસ્થિતિની આવશ્યકતા

નથી. જેને ભગવાન પર આંધળો વિશ્વાસ હોય છે, જે અન્ય બધા જ સંબંધો તોડીને એકમાત્ર ભગવાનને જ પોતાના માની લે છે. તેના દ્વારા ભજન આપોઆપ થાય છે. તેને પરિશ્રમ કરવો નથી પડતો. જે કરવામાં આવે, જેનાથી કોઈ વસ્તુ કે પરિસ્થિતિનો સંબંધ છે, તે ભજન નથી. તે ઉચ્ચ કક્ષાનું કાર્ય હોઈ શકે. તેનું ફળ હાલ નહિ મળે. કાળાંતરે મળશે.

જેના ઉપર ભગવાન કૃપા કરે છે તેને દુનિયા તરફથી એવો ઝટકો મળે છે કે તે ભૂલીને પણ કદી તેની તરફ (દુનિયા તરફ) મોં નથી કરતો.

મનની ઇચ્છા પૂરી કરવી એક પ્રકારની ગુલામી છે. મનમાં જે સંકલ્પ ઊઠે છે, તેનું કારણ અવિવેક છે. આ સંસાર સાથે જેણે આપણને આસક્ત કરેલ છે, તે જ સર્વ દુઃખોનું કારણ છે અને આ જ વિવેકનો અનાદર છે.

તેથી સાધકે મળેલ વિવેકનો પ્રયોગ શરીર પર કરવો જોઈએ, શરીરની અવસ્થાને પોતાની ન માનવી કેમ કે શરીરના વેપારને પોતાનો માનતા રહેવાથી સંકલ્પો ઊઠતા જ રહેશે, તેનું જાળું કદી તૂટશે નહિ. તેથી વિચારો કે વાસ્તવમાં આ શરીર શું છે ! આ હું શી રીતે હોઈ શકું અને તે મારું કઈ રીતે હોઈ શકે મતલબ કે કોઈ રીતે હોઈ શકતું જ નથી. આ રીતે વિચાર કરીને આ સંસારથી અને શરીરથી પોતાને જુદો માને. કહેવાનો ભાવ એ જ કે સમજણને સંસારના ઉપયોગમાં લો અને મનને ભગવાનમાં લગાડો એટલે કે વિશ્વાસ અને પ્રેમ ભગવાનમાં રાખો.

વિશ્વાસ અને પ્રેમ આસ્તિકતા છે, વિવેકના પ્રકાશથી પ્રકાશિત રહેવું એ જ દાર્શનિકતા છે.

ગંભીરતાપૂર્વક વિવેકની મદદ લઈને શરીરની ઉત્પત્તિ સ્થિતિ અને તેની અંતિમ-અવસ્થાનું નિરીક્ષણ કરવું એ જ વિવેકનો શરીર

પર ઉપયોગ ગણાય. સમજેલી વાતો તરફ ઉપેક્ષા કરવી, તેને જાણ્યા છતાં અજાણ બનવું એ જ વિવેક છે. જે શરીરની અસલિયતને જાણી લે છે. તે સંસારની અસલિયતને પણ જાણી જાય છે તેમજ જે પોતાને જુએ છે, હું કોણ છું- તે જાણી લે છે, તે પરમેશ્વરને પણ જરૂર જાણી લે છે.

મુક્તિ એ કોઈ અભ્યાસનું ફળ નથી, વિવેકનું ફળ છે ભક્તિ, પણ વિશ્વાસ અને પ્રેમથી મળે છે, અભ્યાસથી નથી મળતી. અભ્યાસથી તો શક્તિ મળે છે. ઉપભોગ એટલે કે સુખ-ભોગ અને તેની ઇચ્છાને કારણે જ મનુષ્ય ભક્તિ, મુક્તિ અને શક્તિથી દૂર થઈ ગયો છે.

ભક્તિ અને મુક્તિ મળવાથી શક્તિ આપોઆપ આવે છે.

(૩૧)

આગળ જણાવેલ કે કામના પૂર્ણ થવા છતાં અભાવ રહે છે અને પૂર્ણ ન થાય તો તે કામના પૂર્ણ ન થઈ તેનું દુઃખ થાય છે. આ રીતે સુખ-દુઃખ થતાં રહેવાને કારણે ચિત્ત શુદ્ધ થતું નથી.

હવે સમજવાનું એમ છે કે આમ કેમ થાય છે, વિચાર કરતા માલૂમ પડશે કે મનુષ્ય અનાદિકાળથી કાર્ય 'કરતો' આવ્યો છે એટલે કે બોલવું, સાંભળવું, દેખવું, સૂંઘવું, સ્પર્શ કરવો, ચાલવું, ફરવું, ખાવું-પીવું વગેરે. આ સર્વ ક્રિયાઓ કર્મ 'કરવા'ના અંતર્ગત છે અને ઇન્દ્રિયોનો પોતાના વિષયોથી સંબંધ થયો તેનું નામ જ ભોગ છે. આ 'કરવા' ના અભ્યાસથી મનુષ્યની તેના કર્મમાં અને ભોગમાં પ્રીતિ થઈ જાય છે. આ પ્રીતિ તેને કોઈ ને કોઈ કાર્યમાં લગાડેલ રાખે છે. 'કરવાનું' છોડવાથી મતલબ કે વાસનારહિત થવાથી જે દિવ્ય જીવન મળે છે કે જેની મનુષ્યને પરમ જરૂરી છે, તેનો અનુભવ આ આસક્તિ-પ્રીતિ થવા નથી દેતી. તેથી મનુષ્ય 'કરવા'ને અંતે કંઈ ન મળવા છતાં પણ કરવામાં લાગેલો જ રહે છે, તેને છોડતો

નથી. સાંભળવું બંધ કરે તો જોવા લાગી જાય છે. આ રીતે તે કંઈ ને કંઈ કરતો જ રહે છે.

જ્યારે મનુષ્ય કાર્ય કરવાનું હકીકતમાં છોડી દે છે, તો પણ ભીતરમાં મનોરાજ્ય ચાલતું રહે છે. આસક્તિને કારણે જે સંસ્કાર જમા થાય છે, તેની સ્મૃતિ થતી રહે છે. સુખ રહેતું નથી. પરંતુ તેની આસક્તિ રહે છે. તેનો નાશ નથી થતો. તે આસક્તિને કારણે વીતી ગયેલી બાબતોનું સ્મરણ (ચિંતન),હાલની પ્રવૃત્તિ અને ભવિષ્યની આશા દૂર થતા નથી, તેને કારણે ચિત્ત શુદ્ધ થતું નથી.

સાધકે પોતાને મળેલ વિવેકનો આદર કરીને વિચાર કરવો કે જે કંઈ પણ જોવા-સાંભળવામાં આવે છે એટલે કે ઈન્દ્રિયો વડે જાણવામાં આવે છે તે બધાં જ દશ્યો પરિવર્તનશીલ અને ક્ષણભંગુર છે. તેથી તેમના વડે જે કંઈ થાય છે, તે પણ ક્ષણભંગુર છે. આ બધાનું પરિવર્તન થાય છે, થઈ રહ્યું છે. પરંતુ મારું પરિવર્તન થતું નથી. તેમના ન રહેવા છતાંય હું તો રહું છું. શરીર બદલાઈ ગયું છે, પરિસ્થિતિ બદલાઈ ગઈ, પરંતુ હું તે જ છું, જે પહેલાં હતો. તેથી આ બધા સાથે મારી જાતીય એકતા નથી. ફક્ત માનેલો સંબંધ છે, જે મટાડી શકાય છે. આ રીતે વિચાર કર્યા પછી કંઈ પણ ન કરવાની સ્થિતિમાં રહીને પોતાની જાતનું નિરીક્ષણ કરવું તથા તે સ્થિતિનો અનુભવ કરો જે 'ન કરવા'થી પ્રાપ્ત થાય છે. આમ કરવાથી તે સમયે સાધકને તે આનંદની ઝલક મળે છે, જે અનંત સમય સુધી કરતાં રહેવા છતાંય નથી મળી. ત્યારે જ તેને તે દિવ્ય જીવનની આવશ્યકતાનો અનુભવ થાય છે.

જ્યારે સાધક શરીર અને સંસારથી મળેલા સંબંધનો ત્યાગ કરીને સર્વ પ્રકારની વાસનાઓથી રહિત થઈ જાય છે, ત્યારે તેનું ચિત્ત શુદ્ધ થઈ જાય છે. અહીંથી પ્રેમની શરૂઆત થાય છે. આની

પહેલાંની જે ભક્તિ છે, તે તો ચિત્ત શુદ્ધિનો જ એક ઉપાય છે. તેને પ્રેમ ન સમજવો જોઈએ.

એક ભાઈ ગોપીપ્રેમની વાત પૂછતાં હતાં. જ્યાં સુધી મનુષ્યના શરીર અને સંસારમાંથી સંબંધ છૂટતો નથી, જ્યાં સુધી તે શરીરને 'હું' અને સંસારને પોતાનું માને છે ત્યાં સુધી ગોપીપ્રેમની બાબતો સમજમાં આવતી નથી. પ્રેમીમાં કોઈ ઇચ્છા રહેતી નથી તેથી તે પોતાના માટે કાંઈ નથી કરતો, જે કાંઈ પણ કરે છે તે પોતાના પ્રિયતમને આનંદ આપવાને ખાતર જ કરે છે. અહીંયાં તર્કશાળી મનુષ્ય એમ પ્રશ્ન કરી શકે છે કે ભગવાન તો બધી રીતે પૂર્ણ અને રસમય આનંદસ્વરૂપ છે તેમનામાં કોઈ જાતનો અભાવ નથી. તો તેમને આનંદ આપવાનું કારણ શું ? તેને સમજવો જોઈએ કે આ જ તો પ્રેમનો મહિમા છે, જે આપ્તકામમાં પણ કામના ઉત્પન્ન કરી દે છે, બધી રીતે પૂર્ણમાં પણ અભાવનો અનુભવ કરાવે છે. પ્રેમીઓનો ભગવાન બધી રીતે નિર્વિશેષ નથી હોતા. તેમના ભગવાન તો અનંત દિવ્ય-ગુણ-સંપન્ન હોય છે અને તેમના પોતાના પ્રિયતમ હોય છે. તેમની દૃષ્ટિમાં ભગવાનના ઐશ્વર્યનું મહત્ત્વ નથી. તેમના ભગવાન તો એકમાત્ર પ્રેમમય અને પ્રેમના ગ્રાહક છે.

પ્રેમી ભગવાનને આનંદ આપવા માટે જ પોતાનું જીવન સુંદર બનાવે છે, જેમ સુંદર ફૂલોને જોઈને તે બગીચાનો માલિક તે ફૂલોને પ્રેમ કરે છે, તેને હાથમાં લઈને સૂંઘે છે, તેની શોભા જોઈને ખુશ થાય છે, તે રીતે ભગવાન પણ પોતાના પ્રેમીને ઇચ્છારહિત સુંદર જીવનયુક્ત જોઈને ખુશ થાય છે, તેમાં તેમને આનંદ મળે છે.

પુષ્પ જડ છે, તેથી તે સ્વયં તેના માલિકને પ્રેમ કરી શકતું નથી. જે રીતે મનુષ્ય ધનને પ્રેમ કરે, પણ ધન જડ હોવાને કારણે મનુષ્યને પ્રેમ કરી શકતું નથી. જીવ જડ નથી, ચેતન છે એટલે

તે પણ પોતાના પ્રિયતમને પ્રેમ કરે છે. મતલબ કે ભક્ત ભગવાનને ભક્તને પ્રેમ કરે છે. ભગવાન ભક્તના પ્રિયતમ અને ભક્ત ભગવાનનો પ્રિયતમ બની જાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ અને કિશોરીજીની પ્રેમલીલાથી આ વાત સ્પષ્ટ રીતે સમજાય છે. તેમની લીલા પોતાના ભક્તોને પ્રેમનું તત્ત્વ સમજાવા અને આનંદ પ્રદાન કરવાને માટે જ થયા કરે છે. એક વાર શ્યામસુંદરના મનમાં કિશોરીજીને પ્રેમરસ પ્રદાન કરવા માટે તેમની પરીક્ષાની લીલા કરવાનો સંકલ્પ થયો, તો તેમણે એક દેવાંગનાનું રૂપ ધારણ કર્યુ અને કિશોરીજીની પાસે ગયા. વાતચીત કરતાં શ્યામસુંદરે કહ્યું, 'કિશોરીજી ! તમે શ્યામસુંદરને આટલો બધો પ્રેમ કેમ કરો છો ? તે તો તમને પ્રેમ કરતો નથી !' ત્યારે કિશોરીજીએ કહ્યું 'તમે એ વાતને શું જાણો ! પ્રેમ કરવો તો શ્યામસુંદર જાણે છે, તે જ પ્રેમ કરે છે જ ક્યાં? દેવાંગના બોલી 'નહિ નહિ તે તો પ્રેમ કરતા નથી, પણ તમે તેને પ્રેમ કરો છો.' ત્યારે કિશોરીજીએ કહ્યું, 'દેવી! પ્રેમ કરવાનું જેવું શ્યામસુંદર જાણે છે. જેટલો મને જેવો પ્રેમ કરે છે એટલો પ્રેમ કોઈ અન્ય નથી કરી શકતું.' તો દેવાંગના બોલી, 'હું તો આ માનતી નથી.' કિશોજીએ પૂછયું, 'તમને કઈ રીતે વિશ્વાસ અપાવું ?' દેવાંગના બોલી, 'જો તે મારા બોલવાથી આવી જાય તો સમજીશ કે તે ખરેખર તમને પણ પ્રેમ કરે છે.' કિશોરજીએ કહ્યું, 'આ તો ત્યારે જ શક્ય બને જો થોડા સમય તમે મારી સખી બનીને અહીં રહો.' દેવાંગનાએ કિશોરીજીની વાત સ્વીકાર કરીને તેમની સખી બનીને રહેવા માંડી. ત્યાર બાદ કિશોરીજીએ ભાવમય થઈને ભગવાનને કહ્યું, 'પ્રિયુતમ ! તમે ક્યાં છો ?' આટલું કહેતા જ દેવાંગનામાંથી ભગવાન શ્યામસુંદર પ્રકટ થયા. તેમને જોઈને કિશોરીજીએ કહ્યું, 'લલિતા ! તે દેવાંગના ક્યાં

છે ? તેને બોલાવીને પ્રિયતમના દર્શન કરાવો.' તો લલિતા બોલી, પ્યારી ! તેમાંથી જ આ દેવ પ્રકટ થયા છે, દેવાંગના હવે ક્યાંથી ? લલિતા વિવેકશક્તિનો અવતાર છે, તે ભક્ત અને ભગવાનને ભેગા કરે છે. આ લીલાથી એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે ભક્ત ભગવાનને પ્રેમ કરે છે અને ભગવાન ભક્તને પ્રેમ કરે છે.

પ્રેમી ભક્ત અને ભગવાન અભિન્ન હોવા છતાં પણ બે છે અને બે હોવા છતાં પણ એક જ છે. આની ઉપરથી ભગવાનની એક લીલા યાદ આવે છે.

એક વાર શ્યામસુંદર કિશોરીજીના મોં સામે જોઈને બોલ્યા, 'પ્યારી તારું મોઢું ચંદ્રમા સમાન અને મારી આંખો ચકોર છે. તે તેને જોઈજોઈને પણ કદી તૃપ્ત થતા નથી. ત્યારે કિશોરીજીએ કહ્યું, 'પ્યારા ! તમે મારી ચંદ્રમા જોડે સરખામણી કરીને મારી નિંદા કરો છો ? ચંદ્રમા તો વધે છે, ઘટે છે, તેમાં તો ઝેર ભરેલું છે, તે તો કલંકિત છે, તેની સાથે મારી સરખામણી કેવી રીતે થઈ શકે ?' શ્યામસુંદર બોલ્યા, 'પ્યારી હું તમારા મોંઢાની નિંદા નથી કરતો, ચંદ્રમાના શીતળ પ્રકાશ અને તેની સુંદરતા સાથે સરખામણી કરીને તમારા મુખની શોભાનું વર્ણન કરું છું.' કિશોરીજીએ કહ્યું, 'એમ વાત નથી. તમે તો સ્તુતિ કરતાં કરતાં મારી નિંદા કરો છો.' એમ કહીને કિશોરીજી અંતર્ધાન થઈ ગયા. તે પછી તેના વિરહમાં વ્યાકુળ થઈને શ્યામસુંદર કિશોરીજીને શોધવા વન-વનમાં ભટકવા લાગ્યા. આ બાજુ કિશોરીજી પણ વિરહમાં વ્યાકુળ થઈને ભગવાનમાં તન્મય થઈ ગઈ અને પોતાને જ શ્યામસુંદર સમજવા લાગી. આમ તે પણ વનમાં કિશોરીજીને શોધવા લાગી. રસ્તામાં બંને મળ્યાં. શ્યામસુંદર કહેવા લાગ્યા, 'હું નંદલાલ છું!' કિશોરીજી કહેવા લાગી, 'હું નંદલાલ છું' વગેરે એવો પ્રેમનો મહિમા છે. તેને ન તો ભેદ

કહેવાય ન તો અભેદ કહી શકાય. તેમાં અંતર પણ નથી, કે કોઈ એકતા પણ નથી. પ્રેમનું સ્વરૂપ વર્ણન કરી ન શકાય એવું છે.

અભેદવાદમાં તો જીવમાં બ્રહ્મજ્ઞાનની જિજ્ઞાસા હોય છે. બ્રહ્મમાં નથી હોતી. તેથી જેમ સમુદ્ર પોતાના મહિમામાં પ્રતિષ્ઠિત રહે છે, તેને નદીની કોઈ આવશ્યકતા નથી, નદી પોતે જ સમુદ્ર તરફ જાય છે અને તેમાં મળે છે. તે જ રીતે જિજ્ઞાસુ બ્રહ્મને પ્રાપ્ત થઈને તેમાં એકત્વ પ્રાપ્ત કરે છે. તેમાં ભિન્નતા રહેતી નથી. તે જ રીતે યોગી પણ કૈવલ્ય-અવસ્થાને પ્રાપ્ત થઈ જાય છે, પરંતુ પ્રેમમાં તો એકબીજાને રસ આપતા રહેવાનું હોય છે. તેથી જ પ્રેમરસ અનંત છે, તેની કદી પૂર્તિ થતી નથી.

સાધકનો પ્રયત્ન ચિત્તશુદ્ધિ સુધી જ છે. તે પછી સાધક જે ભાવથી સાધનનો આરંભ કરે છે, તે મુજબ જ મુક્તિ, યોગ અને પ્રેમની પ્રાપ્તિ થઈ જાય છે. જે કોઈ જાતના ભાવ વગર શરૂઆત કરે છે, તેને સર્વ મળી જાય છે.

પ્રેમમાં આપવાનો ભાવ રહે છે, લેવાની ઇચ્છા નથી રહેતી, સાચો સેવક પોતાના સ્વામી પાસેથી કોઈ ઇચ્છતો નથી, પણ તેના સુખમાં જ સુખી થાય છે. માતા પુત્રને લાડ-પ્યાર કરીને તેને ખુશ કરવામાં જ ખુશ થાય છે, મિત્ર એકબીજાને સુખી કરે છે. પતિપત્ની અરસપરસ એકબીજાને સુખ આપે છે. આમાં કોઈ પણ એકબીજા પાસેથી લેવાની ઇચ્છા ધરાવતા નથી. આ રીતે ચારે પ્રકારના ભક્તોના ભાવ સમજવા.

## (૩૨)

આગળ જણાવ્યું છે કે શરીર અને સંસારનો માનેલો સંબંધનો ત્યાગ કરવાથી ચિત્ત શુદ્ધ થાય છે. તેની પર ફરી વિચાર કરીશું

કે આ સંબંધ કઈ રીતે ત્યાગી શકાય ?

વિચાર કરતા જણાશે કે પ્રાપ્ત વિવેકનો આદર કરીને તે મુજબ જીવન બનાવવાથી અને માન્યતા મુજબ પોતાના કર્તવ્યનું પાલન કરવાથી સરળ રીતે શરીર અને સંસારથી સંબંધ-વિચ્છેદ થઈ શકે છે.

દરેક મનુષ્યની યોગ્યતા અલગ હોય છે. તેથી કર્મમાં કે ભોગોમાં એક વ્યક્તિની બીજા સાથે સરખામણી થઈ શકતી નથી. તો પણ મનુષ્ય સુખદુઃખ અને પરિસ્થિતિમાં બીજા સાથે બરાબરી કરવા ચાહે છે. ભગવાનનું ચિંતન કરવામાં અને ઈચ્છારહિત બનવામાં સર્વ સ્વતંત્ર છે. તેમાં બરાબરી થઈ શકે છે. પરંતુ લોકો તેમાં બરાબરી નથી કરતા અને એમ કહે છે કે અમારા ભાગ્યમાં નથી. અમારી યોગ્યતા નથી, શક્તિ નથી વગેરે વગેરે.

પ્રભુ ચિંતન કરવાથી અથવા બીજા કોઈ પ્રકારનું ચિંતન ન કરવાથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. આ બંનેમાંથી કોઈ એક સાધન દરેક સાધક પોતાની યોગ્યતા અને રુચિ મુજબ કરી શકે છે. સાધન અલગ હોવા છતાં તેના પરિણામમાં અંતર રહેતું નથી.

સાધકે પોતાના મન પ્રમાણે અનુકરણ ન કરતા વિવેકના અવાજ મુજબ અનુકરણ કરવું. વિવેકનો અવાજ અગત્યનો છે, મન દરેક સમયે તમને દગો આપતું રહે છે, તેની સ્વાભાવિક પ્રવૃત્તિ ભોગો તરફ છે. તેથી સાધકે પોતાના સાધનનું નિર્માણ પોતાની યોગ્યતા મુજબ વિવેકશક્તિની સહાયતા લઈને કરવું જોઈએ. અન્યને જોઈને દેખાદેખીથી મનમાન્યું સાધન કરવાથી ચિત્ત શુદ્ધ થતું નથી.

સાધકે પોતાની જાણકારી મુજબ પોતાનું જીવન બનાવવું જોઈએ અને તે માન્યતા મુજબ કર્તવ્યનું પાલન કરવું જોઈએ. બીજાની જાણકારીનો અનાદર ન કરવો કે કોઈ ઉપર વ્યર્થ સંદેહ ન કરવો. આમ થતા ચિત્ત શુદ્ધ થાય છે.

જ્યાં સુધી સાધક માને છે કંઈક અને કરે છે કંઈક ત્યાં સુધી તેનું ચિત્ત શુદ્ધ થતું નથી.

ચિત્તની શુદ્ધિ એ કોઈ કર્મ કે પ્રારબ્ધનું પરિણામ નથી. તેની પ્રાપ્તિ તો આપણી યોગ્યતાના સદુપયોગથી થાય છે. કર્મનું ફળ તો સુખ:દુ:ખ ભોગવવું તથા પરિસ્થિતિ છે.

જે મનુષ્ય ન તો પોતાની જાણકારીનો આદર કરે છે, કે ન તો ઈશ્વર પર વિશ્વાસ કરે છે. તેના જીવનમાં પરિવર્તન થતું નથી.

આગળ કહેલ છે કે વિવેકનો આદર કરીને વિચાર કરવાથી દરેક મનુષ્ય સમજી શકે છે કે શરીરનું પરિવર્તન થાય છે, મારું નહિ. શરીર ન રહે તોપણ હું રહું છું. જેને હું પોતાનું કહું છું, તે હું પોતે નથી. દરેક જણ એમ કહે છે કે આ હાથ મારો છે, આ શરીર મારું છે, માથું મારું છે, આંખો મારી છે, મન મારું છે, બુદ્ધિ મારી છે, વગેરે. આ બધા સમુદાયનું નામ શરીર છે. એટલે કે શરીર હું નથી. આ તો બધા જ સમજી શકે છે તેમ છતાં એ કેટલા આશ્ચર્યની વાત છે કે પોતાને બુદ્ધિશાળી માનનાર પણ એમ જ માને છે કે આ શરીર એ જ હું છું. તેનાથી અલગ જે એક દિવ્ય અને નિત્ય જીવન છે, તેનો અનુભવ નથી કરતા, એ જ આપણી જાણકારીનો અનાદર છે.

આ રીતે દરેક માન્યતાની સાથે તેનું કુદરતી વિધાન રહે છે. જે પોતાને જેવો માને છે માન્યતા મુજબનું વિધાન જ તેનું કર્તવ્ય છે, પરંતુ ભોગોમાં આસક્ત મનુષ્ય તેનું પાલન નથી કરતો. તે કહે છે, 'હું હિંદુ છું' પરંતુ તેનું એક વિધાન જે **'આત્મવત્સર્વભૂતેષુ'** છે. તેને ક્રિયાત્મક રૂપ નથી આપતો. પોતાને બ્રાહ્મણ માને છે, પરંતુ બ્રાહ્મણના શમદમ વગેરેના કર્તવ્યનું પાલન નથી કરતો. જે રીતે દરેક વર્ણ-આશ્રય વિશે સમજવું. તે માની તો લે છે કે હું

આત્મા છું પણ **'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણી'**ને ભૂલી જાય છે. અને મૃત્યુથી ડરતો રહે છે. પોતાને મનુષ્ય માનીને પણ તેનું જે કર્તવ્ય છે કે પોતાની નિર્બળતાને જોવી અને દૂર કરવી તેનું પાલન કરતો નથી. પોતાને પુરુષ માનીને પણ પુરુષનું જે કર્તવ્ય પત્નીની ઇચ્છા પૂર્ણ કરવાનું છે, તેનું પાલન કરતો નથી. પોતાને સ્ત્રી માને છે તેવી સ્ત્રી જેનું કર્તવ્ય પોતાના પતિની આજ્ઞા માનવી છે તેનું પાલન કરતી નથી. આ જ બધી બાબત તરેક માન્યતાના વિષયમાં લાગુ પડે છે. મનુષ્ય પોતાની માન્યતા મુજબ કર્તવ્યપાલન કરે તો તેનો સંસારથી વૈરાગ્ય થઈ જશે એવો નિયમ છે, કેમ કે કર્તવ્ય-વિધાનનું નામ જ ધર્મ છે અને ધર્મ-આચરણનું ફળ વૈરાગ્ય છે.

સાધકે પોતાની જાણકારી મુજબ વિકલ્પરહિત જીવન બનાવવું જોઈએ તેમજ પોતાની માન્યતાને ક્રિયાત્મકરૂપ આપવું જોઈએ. પોતાની માન્યતા મુજબ કર્તવ્યપાલન ન કરી શકાય તો તે માન્યતાનો ત્યાગ કરવો. તેણે પોતાની યોગ્યતાનું પૂરેપૂરું ધ્યાન રાખવું. જો તેની પ્રવૃત્તિ કર્તવ્યથી વિપરીત રહેશે તો તેના જીવનમાં દુવિધા રહેશે. જો તે સંસારી છે અને તે વિધાનનું સારી રીતે પાલન કરશે તો તેના જીવનનો વિકાસ થશે.

મનુષ્યનો આ સંસાર પર જે અધિકાર છે તેનો ત્યાગ કરવાથી જ તે સંસારના ઋણથી મુક્ત થઈ શકશે. જ્યાં સુધી તેને પોતાના અધિકારનું અભિમાન રહેશે, ત્યાં સુધી તેનું ચિત્ત શુદ્ધ થઈ શકશે નહિ. ન તો તે સંસારને છોડી શકશે, ન તો તેના ઋણથી તે મુક્ત થઈ શકશે, કેમ કે તે આ સંસાર પાસેથી કંઈ ને કંઈ લેવા ચાહશે, તેની ઇચ્છાનો કોઈ અંત આવશે નહિ.

જો સાધક અન્યના અધિકારની રક્ષા ન કરી શકે તો તેણે તેમની માફી માગી લેવી અને પોતાના અધિકારની પૂર્તિની આશા

છોડી સંસાર સાથેના સંબંધને ત્યાગી દેવો જોઈએ. સંસાર સાથેનો સંબંધ છૂટતા જ આપોઆપ ભગવાન સાથે સંબંધ જોડાઈ જશે.

જ્યાં સુધી મનુષ્યની માન્યતા તેનાં વાક્યો પૂરતી છે અને જીવનમાં દેહભાવ રાખે છે, તેમજ વિધાનનું પાલન નથી કરતો ત્યાં સુધી તેનુ ચિત્ત શુદ્ધ થતું નથી, દેહભાવથી તે ભોગવૃત્તિમાં ફસાય છે. ઈચ્છા, દ્વેષ, સુખ અને દુઃખ—આ બધાની ઉત્પત્તિ દેહભાવથી જ થાય છે.

જ્યારે એવો નિશ્ચય થઈ જાય કે હું શરીર નથી, ત્યાર બાદ ઈચ્છાઓ-ભોગવાસનાઓનો ઉદય થતો નથી અને ભોગવાસના વગર ઈચ્છા, દ્વેષ, સુખ-દુઃખ થતા નથી, ચિત્ત શુદ્ધ થઈ જાય છે. હું શરીર નથી એમ સમજી લેવાથી બેડો પાર થઈ જાય છે.

હું શરીર નથી એવો નિશ્ચય કરવો એ પ્રથમ સાધના છે. કેમ કે ભોગવાસનાને લીધે જ મનુષ્ય દેહભાવનામાં જકડાયેલો રહે છે. તેથી જ્યાં સુધી એવો નિશ્ચય ન થાય કે હું શરીર નથી, ત્યાં સુધી તેની ઉપર જ બુદ્ધિને કામે લગાડવી જોઈએ. ચિત્ત શુદ્ધ થતાં જ પ્રભુ-પ્રેમ આપોઆપ મળી જાય છે.

જે પોતાને નથી જાણતો તે ઈશ્વરને કઈ રીતે જાણી શકે ? તેથી સાથકે આત્મા અને પરમાત્માને પોતાની બુદ્ધિથી જાણવાની કોશિશ ન કરવી જોઈએ, કેમ કે આત્મા અને પરમાત્મા બુદ્ધિનો વિષય નથી, તે તો સાક્ષાત્કારનો, બોધનો વિષય છે.

હું શરીર નથી એમ સમજી લેવાથી જ સમસ્ત વાસનાઓનો અંત આવી જશે, ચિત્ત સ્થિર થઈ જશે અને બુદ્ધિ સમ થઈ જશે. બધા જ દુઃખનો અભાવ થઈ જશે. ત્યાર બાદ કેવળ ઈશ્વર-પ્રેમની લાલસા રહી જશે, બીજું કોઈ કર્તવ્ય બાકી નહિ રહે. ઈશ્વર-પ્રેમની લાલસા તમને ઈશ્વર સાથે મેળવી દેશે.

(૩૩)

આજકાલ લેખ-પ્રકાશન અને વ્યાખ્યાનોનો રિવાજ ચાલી રહ્યો છે તેમાં સાચું પૂછો તો લાભ કરતાં હાનિ વધારે થઈ રહી છે. શિક્ષાની દૃષ્ટિએ તો લાભ છે, જાણકારી વધે છે, પરંતુ વ્યક્તિગત આધ્યાત્મિક ઉન્નતિનો વિચાર કરીએ તો લાભ નથી, કેમ કે લેખ અને વ્યાખ્યાનો દરેક જાતના મનુષ્યોની યોગ્યતાઓને ધ્યાનમાં રાખીને લખવામાં આવે છે. તે કોઈ એક સાધન માટે નથી લખવામાં આવતા. વિવિધ પ્રકારની વાતો સાંભળીને સાધક પોતાની યોગ્યતા મુજબ કોઈ એક સાધનનું નિર્માણ કરીને પોતાના સાધનને દૃઢ બનાવી શકતો નથી. આવી યોગ્યતા કોઈ વિરલ સાધકમાં જ હોય છે. જે પોતાની વિવેકશક્તિથી સાધનની પસંદગી કરી તેમાં દૃઢ નિષ્ઠા કરી લે. ત્યાર બાદ જેમાં પણ શંકા હોય, કોઈ પ્રકારની મૂંઝવણ થાય તો તેનું સમાધાન મહાપુરુષોના લેખો, સદ્ગ્રંથો કે વ્યાખ્યાનોમાં સાંભળેલા ઉપદેશ દ્વારા કરી લે અને પોતાની નિષ્ઠા દૃઢ કરી લે. મોટા ભાગના લોકોને તો મૂંઝવણ જ થાય છે.

પહેલા સત્સંગની પ્રણાલી ઘણી સારી હતી. જ્યારે કોઈના મનમાં સંસારથી વૈરાગ્ય થતો તો તે કોઈ ગુરુની શોધ કરતો, તીવ્ર જિજ્ઞાસા થવાથી તેને ગુરુ મળતા, ત્યાર બાદ ગુરુ તેને તેની યોગ્યતા, રુચિ અને વિશ્વાસ વિશે સમજાવતા, તે પછી જે સાધન તેને માટે ઉપયોગી જણાતું, તે સાધન ગુરુ તેને બતાવતા. તે સાધક પોતાના સાધનનો લોકોમાં પ્રચાર ન કરતો પણ તે મુજબ પોતાનું જીવન બનાવીને એટલે કે સાંભળેલા ઉપદેશોને સારી રીતે આચરણમાં લાવીને યોગ, બોધ કે પ્રેમ તત્ત્વ પ્રાપ્ત કરીને બાદમાં અન્યને તેમના અધિકાર-યોગ્યતા મુજબ બતાવતો. આ રીતનો જે પ્રચાર થાય તે ઠોસ ગણાય અને તેનાથી ઉત્તરોત્તર વ્યક્તિઓનું નિર્માણ થતું.

આજકાલના પ્રચારથી જાણકારી તો વધે છે, પરંતુ તે મુજબ સાધનમાં પ્રવૃત્તિ નથી થતી.

સાધકે પોતાની સાધના દૃઢ કરવા માટે, પોતાની શંકાઓ, દુવિધાઓ અને ચિંતાઓ મટાડવા માટે સત્સંગનો સહારો લેવો જોઈએ. પણ બીજાને શિખવાડવા માટે નહિ.

પરમ સુહૃદ પરમેશ્વર કૃપા કરીને બધા મનુષ્યોમાં વિવેકશક્તિ મુકેલી છે. મનુષ્યે શું કરવું અને શું ન કરવું જોઈએ, તે બધા જ જાણે છે, પરંતુ પોતાની વિવેકબુદ્ધિનો અનાદર કરીને મનુષ્ય પોતાનું જીવન ઉન્નત નથી બનાવતો. ગ્રંથ, ગુરુ અને વ્યાખ્યાન પણ એ જ સાર બતાવે છે જે સાધકમાં પહેલેથી જ બીજરૂપ વિદ્યમાન છે. તે કોઈ નવી શક્તિ ઉત્પન્ન નથી કરી શકતા. જેમ પૃથ્વીમાં જેવું બીજ રોપવામાં આવે તેવું જ વૃક્ષ ઉત્પન્ન થાય છે. જે શક્તિ બીજમાં હોય છે, તેનો જ વિકાસ પૃથ્વી, જળ, સૂર્ય, ચંદ્ર, આકાશ અને વાયુની સહાયતાથી થાય છે. તે રીતે જેમાં જોવાની શક્તિ હોય છે, તેને જ સૂર્યનારાયણ પોતાના પ્રકાશથી મદદ કરે છે વગેરે.

તેથી એ સિદ્ધ થાય કે ગુરુ, ગ્રંથ અને સત્સંગ સાધકમાં રહેલી વિવેકશક્તિને જ વિકસિત કરે છે. કોઈ નવી શક્તિ પ્રદાન નથી કરતા. ગુરુનો ઉપદેશ, શાસ્ત્રોનું પ્રમાણ અને પોતાનો અનુભવ– આ ત્રણેના મિલનથી એટલે કે ત્રણેય જ્યારે એક થાય છે ત્યારે સાધકનો ભાવ પાકો થાય છે અને તે નિશ્ચય કરે છે કે મારે અમુક સાધન કરવું છે.

તેથી સાધકે પોતાના વિવેકનો આદર કરીને તેની મદદથી સત્સંગ કરવો જોઈએ અને પોતાની મૂંઝવણને દૂર કરીને વિશ્વાસ દૃઢ બનાવવો જોઈએ તથા પોતાના વિશ્વાસ રુચિ અને યોગ્યતાને અનુરૂપ સાધનનું નિર્માણ કરીને તે મુજબ પોતાનું જીવન બનાવવા માટે તત્પર થવું

જોઈએ, તેમજ પોતાના સાધનમાં કોઈ પ્રકારની શંકા ન કરવી જોઈએ. એવો દૃઢ નિશ્ચય રાખે કે મને આનાથી અવશ્ય લક્ષપ્રાપ્તિ થશે અને તે પણ વર્તમાનમાં જ થશે.

જે પોતાના વિવેકનો આદર નથી કરતો, તે સત્સંગથી પણ લાભ ઉઠાવી શકતો નથી.

જ્યારે સાધનનું નિર્માણ સાધકના વિશ્વાસ, રુચિ અને યોગ્યતા મુજબ બરાબર થઈ જાય છે, ત્યારે સાધકને પોતાનું સાધન બોજરૂપ નથી લાગતું, તેમાં તેને કોઈ અસ્વાભાવિકતા નથી જણાતી, પરંતુ સાધન તેના જીવનનું અંગ બની જાય છે. તેના વિના તે રહી નથી શકતો. સાચા સાધકમાં પોતાના સાધન માટે કોઈ પ્રકારનું અભિમાન નથી રહેતું અને બીજાના સાધનનો તે અનાદર નથી કરતો. પોતાના સાધન પ્રત્યે તેનો પ્રેમ અને વિશ્વાસ એટલો દૃઢ થઈ જાય છે કે સાક્ષાત્ બ્રહ્માજી આવીને કહે કે 'તારું સાધન ઠીક નથી, તેને છોડી દે હું તને બીજું સાધન બતાવું છું.' તો તેનો જવાબ એ જ હશે કે 'મહારાજ ! આ વિષયમાં મારા ગુરુ જેટલું જાણે છે એટલું તમે જાણતા નથી. તમારે જો કૃપા જ કરવી હોય તો આટલું કરો કે હું જે સાધન કરું છું તેમાં મને સફળતા મળે. હું મારું સાધન છોડી શકતો નથી.'

જ્યારે સાધકનો પોતાના સાધન પ્રત્યે દૃઢ વિશ્વાસ થઈ જાય છે, ત્યારે તે જે પણ આર્ષ ગ્રંથને જુએ છે, તેમાં તેને પોતાના સાધનની, પોતાના સિદ્ધાંત અને માન્યતાની પ્રધાનતા દેખાય છે. બીજાં અન્ય સાધનો તેને પોતાના સહયોગી જણાય છે. તે પહેલાં જ્યાં સુધી સાધકની એકનિષ્ઠા નથી થતી, ત્યાં સુધી તેને અનેક સાધન દેખાય છે તેમજ જ્યારે સિદ્ધ-અવસ્થા થઈ જાય છે, ત્યાર બાદ તો બધા જ સાધન ઉપયોગી દેખાય છે; પરંતુ સાધન-અવસ્થામાં

સાધકને પોતાનું સાધન અને પોતાને માન્ય સિદ્ધાંત જ સર્વોપરિ જણાય છે. ગ્રંથોની અનેક ટીકાઓ બહાર પાડવાનું આ જ કારણ છે, જે મનુષ્ય જે માર્ગ પર ચાલે છે, તેને તે જ માર્ગ સાચો જણાય છે. સાધકે આજુ-બાજુના માર્ગ દેખાતા નથી. કાં તો ગન્તવ્ય સ્થાને પહોંચ્યા બાદ બધા રસ્તા દેખાય છે અથવા તો ચાલવાનું શરૂ કરતાં પહેલાં અનેક માર્ગ દેખાય છે. ચાલવાની શરૂઆત કર્યા બાદ તો તેને એક જ માર્ગ દેખાય છે, જેના પર તે ચાલે છે.

(૩૪)

ચિત્ત શુદ્ધ થઈ જતા જ માનેલો સંબંધ તૂટી જાય છે અને પોતાના નિત્ય સાથી પ્રભુથી સંબંધ થઈ જાય છે.

જે વ્યક્તિઓ, વસ્તુઓ અને પરિસ્થિતિઓ વગર આપણે દુઃખથી અથવા સુખથી અથવા સુખ-દુઃખની ભાવના વગર રહી શકીએ છીએ અને રહીએ છીએ, તે સંબંધો જ માનેલા સંબંધ છે. જેની પ્રત્યે મનુષ્યને રાગ હોય છે તેના માટે તે દુઃખપૂર્વક રહે છે અને જેમાં દ્વેષ હોય છે તેના વગર તે સુખેથી રહે છે, તથા જે સંબંધમાં ઉદાસીન ભાવ હોય છે, તેના વગર તે સ્વાભાવિક રહે છે. આ રાગ-દ્વેષ જ બંધન છે. આ જ ચિત્તની અશુદ્ધિનું મૂળ કારણ છે, તેમના રહેવાથી ચિત્ત શુદ્ધ થતું નથી.

મનુષ્યનો મોટાભાગનો સમય વ્યર્થ કામોમાં નાશ પામે છે. શરીરથી વ્યર્થ ચેષ્ટા એટલી અધિક થતી નથી, પરંતુ મન તો ૯૦ ટકા વ્યર્થ ચેષ્ટામાં જ લાગેલું રહે છે. કદાચ તેની પણ ઉપર ૯૯ ટકા કહીએ તો અતિશયોક્તિ નહિ થાય, કેમ કે જરૂરી સંકલ્પો તો કાર્ય ખતમ થતા જ સમાપ્ત થઈ જાય છે. તે સિવાય, જરૂરી કાર્ય કરતા દરમ્યાન પણ વ્યર્થ ચિંતન થયા કરે છે.

અરસપરસ મન બહેલાવવા માટે વાતચીત કરવી વ્યર્થ ચેષ્ટા છે. જ્યારે મનુષ્ય અનેક પ્રકારના દુઃખોથી ઘેરાઈ જાય છે, ત્યારે તે દુઃખોને દબાવવા માટે મન બહેલાવવાની વાત યાદ આવે છે. વાસ્તવમાં દુઃખને દૂર કરવાનો તે ઉપાય નથી, પણ પ્રમાદ છે.

આવી વ્યર્થ ચેષ્ટાઓનો ત્યાગ કરવામાં પણ આસક્તિયુક્ત મનુષ્યને મુશ્કેલી પડે છે. આ વાત પર એક ઘટના યાદ આવે છે. એક વિદ્યાર્થીએ એવો એક નિયમ કર્યો કે 'હું કોઈની સાથે કામ વગર નહિ બોલું. કાં તો મારે જરૂર પડશે ત્યારે જ બોલીશ અથવા કોઈ મને પૂછશે ત્યારે બોલીશ.' તો બધા મિત્રો તેનાથી નારાજ થઈ ગયા, કેમ કે તેણે તેમની સાથે વ્યર્થ વાતો કરવાની છોડી દીધી હતી. સંસાર સત્ય છે કે મિથ્યા, એની ઉપર વિવાદ કરવાનો વ્યર્થ છે તે પણ તેની સાથેનો સંબંધ તોડવા માગે છે. તેથી તેને પણ સંસારની જરૂર નથી. તેથી જ તેની ઉપર વિવાદ કે વિચાર કરવો એ બુદ્ધિને કસરત આપવા બરાબર છે, વ્યર્થ ચેષ્ટા છે. સાધકે આમાં બુદ્ધિ પરોવવી નહિ, કેમ કે તેની પાસે આવો સમય ક્યાં છે જ.

મનુષ્યનો જે સમય મોટે ભાગે વ્યર્થ-ચિંતનમાં ચાલ્યો જાય છે, તેના ત્રણ કારણો છે –

૧. ઘટી ગયેલ ઘટનાઓનું ચિંતન. ૨. વર્તમાન સમયનો દુરુપયોગ અને ૩. ભવિષ્યની આશા.

ભૂતકાળની ઘટનાઓનો અર્થ ન સમજવાને કારણે તેનું ચિંતન થાય છે. જો મનુષ્ય વિવેકનો આદર કરીને તે ઘટનાઓના અર્થને સમજી લે તો પછી ચિંતન નહિ થાય. જે કોઈ ઘટના ઘટે છે, તેનું કોઈ ને કોઈ કારણ અવશ્ય હોય છે. તેમાં તેની જે ભૂલ થઈ, તેને સમજીને ભવિષ્યમાં ભૂલ ન કરવાનો દૃઢ સંકલ્પ કરવો

જોઈએ, તેનું કારણ પ્રમાદ હોય તો તે સમજીને સાવધાન થઈ જવું જોઈએ. દરેક ઘટના ભગવાનની ઇચ્છાથી થાય છે અને તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ આપણું હિત સમાયેલું હોય છે, એમ સમજીને ભગવાનની અહેતુક કૃપાના દર્શન કરવા જોઈએ. આ રીતે તે ઘટનાઓનો અર્થ સમજી લેવાથી તેનું ચિંતન થતું નથી.

મળેલ શક્તિનો સદુપયોગ કરવાથી વર્તમાનમાં થવાવાળી વ્યર્થ ચેષ્ટા અને ચિંતન મટી શકે છે તથા વર્તમાનના સદુપયોગથી ભવિષ્ય પણ ઉજ્જ્વળ થાય છે. તેથી ભવિષ્યની આશા પણ જરૂરી નથી. આશા કરવાથી, તેનું વારંવાર ચિંતન કરવાથી કોઈ પણ લાભ થતો નથી. તેથી આશા કરવી જરૂરી નથી. આમ વિશ્વાસ કરવાથી ભવિષ્યની આશા પણ દૂર થાય છે.

તેથી સાધકે ભૂતકાળની ઘટનાઓના અર્થને સમજે, વર્તમાન સમયનો સદુપયોગ કરે અને ભવિષ્યની આશા ન કરે. આ પ્રકારે સાવધાનીપૂર્વક વ્યર્થ ચેષ્ટા અને ચિંતનનો ત્યાગ કરી દેવાથી અને આવશ્યક સંકલ્પોને પૂરા કરી દેવાથી સાધકને જે સમય અને સામર્થ્ય મળે છે, તે સમય અને સામર્થ્ય જ તેને તેના લક્ષ સુધી પહોંચાડી દે છે. જે વસ્તુ અને બળનો મનુષ્ય સદુપયોગ નથી કરતો, તે વસ્તુ અને શક્તિ તેની પાસેથી છીનવાઈ જાય છે, એ પ્રકૃતિનો નિયમ છે. આ રહસ્યને સમજીને પણ મનુષ્યને મળેલ વસ્તુ અને શક્તિનો સદુપયોગ કરવો જોઈએ.

પ્રયત્ન કરવા છતાં પણ જો વ્યર્થ ચિંતન દૂર ન થાય, તેનું એક કારણ એ પણ છે કે બહુ જ કૂડો-કચરો મનુષ્યના મનમાં પહેલેથી જ ભરેલો હોય છે, તેને કાઢવો જ પડશે; તેથી પોતાના મનની વાત મિત્રની સામે અથવા જે કોઈ પોતાનો વિશ્વાસુ હોય તેની સામે સરળ હૃદયે પ્રકટ કરી બહાર કાઢી દેવી જોઈએ. કોઈ પણ રીતે તેની ઊલટી કરી દેવી, ત્યારે જ ચિત્ત શુદ્ધ થઈ શકશે.

પહેલાંની ભૂલોને યાદ કરીને પશ્ચાત્તાપ કરતા રહેવાથી અને ભવિષ્યની આશા રહેવાથી ચિત્ત શુદ્ધ થતું નથી, તેની સાધકે અન્ય પર પોતાની ભૂલનો આરોપ કરીને એટલે કે તેને પોતાની ભૂલમાં કારણ માનીને અથવા પોતાની જેમ જ અન્યમાં ભૂલો જોઈને પોતાની ભૂલોના દુ:ખને ઓછો કરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ, પરંતુ તે ભૂલના દુ:ખથી અત્યંત વ્યથીત થઈ જવું જોઈએ. આમ કરવાથી ભવિષ્યમાં ભૂલ નહિ થાય અને ભૂલનું ચિંતન પણ નહિ થાય, ચિત્ત શુદ્ધ થવા માંડશે, કેમ કે દુ:ખથી ચિત્ત ઘણું જ જલદી શુદ્ધ થઈ જાય છે.

વર્તમાનનો સદુપયોગ કરવા માટે સાધકે સંસાર સાથે સારામાં સારો વર્તાવ કરવો જોઈએ. હિંદુ ધર્મની પરંપરામાં એ વિશેષતા છે કે હિંદુ લોકો પોતાની નિકટના સ્વજનો પર તો વિશ્વાસ અને પ્રેમ રાખે છે તેમજ અપરિચિત મહેમાનોનો ખૂબ જ સારો સત્કાર કરે છે અને ક્રિયા તેમજ વસ્તુ દ્વારા તેમને વધારેમાં વધારે સુખ પહોંચાડે છે. બદલામાં તેમનાથી કંઈ લેતા નથી કે તેમાં આસક્તિ પણ નથી રાખતા. તેથી સાધકે સમજવું જોઈએ કે મારા એકદમ નજીકના કાયમી સંબંધી એકમાત્ર ભગવાન જ છે અને અન્ય શરીર, પત્ની વગેરે બધા જ મહેમાન છે, કેમ કે તેમનો સંયોગ અને વિયોગ મહેમાનની જેમ જ થાય છે. આમ સમજીને તેમનું જેમાં હિત સમાયેલું હોય, તેમના અધિકારની રક્ષા થતી હોય, તેમને સુખ મળતું હોય અને તેમની ઇચ્છા પૂર્ણ થતી હોય, તે જ રીતે પોતાની પાસેની વસ્તુઓ અને પોતાની શક્તિ અનુસાર તેમની સેવા કરવી જોઈએ, પણ તેના બદલામાં ન તો કાંઈ મળવાની આશા કરવી જોઈએ ન તો તેમાં મોહ કરવો જોઈએ તથા વિશ્વાસ અને પ્રેમ પૂરેપૂરો પ્રભુમાં લગાડી દેવો જોઈએ.

સાધકે ન તો સંસારને પોતાનો દુશ્મન ગણી તેની સાથે દ્વેષ

કરવો જોઈએ ન તેની સાથે પોતાપણાનો સંબંધ જોડીને રાગ કરવો જોઈએ. સર્વથા રાગ-દ્વેષરહિત અને ઉદાસીન રહેવું તથા તેના અધિકારની રક્ષા કરીને તેના ઋણમાંથી મુક્ત થવું, કેમ કે સંસારનો ઋણ હશે તો તેની સાથેનો સંબંધ તેનું ચિંતન છૂટશે નહિ.

મનુષ્ય વિચારે છે કે મારી પાસે ધન હોત તો હું તેનો બહુ જ સારો ઉપયોગ કરત. મને પુત્ર હોત તો હું તેની સાથે ઘણું સારું વર્તન કરત અને આ રીતે અન્ય વસ્તુ અને શક્તિ-સામર્થ્યના વિષયમાં વિચાર કરતો રહે છે, પરંતુ જ્યારે તે હાલમાં મળેલ પરિસ્થિતિનો જ સદુપયોગ નથી કરતો, તો મળવાવાળી વસ્તુ કે પરિસ્થિતિનો સદુપયોગ કરશે એમ કેમ માની શકાય. તેણે વિચારવું જોઈએ કે મારી પાસે ધન નથી પણ શરીર તો છે, તેનો હું કેવો સદુપયોગ કરું છું. પુત્ર નથી તો કાંઈ નહિ, કુટુંબીઓ તો છે, તેની સાથે હું ક્યાં સારો વ્યવહાર કરું છું. હું ક્યાં તેમના અધિકારની રક્ષા કરી શકું છું. જેની પાસે આંખ નથી, તેણે વિચારવું જોઈએ કે આંખ ભલે નથી પણ વાણી તો છે જેનો હું ઘણો સદુપયોગ કરી શકું છું. આ રીતે વિચાર કરતાં જણાશે કે આ બધું મનને ધોખો આપવા જેવું છે. મનુષ્ય જૂઠ-મૂઠ આશાઓની જાળમાં ફસાઈને તેનો રસ લેવા ચાહે છે.

મનુષ્યનું મન સાંસારિક વસ્તુઓમાં ફસાયેલું રહે તો તેનો અર્થ એ થાય કે તેના પોતાના પ્રભુથી દૂર રહેવા ઈચ્છે છે, પ્રભુની સાથે તેનો જે નિત્ય સંબંધ છે. તેને ભૂલીને તેનાથી વિમુખ રહેવા ચાહે છે અને જે સંસાર સાથે તેણે ભૂલથી સંબંધ જોડી લીધો છે, તેની જ સાથે રહેવા માગે છે, આનાથી વધારે પ્રમાદ બીજો કયો હોઈ શકે ? સંસાર સાથેના સંબંધે જ મનુષ્યને પ્રભુથી વિમુખ કરી દીધો છે.

તેથી સાધકે સંસાર સાથેના સંબંધોને તોડીને બધી જ રીતે

પ્રભુની સમક્ષ થઈ જવું જોઈએ, કેમ કે જ્યાં સુધી મનુષ્ય સંસાર અને ઈશ્વર–આ બંને સાથે સંબંધ રાખશે, ત્યાં સુધી બંને વિશે ચિંતન થતું રહેશે. એકમાત્ર ભગવાનમાં ચિત્ત નહિ લાગે. જે સાધકે ભીતરથી સંસાર સાથે સંબંધ જોડેલો રાખે છે અને ઉપરથી સંબંધ તોડીને ભગવાનના ભજન-સ્મરણ કરવા માટે અલગ રહે છે તેમનું મન ઘરમાં લાગેલું રહે છે તે ભગવાનનું ચિંતન નથી કરી શકતો.

કોઈનાથી ઘૃણા કરવી તેને ખરાબ સમજીને તેનાથી અલગ થઈ જવું એ તો સામાન્ય બાબત છે, પરંતુ ભીતરથી સંબંધ તોડવો ઘણો કઠિન છે. આ અલગ થવાનો મતલબ એટલે જ નીકળે છે કે રાગની જગ્યા પર દ્વેષ આવી ગયો. તેનાથી સંબંધ તૂટયો નથી.

જે મનુષ્ય પોતાના શરીર સાથેનો સંબંધ તોડી શકતો નથી, તે સંસાર સાથેનો સંબંધ પણ તોડી શકતો નથી. સંબંધ જાળવેલ રાખીને તે કદાચ હિમાલય પર જાય તોપણ તેનું ચિત્ત શાંત કે શુદ્ધ નથી થઈ શકતું.

તેથી સાધકે પોતાના સાથીઓના અધિકારની રક્ષા કરતાં-કરતાં પોતાના કર્તવ્યનું પાલન કરવું જોઈએ. જો કર્તવ્યપાલન ન કરી શકે તો અંદરનો તથા બહારનો બધો જ સંબંધ તોડી દેવો જોઈએ. મૃત્યુ પહેલાં સંસારનો સંબંધ તોડીને પ્રભુ સાથે અવશ્ય સંબંધ જોડી લેવો જોઈએ તથા દરેક પરિસ્થિતિમાં પ્રભુ ઉપર એવો વિશ્વાસ રાખે કે તે (પ્રભુ) જે કંઈ કરે છે. સારું જ કરે છે. તેમના સમાન મારું હિત કરનાર અન્ય કોઈ નથી. તે જો કષ્ટ આપે છે, તો ઘણી કૃપા કરે છે. મને જલદી મળવા માગે છે. મારું હિત શામાં છે, તેના વિશે તે જ જાણે છે અને મારા હિતનું ધ્યાન તેમને મારા કરતાં વધારે છે.

એક મહાત્માને કોઈએ પૂછયું–શું તમે સંન્યાસી છો ? તો તેમણે જવાબ આપ્યો, ‘લોકો મને સંન્યાસી કહે છે, વાસ્તવમાં સંન્યાસી

તો તે છે જેણે સમસ્ત સંકલ્પોનો ત્યાગ કર્યો છે.' કેવો નિરાભિમાન અને સરળ ઉત્તર છે.

જ્યાં સુધી મનુષ્ય સાચેસાચ કુટુંબવાળા સાથેનો સંબંધ છોડતો નથી તેમજ પોતાના કર્તવ્યનું પાલન પણ નથી કરતો, ત્યાં સુધી તેનું ચિત્ત શુદ્ધ થતું નથી. શરીર, સંસાર અને માનેલા સાથીદારોથી સંબંધ તૂટતાં જ પોતાના નિત્ય સાથી પ્રભુ સાથે સંબંધ જોડાઈ જશે.

તેથી સાધકે ભગવાન સાથે સંબંધ જોડીને તેમના નાતે એમ સમજવું જોઈએ કે આ સૃષ્ટિના જેટલાં પણ પ્રાણીઓ છે, બધા મારા પ્રેમના અધિકારી છે; કેમ કે આ સૃષ્ટિ મારા પ્રિયતમની છે, તે જ આનો સ્વામી છે. આ પ્રભુને મેળવવાનો એક માર્ગ છે.

જો કોઈનામાં તમને દોષ જણાય તોપણ એમ સમજો કે તે વ્યક્તિ પણ મારા પ્રભુનો જ છે. તેથી મારે તેને પ્રેમ કરવો જોઈએ. સૃષ્ટિના કણ-કણને પ્રેમ કરવો જોઈએ; કેમકે આ બધું ભગવાનનું છે. આવી ભાવનાથી ચિત્ત શુદ્ધ થઈ જાય છે. સાધકને જે કાર્ય કર્તવ્યરૂપે મળેલું છે તેને ધીરજ અને ઉત્સાહપૂર્વક કરવું જોઈએ. તેમાં પોતાનો વિવેક, સ્નેહ અને શક્તિનો સમન્વય સાધી કુશળતાથી તે કાર્ય સંપન્ન કરે. આળસપૂર્વક, ઉપેક્ષાવૃત્તિથી કે ઉતાવળથી કામ ન કરો. કામ કરતાં કરતાં તેનાથી કંટાળો નહિ. ખરાબ રીતે કરેલ કાર્ય કર્તાના ચિત્તને અશુદ્ધ બનાવે છે. જે કાર્ય યોગ્ય ઢંગથી કરેલો હોય છે, તેના પૂરા થવાથી વૈરાગ્ય નિર્મળતા અને નિર્વિકલ્પતા મળે છે.

જેવી રીતે કોઈના પગમાં કાંટો વાગ્યો હોય તો તેને કાઢી નાખવાથી જ શાંતિ મળે છે. મળ-મૂત્રના ત્યાગથી શાંતિ મળે છે. આ જ રીતે દરેક કાર્ય સારી રીતે પૂર્ણ કરી દેવાથી કર્મ કરવાનો વેગ શાંત થઈ જાય છે, શાંતિ મળે છે અને ચિત્ત શુદ્ધ થઈ જાય છે તેમજ વ્યર્થ ચિંતન થતું નથી. ચિત્ત શુદ્ધ થવાથી દ્વેષ પ્રેમમાં બદલાઈ જાય છે અને દયા ત્યાગમાં ફેરવાઈ જાય છે.

ભક્તના જીવનમાં કર્મ રહેતું નથી પણ સેવા રહે છે. તે આજ્ઞાપાલન વડે મહાપુરુષોની સેવા કરે છે, કરુણા દ્વારા દીન-દુ:ખીઓની સેવા કરે છે. આ રીતે ભગવાનના નાતે બધાની સેવા કરતો રહે છે તે વિશ્વાસ અને પ્રેમ ભગવાનને કરે છે.

(૩૫)

સાધકે વિચાર કરવો જોઈએ કે શરીર અને સંસારની સાથે સંબંધ જોડવાથી મને શું મળ્યું. વિચાર કરતા જણાશે કે દુ:ખ અને અભાવની અનુભૂતિ સિવાય બીજું કંઈ જ મળ્યું નથી. જ્યારે આ બાબત સમજમાં આવી જાય તો પછી તેણે એમ સમજીને બધી જ સાંસારિક વસ્તુઓનો વિયોગ અનિવાર્ય છે, અવશ્ય થવાવાળો છે, જ્યાં સુધી શરીર નાશ ન પામે, ત્યાં સુધી શરીર અને પોતાની વસ્તુઓને સેવામાં લગાડેલું રાખવું– આ જ તેમનો સદુપયોગ છે. વસ્તુ, શરીર અને મનનો યોગ્ય ઉપયોગ કરવાથી નિત્ય અને અનંત આનંદ પ્રાપ્ત થાય છે, જે આ જીવનની માંગ છે.

શરીરનો, વસ્તુઓનો યોગ્ય ઉપયોગ કરવો એક બાબત છે અને તેમને પોતાના માનવા એ બીજી બાબત છે. પોતાના માનવાવાળા, મોહયુક્ત મનુષ્ય એટલો સારો ઉપયોગ નથી કરી શકતો, જેટલો તે સર્વને ભગવાનની માનવાવાળો કરી શકે છે.

હિંદુ ધર્મમાં જન્મ થવાથી તેણે ઈશ્વર બાબતે એટલું સાંભળ્યું છે કે તે ઈશ્વરનો અસ્વીકાર કરી શકતો નથી. ઈશ્વર ક્યાં છે, તે માન્યતાનો કદાચ ભેદ હોય. તેથી જો કોઈ કહે કે ઈશ્વર તો નિર્ગુણ છે અને નિર્વિશેષ છે, તે તેને શી રીતે પ્રેમ કરશે ? તો સાધકે કહી દેવું જોઈએ કે 'ભાઈ ! મારે તો એવા ઈશ્વરની જરૂર નથી, મને તો એવા ઈશ્વર જોઈએ જે પાપીમાં પાપી માણસને પણ પ્રેમ કરતો હોય છે. પરમ દયાળુ અને બધાનો સુહૃદ હોય.

પોતાના પ્રેમીઓને પ્રેમનો રસ આપવા માટે જ અવતાર ધારણ કરી વિવિધ પ્રકારની લીલા કરે છે.'

અવતાર લેવો એ આપણી માફક કર્મને વશ થઈ જન્મ લેવા જેવું નથી, ભગવાનના અવતાર લેવાનો મતલબ પ્રકટ થવાનો છે. તેમનું શરીર ત્રિગુણ માયાનું કાર્ય નથી હોતું, પરંતુ પરમ દિવ્ય ચિન્મય હોય છે.

વિવિધ પરિસ્થિતિઓને જોઈને મનુષ્ય સમજે છે કે ઈશ્વર ન્યાયી છે, પરંતુ ભક્તોનો ભગવાન કેવળ ન્યાયી જ નથી, તે પ્રેમી અને કૃપાળુ પણ છે. સાચી વાત તો એ છે કે ફક્ત ન્યાય માટે ઈશ્વરને માનવાની કોઈ આવશ્યકતા જણાતી નથી. કેમ કે કર્મ પ્રમાણે ફળ ઈશ્વરને ન માનવાવાળો પણ મળે જ છે. ન્યાયી ઈશ્વર જીવને પ્રેમ કરે છે અને શા માટે તેને મળે છે, તો તેમનો ઉત્તર એ છે કે પ્રેમ અને ઈશ્વરનું મળવું કોઈ કર્મનું ફળ ફળ નથી. કર્મનું ફળ તો વારંવાર જન્મવું-મરવું છે. તેથી જે સંસારમાં જ રમણ કરવા માગે છે, તેનાથી ઉપર ઊઠવા માગતો નથી, તેમને માટે ઈશ્વર ન્યાયી છે. પણ જે સંસારથી ઉપર ઊઠવા માગે છે, તેમને માટે તે ન્યાયી નહિ, પરમ દયાળુ છે.

જો ભગવાન નિઃસ્વાર્થ દયા કરવાવાળા અને પતિતપાવન ન હોત તો તેમને કોઈ મેળવી જ ન શકત; કેમ કે સંસારમાં એવું કયું પ્રાણી છે જે પતિત નથી. કોઈ એમ કહી શકતું નથી કે તે પતિત નથી. પતિતનો અર્થ એ છે કે પોતાને મળેલ જગ્યાનો, જીવનનો, વસ્તુનો યોગ્ય ઉપયોગ ન કરવાવાળા આ દૃષ્ટિએ દરેક મનુષ્ય પતિત છે.

જે મનુષ્ય વિવેક વડે શરીરથી પોતાને અલગ અનુભવ કરીને કર્મ સાથેનો સંબંધ ત્યાગીને, સદ્ગતિ મેળવવા માગે છે તેને પણ ઈશ્વરની આવશ્યકતા રહેતી નથી. સદ્ગતિ તો ઈશ્વરને ન

માનનારાઓને પણ મળી જાય છે.

ઈશ્વરની આવશ્યકતા વાસ્તવમાં તો પતિત પ્રાણીઓને જ છે. કેમ કે ભગવાન પતિતપાવન છે. તેથી સાધકનું કામ એ છે કે તે ભગવાનની શરણે થઈ જાય. અન્ય કોઈને પોતાનો ન માને તેમજ બીજે ક્યાંય આંખ ઉઠાવીને પણ ન જુએ. જે સંસાર તેનો ત્યાગ કરી રહ્યો છે, તેને ઠોકર મારે છે, તેના તરફથી કોઈ આશા ન રાખે.

શરણાગત ભક્તની દરેક જરૂરિયાત આપમેળે પૂર્ણ થઈ જાય છે, જેમ કે કોઈ ફળ ખરીદવા બગીચામાં જાય તો તેને છાયો અને શુદ્ધ હવા મફતમાં મળી જાય છે. તે માટે તેને કંઈ કરવું પડતું નથી.

તેથી સાધકે પોતાને પતિત સમજીને અને ભગવાનને પતિતપાવન માનીને પોતાની જાતને ભગવાન પ્રત્યે સમર્પિત કરી દેવી જોઈએ. સંપૂર્ણ ભાવથી તેમનો જ થઈ જાય. ત્યારે જ ચિત્ત-શુદ્ધ થશે.

(૩૬)

સાધકનો પોતાનો સાધનમાં સદ્‌ભાવ અને પ્રેમ હોવો જોઈએ. ચિત્તની અશુદ્ધિનાં અનેક કારણોમાં એક કારણ એ પણ છે કે નિર્દોષ હોવા છતાં પણ પોતાને દોષિત માનવો. મનની અને બાળકની દશા એક જેવી હોય છે. તેથી સાધકે પોતાના મન સાથે બાળકની જેમ વર્તન કરવું જોઈએ. બાળકના મનની બધી વાત પૂરી કરવા છતાં તેનું ભલું થતું નથી અને પૂરી ન કરવાથી પણ તેનો સુધાર નથી થતો. જે વાત તેના હિતની હોય, પૂરી કરી શકાય, તેને પૂરી કરી દો અને જે પૂરી કરવા યોગ્ય ન હોય તેને ભુલાવવા માટે તેને એવી કોઈ બીજી વસ્તુ આપો. તેના માટે સારી અને રસદાયક હોય. આમ કરવાથી બાળકનો સુધાર સરળતાથી થઈ શકશે. તેને ડરાવવાથી, ધમકાવવાથી, લાલચ આપવાથી અથવા તેને કાયમ બેવકૂફ કહેતા રહેવાથી તેનો સુધાર નહિ થાય, તે ભયભીત, લાલચું

અને બેવકૂફ બનશે. બુદ્ધિમાન નહિ બની શકે. આ જ બાબત મનને પણ લાગુ પડે છે.

મનને ડરાવીને, ધમકાવીને દબાવવું ન જોઈએ. તેની જે ઇચ્છા પૂરી કરવા લાયક હોય, તેને પૂરી કરી દેવી જોઈએ. જે પૂરી કરવા લાયક ન હોય, તેને ભૂલી જઈને અથવા મનને સમજાવીને મટાડી દેવી જોઈએ. બદલામાં કોઈ સારી રસદાયક વસ્તુ તેની સમક્ષ લાવીને તેમાં મનને લગાડવું જોઈએ. દરેક વખત તેને દોષી ન સમજી તેને ભલાઈ જ બતાવતાં રહેવું.

મન પાસે પોતાની શક્તિ નથી, તે આપણી પાસેથી જ શક્તિ મેળવીને બળવાન થાય છે અને પછી આપણી જ સાથે લડવા લાગે છે તથા પોતાની ઇચ્છાની પૂર્તિ કરે છે. તેથી સાધકે મનને પોતાની સાથે ન રાખીને તેને શક્તિ પ્રદાન ન કરવી જોઈએ, પોતાને મન કરતા અલગ રાખીને બાળકની જેમ તેને સુધારવું જોઈએ. મનની સાથે મેળ થઈ જવાને કારણે જ મનુષ્ય દોષોને જાણવા છતાં દૂર કરી શકતો નથી. મનમાં દોષ આવતાં-જતાં રહે છે. તે કાયમ દોષી બની રહેતું નથી. દોષ મનુષ્યમાત્રના સ્વભાવમાં નથી. તેથી દોષ કાયમી ધોરણે રહી શકતા નથી. તેનો ઉદય અને અંત અવશ્ય થાય છે. નિર્દોષતા સાથે મનુષ્યની જાતીય એકતા છે, તેથી તે દરેક સમયે નિર્દોષ રહી શકે છે. પ્રકૃતિનો સ્વભાવ દોષોને દૂર કરીને મનુષ્યને શુદ્ધ બનાવવાનો છે. તેથી પ્રકૃતિ કોઈનું પતન નથી કરતી. મનુષ્ય પોતે જ દોષોને આશ્રય આપીને તેમને શક્તિશાળી બનાવે છછ. દોષનાં કારણોને દૂર કરવાથી તે સરળતાથી દૂર થઈ શકે છે. દેહમાં 'હું' પણાનો ભાવ અને ભોગ-ભોગવવાની ઈચ્છા, આ જ દોષોની ઉત્પત્તિનું કારણ છે.

તેથી સાધકે જ્યારે દોષ ઉત્પન્ન થાય ત્યારે મનને દોષી સમજવું, પણ દોષની નિવૃત્તિ સમયે તેને દોષી ન સમજવું જોઈએ. મનને

દરેક સમય દોષી સમજવાથી તે નિદોર્ષ બની શકતું નથી. તે દોષી જ બનેલું રહે છે. નિર્દોષતાની સ્થાપનાથી દોષ આપમેળે દૂર થઈ જાય છે; કેમ કે નિર્દોષતા એ મનુષ્યનો સ્વભાવ અને જીવનની આવશ્યકતા છે.

જેવી રીતે શરીરનું સ્વસ્થ રહેવું સ્વાભાવિક છે, તેથી તે કાયમ સ્વસ્થ રહી શકે છે. બીમારી કાયમ રહેતી નથી, તે આવે છે અને જાય છે. તે જ પ્રમાણે દોષ પણ કાયમ નથી રહેતા, આવે છે અને ચાલ્યા જાય છે. તેને દૂર કરવા મુશ્કેલ નથી.

તેથી સાધકે દોષની ઉત્પત્તિના સમયે પોતાને દોષી માનવો અને તે સમયે દોષને જોઈને ભવિષ્યમાં દોષને ઉત્પન્ન ન થવા દેવાનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ. સાધકે એ રીતે વિચાર કરવો જોઈએ કે 'દોષ ઉત્પન્ન થયા પહેલાં મારામાં દોષ હતો નહિ અને તે દૂર થયા બાદ પણ રહેશે નહિ. તેથી સ્વભાવગત હું નિર્દોષ છું. તો પછી મારામાં દોષ કઈ રીતે આવી શકે ?' આ રીતે નિર્દોષકાળમાં નિર્દોષતાની દૃઢ ભાવના મજબૂત કરવાથી દોષ મટી જઈ શકે છે અને તેની પુનઃ ઉત્પત્તિ થતી નથી.

જે વાતનો મનુષ્ય સ્વીકાર કરી લે છે તે તેના મનમાં દૃઢ થઈ જાય છે. જેની સ્વીકૃતિ નથી રહેતી તેની સત્તા તેના મનમાં રહેતી નથી, એવો નિયમ છે, તેથી આપણે જેને મટાડી દેવું છે તેનો અસ્વીકાર કરી દેવો જોઈએ.

જૂઠ ન બોલવાના સમયે બધા સત્યવાદી હોય છે. જૂઠ બોલ્યા પછી તે ફરી સત્યવાદી થઈ જાય છે, દરેક સમયે આપણે મિથ્યાવાદી નથી રહેતા, આ જ બાબત દરેક દોષના વિષયમાં સમજી લેવી જોઈએ.

અગર કોઈ કહે કે આમ કરવાથી અભિમાન વધશે, તો વાસ્તવમાં એવી વાત નથી, કેમ કે જે કાર્ય પોતાના દ્વારા કરવામાં આવે

છે, તેનું જ અભિમાન થાય છે. સ્વાભાવિકતાનું અભિમાન નથી રહેતું, તેમ છતાં પણ જો અભિમાન રહે તો 'હું દોષી છું' એવા અભિમાન કરતા તો 'હું દોષી નથી' નું અભિમાન સારું છે.

મનુષ્ય વિચારે છે કે ભગવાનને પ્રાપ્ત કરવા કઠિન છે, એ આપણી ભૂલ છે; કેમ કે ભગવાનથી આપણી દેશકાળનું અંતર નથી. તે આપણી જાતિના જ છે અને આપણા આ જીવનમાં તેમને પ્રાપ્ત કરી લેવા પરમ આવશ્યક છે. ભોગોને મેળવવા ચોક્કસ મુશ્કેલ છે; કેમ કે તેમાં આપણે ખરેખર પરાધીન છીએ. તેનાથી આપણી કોઈ પ્રકારે એકતા નથી.

આ ઈશ્વરીય નિયમ છે કે જે ચીજ અતિ આવશ્યક હોય છે તે એટલી જ સરળતાથી મળે છે. જેમ કે ઝવેરાતની માણસને બહુ જ ઓછી જરૂર છે, તેથી તે ઘણી મુશ્કેલીથી કોઈક-કોઈકને જ મળે છે અને તેની કિંમત પણ ખૂબ વધારે આપવી પડે છે. તેમજ તેની કિંમત પણ સાચેસાચી પારખી શકાતી નથી. તેનાથી વધારે જરૂરિયાત સોનાની છે. તેને મેળવવામાં ઝવેરાત જેટલી મુશ્કેલી પડતી નથી. તેની કિંમત પણ સમય પ્રમાણે નિશ્ચિત રહે છે તેનાથી વધારે જરૂરિયાત ચાંદીની છે. તે સોના કરતાં સસ્તી અને સરળતાથી મળે છે. ચાંદી કરતાં પણ ખાદ્ય પદાર્થોની વધારે છે. તેથી તે ચાંદી કરતાં સસ્તા અને સરળતાથી મળે છે. તેના કરતાં પણ વધારે જરૂરિયાત પાણીની છે. તેના વગર માણસ જીવી નથી શકતો. તેથી ખાદ્ય પદાર્થ કરતાં પાણી સરળતાથી મળી જાય છે. પાણી કરતાં પણ અતિ આવશ્યક સૂર્યપ્રકાશ અને હવા છે અને તે આપણને એમ ને એમ મળી રહે છે. તેનાથી પણ વધારે જરૂરિયાત આકાશની છે. તે આપણાં પંચભૂત શરીરથી ક્યારેય અલગ થતું નથી. સૂર્યનો પ્રકાશ કે ગરમી તથા વાયુ કે આકાશ માટે કોઈ કિંમત ચૂકવવી નથી પડતી. આ બધા કરતાં પણ વધારે આવશ્યક આ જીવનમાં

ભગવાનની છે અને તેનાથી કોઈ દૂર નથી. છતાં તેમને મળવામાં મુશ્કેલી અનુભવ કરવી એ પ્રમાદ નહિ તો બીજું શું હોઈ શકે.

તેથી સાધકે એ વિશ્વાસ રાખવો જોઈએ કે ભગવાન મને આ હાલના જન્મમાં જ મળી શકે છે. તેમાં કોઈ મુશ્કેલી નથી. ભગવાનને શરણે જતા જ ભગવાન તેને તરત જ અપનાવી લે છે. તેના અનંત જન્મોના દોષોને તરત મટાડી દે છે. ખરેખર તો મનુષ્યના અભિમાને જ તેને બાંધેલો રાખ્યો છે.

હું શરીર છું એમ માનવું અને સંસારને ચાહવો– આ જ બધા દોષોનું મૂળ છે. તે મટી જતા બધા દોષો આપમેળે જ મટી જાય છે. એક દોષથી બીજા દોષનો સંબંધ છે. આ જ રીતે એક ગુણનો બીજા ગુણનો સંબંધ છે. તેથી એક દોષ મટી જવાથી બીજા બધા દોષ મટી જાય છે તથા એક ગુણને ગ્રહણ કરવાથી બીજા ગુણ આપોઆપ આવી જાય છે.

મનુષ્યમાં બૂરાઈના સંસ્કાર રહે છે. બૂરાઈ હર સમયે રહેતી નથી, તે મટી પણ જાય છે. સંસ્કારની ચાહ મટી જવાથી પણ આપમેળે મટી જાય છે. વાસ્તવમાં ચાહને મટાડવામાં કોઈ મુશ્કેલી નથી. તેને પૂરી કરવામાં બહુ મુશ્કેલી છે; કેમ કે સંસારની સૌથી સારી ચીજ કોઈ એકને જ મળી શકે છે. સંપૂર્ણ પૃથ્વીનો જો કોઈ સમ્રાટ હોય તો તે એક જ હોઈ શકે છે. હિંદુસ્તાનનો વડાપ્રધાન કોઈ એક જ હોઈ શકે છે. સહુથી વધારે ધનવાન કોઈ એક જ હોઈ શકે છે. ઇચ્છા રાખનાર તો ઘણાં હોય છે, પણ દરેકની દરેક ઇચ્છા કદી પૂરી થતી નથી. અભાવ કાયમ રહે છે અને મળેલ વસ્તુના વિયોગનો ભય તે વ્યક્તિને કાયમ રહે છે. ઇચ્છાની પૂર્તિમાં મનુષ્ય કાયમ પરાધીન રહે છે. તેથી તેની પૂર્તિ કરવી કઠિન જ નહિ, અસંભવ છે.

પરંતુ ઇચ્છાના ત્યાગમાં મનુષ્ય કાયમ સ્વતંત્ર છે. એક જ

સમયે અનેક ઈચ્છાવિહિન મનુષ્યો આનંદથી રહી શકે છે, પરંતુ ઈચ્છાવાળા મનુષ્યોમાં એક-બીજાનો ભય રહ્યા કરે છે. કોઈ ઈચ્છાને લઈને તપ અથવા યજ્ઞ વગેરે કર્મ કરવાવાળાથી ઈન્દ્ર પણ ડરે છે કે કદાચ આ મારો અધિકાર છીનવી ન લે, પરંતુ ઈચ્છાવિહિનને બધા જ ચાહે છે. બધા જ તેને પ્રેમ કરે છે. અન્યથી કંઈક મેળવવાની આશા રાખનારનો ડગલે ને પગલે અનાદાર થાય છે. ઈચ્છા વગરના મનુષ્યનો ક્યાય ક્યારેય અનાદર થતો નથી. બધા જ તેનો આદર કરે છે. તેને ભગવાનની કૃપા અને જગતના આશીર્વાદ આપમેળે મળતા રહે છે. તેથી સાધકે ભગવાન પર ભરોસો રાખીને ઈચ્છાઓનો ત્યાગ કરવો જોઈએ. હું શરીર છું, એ મિથ્યા માન્યતા જ કામનાઓનું કારણ છે. હું શરીર નથી, ભગવાનનો છું, એવો વિશ્વાસ જ એ મિથ્યા માન્યતાને મટાડવામાં પૂર્ણ સમર્થ છે.

એ જ રીતે વૈરાગ્ય કરવો, ત્યાગ કરવો અને ભગવાનને પ્રાપ્ત કરવા પણ સરળ છે. ભગવાન સહુને સરળતાથી મળી શકે છે. તેમાં કોઈ મુશ્કેલી નથી. ધન અને ભોગ-વસ્તુઓને મેળવવામાં મુશ્કેલી છે. ત્યાગમાં કોઈ મુશ્કેલી નથી. રાગનો ત્યાગ એટલે જ વૈરાગ્ય. તેમાં બધા સ્વતંત્ર છે. વૈરાગ્યથી કોઈને ભય નથી હોતો. તેથી તેનો કોઈ વિરોધ નથી હોતો. જે કોઈ ઈશ્વરને મળવા માટે વ્યાકુળ થાય છે, તેને ઈશ્વર તરત જ મળે છે. એટલે ભગવાન મળવા બહુ સરળ છે. તેમની અભિલાષામાં જ પ્રેમ છે. તેથી સાધકે સર્વ પ્રકારની ભોગવાસનાનો ત્યાગ કરીને ભગવાનને મેળવવા માટે વ્યાકુળ થવું જોઈએ અને તેમની પ્રસન્નતા માટે બધાની સેવામાં, બધાની ભલાઈમાં લાગી જવું જોઈએ.

સંતોનું કહેવું છે કે **'जो तोकों काँटा बुवे, ताहि बोय तू फूल'** તેથી સાધકે બૂરાઈનો બદલો ભલાઈથી વાળવો જોઈએ. જે આ મૂળ મંત્રને જીવનમાં ઉતારે છે, તે મહાન બની જાય છે. રાજામાં

ન્યાય હોય છે અને સાધુમાં પ્રેમ હોય છે.

બૂરાઈના બદલામાં બૂરાઈ ન કરવી– એ માનવતા છે. બૂરાઈના બદલામાં ભલાઈ કરવી–એ સાધુતા છે. દુ:ખથી મનુષ્યનું ચિત્ત શુદ્ધ થાય છે. જે સાચે જ દુ:ખી થાય છે તે જ મોટો સેવક બને છે.

ક્રોધથી ભારે નુકસાન થાય છે. કર્યુ-કરાવેલું કામ ક્રોધના કારણે બગડી જાય છે. વર્ષોથી બનાવેલ કામ એક ક્ષણમાં ક્રોધને કારણે બગડી જાય છે. તેથી સાધકે કદી કોઈ પર ક્રોધ કરવો નહિ.

ચિત્ત શુદ્ધ થવાથી દરેક પ્રકારની પૂર્ણતા આવે છે. યોગીને યોગ, વિચારશીલને જ્ઞાન અને વિશ્વાસુને પ્રેમ આપમેળે મળી જાય છે.

(૩૭)

આગળ જણાવ્યું છે કે નિર્દોષતા સ્થાપવાથી ચિત્ત શુદ્ધ થાય છે, કેમ કે મનુષ્ય પોતાને જેવો માને છે, તેવો જ તે બની જાય છે. એ પ્રકૃતિનો નિયમ છે.

દરેક મનુષ્યને કોઈ ને કોઈ પ્રકારે ભગવાનની જરૂર છે, કેમ કે બધાં જ એવું સુખ ઇચ્છે છે જેમાં દુ:ખ ન હોય અને જેનો કદી અભાવ ન હોય. તે આનંદ ભગવાન સિવાય બીજે ક્યાંયથી મળતા નથી અને તે ત્યારે જ મળે છે જ્યારે ચિત્ત શુદ્ધ થઈ જાય.

મનુષ્યને જેટલું પણ સુખ-દુ:ખ જણાય છે તે બધાનું મૂળ કારણ ચિત્તની અશુદ્ધિ છે, જ્યાં સુધી ચિત્ત અશુદ્ધ રહે છે, ત્યાં સુધી તેમાં અનેક જાતની ઇચ્છાઓ ઉત્પન્ન થયા કરશે. ઇચ્છાની પૂર્તિમાં સુખનો અનુભવ થાય છે અને અપૂર્તિમાં દુ:ખ. એક ઇચ્છાની પૂર્તિ થતા જ બીજી ઇચ્છા ઉત્પન્ન થઈ જાય છે. આ રીતે કાયમ અભાવ લાગતો રહે છે. આ રીતનું સુખ-દુ:ખમય જીવન ચિત્તની અશુદ્ધિનું પરિણામ છે.

મનુષ્યને ધનની શી જરૂર છે ? જે વસ્તુની તેને જરૂર છે તે ધન વડે મેળવી શકાય છે. વસ્તુઓની તેને શી જરૂર છે ? ભોગ-ઇચ્છાની પૂર્તિ માટે. ઇચ્છાની પૂર્તિ મનુષ્ય કેમ ચાહે છે ? ઇચ્છાની પૂર્તિમાં મનુષ્યને સુખનો આભાસ થાય છે. વસ્તુઓના મળવાથી સુખ માલૂમ થાય છે, આ જ વાસના છે અને આ વાસના જ લોભ છે. તેથી એ સિદ્ધ થાય છે કે લોભને કારણે જ મનુષ્યને ધનની જરૂર પડે છે. લોભ ન રહે તો ધનની જરૂર રહેતી નથી.

મનુષ્યની આગળ વધવાની, ઉપર જવાની ઇચ્છા સ્વાભાવિક છે. જે વસ્તુ કે પરિસ્થિતિ તેને પ્રાપ્ત છે, તેનાથી પણ સારી વસ્તુ કે પરિસ્થિતિ તેને જોઈએ છે તેવું મળી જાય તો તેના કરતાં પણ સારી વસ્તુ કે પરિસ્થિતિ તેને જોઈએ છે. જેટલું ધન તેની પાસે છે, તેનાથી પણ વધારે તે મેળવવા ચાહે છે. જેટલી ભોગસામગ્રી તેને પ્રાપ્ત છે. તેનાથી પણ સારી અને વિવિધ પ્રકારની વસ્તુઓ તેને જોઈએ છે. તેને જેટલું સન્માન પ્રાપ્ત છે, તેનાથી પણ વધારે જોઈએ છે. જે પદ કે અધિકાર તેને પ્રાપ્ત છે, તેનાથી ઊંચો અધિકાર તેને જોઈએ છે. આ રીતે તેની ઇચ્છાઓનો કદી અંત આવતો નથી. અભાવ તેની આગળ ને આગળ રહ્યા કરે છે અને અભાવ હોવાથી સુખ કદી મળી શકતું નથી.

જ્યારે કોઈ કારણવશ મનુષ્યનું નુકસાન થઈ જાય છે, તેની વસ્તુઓ અને ધન ચાલ્યું જાય છે, ત્યારે તે ઇચ્છે છે કે ગમે તે રીતે તેનું ભરણ-પોષણ ચાલતું રહે, વધારે નહિ તોપણ પહેલાં જેવી પરિસ્થિતિ ફરી મળી જાય, તો હું સુખી થઈ જઈશ અને જો તેવી પરિસ્થિતિ મળી જાય તો તેનાથી પણ વધારે મેળવવાની લાલસા જાગ્રત થાય છે. આ રીતે મનુષ્ય વિવિધ પ્રકારની ઇચ્છાઓના જાળમાં ફસાયેલો રહે છે. વાસ્તવમાં વસ્તુઓનું મળવું તેના સુખ-દુ:ખનું કારણ નથી. ઇચ્છા ફળીભૂત થવાથી સુખ અને નવી ઇચ્છા

ઉત્પન્ન થવી એ જ દુઃખ છે અને ઈચ્છાનો અંત એ જ સુખ-દુઃખથી પર થવાની સ્થિતિ છે અને તે જ ચિત્તની શુદ્ધિ છે. મનુષ્યને જે સુખ બીજાને દુઃખી કરીને મળે છે, તે બરાબર નથી, કેમ કે જે વસ્તુ કોઈના દુઃખથી ઉત્પન્ન થાય છે તેનું પરિણામ પણ દુઃખદાયક હોય છે. કેરીના ગોટલામાંથી કેરી જ બનશે અને બાવળના બીજમાંથી કાંટા જ પેદા થશે.

વ્યાપારના બે રૂપ છે—એક તો એ સટ્ટાનો વેપાર છે જેમાં જુગારની જેમ કોઈ એકનું નુકસાન જ બીજાનો લાભ છે. આ વાત બધા જાણે છે કે સટ્ટામાં ધન બહારથી આવતું નથી. સટ્ટા કરવાવાળાઓમાં એક વ્યક્તિનું નુકસાન જ બીજા માટે લાભ છે. સટ્ટો કરવાવાળા બધા જ ફાયદાની આશાએ વેપાર કરે છે, પરંતુ દરેકને ફાયદો થઈ શકતો નથી. આ વેપારમાં એકનું દુઃખ જ બીજાનું સુખ છે, તેથી આવો વેપાર ઉચિત નથી. બીજા પ્રકારનો વેપાર એ છે કે જેમાં સમાજની આવશ્યકતા પૂરી કરવા માટે વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે. જ્યાં તે વસ્તુ વધારે હોય ત્યાંથી તેને એવી જગ્યાએ પહોંચાડવામાં આવે છે જ્યાં તેની આવશ્યકતા હોય છે. આ રીતનો જે વેપાર સમાજની આવશ્યકતા પૂરી કરવા માટે કરવામાં આવે છે, તેમાં કોઈનું નુકસાન નથી થતું. મજૂરી કરવાથી માંડીને તેના ઉપભોક્તા સુધી બધાને તેમાં સુખ મળે છે અને વેપારીને પણ તેના પરિશ્રમના બદલામાં ધન મળે છે. આ રીતનો વેપાર બરાબર છે.

જો મનુષ્ય બીજાઓના દુઃખને અપનાવી લે, સ્વયં દુઃખ લઈને બીજાને સુખ આપવામાં લાગી જાય તો તેના ફળસ્વરૂપ તેને નિત્ય આનંદ મળશે. વિચારશો તો માલૂમ પડશે કે મનુષ્યને વસ્તુઓની આવશ્યકતા શરીર માટે પડે છે. શરીરનું અંતિમ પરિણામ શું છે ? મૃત્યુ. મૃત્યુનું પરિણામ શું છે ? જન્મ, જન્મમાં દુઃખ અને મરણમાં દુઃખ. વચમાં સુખ અને દુઃખ-આ જ શરીરનું સ્વરૂપ છે. પરંતુ

દુઃખ કોઈને પ્રિય નથી. બધા જ દુઃખથી દૂર ભાગે છે. બધા જ મનુષ્યોની આ સ્વાભાવિક માંગ છે.

સાધકે વિચાર કરવો જોઈએ કે આ પ્રવૃત્તિની, આ આવશ્યકતાની પૂર્તિ કઈ રીતે થાય ? જેને મટાડી દેવાથી કાયમ માટે દુઃખનો અભાવ થઈ જાય. વિચાર કરતા જણાશે કે પોતાના કરતાં ભિન્ન અન્ય પાસેથી આશા રાખવી એ જ મનુષ્યના દુઃખનું ખાસ કારણ છે. જીવનું સ્વરૂપ ચિન્મય છે, તેથી બધા જ જડ પદાર્થ તેનાથી ભિન્ન છે. તેમને પોતાના સુખનું કારણ સમજીને તેમની આશા કરવી—તેમાં મોહ રાખવો એ જ બીજા પાસેથી આશા કરવા બરાબર છે. તેથી કોઈ પણ ભોગ-પદાર્થની ઈચ્છા રહેવાથી દુઃખનો અંત આવશે નહિ. હું શરીર છું એવા દેહાભિમાનથી જ ભોગવાસનાનો ઉદય થયો છે. તેમના મટતાં જ ભોગ-વાસના મટી જાય છે. ભોગવાસના મટતાં જ બધા પ્રકારનાં દુઃખ સદાને માટે દૂર થઈ જાય છે, ચિત્ત શુદ્ધ અને સ્થિર થઈ જાય છે. આમ થતા જ પ્રેમનો ઉદય થાય છે અને અનંત નિત્યરસસ્વરૂપ ભગવાન મળી જાય છે.

તેથી સાધકે એવો નિશ્ચય કરવો જોઈએ કે હું ચિન્મય થઈને પણ જો જડ વસ્તુઓની આવશ્યકતાનો અનુભવ કરું તો એનાથી મોટી ભૂલ બીજી કઈ હોઈ શકે ! તેથી જે જડ પદાર્થો મને ચાહતા નથી, મારી આવશ્યકતાનો અનુભવ નથી કરતા, મારા વગર તે રહી શકે છે, તો હું પણ તેમના વગર રહી શકું છું. તેથી હું તેમની આવશ્યકતાનો અનુભવ નહિ કરું. તેમને મેળવવાની ઈચ્છા નહિ કરું. આ રીતે દૃઢ ભાવના કરીને જડ-પદાર્થોથી વિમુખ થતાં જ ચિન્મયનું દર્શન થાય છે. આ નિયમ છે.

બીજાની જરૂરિયાત માનવાનું પરિણામ જ બંધન અને દુઃખ છે. તેથી સાધકે સમજવું જોઈએ કે તેની આવશ્યકતા તો એકમાત્ર ભગવાન છે, સંસાર નથી. આ ભાવનાથી જ્યારે તેની બધી જરૂરિયાતો

બીજાની આવશ્યકતા બની જાય છે, ત્યારે બધા જ તેની આવશ્યકતાનો અનુભવ કરવા લાગે છે અને તે મહાન બની જાય છે.

ઈચ્છાઓના રહેવાથી ઈશ્વર નથી મળતા, તેથી સાધકે સંસારની મમતા અને આશા છોડીને એકમાત્ર ઈશ્વરનો જ બની જવું. એકમાત્ર ઈશ્વર જ મારી આવશ્યકતા છે, એવો અનુભવ કરવો જોઈએ.

સંસારની આવશ્યકતા ન રહેવી એ જ મુક્તિ છે. આવશ્યકતાને છોડવામાં કોઈ પ્રકારની મુશ્કેલી કે પરિધાનતા નથી. તે જ રીતે પ્રભુ-પ્રાપ્તિમાં પણ કોઈ મુશ્કેલી કે પરિશ્રમ નથી. પ્રભુની આશ્યકતાનો અનુભવ કરીને તેના માટે વ્યાકુળ થતાં જ પ્રભુ મળી જાય છે.

મનુષ્ય વિચારે છે કે અમુક સ્થળે એકાંતમાં સુંદર આશ્રમ બનાવીને તેમાં બેસીને ભજન-સ્મરણ કરીશ. આ રીતની આશા ખોટી છે. તેણે વિચારવું જોઈએ કે તે જે કામ વર્તમાનમાં નથી કરતો, તે ભવિષ્યમાં કરશે–તેની શી સાબિતી. આ કેવળ આશા જ આશા છે. તમારી ઈચ્છા મુજબ અનુકૂળ પરિસ્થિતિ નથી મળતી. અનુકૂળ સંયોગનું નામ જ ભોગ છે. તે કર્મ વડે મળે છે. કર્મ વગર મળતું નથી. તેથી કોઈ પણ અનુકૂળતાની આશા કરવી એ સાધનમાં વિઘ્ન નાખવા સમાન છે; કેમ કે ઈશ્વરની આવશ્યકતાની સાથે સાથે બીજી ઈચ્છાઓના રહેવાથી ઈશ્વર મળતા નથી. જે વસ્તુનું ચિંતન તમને ભજનથી વિમુખ બનાવી દે, તેની પ્રાપ્તિ તમને ભજનમાં કઈ રીતે સહાયક બનશે ? શુભ-કર્મોથી વૈભવ મળી શકે, ભગવાન નહિ.

મનુષ્યે એવા સુખની આશા કદી ન કરવી જોઈએ, જેની પ્રાપ્તિ બીજાના દુઃખથી થાય છે. તેની આવશ્યક વસ્તુ તો એકમાત્ર ભગવાન જ હોવા જોઈએ.

ઈશ્વરીય સૃષ્ટિમાં કોઈ જ વસ્તુની કમી નથી. મનુષ્યની દરિદ્રતા-તેના અભાવનું કારણ લોભ છે. મળેલ વસ્તુનો સદુપયોગ ન કરવો, દુરુપયોગ કરવો તથા અપ્રાપ્ત વસ્તુઓની ઈચ્છા રાખવી અને તેનું

ચિંતન કરવું—આ લોભનું સ્વરૂપ છે. તેના રહેવાથી મોટામાં મોટા ધનવાન પણ દરિદ્ર જ ગણાય. ધન અને ઐશ્વર્યથી અભિમાન વધે છે. બીજાઓ દ્વારા કામનાપૂર્તિની આશા છોડી દેવાથી નિર્લોભતા આવી જાય છે. લોભ દૂર થયા પછી દરિદ્રતા રહેતી નથી, તે આપમેળે દૂર થઈ જાય છે.

જ્યાં સુધી મનુષ્ય વસ્તુ-પ્રાપ્તિની આશા અને ચિંતન કરતો રહે છે, ત્યાં સુધી તેને તે વસ્તુ મળતી નથી. જ્યારે તે પ્રાપ્ત વસ્તુનો ઉપયોગ પોતાના સુખને માટે કરવા લાગે છે, ત્યારે તે વસ્તુ તેની પાસે રહેતી નથી અને તે વસ્તુનું મળવું પણ બંધ થઈ જાય છે. વસ્તુનો સદુપયોગ કરવાથી અર્થાત્ લોભરહિત બનીને બીજાની સેવા કરતા રહેવાથી વસ્તુ વગર માગ્યે આપોઆપ મળતી જ રહે છે એવો ઈશ્વરનો નિયમ છે. પોતાના સાથીઓના માથે દોષ ઓઢાડી પોતાને નિર્દોષ ઠરાવવું કદી યોગ્ય નથી; કેમ કે પહેલા પોતાના મનમાં દોષ આવે છે, પછી સાથીઓમાં દોષ આવે છે.

ભગવાન સાધકના મનનું નિરીક્ષણ કરે છે. મનમાં જરા પણ અભિમાન કે ભેદભાવ આવતા જ તે પોતાની લીલાનું દૃશ્ય બદલી નાખે છે.

જ્યાં સુધી લોભ રહે છે, ત્યાં સુધી નિર્ધનતા રહેશે. એક અવગુણના આવવાથી બીજા અવગુણો આપોઆપ આવી જાય છે. વસ્તુઓ ન હોવા છતાં પણ મનુષ્ય સુખપૂર્વક રહી શકે છે. તેથી લોભરહિત થવામાં તે સ્વતંત્ર છે.

જીવનમાં ઉદારતા ન હોવાને કારણ વસ્તુઓનો અભાવ રહે છે. જે પોતાના વિવેકનો અનાદર નથી કરતો, તેને સંસારમાં લોકો પૂજે છે.

સાધકે એવું કામ કરવું જોઈએ, જેમાં બીજાનું હિત હોય, બીજા પ્રસન્ન રહે અને તેમની આવશ્યકતા પૂરી થાય. વસ્તુપ્રાપ્તિનો ઉપાય

ઉદારતા અને ઈમાનદારી છે. મળેલી વસ્તુથી સ્વયં સુખભોગ ન ભોગવવો—એનું નામ જ ઈમાનદારી છે અને તેને બીજાના સુખ માટે લગાવી દેવું—એનું નામ ઉદારતા છે.

બીજાને દુઃખ આપીને સુખ ન મેળવવું, એ જ નિર્લોભતાનું લક્ષણ છે. વસ્તુના ત્યાગથી અને સદુપયોગથી શાંતિ મળે છે. ચિત્ત શુદ્ધ થતા કોઈ પ્રકારનો અભાવ રહેતો નથી. તેથી સાધકે ભગવાનની આવશ્યકતાને ભોગેચ્છામાં ન બદલતા ભોગેચ્છાઓને ભગવાનની આવશ્યકતામાં વિલીન કરી દેવી જોઈએ.

(૩૮)

સાધકે પોતાના મનમાં જે દુઃખ થાય તેને દૂર કરવા ખરાબ રસ્તાઓનો સહારો ન લેવો જોઈએ, પરંતુ યોગ્ય રીતે તેને દૂર કરવાની કોશિશ કરવી જોઈએ. સાચી રીતે દૂર કરેલ દુઃખ કાયમી ધોરણે જતું રહે છે.

સાધકે પોતાનું મન પોતાની પાસે નહિ રાખવું જોઈએ. જેને પ્રેમ કરવાનો હોય તેના મનમાં પોતાના મનને વિલીન કરી દેવું જોઈએ. જેમ કે ખેડૂત ખેતરમાં એક દાણો નાખે તો તેનાથી અનેકગણું વધારે તેને મળે છે. તે જ રીતે આ દુનિયા એક ખેતર છે, તેમાં જે વસ્તુ નાખવામાં આવે છે, એટલે કે બીજાને સુખ આપવા માટે લગાડવામાં આવે છે, તો નાખનારને અનેકગણું અધિક બનીને મળે છે.

જેના દ્વારા જે પણ સારું કે ખરાબ કામ કરવામાં આવે છે તે કરવાવાળાને જ કામમાં આવે છે.

પ્રેમી અને પ્રિયતમ– આ બંનેના મનની વાત ત્યારે પૂરી થાય છે, જ્યારે બંનેના મન એક થઈ જાય, એટલે કે એકબીજાના મનની વાત પૂર્ણ કરવામાં જ પોતાના મનની વાત પૂર્ણ થઈ એમ સમજે; કેમ કે જ્યારે બંનેની આવશ્યકતા એક થઈ જાય છે, ત્યારે જ બંનેનું

મન પણ એક થઈ જાય છે. આવશ્યકતાનો ભેદ રહેશે તો મનની એકતા નહિ થાય.

વસ્તુ લેવામાં અને આપવામાં મનુષ્ય સ્વાધીન નથી. જે વસ્તુ તે જેને આપવા ઇચ્છે છે, તેને મળતી નથી અને જેને તે નથી આપવા ઈચ્છતા, તેને તે મળી જાય છે. વસ્તુના મિલનમાં અને વિયોગમાં ભાગ્યની પ્રધાનતા છે, જેને જે વસ્તુ મળવાવાળી છે, તે મળશે જ. જે નથી મળવાવાળી, તે નહિ મળે. વસ્તુની લેવડ-દેવડ પ્રેમનું કે ચિત્તશુદ્ધિનું કારણ નથી, પ્રેમનો સંબંધ તો ભાવ સાથે છે.

પ્રેમ એ છે જે વિભુ છે એટલે કે અસીમ છે, કોઈ વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ વડે બંધાયેલો ન હોય, જે બધા સાથે સમાન ભાવથી હોય. સીમિત પ્રેમનું નામ 'સ્વાર્થ' છે. આ 'સ્વાર્થ' તેની સાથે છે, જેની પાસેથી કંઈ ને કંઈ લેવાની આશા રહે છે. આ રીતનો સ્વાર્થ એટલે કે કોઈની પાસેથી કંઈ લેવું અથવા લેવાની આશા રાખવી આ જ ચિત્તની અશુદ્ધિનું મુખ્ય કારણ છે.

જેની પાસેથી કંઈ મળવાની આશા હોય છે, તેની સાથે તો પશુ-પક્ષી પણ પ્રેમ રાખે છે. તો એમાં મનુષ્યની શું વિશેષતા છે ? જ્યાં લેવાની ઇચ્છા રહે છે, ત્યાં પ્રેમ નથી રહેતો. ત્યાં તો ઈર્ષા વધતી રહે છે, એકબીજાથી આગળ જવા માગે છે, એટલે કે મકાન, સંપત્તિ અને ભોગ-સામગ્રી માટે એકબીજાની હરીફાઈ કરે છે—પ્રતિયોગિતા કરે છે. આ જ પ્રતિયોગિતા જો કેટલું ભજન કરી શકાય તે બાબતમાં હોય, હું તેનાથી અધિક ભજન કરીશ; તે જેટલી સેવા કરે છે, હું તેનાથી પણ વધારે સેવા કરીશ; તો આ સ્થિતિ મનુષ્યને ઉન્નત કરવાવાળી છે. પરંતુ જે પ્રતિયોગિતા કોઈ વસ્તુ, મકાન અને કીર્તિને માટે જ કરવામાં આવે છે, તે વિકાસને બદલે પતનનું કારણ બની જાય છે.

કર્મ કદી અસીમ નથી હોતું, તેની સીમા હોય છે, તેનું વિધાન હોય છે તેમજ તેનો સંબંધ કોઈ ને કોઈ પ્રકારની પરિસ્થિતિ અને

માન્યતા સાથે હોય છે, તેમજ પરિસ્થિતિ પહેલેથી જ નિશ્ચિત હોય છે. તેને કારણે કર્મ અસીમ નથી થઈ શકતું. પરંતુ પ્રેમનો સંબંધ કોઈ પણ ક્રિયા, પદાર્થ અને પરિસ્થિતિ સાથે નથી હોતો. તેથી પ્રેમ અસીમ હોય છે. જ્યાં સ્વાર્થ હોય છે, ત્યાં પ્રેમ નથી હોતો, સ્વાર્થના અભાવમાં જ પ્રેમ થાય છે.

સ્વાર્થ-ત્યાગમાં જ વાસ્તવામાં ત્યાગ છે એટલે કે જે વસ્તુ પોતાની પાસે હોય, પોતાના અધિકારમાં હોય તેને છોડી દેવી એ જ ત્યાગ છે. જો કોઈ માણસ ન મળવાવાળી વસ્તુનો ત્યાગ કરે છે તો તે ત્યાગ નથી કહેવાતો.

જ્યારે સાધકની ચેષ્ટા પ્રભુ-પ્રેમ માટે જ થવા લાગે છે ત્યારે તેનું જીવન રસમય બની જાય છે. ક્રિયામાં ભેદ રહેવો અનિવાર્ય છે. કેમ કે ક્રિયા તો પરિસ્થિતિ અને વિધાન મુજબ થાય છે. વિધાન માન્યતા અનુસાર થાય છે; પરંતુ કર્મમાં ભેદ હોય તોપણ રસમાં ભેદ નહિ હોવો જોઈએ.

પ્રેમ કોઈ પણ કર્મને આધીન નથી રહેતો. તે કોઈ પ્રકારની ક્રિયા સાથે બંધાતો નથી. જેથી અમુક પ્રકારની ક્રિયા કે વ્યવહારને પ્રેમ નામ આપી શકાય. ભગવત્પ્રેમી જે પ્રેમ અને શ્રદ્ધાથી કોઈ એક જગ્યાએ ફૂલ ચઢાવે છે, તે જ પ્રેમ વડે તે બીજાનો ભયંકર તિરસ્કાર પણ કરી શકે છે. આ રીતે ક્રિયામાં અંતર રહેવા છતાં પણ પ્રેમ રહે છે. તેમાં કોઈ પ્રકારનું અંતર નથી રહેતું. ચિત્ત શુદ્ધ થઈ જતા જે અસીમ પ્રેમ પ્રાપ્ત થાય છે, તેનો આવો જ મહિમા છે.

પ્રેમી તિરસ્કાર કરે છે, પણ તે તિરસ્કારમાં વેર કે દ્વેષભાવ નથી રહેતો. જે રીતે સૂર્ય ફળોના રસને ચૂસી લઈને તેને સૂકવી નાખે છે, તથા અગ્નિ બધાને ભષ્મ કરી દે છે, તોપણ તેઓ હિંસક નથી ગણાતા. તેમના દ્વારા થયેલું કાર્ય હિંસા નથી. આ જ બાબત પ્રેમીના વિષયમાં પણ સમજવી જોઈએ.

જ્યાં સુધી મનુષ્ય પોતાના મનની વાત પૂરી કરવા ઇચ્છે છે, ત્યાં સુધી તેની અંદર છુપાયેલો હિંસાભાવ વિદ્યમાન રહે છે. કર્તાનો ભાવ જ હિંસા અને અહિંસામાં કારણ છે, ક્રિયા નહિ ભાવથી જ ચિત્ત અશુદ્ધ થાય છે. તેથી સાધક જે કંઈ પણ કરે, બીજાના હિતની ભાવનાથી પોતાના પ્રભુની પ્રસન્નતા માટે જ કરે.

સાધકે કોઈને પણ પોતાના ન માનવા અથવા બધાને પોતાના માનવા જોઈએ; કેમ કે કોઈને પોતાના માનવા અને કોઈને પારકા માનવાથી રાગ-દ્વેષ થાય છે, પ્રેમ નથી થતો. રાગ-દ્વેષના રહેવાથી ચિત્ત શુદ્ધ નથી થતું.

બીજાને સુખી જોઈને આનંદ થાય અને દુઃખીઓના દુઃખથી કરુણા ઊપજે, તેનું દુઃખ સહન ન થઈ શકે. જો આમ થાય તો મનુષ્યનું ચિત્ત શુદ્ધ થઈ જાય છે.

તેથી સાધકે જો પોતાના અને પારકાની ભેદરેખા રાખવી હોય તો સેવા કરવા માટે જ રાખવી. બીજાના મનની વાત પૂરી કરવા માટે બધાને પોતાના માને અને પોતાની ઇચ્છાપૂર્તિ માટે કોઈને પણ પોતાના ન માને, બધાને પારકા સમજવા.

અગર મનુષ્યશરીર મળવા છતાં પણ ચિત્ત શુદ્ધ ન થાય તો મનુષ્યે શું મેળવ્યું ? ચિત્તનું શુદ્ધ થવું જ માનવ-જીવનનો પરમ પુરુષાર્થ છે. પ્રેમમાં અંતર રાખવાથી ચિત્ત શુદ્ધ નથી થતું. પ્રેમનો ભેદ દૂર થતા જ ચિત્ત શુદ્ધ થઈ જાય છે. તેથી જ સાધકે પ્રેમનો ભેદ હટાવી દેવો જોઈએ. પોતાના પ્રેમને અસીમ એટલે કે વ્યાપક બનાવવો જોઈએ. પ્રભુ સર્વત્ર વ્યાપક છે. તેથી જે વ્યાપક પ્રેમ છે, તે જ પ્રભુ સાથે છે. સીમિત પ્રેમનું નામ મોહ છે, જે ચિત્તને અશુદ્ધ કરવાવાળો છે.

જેના મનમાં વસ્તુનું મહત્ત્વ હોય છે, તે વસ્તુના બગડી જવાથી શોક કરે છે, પણ પોતાની અસાવધાની માટે શોક નથી કરતા. તેઓ એ નથી સમજતા કે વસ્તુ કંઈ જ ખરાબ નથી થતી, તેની શકલ બદલાઈ

જાય છે. અહીંયાં એક ઘટના યાદ આવી ગઈ. એક ખૂબ ચંચળ છોકરો હતો. તેને ખાવા માટે ખીરમલાઈ આપવામાં આવ્યા. તેણે તેમાંથી થોડું આમતેમ વિખેરી દીધું. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે આને કેમ ખરાબ કરે છે. તેણે જવાબ આપ્યો કે 'વસ્તુ જેટલી જલદી ખાઈ લેવાથી ખરાબ થાય છે, તેટલી જલદી વિખેરી દેવાથી નથી થતી. વિખરાયેલી વસ્તુને બગડવામાં વાર લાગે છે.' દરેક વસ્તુ ખાધા પછી પણ ખાતર જ બને છે. તેમજ આ રીતે સડીને ખાતર બની જાય છે. તેથી વસ્તુનું બનવું-બગડવું તેની શકલ બદલવા બરાબર છે. બીજું કાંઈ જ નહિ. મનુષ્યનું આ શરીર, જે બહુ જ સુંદર અને ઉપયોગી દેખાય છે, તેનું પણ એક દિવસ ખાતર જ બની જશે.

આ રીતે જે મનુષ્ય વર્તમાનમાં રમણ કરે છે, તેના પરિણામને જોતો નથી, તે અસાવધાની કે ભૂલ છે. તેમાં સુધારો કરવો જોઈએ; કેમ કે જે વસ્તુ, વ્યક્તિ અને પરિસ્થિતિમાં સીમિત પ્રેમ કરવામાં આવે છે, તેનાથી વ્યક્તિભાવ, આસક્તિ, વાસના અને બંધન દઢ થાય છે તથા તેવો સીમિત પ્રેમ કરનારો ભોગી અને હિંસક બની જાય છે. તેનાથી એમ સિદ્ધ થાય છે કે બધા જ દોષોનું મૂળ સીમિત પ્રેમ છે. આ જ રીતે અસીમ પ્રેમ થવાથી વ્યક્તિભાવ મટી જાય છે, એટલે કે દેહાભિમાન ગળી જાય છે, રાગ મટીને વૈરાગ થઈ જાય છે, વાસનાનો નાશ થઈને નિર્વાસના આવી જાય છે. બધાં બંધન તૂટી જઈને મુક્તિ મળી જાય છે તથા અહિંસા, સમતા, પ્રસન્નતા જેવા બધા ગુણો આપમેળે મળી જાય છે. તેથી એ સિદ્ધ થાય છે કે બધા જ ગુણોનું મૂળ અસીમ પ્રેમ છે.

જ્યાં પ્રેમ પ્રકટ થઈ જાય છે ત્યાં ઇન્દ્રિયોના દરવાજા બંધ થઈ જાય છે. કર્મેન્દ્રિયો, જ્ઞાનેન્દ્રિયો અને અંતઃકરણ—આ બધા એકરૂપ થઈ જાય છે. આ બધાનું એક થઈ જવું એટલે કે બધાંનું બુદ્ધિમાં વિલીન થઈ જવાનું નામ જ યોગ છે. એટલે કે એ સિદ્ધ થાય છે કે પ્રેમનો

અર્થ જ અદ્વૈત એટલે કે એકતા છે અને ન્યાયનો અર્થ દ્વૈત છે.

વસ્તુ તો જેનું જેવું ભાગ્ય હશે, તે મુજબ જ મળશે, કોઈને વસ્તુ આપવી એ દેવાવાળાના હાથની વાત નથી. પરંતુ પ્રેમના બધા જ હકદાર છે, પ્રેમ બધાને જ પીરસી શકાય છે. તેમાં ભાગ્યની રૂકાવટ નથી ચાલી શકતી. તેથી સીમિત પ્રેમનો અંત કરવો જ મનુષ્યનો પુરુષાર્થ છે.

સાધકે સમજવું જોઈએ કે શરીર અને સંસાર નહિ હોય તોપણ હું રહીશ. તેથી ક્રિયા અને માન્યતામાં ભેદ હોવા છતાં પણ મારો કોઈનાથી પ્રેમમાં ભેદ ન રહે, બધાં સાથે અગાધ અને અસીમ પ્રેમ રહે.

ઈશ્વરને માનવું એક બાબત છે અને તે મુજબ પોતાનું જીવન બનાવવું એ બીજી બાબત છે. ફક્ત ઈશ્વરને માની લઈએ, પરંતુ તેની સાથે પોતાપણું કે પ્રેમ ન હોય તો જીવન બદલાતું નથી.

કોઈ ક્રિયા વસ્તુ કે પરિસ્થિતિ સાથે સંબંધ જોડી લેવો એ જ પ્રેમમાં ભેદ ઉત્પન્ન થવાનું કારણ છે, તેથી પ્રેમી સાધકે ક્રિયા વગેરે સાથે પોતાનો સંબંધ ન રાખવો. ભૂલથી બનાવેલ સંબંધને છોડીને બધી જ ક્રિયાઓથી ઉપરામ થઈ જવું તેમજ જેવો સ્વાંગ મળેલો છે તેના વિધાન મુજબ કર્મ કરતા રહેવું અને પ્રેમમાં ભેદ ન કરવો. આમ કરવાથી સાધકનું ચિત્ત બહુ જ જલદી શુદ્ધ થઈ જાય છે.

(૩૯)

આગળ ઉપર જણાવ્યું છે કે સીમિત પ્રેમ ચિત્તની અશુદ્ધિનું કારણ છે. હવે વિચાર કરવાનો છે કે મનુષ્યના જીવનમાં સીમિત પ્રેમ કેમ હોય ? વિચાર કરતા જણાશે કે કોઈ ને કોઈ રીતે બીજાનું ખરાબ ચાહતા રહેવાથી પ્રેમ અસીમ નથી બની શકતો. તે એકદેશીય સીમિત રહે છે.

સામાન્ય રીતે માણસ વિચારે છે કે હું તો કોઈનું ખરાબ નથી ચાહતો અને કોઈની સાથે બૂરાઈ કરતો પણ નથી તો પછી મારો પ્રેમ સીમિત કઈ રીતે હોય ? પરંતુ વાત એમ નથી. જરા ગંભીરતાથી વિચાર કરવો જોઈએ. જેમની સાથે આપનો મતભેદ છે, સાધન પદ્ધતિમાં ભેદ છે તેમના દ્વારા થતો પ્રચાર શું આપણને ખરાબ નથી લાગતો ? શું તેમની ઉન્નતિ, તેમનો વૈભવ, તેમનું સન્માન આપણને કઠતું નથી ? શું તેનાથી આપણા મનમાં ઈર્ષ્યાનો ભાવ આવતો નથી. તે જ રીતે તેમની હારમાં, તેમની પડતીમાં, અને તેમના અપમાનમાં શું આપણને ખુશ નથી થતી ? જો થાય તો સમજવું જોઈએ કે આ જ તેમનું ખરાબ ચાહવા બરાબર છે અને તે જ ચિત્તની અશુદ્ધિ છે.

મન્યતા, સાધનપ્રણાલિ અને આચરણોમાં અંતર ન હોય તે શક્ય નથી. શ્રી લક્ષ્મણજી ભગવાન શ્રીરામના અનન્ય ભક્ત હતા. ભગવાનના વિરોધી ભલે શંકર કેમ હોય, તેમની સાથે પણ તે બાથ ભીડવા તૈયાર રહેતા. તોપણ તેમની માન્યતામાં ભેદ હતો. ભગવાન શ્રીરામ જ્યારે સમુદ્ર પાસે રસ્તો માગે છે તો લક્ષ્મણજીને તે ગમ્યું નહિ, પરંતુ તેમના ભગવાન રામ પ્રત્યેના પ્રેમમાં જરાક પણ કમી ન હતી.

રુચિ-ભેદથી કે પ્રકૃતિ-ભેદથી આચારવિચાર અને માન્યતામાં અંતર હોવું સ્વાભાવિક છે, તેની ચિત્તની શુદ્ધિ અને અશુદ્ધિ પર કોઈ અસર નથી પડતી પરંતુ જ્યારે આને લીધે પ્રેમમાં અંતર પડી જાય એટલે કે જે આપણા મતનો અનુયાયી છે, તે આપણને ગમે અને જે આપણી માન્યતાને નહિ માનતા અન્યની માન્યતાનું અનુસરણ કરે તે ખરાબ લાગે; જે આપણા ઘરના, પડોશના, ગામના, જિલ્લાના કે દેશના હોય તે ઓછાવત્તા પ્રમાણમાં પ્રિય લાગે અને જે બીજાઓ છે તે ખરાબ લાગે, જે આપણી વાત માને, આપણું

સન્માન કરે છે, તે સારો લાગે, જે આપણી વાત નથી માનતો, તેનાથી વિપરીત કાર્ય કરે, તે ખરાબ લાગે છે. આ જ પ્રમાણે સંપ્રદાયને નાતે, ધર્મને નાતે વિપક્ષીની ઉન્નતિમાં ઈર્ષ્યા જગાવી અને અપ્રિયતાનો ભાવ આવવો તેમજ અવનતિમાં પ્રસન્ન થવાનો ભાવ થવો, એ જ તેમનું ખરાબ ચાહવા બરાબર છે, આ જ મનુષ્યના ચિત્તને શુદ્ધ થવા દેતું નથી.

સાધક ચાહે તો બધાના ભલાની કામના કરે. એમ ન કરી શકે તો કાંઈ નહિ પણ કોઈનું ખરાબ ન ચાહે, મતમાં, સ્વભાવમાં, વ્યક્તિત્વમાં ભલે કેટલુંય અંતર ન હોય, તેને સહન કરે. તે અંતરને કારણે પ્રેમમાં અંતર ન આવવા દે. તેણે માનવું જોઈએ કે કર્મની અને રુચિની એકતા ભલે ન થાય, પરંતુ પ્રેમમાં હું ઐક્ય સાધી શકું છું. આવું માનવું એ ચિત્તશુદ્ધિનો સરળ ઉપાય છે.

મનુષ્ય પોતાનું દુઃખ દૂર કરવા માટે અન્યમાં દોષ દેખતો રહે છે. તે સમજે છે કે અમુક માન્યતાને કારણે સમાજ અને દેશની હાનિ થાય છે. અમુક ધર્મ કે મતમાં માનનારાઓમાં કોઈ સારો કે ઈમાનદાર માણસ નથી. આ પ્રકારની ભાવના ચિત્તને શુદ્ધ થવા નથી દેતી. આને લીધે પોતાની માન્યતામાં ગર્વ અને અન્યની માન્યતામાં ઘૃણા ઉત્પન્ન થાય છે અને તેથી સાધકનો પ્રેમ અસીમ અને સમ બની નથી શકતો.

સાધકે સમજવું જોઈએ કે બધા જ મારા પ્રિયતમ પ્રભુના સંતાન છે અને બધામાં મારા પ્રભુ બિરાજમાન છે. કેમકે આ બધા તેમના થકી જ ઉત્પન્ન થયા છે, તેમનામાં જ સ્થિત છે અને તેમનામાં જ વિલીન થઈ જશે. તેમની જ સત્તા વડે આ બધા પાસે સત્તા રહે છે. તેથી જે કોઈ જેવો પણ છે, તો તેના પ્રભુનો જ. આ નાતે બધા આપણા જ છે. આ ભાવને સાધકે કદી ન ભૂલવો જોઈએ. તેમજ ભગવાનને નાતે બધાને સમભાવથી પ્રેમ કરે. બીજાને સુખી

જોઈને પ્રસન્ન થવું. ઈર્ષ્યા કે દ્વેષ ન કરવો. બીજાને દુઃખી જોઈને સ્વયં દુઃખી થઈ જવું જોઈએ.

કોઈના દુઃખમાં સામેલ થવું અને તેના દુઃખથી દુઃખી થવું એક નથી. બીજાના દુઃખમાં સામેલ થવું મોહ છે અને દુઃખી થવું એ કરુણા છે.

જેનું અંતઃકરણ શુદ્ધ છે તેનો અન્ય પર ઘણો પ્રભાવ પડે છે. કરુણાશીલ સંત જ્યારે કોઈને દુઃખી જુએ છે, ત્યારે એ દુઃખીનું દુઃખ તો તેની પાસે આવી જાય છે અને તે સંતની શાંતિ અને વિવેક તે દુઃખી પાસે ચાલી જાય છે. તેનાથી તેનું દુઃખ દૂર થઈ જાય છે અને તે ખુશ થાય છે. તેથી દુઃખી મનુષ્યનું દુઃખ સંતમાં આવીને એ રીતે ભષ્મ થાય છે જે રીતે અગ્નિમાં લાકડું.

વાલીની પત્ની તારા જ્યારે વાલીના મૃત્યુ પર દુઃખી થઈને રડવા લાગી, વિલાપ કરવા લાગી, ત્યારે તેના દુઃખને જોઈને કરુણાસિંધુ ભગવાન શ્રીરામનું હૃદય કરુણાથી ભીંજાઈ ગયું. તેમને તારાને સાંત્વના આપી. તત્ત્વજ્ઞાનનો બોધ આપ્યો, તો તારાનું દુઃખ આનંદમાં પલટાઈ ગયું. ભગવાનનું જ્ઞાન તેનામાં આવી ગયું. અગર એમ કહો કે શ્રીરામ તો સાક્ષાત્ ભગવાન હતા, તો સમજવું જોઈએ કે જ્યારે ભગવાન અવતાર લઈને લીલા કરે છે, તે વેળા પોતાનામાં મનુષ્યભાવનો આરોપ કરીને આપણને શિખવાડવા માટે તેવું જ આચરણ કરે છે, જેનું અનુકરણ મનુષ્ય કરી શકે. અગર બીજાના દુઃખથી દુઃખી ન થાય તો, તેમાં કરુણાનો ભાવ ન આવે તો સમજવું જોઈએ કે આપણું હૃદય આપણા પોતાના દુઃખથી ખાલી નથી.

ભગવાન પતિતપાવન છે. તેથી પતિતમાં પતિત પ્રાણી પણ તેમને પોતાના માનીને તેમના બની શકે છે, જે સાધક ભગવાનને પોતાના માનીને પોતાનું વર્ચસ્વ તેમને સર્મપણ કરી દે છે, તે તેમની (ભગવાનની) તેમની વસ્તુ સાથે, તેમની પ્રજા સાથે દ્વેષ કે ઘૃણા

કઈ રીતે કરી શકે ? આ વિષયમાં એક સતી સ્ત્રીની ઘટના યાદ આવી ગઈ.

એક સતી સ્ત્રી હતી. તેનો પતિ જિલ્લાધિકારી હતો. તે એક વેશ્યાને પ્રેમ કરતો હતો. તે વેશ્યા એક દિવસ તેમના ઘરે આવી અને તે સતી સ્ત્રીનું એક ઘરેણું પહેરેલું જોઈને તે ઘરેણાં પ્રત્યે તેનું મન લલચાયું. તેણે તે જિલ્લાધિકારી પાસે તે ઘરેણું માંગ્યું. જિલ્લાધિકારીએ પોતાની સ્ત્રીને આ કહ્યું તો તે સ્ત્રીએ સહર્ષ જ પોતાનું ઘરેણું તે વેશ્યાને આપી દીધું. આ વાતની ખબર તેના ભાણેજને (ભાણેજ હતો કે દેવર હતો કે જેઠનો છોકરો હતો– યાદ નથી) પડી તો તેણે કહ્યું, 'આ તમે શું કર્યું ?' તો તે સ્ત્રીએ જવાબ આપ્યો–'જિલ્લાધિકારીની તે ખૂબ પ્યારી છે, તે તેને ખૂબ પ્યાર કરે છે, તે ઘરેણાંને મારા શરીર પર જોઈને તેમને જેટલી ખુશી થાય છે તેના કરતાં તે વેશ્યાના-શરીર પર તે ઘરેણું જોઈને તેમને વધારે ખુશી થાય છે. તેથી ઘરેણું આપીને મેં તેમને જ પ્રસન્ન કર્યા છે. હું તે ઘરેણાંનું શું કરત ?' આનું પરિણામ એ આવ્યું કે ત્યાં જિલ્લાધિકારીના શરીરને બાળવા માટે લોકો લઈ ગયા અને અહીંયાં તે સ્ત્રીનું શરીર બળી ગયું.

જે ભક્ત બધી જ વસ્તુઓને ભગવાનની સમજે છે અને બધામાં ભગવાનને જુએ છે તેમનો બધા સાથે પ્રેમ થઈ જાય છે. તેમનો કોઈ સાથે રાગ-દ્વેષ નથી હોતો.

કનૈયા નામના એક ભક્ત હતા. તે પોતાને ભગવાન કનૈયાના નોકર માનતા હતા. એક દિવસ તેમના ઘરે ડાકુ આવ્યા અને પૂછ્યું– 'કનૈયો ક્યાં છે ?' તેણે કહ્યું, 'શું કામ છે ? તમારે શું જોઈએ છે ? હું તેનો નોકર છું.' ડાકુઓએ કહ્યું, 'અમે તો ડાકુ છીએ, અમારે ધન જોઈએ છે.' કનૈયાના ભક્તે તિજોરીની ચાવી તેમને આપી દીધી અને કહ્યું, 'જેટલું જોઈએ તેટલું લઈ લો. તમારું જ

તો છે. ડાકુ ચાવી લઈને સાઈઠ હજાર રૂપિયા કાઢીને લઈ ગયો, સવાર થતા પોલીસે પૂછપરછ કરી, 'શું રાત્રે તમારા ઘર પર ડાકુઓએ ધાડ પાડી હતી ?' તો તેણે કહ્યું, 'ધાડ નહોતી પાડી.' કનૈયો આવ્યો હતો, તેને જેટલા રૂપિયાની જરૂર હતી, તેટલા લઈ ગયો.

આ ઉપરથી સાધકે સમજવું જોઈએ કે જે કંઈ છે, બધું જ મારા પ્રિયતમ પ્રભુનું છે. તેથી બધા જ મારા છે, કોઈ પરાયા નથી. બધાનું લક્ષ્ય એક હોઈ શકે છે, પરંતુ માન્યતા અને સાધના અલગ અલગ હોઈ શકે, કેમ કે રુચિ અને માન્યતા દરેકમાં અલગ અલગ હોય છે. તેથી સાધકે કોઈને એમ ન કહેવું કે ભૂલ કરી રહ્યો છે, કે તમારા સોનામાં ખોટ ભેળવેલી છે. તેને સોનું ચકાસવાની કસોટી આપી દેવી જોઈએ. વિપક્ષીના વિજયમાં આનંદ અને પરાજય પર દુઃખ થવું જોઈએ. જે આપણી સાથે દ્વેષ રાખે છે, તેની ઉપર ભલાઈ કરવી જોઈએ.

કઠજીભા નામના એક સ્વામી હતા. એક પંડિતની સાથે તેમનો શાસ્ત્રાર્થ થયો. શાસ્ત્રાર્થમાં પંડિત હારી ગયો અને તે દુઃખથી દુઃખી થઈને ગંગામાં ડૂબી મર્યો. તે જ દિવસથી પંડિતજીએ શાસ્ત્રાર્થ કરવાનું છોડી દીધું. તેમને એટલું દુઃખ થયું કે પોતાની જીભને તેમણે લાકડાથી બાંધી દીધી. તેથી તેમનું નામ (કાષ્ટ જિહ્વા) કઠજીભા પડી ગયું.

કોઈનું મરવાનું, દુઃખી થવાનું કે અપમાનિત થવાનું કે હારવાનું જો તમને પ્રિય લાગે તો માનજો કે ચિત્ત અશુદ્ધ છે. પોતાના સુખ કે દુઃખમાં જો તમે સમ ન રહો તો સમજજો કે ચિત્ત અશુદ્ધ છે. વિવાદના સમયે કોઈની ઉપર વિજય મેળવવો હોય તો પોતાનો પક્ષ સ્થાપિત ન કરતા બીજાની ઉપર વારંવાર સંદેહ કરતા રહેવો સાધક માટે સારી વાત નથી.

જેના ચિત્તમાં રાગ નથી રહેતો, તેનું જીવન ત્યાગથી ભરપૂર થઈ જાય છે. જેના ચિત્તમાં દ્વેષ નથી રહેતો, તેનું હૃદય પ્રેમથી

ભરાઈ જાય છે. જ્યાં ત્યાગ હોય છે, ત્યાં મુક્તિ આવી જાય છે અને જ્યાં પ્રેમ હોય છે તેના જીવનમાં ભક્તિ આવી જાય છે.

શરીર, ઈન્દ્રિયો, મન વગેરે તથા ઘર સાથેનો સંબંધ તોડી દેવાથી પ્રભુ સાથે સંબંધ જોડાઈ જાય છે.

નિર્બળતાનો સમૂહ જ સંગઠન છે. સંગઠન તોડી દેવાથી સાચી એકતા થાય છે. સંગઠનથી ભલાઈ અને બૂરાઈ બંને થાય છે. તેથી સાધકે બધા સાથે પ્રેમની એકતા કરવી જોઈએ, સંગઠન એટલે કે દળબંધી ન કરવી જોઈએ.

મતભેદ થવો સ્વાભાવિક છે, પણ તેને લઈને ઈશ્વરવાદી કોઈનાથી પણ વેર નથી કરી શકતા; કારણ કે બધા પ્રભુના છે ત્યારે તે કોનાથી વેર કરે, કેવી રીતે કોઈનું બગાડે અને કોને ખરાબ સમજે.

પ્રેમ હોવાને કારણે જ પ્રેમની દૃષ્ટિથી બધામાં પ્રિયતમનું દર્શન થાય છે, તેથી સાધકને જોઈએ કે ઈન્દ્રિયોની દૃષ્ટિથી અર્થાત્ રાગ-દ્વેષની દૃષ્ટિથી ઉપર ઊઠીને બધાને પ્રેમની દૃષ્ટિએ જોવું જોઈએ.

જે ભાવનાની મૂળમાં દાર્શનિકતા નથી હોતી, તે રોકાઈ શકતું નથી. તેથી સાધકે સમજવું જોઈએ કે જે બધું છે, બધું તેમનું છે, તે મારા છે, તે આ સંપૂર્ણમાં અને એનાથી પર પણ છે. એવું જાણી લેવાથી ચિત્ત સર્વથા શુદ્ધ થઈને અસીમ પ્રેમથી ભરાઈ જાય છે.

(૪૦)

ચિત્ત શુદ્ધ થઈ જવાથી તે જ થાય છે, જે થવું જોઈએ. તે નથી થતું, જે નથી થવાનું. તેથી પ્રયત્નનો અંત થઈ જાય છે. જ્યારે આ ખબર હોય છે કે જે થવું જોઈએ તે નથી થતું અને જે નથી થવાનું તે થાય છે, ત્યારે વિચાર કરવો જોઈએ કે આમ કેમ થાય છે ?

વિચાર કરવાથી ખબર પડશે કે માનેલા સંબંધમાં વિશ્વાસ કરી લેવાથી આવું થાય છે. હું શરીર છું એવું માની લેવાથી અનેક પ્રકારની ઈચ્છાઓ ઉત્પન્ન થાય છે. એમની પૂર્તિ માટે મનુષ્ય હલકા પ્રકારના કર્મ કરે છે, જે એની જાળમાંથી મુક્ત છે. એવો મનુષ્ય જોવામાં આવતો નથી.

કર્મ કરવા માટે સામર્થ્ય અને એના વિધાનની આવશ્યકતા હોય છે. જે જેવું કર્મ કરશે, તેને વિધાન અનુસાર ફળ મળશે. એના માટે ભગવાનની જરૂર નથી હોતી.

કર્મ કરવાની શક્તિનું કેન્દ્ર પ્રાણ છે, એનાથી આખા શરીર અને ઈન્દ્રિયોમાં કરવાનું સામર્થ્ય આવે છે અને મનમાં કરવાનો સંકલ્પ ઉત્પન્ન થાય છે. સંકલ્પ અને શક્તિ–આ બંનેના મેળથી કર્મ થાય છે.

જે સાધક મન અને પ્રાણથી અલગ હોય છે, એ કરવાથી અને એના ફળસ્વરૂપ સુખ-દુઃખથી મુક્ત થઈ જાય છે.

પ્રાણોનો નાશ પ્રતિક્ષણ થાય છે, પરંતુ મન ન તો વૃદ્ધ થાય છે અને ન એનો નાશ થાય છે. મનના રહેવાથી, વાસનાના રહેવાથી જો પ્રાણોની જરૂરત પડશે. તેથી નવું શરીર ધારણ કરવું પડશે. આથી જન્મ-મૃત્યુના ચક્રમાંથી પ્રાણી ક્યારેય નહિ છૂટી શકે, પરંતુ જો પ્રાણોના રહેવા છતાં મનનો નાશ કરી દેવામાં આવે તો બધી જ વ્યવસ્થા ભાંગી પડશે. મનના નાશનો મતલબ છે–'સંકલ્પોનો અભાવ.'

સંકલ્પોની ઉત્પત્તિ માનેલા સંબંધમાં વિશ્વાસ હોવાથી થાય છે. હું બ્રાહ્મણ છું, હું અમુક છું, હું ગૃહસ્થ છું–આ પ્રકારે શરીરને હું માનીને જે જાતિ, નામ, વર્ણ, આશ્રમ વગેરેમાં સંબંધ જોડી લેવા જેવું છે, આનું નામ માનેલો સંબંધ છે, કારણ કે તે સંબંધ વાસ્તવિક નથી. જન્મના પહેલા અને મૃત્યુના પછી આ પ્રકારના

બાદ સંબંધ રહેતા નથી. વર્તમાનમાં પણ માનેલા સંબંધનું પરિવર્તન થતું રહે છે.

આનાથી આ સિદ્ધ થાય છે કે માનેલા સંબંધ તોડવાથી મનનો નાશ થશે માનેલા સંબંધના વિચારપૂર્વક વાસ્તવિક સંબંધના બોધથી કે જેનાથી મનુષ્યનો નિત્ય-સંબંધ છે. એના વિચારપૂર્વક સંબંધ માની લેવાથી તૂટે છે. તેથી સાધકે પોતાની રુચિ અને યોગ્યતા અનુસાર જોવું જોઈએ કે આ વિચારપૂર્વક મનનો નાશ કરવો જોઈએ કે વિશ્વાસપૂર્વક. જો વિચારપૂર્વક મનનો નાશ કરવો હોય, ત્યારે તો વિવેક દ્વારા શરીર અને સંસારના સ્વરૂપનું વિવેચન કરવું જોઈએ. વિવેચન કરવાથી તેની અનિત્યતા, અસારતા અને જડતાનો અનુભવ થતા જ માનેલો સંબંધ પોતાની મેળે મટી જશે અને મનનો અર્થાત્ સંકલ્પોનો અભાવ થઈ જશે.

જો વિશ્વાસપૂર્વક મનનો નાશ કરવો છે, તો જે પ્રભુની સાથે પ્રાણીનો નિત્ય-સંબંધ છે, જે ક્યારેય તેનો સંબંધ નથી છૂટતો, તેનો વિશ્વાસપૂર્વક સંબંધનો અનુભવ કરવો પડશે. જેનાથી સંબંધ હોય છે તેનાથી પ્રેમ અવશ્ય હોય છે.

સાધકે માનવું જોઈએ કે ઈશ્વર છે અને તે મારો છે, એવો દૃઢ વિશ્વાસ કરો. ઈશ્વર અને જીવનો સંબંધ નિત્ય છે. જે એને પોતાનો સ્વામી માને છે. એનો એ સ્વામી છે. જે પુત્ર માને છે એનો એ પુત્ર છે. જે મિત્ર માને છે એનો તે મિત્ર છે. જે પ્રિયતમ માને છે એનો તે પ્રિયતમ છે. ઈશ્વરની સાથે જીવનો દરેક સંબંધ છે, એટલા માટે કોઈ પણ પ્રકારના સંબંધ માનવામાં કોઈ આપત્તિ નથી.

જો કોઈ સમજે કે ‘ભગવાનને આપણે મિત્ર કેવી રીતે માનીએ ? ક્યાં આપણે એક તુચ્છ પ્રાણી અને ક્યાં સમસ્ત બ્રહ્માંડના કર્તા-હર્તા ઈશ્વર ? એમનાથી અમારી મિત્રતા કેવી રીતે થઈ શકે ? અમે

તો એક મોટા અધિકારીને અથવા તો રાજાને પણ મિત્ર નથી માની શકતાં ? તો એવી વાત નથી. ભગવાનને સાધારણ અધિકારી અને રાજાઓની રીતે ઐશ્વર્યનું અભિમાન નથી હોતું. એમનામાં મોટાં-નાનાનો ભાવ નથી હોતો, એ તો સર્વસમર્થ અને બધી રીતે પરિપૂર્ણ છે. એમનામાં ઐશ્વર્યની સાથે માધુર્ય પણ પૂર્ણ જ છે જે એમને પોતાના માને છે. એ ભલે કેવા પણ ના હોય, એમને અપનાવી લેવાં એમનો સ્વભાવ છે. ભગવાનનો આ મહિમા પર દૃઢ વિશ્વાસ કરીને જે ભાવ સાધકને પ્રિય છે, એ જ ભાવ લઈને એમણે ભગવાનનું થઈ જવું જોઈએ.

મનુષ્ય ભગવાનને પોતાના નથી માનતા, એમને પ્રેમ નથી કરતા, તોપણ ભગવાન તો એને પ્રેમ કરે છે અને એને પોતાને માને છે, પરંતુ એ સંબંધ અને પ્રેમનો જીવને જ્યાં સુધી અનુભવ નથી થતો, ત્યાં સુધી એ શરીર અને સંસારને પોતાનો માનતો રહે છે. સાધકને ભગવાનથી સંબંધ જોડવો નથી, એનો જે હંમેશાં સંબંધ છે, એનો સ્વીકાર કરવો જોઈએ.

જો કોઈ કહે કે ભગવાન અમારી જેમ શરીરધારી થોડાં છે, તો અમે એમને પુત્ર, મિત્ર અથવા પિતા માની લઈએ, શું વેદ-શાસ્ત્રમાં એવું પ્રમાણ છે ? તો એમને ભગવાનની સર્વશક્તિમત્તાને ધ્યાનમાં રાખીને વિચાર કરવો જોઈએ કે જો ઈશ્વર આ વિચિત્ર જગતની રચના, પાલન અને સંહાર કરી શકે છે, એના માટે કઈ વાત અસંભવ છે. વેદમાં પણ ભગવાનને જીવનો સહજ મિત્ર બતાવ્યો છે. મિત્ર જ્યારે મિત્રની સેવા કરે છે, તો દાસભાવ, જ્યારે એને ભોજન કરાવે છે ત્યારે વાત્સલ્યભાવ, જ્યારે સલાહ આપે છે ત્યારે મિત્રભાવ અને જ્યારે સંકોચ છોડીને પરસ્પર પ્રેમ કરે છે ત્યારે માધુર્યભાવ રહે છે. એનાથી આ સિદ્ધ થાય છે કે પ્રાણી પોતાના હંમેશાં સંબંધોની સાથે કોઈ પણ ભાવથી સંબંધ માની શકે છે.

સંસારથી અલગ થવું નિશ્ચિત છે. એનાથી અલગ થઈને તો આપણે એકલ થઈએ તો આપણે એકલા થઈ જઈએ. કોઈથી પણ સંબંધ જોડી નાખીએ, પરંતુ એકાંતમાં દુ:ખોનો અનુભવ અને હંમેશાં જીવન પ્રાપ્ત થાય તોપણ અખંડ અને અનંત રસની અનુભૂતિ નથી થતી, એ અને અનંત રસની અનુભૂતિ માટે એને પણ પોતાને એમને સમર્પણ કરવો જોઈએ, જે નિત્ય-શુદ્ધ-બુદ્ધ-મુક્ત સચ્ચિદાનંદઘન છે.

મનુષ્ય પોતાની ઈચ્છાઓને પૂરી કરવા માટે અલગ-અલગ વ્યક્તિઓને, વસ્તુઓને અને પરિસ્થિતિઓને જોડીને એને પોતાનું માનીને પ્રેમ કરે છે. તે બધાં મળીને પણ એમની ઈચ્છાઓને પૂરી નથી કરી શકતાં. જે અંશમાં એમના દ્વારા ઈચ્છાઓ પૂરી થતી દેખે છે, તે પણ રહેતી નથી તોપણ તે આ બધાંથી નિરાશ થતો નથી, એનાથી જ સુખની આશા કરે છે, આ જ આળસ છે, એનાથી જ ચિત અશુદ્ધ થયું છે.

વાસ્તવમાં તો આ સંસાર-પ્રાણીને ઈશ્વરથી પ્રેમ કરવો અને એમનાથી સંબંધ જોડવા શીખવવા કૉલેજ છે. એનાથી આ શિક્ષા લઈને કે પ્રાણી જેને પોતાનું માને છે, એનાથી એનો પ્રેમ હોય છે. સાધકને જોઈએ કે સંસારમાં સર્વથા નિરાશ થઈને પોતાના નિત્ય-સંબંધીઓને પોતાના માનીને એકમાત્ર તેનાથી જ પ્રેમ કરે છે.

શરીર અને સંસારથી સંબંધ-વિચ્છેદ કરવા માટે ત્રણ ઉપાય છે –

(૧) શરીર અને સંસાર ક્ષણભંગુર છે, તેથી અનિત્ય છે, તે જાણીને એનાથી અસંગ થઈ જવું.

(૨) શરીર અને સંસારને અધિકારની રક્ષા કરતાં પોતાના કર્તવ્યપાલન દ્વારા એમની સેવા કરીને ઋણમુક્ત થઈ જવું અને તેમના ઉપર પોતાનો કોઈ અધિકાર ન માનવા અને નવું ઋણ ન લેવું અર્થાત્ એમનાથી કંઈ પણ ન ઈચ્છવું.

(૩) શરીર અને સંસારથી મારો ન તો જાતીય સંબંધ છે,

ન સ્વરૂપથી સંબંધ છે. આ રહસ્યને સમજીને, જેનાથી પોતાની જાતીય અને સ્વરૂપની એકતા છે, જે પોતાના નિત્ય-સંબંધી છે, એના વિસ્મય થયેલા સંબંધને સ્મરણ કરી લેવું.

ઉપર પ્રમાણે ઉપાયોથી શરીર અને સંસારથી સંબંધ-વિચ્છેદ કરી દેવો જોઈએ. જ્યારે સંસાર સ્વયં આપણાથી સંબંધ-વિચ્છેદ કરી દેશે અને કરે છે, ત્યારે ફરીથી આપણે આશાઓ સંસારમાં કોઈ એકથી પૂરી થતી નથી. અનેક વ્યક્તિ; વસ્તુ અને પરિસ્થિતિઓથી જે કંઈ આશાઓ પૂરી થાય છે, તે પણ સ્થાયી હોતી નથી અને એ સુખને મેળવવાની આશાથી મનુષ્યની એમનામાં આસક્તિ થઈ જાય છે, પરંતુ ભગવાન એવા છે કે તે એકલા જ અમારી સમસ્ત ઈચ્છાઓને મિટાવીને આવશ્યકતાઓને પૂરી કરી દે છે અને આ સંસારથી વિમુખ થઈને મનુષ્ય એમના સન્મુખ થાય છે. અર્થાત્ પ્રભુનો એને સાક્ષાત્કાર થાય છે.

એનાથી આ સિદ્ધ થાય છે કે જન્મવું, જીવિત રહેવું, અભાવનો અનુભવ કરતાં, હંમેશાં દુઃખ ભોગવવું, બીમાર થવું અને મરી જવું, ફરીથી આ ચક્રમાં ફરતું રહેવું, આ જ સંસારનું સ્વરૂપ છે. એટલે શરીર અને સંસારથી વિમુખ થઈને તે નિત્ય-સંબંધી પરમ મિત્ર પ્રભુના થઈ જવું, એમનું શરણ લઈને એમનામાં સમર્પિત થઈ જવું, આ જ મનુષ્યનો પરમ પુરુષાર્થ છે.

જ્યારે મનુષ્ય એ જાણી લે છે કે મારો સંબંધ પરમેશ્વર સાથે છે, જે સૌથી મોટા, સૌથી શ્રેષ્ઠ અને સૌનાં સ્વામી છે, ત્યારે તે સર્વથા નિર્ભય અને અભિમાનરહિત થઈ જાય છે. એનામાં એટલું ગૌરવ આવી જાય છે કે કોઈ પણ પ્રકારની દીનતા રહેતી નથી. તે પોતાના પ્રભુની જેમ બધાના હૃદય, પ્રેમી અને સમસ્ત દિવ્યગુણોથી સંપન્ન બની જાય છે. માનેલા સંબંધ અને એની સ્મૃતિ જ જ્ઞાનમાં બાધક છે. જૂની વાતોને અર્થાત્ યાદ કરવું એ જ સ્મૃતિ છે. ભગવાનનો

સંબંધ તો નિત્ય છે, માનેલો નથી, અને સ્મરણ પ્રેમીનો સ્વભાવ છે. એટલે એ તો સાધક છે, બાધક નથી.

સાધકને જોઈએ કે કોઈ પણ વાતને ફાલતુ ન સમજો, પરંતુ સમજો, કે અંદર ભરેલો કચરો નીકળે છે.

સાધકને જો ચિંતનરહિત થઈને અચિન્ત્ય રહેવું જોઈએ અથવા એક ઈષ્ટનું ચિંતન કરતાં-કરતાં તન્મય થઈ જવું જોઈએ.

ઈચ્છા રાખીને જો ભગવાનનું ભજન-ચિંતન કરે છે, તે ઈચ્છાઓ પૂરી થવાથી ઈશ્વરથી વિમુખતા ઉત્પન્ન કરે છે. જેવી રીતે છોકરો મા પાસેથી પૈસા માગે છે. જ્યાં સુધી મા પૈસા નથી આપતી ત્યાં સુધી તે મા ની સામે જોઈ રહે છે. પૈસા મળે કે તરત જ માથી વિમુખ થઈને ભાગી જાય છે. આ જ હાલત સકામ સાધકની થાય છે.

આ જ પ્રમાણે જો ભક્તિ ભગવાનને ગુણ, પ્રભાવ અને ઐશ્વર્યને લઈને થાય છે, એ પણ વાસ્તવિક પ્રેમ નથી. તે સાધન ભક્તિ છે. પ્રેમ તો તે છે જે ઈશ્વરની સાતે સંબંધથી થાય છે. જે એમને પોતાના માનવાથી થાય છે. તે ભલે જેવું પણ હોય, મારાથી પ્રેમ કરે અથવા ન કરે, દયાળુ હોય અથવા ન હોય. પરંતુ મારા છે– આ ભાવથી જ સાચો પ્રેમ થાય છે. જેવી રીતે લગ્ન પહેલાં સગાઈ કરતાં સમયે દેખાય છે કે છોકરો કેવો છે, પરંતુ જ્યારે સંબંધ બંધાઈ જાય છે, ત્યારે તો તે પોતાનો થઈ જાય છે; તે ભલે જેવો પણ હોય સતી સ્ત્રીને તો સર્વસ્વ છે. એણે તો તેના ઉપર પોતાની જાતને ન્યોછાવર કરી દીધી છે એની નજર ગુણદોષોની તરફ નથી જોતી.

એક છોકરીએ પોતાની બહેનને પૂછયું, 'બહેન, બનેવી કેવાં છે ?' એણે ઉત્તર આપ્યો, 'જા ગાંડી, જે વસ્તુ પોતાની હોય છે, શું તેના માટે એ દેખાય છે કે તે કેવી છે ? જેવી પણ છે, તોપણ પોતાની છે ! એને દેખવી શું ?'

(૪૧)

પહેલાં આ વાત કહી હતી કે સંસારની સાથે સંબંધ જોડવાથી અને પોતાના નિત્ય-સંબંધી પ્રભુથી સંબંધને ભૂલી જવાથી ચિત્ત અશુદ્ધ થાય છે.

હવે વિચાર કરવો જોઈએ કે પ્રાણીનો સંબંધ કોઈની સાથે કેમ જોડાય છે અને કેમ તૂટે છે ? વિચાર કરવાથી ખબર પડે છે કે ખાસ કરીને ત્રણ કારણથી સંબંધ જોડાય છે –

૧. રુચિથી અર્થાત્ જે મનને સારું લાગે છે, એનાથી.

૨. અભાવ-પૂર્તિની આશાથી.

૩. સંદેહરહિત થવાથી.

જેનામાં મનુષ્યની રુચિ નથી રહેતી, જેમાં અભાવની પૂર્તિમાં આશા નથી રહેતી અને જેનામાં સંદેહ થઈ જાય છે, એનાથી સંબંધ તૂટી જાય છે. આ નિયમ છે.

સાધકે પોતાના મનને સમજાવીને એમાં રુચિ ઉત્પન્ન કરવી કે જે વાસ્તવમાં હિતકર હોય, જેનામાં કોઈ પણ પ્રકારનો સંદેહ ના હોય.

બીજાને સમજાવવા માટે તો બધાં સંદેહરહિત થાય છે, પરંતુ એનું કામ નથી હોતું. જરૂર તો આપણો સંદેહ દૂર કરવાનો છે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને રુચિને લઈને હોય છે. આંશિક રુચિને લઈને મનુષ્ય પ્રવૃત્ત હોય છે. ફરી એનાથી અભાવની પૂર્તિ ન દેખીને અથવા એનામાં કોઈ પણ પ્રકારના સંદેહ ઉત્પન્ન થાય તો તેનાથી નિવૃત્ત થઈ જાય છે. જ્યારે પ્રવૃત્તિ નથી હોતી, ત્યારે નિવૃત્તિ હોય છે–આ નિયમ છે.

મનના અવાજનું નામ રુચિ છે. જે રુચિની સાથે વિવેકનો પ્રકાશ નથી હોતો, તે મનુષ્યની ભારે દુર્દશા કરે છે, એટલે સાધકને જોઈએ કે મનની રુચિને વિવેકના પ્રકાશમાં જુએ એને નિર્દોષ બનાવે.

મનુષ્યના મનની વાત પૂરી થવાથી એનામાં મનુષ્યની આસક્તિ થઈ જાય છે અને એને જીવન સુખી લાગે છે, પરંતુ એ રુચિકર પરિસ્થિતિથી યુક્ત સુખી જીવનમાં ભજન-સાધન નથી હોતું, પ્રાણી એમાં ફસાઈ જાય છે.

આ પ્રમાણે અરુચિકર પરિસ્થિતિમાં પણ ભજન-સાધન નથી હોતું તે સમયે પ્રાણી રુચિકર પરિસ્થિતિની આશા કરીને એનાં ચિંતનમાં લાગી જાય છે.

મનની આસક્તિનું નામ રુચિ છે. એની ઉત્પત્તિ અભ્યાસથી થાય છે. વિવેકથી એનું પરિવર્તન થાય છે.

તેથી સાધકને પોતાના અભાવને ઠીક-ઠીક સમજી એમની પૂર્તિ જે અસલી ઉપાય છે, એની શોધ કરવી. વિચાર કરવાથી ખબર પડશે કે જે અનુકૂળતા પ્રાપ્ત છે, તે ચોક્કસ ચાલી જવાની છે. આ ખબર પડતાં જ સંયોગકાળમાં જ વિયોગનું દુઃખ દેખાશે અને એ અનુભવ થશે કે સંસારની કોઈ પણ પરિસ્થિતિ અભાવની પૂર્તિ નથી કરતી ત્યારે જ સંસારનાં સંબંધથી રુચિ ઓછી થશે.

શરીર અને સંસારથી સંબંધ માની લઈને અધિકારની જાગૃતિ થાય. અધિકારની ઈચ્છા પૂરી ન થાય તો દ્વેષ અને પૂરી થાય તો રાગ ઉત્પન્ન થાય છે. આ રાગ-દ્વેષ જ મનની અશુદ્ધિનું મૂળ કારણ છે.

તેથી સાધકે પોતાનાં કોઈ અધિકાર માનવા નહિ. અધિકાર છોડીને ભલે જ્યાં રહે, તેને ક્ષોભ નથી હોતો. તે બીજાને સારા લાગે છે. અધિકાર રાખવાવાળા કોઈને સારા નથી લાગતાં.

જે મનુષ્ય હંમેશાં બીજાના કર્તવ્ય પર દૃષ્ટિ રાખે છે. એનાથી ભજન નથી થતું; કેમ કે બીજા પોતાનું કર્તવ્યપાલન કરે કે ના કરે, એ સાધકના હાથની વાત નથી તેથી સાધકે બીજાઓની કોઈ પણ પ્રકારની આશા ન રાખે અને બીજાઓની માટે પોતાનું કર્તવ્ય

પૂરું કરતા ભગવાનના નાતે એમને હિતપૂર્વક સુખ આપે છે.

જે મનુષ્ય આ વિચારે છે કે અમુક કામ પૂરું થઈ જવાથી અથવા અમુક પ્રકારની પરિસ્થિતિ પ્રાપ્ત થવાથી ભજન કરીશ, તે ભજન નથી કરી શકતો, કેમ કે જે પરિસ્થિતિની આશા અને ચિંતન તેને ભજન નથી કરવા દેતાં, તે પ્રાપ્ત કરવાથી કેવી રીતે ભજન કરવા દે. ભજન-સાધન તે જ કરી શકે, જે આ નિશ્ચય કરી લે કે મારે તો આ જ પરિસ્થિતિમાં ભજન કરવું છે જે પ્રાપ્ત છે.

સાધકે પ્રતિકૂળતામાં ભયભીત ન થવું અને અનુકૂળતાની આશા ન કરવી, અને જે પરિસ્થિતિ પ્રાપ્ત છે એનો જ સદુપયોગ કરવાથી પોતાના લક્ષ્યની પૂર્તિમાં લાગી જવું. સાધકે સમજવું જોઈએ કે પ્રતિકૂળતા તો સંસારમાં વૈરાગ્ય ઉત્પન્ત્ત કરીને લક્ષ્ય સુધી પહોંચાડવામાં સહાયક છે અને અનુકૂળતા રાતની જેમ વિશ્રામ આપે છે. પ્રતિકૂળતા અને અનુકૂળતા દિવસ અને રાતની જેમ આવેજાય છે. આ રોકાતી નથી. એટલે મારે તેમાં દ્વેષ અને આસક્તિ કરીને ફસાવું નહિ. એમનો સદુપયોગ કરીને એમના ભૂતકાળનું જીવન પ્રાપ્ત કરવાનું છે.

જે કામ પોતાની પ્રસન્નતા માટે કરીએ છીએ, એનું નામ 'ભોગ' છે, જે કામ બીજાઓની પ્રસન્નતા માટે તેમની હિતની દૃષ્ટિથી થાય છે, એનું નામ 'સેવા' છે.

જે લોકો પોતાના મનની વાત પૂરી કરવા માટે કામ કરે છે, તે ક્યારે પણ એને પૂરી નથી કરી શકતાં; કેમ કે મનમાં એક પછી બીજી ઇચ્છા ઉત્પન્ન થાય છે, એના અભાવની ક્યારે પણ પૂર્તિ થતી નથી. એટલા માટે સાધકે કામ કરવું જોઈએ, સેવાના રૂપમાં કરે. એવું કંઈ કામ ન કરે જેમાં બીજાઓનું અહિત થાય. સેવાના રૂપમાં કામ કરતાં સમયે જેની સેવા કરે. એની રુચિને સમજીને કરે, પોતાના મનની રુચિને અનુરૂપ ન કરે. જો સેવા

કરવાવાળા એવું વિચારે કે અમુક વસ્તુમાં જીવનશક્તિ વધારે છે, તે ખાવાથી એમનું વધારે હિત થશે અને ખાવાવાળાની તે વસ્તુ પર રુચિ ન હોય તો તેવું કરવાથી સેવા નહિ થાય; કેમ કે તેના મનની વાત ન હોવાથી તેને જો ક્રોધ આવશે તો એનાથી એની વર્તમાન જીવનશક્તિનો નાશ થશે.

જો મનુષ્યમાં બીજાને પ્રસન્ન કરવાની અર્થાત્ એમના મનને અનુકૂળ સેવા કરવાની શક્તિ ન હોય તો એને જોઈને કે એ કામથી સાફ-સાફ ના કહી દે. કામ ન કરવાથી પાપ નથી લાગતું, એને વિરુદ્ધ કરવાથી લાગે છે.

જે લોકો કહે છે કે સાધનમાં મન નથી લાગતું, એમણે સમજવું જોઈએ કે આપણે પોતાની રુચિ, વિશ્વાસ અને યોગ્યતા અનુરૂપ સાધનનું નિર્માણ નથી કર્યું. સાધનનું નિર્માણ થયા પછી એનામાં મન ન લાગે અથવા એના લક્ષ્યની પ્રાપ્તિ ન થાય એ ક્યારેય ન બને.

એટલે કે સાધકે સમજવું જોઈએ કે 'હું સાધન નથી કરી શકતો અથવા સાધનમાં સફળતા મળવી મુશ્કેલ છે.' આ માન્યતાને પોતાના જીવનમાંથી કાઢી દે તથા એવો નિશ્ચય કરો કે અત્યારે જે પરિસ્થિતિ પ્રાપ્ત છે, એમાં હું સાધન કરી શકું છું અને તેનાથી મને ચોક્કસ સફળતા મળશે. સાધન નથી થઇ શકતુ એ વાતને હંમેશાં જૂઠી સમજો. બીજાઓની બરાબરી ન કરો. વિવેકના પ્રકાશમાં રુચિ, વિશ્વાસ અને યોગ્યતા અનુસાર સાધનનું નિર્માણ કરીને સાધનમાં તત્પર થઈ જાય.

જો સાધન રુચિકર હોય તો, તેમાં કોઈ પ્રકારનો સંદેહ નથી હોતો, જેમાં આ વિકલ્પરહિત વિશ્વાસ હોય છે, કે આનાથી મારો સમસ્ત અભાવ મટીને મને પોતાના સાધ્યની પ્રાપ્તિ થઈ જશે, તે સાધન સાધકનું જીવન બની જાય છે. એમાં નિત્ય નવો ઉત્સાહ

અને પ્રેમ વધતો રહે છે.

સાધકે બળનો, સુખનો, નિર્બળતાનો, દુઃખનો સદુપયોગ કરવો અર્થાત્ જે સમયે જે કંઈ પ્રાપ્ત છે, એનો સદુપયોગ કરવો. વીતી ગયેલી વાતોનું ચિંતન અને ભવિષ્યની આશા ન કરો. જો નિર્બળતાનો અનુભવ હોય તો સંસારથી સર્વથા નિરાશ થઈને પરમેશ્વર પર વિશ્વાસપૂર્વક નિર્ભર થવું જોઈએ.

શેખચલ્લીની જેમ મનોરાજ્ય કરવાથી કોઈ કામ નથી થતું, દરેક મનુષ્ય સંકલ્પોની જાળમાં ફસાઈ જાય છે. એટલે મનુષ્યને જોઈએ કે જે કામ કરી શકે, એને જ પૂરું કરી દે. જે ન કરી શકે, એને કરવાનો સંકલ્પ છોડી દે. બધી પરિસ્થિતિઓ કોઈ પણ મનુષ્યને અનુકૂળ નથી થઈ શકતી. તે જેને પોતાનો વહાલો માને છે, તે જ તેનાં મનની વાત પૂરી નથી થવા દેતા, એનાથી વિપરીત કરવા લાગી જાય છે. રાજા દશરથ સૌથી અધિક કૈકેયીને પ્રેમ કરતાં હતાં, તે જ એમનાં મનની વાત પૂરી કરવામાં બાધક થઈ.

તેથી સાધકે બીજાઓના મનની ધર્માનુકૂળ વાતને ભગવાનના સંબંધ દ્વારા પૂરી કરે. પોતાના મનને બદલી દે અથવા એનો નાશ કરી દે. એવું કરવાથી દરેક પરિસ્થિતિમાં રસ્તો મળી જશે, કોઈ તકલીફ નહિ રહે. તેથી સાધકે પોતાના મનની વાત પૂરી કરવામાં શક્તિ નહિ લગાવવી જોઈએ.

જે કંઈ થાય છે તે એ સર્વન્તર્યામી બધાના પરમમિત્ર પ્રભુની સત્તાથી થાય છે, એટલે જ્યારે પોતાની મનની ઇચ્છાની વિપરીત હોય ત્યારે સાધકે સમજવું જોઈએ કે હવે પ્રભુ પોતાનાં મનની વાત પૂરી કરે છે, એટલે તે તરત જ મને અપનાવવાના છે, પોતાનો પ્રેમ પ્રદાન કરવાવાળા છે. પ્રત્યેક પરિસ્થિતિ પ્રભુનો આદેશ અને સંદેશ છે. એનો સદુપયોગ કરવાથી અને પ્રભુમાં પોતાનું મન લગાવી દેવામાં જ પોતાનું બધી પ્રકારનું હિત થાય છે. આ વિચારીને સાધકે

ક્યારે પણ અનુકૂળતાની આશા ન કરવી જોઈએ અને પ્રતિકૂળતાથી ક્યારે પણ અનુકૂળતાની આશા ન કરવી જોઈએ, અને પ્રતિકૂળતાથી ભય ન કરવો જોઈએ. સદૈવ પોતાનાં પ્રભુ પર જ નિર્ભર રહેવું જોઈએ.

માનવજીવન સાધન માટે મળ્યું છે. સાધન કરવામાં મનુષ્ય સદૈવ સ્વાધીન છે. ઠીક સાધન કરવાથી સફળતા ચોક્કસ મળે છે. એટલે સાધકનાં જીવનમાં ભગવાન પર અવિચળ વિશ્વાસ હોવો જોઈએ તથા સાધનમાં નિત્ય નવો પ્રેમ અને ઉત્સાહ વધારવો જોઈએ. દરેક સમયે પ્રભુની કૃપાના દર્શન કરવાથી એમનાં પ્રેમમાં વિભોર રહેવું જોઈએ.

—■—

શ્રીહરિઃ

# [ બીજો ભાગ ]

## (૧)

**પ્રશ્ન**—કાલના સત્સંગમાં આ વાત સાંભળી હતી કે સાધકને નિર્બળતાનું અને પ્રભુના મહિમાનું જ્ઞાન થાય તો ભગવાનમાં પ્રેમ અને વિશ્વાસ વધે. તેથી આ સમજવાની કૃપા કરો કે સાધકની નિર્બળતા શું છે અને તે એને કેવી રીતે સમજે તથા ભગવાનનો મહિમા શું છે અને તે કેવી રીતે સમજી શકાય.

**ઉત્તર**—મનુષ્યમાં સૌથી મોટી નિર્બળતા તો એ છે કે તે જેને કરવું ખરાબ સમજે છે, એને કર્યા વગર નથી રહી શકતો. જેને કરવું યોગ્ય સમજે, એને નથી કરી શકતો. ભગવાનને જે સુચારુરૂપથી કર્મ કરવાની ક્રિયાશક્તિ અને વિવેકશક્તિ આપી છે, એનો એ સદુપયોગ ન કરીને દુરુપયોગ કરે છે. તોપણ ભગવાન એટલા ઉદાર અને દયાળુ છે કે જ્યારે તેમની શક્તિઓનો હ્રાસ થાય છે ત્યારે બધું કંઈ જાણતા હોવા છતાં પણ તેમના અપરાધ તરફ ધ્યાન ન આપીને વારંવાર એને એ જ શક્તિ આપે છે. આ રહસ્યને સમજીને જો સાધક ભગવાન દ્વારા તેમણે મેળવેલી શક્તિનો સદુપયોગ કરવાનું બળ પ્રદાન કરવા માટે પ્રાર્થના કરે તો તે પણ આપવા માટે મહાન ઉદાર પ્રભુ હંમેશાં હાજર છે. ભગવાનનાં આ ભાવને સમજવાવાળા સાધકે તેમનામાં પ્રેમ-વિશ્વાસ કર્યા વગર રહી જ ન શકે ?

જો સાધક ભગવાનને પોતાના માની લે, એમને પ્રેમ કરવા ઇચ્છે, તે કેવા છે, મહાન દુરાચારી છે અથવા સદાચારી, ઉચ્ચવર્ણ છે અથવા નીચવર્ણ જાતિના—આ વાતનો ભગવાન જરા પણ વિચાર નથી કરતાં.

જે એમને ઇચ્છે છે, એમની સાથે પ્રેમ કરવા ઇચ્છે છે—તે તેમને કરવા હંમેશાં ઉત્સુક રહે છે. સાધક તેમને જેટલા પ્રેમ કરે છે, તે એમને તેનાથી વધારે પ્રેમ કરે છે—એનું વાણી દ્વારા કોઈ વર્ણન ન કરી શકાય. ભગવાનના આ મહિમાને સમજવાવાળા સાધક ઉપર પોતાને ન્યોછાવર કરી દેવા સિવાય અને કરે પણ શું ?

આ પ્રમાણે પોતાની નિર્બળતા અને ભગવાનના મહિમાના વિષયમાં સાધકને વિચાર કરવો જોઈએ કે વિવેકનાં પ્રકાશમાં વિચાર કરવાથી જાણકારી વધે તે સ્વાભાવિક છે.

(૨)

**પ્રશ્ન**—ભગવાનની કૃપા, બધાં પર હંમેશાં હોય છે, એનો અનુભવ કેવી રીતે હોય ?

**ઉત્તર**—જે સાધકને પોતાના બળ-પુરુષાર્થ ઉપર ભરોસો છે, જો એ સમજે છે કે પોતાનાં કર્મોના ફળસ્વરૂપમાં મળેલી જે શક્તિ દ્વારા સાધન કરીને હું પોતાના લક્ષ્યને મેળવી શકીશ—એને ભગવત્કૃપાનો અનુભવ નથી થતો. એવી જ રીતે જે વિચારમાર્ગમાં વિશ્વાસ રાખવાવાળા સાધક વિચાર દ્વારા જ પોતાના લક્ષ્યની તરફ આગળ વધે છે—એને પણ ભગવત્કૃપાનો અનુભવ નથી થતો. ભગવત્કૃપાનો અનુભવ તે સાધકને થાય છે, જેને તેમની કૃપા પર પૂર્ણ વિશ્વાસ છે. જે દરેક સમયે દરેક પરિસ્થિતિમાં તેમની કૃપાની જ રાહ જોતા રહે છે તથા એ સાધકને પણ ભગવત્કૃપાનો અનુભવ થાય છે. જે એ માને છે કે જે કંઈ વિવેક પ્રાપ્તિ છે—તે ભગવાનનો જ પ્રસાદ છે. મન, બુદ્ધિ, ઇન્દ્રિયો, શરીર તથા અન્ય સમસ્ત સાધનસામગ્રી તેમની છે અને તેમને જ કૃપાપૂર્વક એના સદુપયોગ માટે મને આપ્યું છે. તેમની જ કૃપા, પ્રેરણાથી સાધનમાં મારી પ્રવૃત્તિ તથા પ્રગતિ થાય છે અને થશે. આવી રીતે જે પોતાને ભગવાનની કૃપાને પાત્ર માને છે અને તે

માન્યતામાં જ ભગવાનની કૃપાને જ કારણ સમજે છે તેને ભગવત્કૃપાનો અનુભવ અવશ્ય થાય છે.

(૩)

**પ્રશ્ન**—મનની એકાગ્રતા કેવી રીતે થાય ?

**ઉત્તર**—મનની એકાગ્રતાનો ઉપાય સાધકોની પ્રકૃતિ, યોગ્યતા અને વિશ્વનાં ભેદથી અલગ છે. એનામાં પ્રધાન સાધન વૈરાગ્ય અર્થાત્ રાગનો અભાવ છે. અભ્યાસથી મનની એકાગ્રતા થાય છે, પરંતુ કેવળ અભ્યાસ દ્વારા કરેલી એકાગ્રતા ટકતી નથી, પછી ચંચળતામાં બદલાઈ જાય છે.

જ્યારે મનમાં બધા પ્રકારની ઇચ્છાઓનો સર્વથા અભાવ થાય છે, ત્યારે મનની સ્વાભાવિક એકાગ્રતા પ્રાપ્ત થાય છે અને તે જ ટકે છે.

જે મનની ચંચળતાથી દુ:ખી એકમાત્ર એકાગ્રતાનો ઇચ્છુક થાય છે, જ્યાં સુધી મન એકાગ્ર નથી થતું ત્યાં સુધી જેને ચેન નથી પડતું, તેનું મન પણ ચોક્કસ એકાગ્ર થઈ જાય છે.

જે સાધક કોઈપણ સ્થિતિની પ્રાપ્તિના ઉદ્દેશ્યથી કોઈ પણ વસ્તુ, વ્યક્તિ અથવા ભાવમાં પોતાનું મન લગાવીને કર્તૃત્વભાવપૂર્વક મનને એકાગ્ર કરવાનો પ્રયત્ન કરે છે, એનું મન કાલાંતરમાં એકાગ્ર નથી થતું, કેમ કે કર્તા અને ભોક્તા ભાવથી રહેવાથી જે સ્થિતિ પ્રાપ્ત થઈ જાય છે. એનો અંત અવશ્ય થાય છે—આ પ્રાકૃતિક નિયમ છે.

જે ચિત્તની એકાગ્રતાને જ સૌથી વધારે આવશ્યક કામ સમજી લે છે, જેને ચિત્તની એકાગ્રતા ન થવાની પૂરી વેદના છે, ચિત્ત એકાગ્ર કર્યા વગર જેને ચેન નથી પડતું, એનું પણ ચિત્ત એકાગ્ર થઈ જાય છે.

(૪)

**પ્રશ્ન**—જ્યારે સાધકનું દેહાભિમાન સર્વથા ગળી જાય છે અને એમનું હૃદય વિશુદ્ધ પ્રેમથી ભરાઈ જાય છે, તે સમયે તેમના વ્યવહારમાં શું અંતર આવી જાય છે?

**ઉત્તર**—એમનાં બધાં વ્યવહાર સાધારણ માણસોની અપેક્ષામાં ઊંધા હોય છે, જ્યાં લોકોની દરેક પ્રવૃત્તિમાં કોઈ ને કોઈ સ્વાર્થ રહે છે. કોઈ ને કોઈ પ્રકારની ભોગ-પ્રાપ્તિની ઇચ્છા રહે છે—ત્યાં તેની બધી પ્રવૃત્તિઓ બીજાઓની પ્રસન્નતા માટે અથવા એવું કહેવું જોઈએ કે ભગવાનની પ્રસન્નતા માટે થાય છે. તેમાં આપણું પોતાનું કોઈ પ્રયોજન નથી રહેતું. લોક-વ્યવહારમાં જેમની સાથે પરિચય અથવા કોઈ પ્રકારનો સંબંધ છે અને જે પ્રતિકૂળ કરે છે—તે બધાંમાં તે સમાનભાવથી પ્રેમ કરે છે. પ્રેમમાં ભેદ નથી રહેતો. કર્મનો ભેદ રહેતો હોવા છતાં પણ પ્રેમમાં વિષમતા નથી હોતી. એટલે તે બધાનો પ્રિય બની જાય છે. એમની પ્રત્યેક પ્રવૃત્તિમાં ભાગ્યે જ કોઈનું હિતઅહિત રહેતું હોય છે, એટલા માટે બધાં તેમને પ્રેમ કરે છે. તે એમના ઉપરના આચારવિચારની વાત કહી છે.

(૫)

**પ્રશ્ન**—જીવતાં મરી જવું કોને કહેવાય?

**ઉત્તર**—પ્રાણ હોય તોપણ શરીર અને સંસાર સર્વથા સંબંધરહિત થઈ જાય એને જ જીવતાં મરી જવું કહેવાય.

**પ્રશ્ન**—પ્રેમની ઇચ્છા હોવા છતાં પણ એવો પ્રેમ જે નિત્ય નવો પ્રેમ વધતો રહે, નથી હોતો, એના માટે શું કરીએ?

**ઉત્તર**—સાધકે ભગવત્કૃપાથી ક્યારે નિરાશ ન થવું જોઈએ. જેને પ્રેમની ઇચ્છા થાય છે તેને અવશ્ય પ્રેમ મળે છે. પ્રેમની ભૂમિકા અનેક પ્રકારની હોય છે. પ્રેમની ક્યારેય પૂર્ણતા નથી હોતી.

આ કારણે પ્રેમીને દરેક અવસ્થામાં પ્રેમની ઊણપનો બાધ આવે છે. એટલે જો સાધક આ ભાવથી આપણામાં પ્રેમની કમીનો અનુભવ કરે છે, ત્યારે તો એવી વાત નથી કે એમને સદૈવ નિત્ય-નવા રહેવાવાળો પ્રેમ પ્રાપ્ત થતો નથી; કેમ કે પ્રેમનો સ્વભાવ જ આ છે. પ્રેમાસ્પદ પ્રભુ અનંત છે. પ્રેમની ઇચ્છા પણ અનંત છે. પછી જ્યાં ત્રણેય અનંત છે, ત્યાં પૂર્ણતા કેવી હોય ?

જો પ્રેમની ઇચ્છા રાખતાં હોવા છતાં સાચેસાચો પ્રેમ પ્રાપ્ત નથી થતો, તો એમને ન મળવાની ભારે વેદના થવી જોઈએ. તે વેદના ચોક્કસ જ પ્રેમ ઇચ્છવાવાળાને પ્રેમની પ્રાપ્તિ કરાવી દેશે. જો પ્રેમની ઇચ્છા પણ છે અને એને એ ન મળવાની તીવ્ર વેદના પણ નથી તો સાધકે સમજવું જોઈએ કે મારાં જીવનમાં કોઈ ને કોઈ પ્રકારનો રસ છે, જે મને પ્રેમથી અલગ કરવાવાળો છે. વિચાર કરવાથી અથવા તો કોઈ પ્રકારથી સદ્‌ગુણનો રસ અથવા કોઈ પ્રકારનો સદાચારનો રસ દેખાઈ આવશે; કેમ કે પ્રેમ ઇચ્છવાવાળાના મનમાં ભોગવાસના અને ભોગોનો રસ તો પહેલાંથી જ મરી જવો જોઈએ. જ્યાં સુધી ભોગોમાં રસ પ્રતીત થાય છે, ત્યાં સુધી તો પ્રેમની સાચી ઇચ્છા પણ નથી હોતી.

ભગવત્પ્રેમનું મૂલ્ય સદ્‌ગુણ અથવા સદાચાર નથી હોતા. એટલે તે પ્રેમમાં દરેક મનુષ્યનો અધિકાર છે. પાપીથી પાપી પણ ભગવાનનો પ્રેમ પ્રાપ્ત કરી શકે છે; કેમ કે જે પ્રકાર ભક્તવત્સલ હોવાને કારણે શ્રીહરિ પોતાના ભક્તને સ્નેહ કરે છે, તેવી જ રીતે તે પતિતપાવન પ્રભુ અધમ ઉદ્ધારક અને દીનબન્ધુ પણ છે જ. એટલે દીન, હીન. પાપીને પણ તે પ્રેમ કરે છે. તે પણ પોતાને પ્રેમને પાત્ર સમજે છે. તે મનુષ્યથી કોઈ સૌંદર્ય અથવા ગુણના કારણે પ્રેમ નથી કરતા; કારણ કે અનંત, દિવ્ય સૌંદર્ય, અનંત દિવ્ય સદ્‌ગુણોનું તે કેન્દ્ર છે. કોઈ ઐશ્વર્યના કારણે પ્રભુને પ્રેમ કરે છે, એવી વાત

નથી, કારણ કે એમની સમાન ઐશ્વર્ય કોઈની પણ પાસે છે જ નહિ. તે તો એકમાત્ર તેમને જ પ્રેમ કરે છે; જે એમના ઉપર વિશ્વાસ કરીને એ માની લે છે કે, હું એમનો છું, તે મારાં છે. બસ એના સિવાય ભગવાન બીજું કંઈ નથી ઇચ્છતાં; એટલા માટે દરેક મનુષ્ય એમના પ્રેમનો અધિકારી છે.

પ્રેમ પ્રદાન કરવો અથવા ન કરવો તે પ્રભુના હાથની વાત છે. જે જ્યારે ઇચ્છે, જેને ઇચ્છે, પોતાનો પ્રેમ પ્રદાન કરે અથવા ન કરે. એમાં સાધકના હાથની વાત નથી, પરંતુ એમનો પ્રેમ ન મળવાથી વ્યાકુળતા અને બેચેની તો થવી જ જોઈએ. નાનામાં નાની ઇચ્છા પૂરી ન થવાથી મનુષ્ય દુઃખી થઈ જાય છે, વ્યાકુળ થઈ જાય છે, પછી જેને ભગવાનનાં પ્રેમની ઇચ્છા છે અથવા પ્રેમ મળતો નથી, તે શાંતિથી કેવી રીતે રહી શકે ? એમની વેદનાનું કોઈ પણ ભોગનું, સદ્‌ગુણનું, અને સદાચારનું અથવા સદ્‌ગતિનું સુખ પણ કેવી રીતે શાંત કરી શકે ?

જે સાધક ઉત્કૃષ્ટ ભોગોની ઇચ્છા રાખવાથી ભગવાનને અપનાવે છે, એમના મનની વાત ભગવાનથી છૂપી નથી. તે એમનાં ઉત્કૃષ્ટ ભોગોને પ્રદાન કરીને તે દ્વારા તેમને પ્રેમ કરે છે. જે સદ્‌ગુણ-સદાચાર ઇચ્છે છે, તેમને સદ્‌ગુણ-સદાચાર આપે છે. પણ જે સદ્‌ગતિ ઇચ્છે છે, તેમને સદ્‌ગતિ આપે છે, પણ ફક્ત એમને ઇચ્છે છે, એમના પ્રેમના ભૂખ્યા છે, જેને કોઈ પ્રકારનાં ભોગ, ગુણ, ગતિથી રસ નથી મળતો, જેમણે તે બધા રસનો પણ પરિત્યાગ કરી દીધો છે એમને ભગવાન ચોક્કસ પોતાનો પ્રેમ પ્રદાન કરે છે, એમાં કોઈ સંદેહ નથી.

પ્રેમી પોતાનાં પ્રેમાસ્પદને કોઇ પ્રકારનું સુખ નથી ઇચ્છતાં. તે સદા તેમના સુખમાં જ રહે છે. તેમને સુખ પ્રદાન કરવામાં એમને રસ આપવામાં જ એમને રસ મળે છે. એનાં કારણે જે

કંઈ પણ શક્તિ અને ઐશ્વર્ય પ્રાપ્ત છે, જે વાસ્તવમાં તેમનું આપેલું છે એ બધાંના દ્વારા પ્રેમી તે કામ કરે છે. જે પ્રેમાસ્પદ પ્રભુને પ્રસન્ન કરવાવાળો છે. પ્રેમી પોતાના ભગવાનની પ્રસન્નતા માટે– તેમને સુખ આપવા માટે જ સમર્પણ કરે છે. એમનું બીજું કોઈ લક્ષ્ય કે ઉદ્દેશ્ય નથી હોતો.

બધાં પ્રકારનાં સુખોની ઈચ્છાનો ત્યાગ કરવાથી પ્રેમીને પોતાના પ્રેમાસ્પદથી તે પ્રેમ-રસ જે નિત્ય-નવો રહે છે, જેની ક્યારેય ક્ષતિ નથી થતી, ક્યારેય અંત નથી થતો અને જેની ક્યારેય પૂર્તિ નથી થતી, નિરંતર મળતી રહે છે.

(૬)

**પ્રશ્ન**–મનુષ્ય મરવાથી કેમ ડરે છે ?

**ઉત્તર**–શરીરને હું માની લેવાના કારણથી અને મૃત્યુની મહિમાને ન જાણવાને કારણે જ મનુષ્યથી ડરે છે ?

**પ્રશ્ન**–મૃત્યુનો મહિમા જણાવો શું છે ?

**પ્રશ્ન**–ઉત્પત્તિ, સ્થિતિ અને મૃત્યુ અર્થાત્ લય–આ ત્રણેય અલગ-અલગ દેખાય છે, પરંતુ વિચાર કરવાથી ખબર પડે છે કે એમાં કોઈ ભેદ નથી. બાળક-અવસ્થાનો વિનાશ અને કિશોર-અવસ્થાની ઉત્પત્તિની જેમ જ જવાની અને ઘરડાં પણ વગેરે બધી જ અવસ્થાનો પરિવર્તન દરેક સમયે થતો રહે છે. એક મૃત્યુ જ બીજા નવીન જીવનનું કારણ બને છે. જો સંસારમાં કોઈ ન મરે તો જનસંખ્યા એટલી વધી જાય કે તેમને રહેવા માટે પૃથ્વી પર કોઈ જગ્યા ન મળે અને એટલું દુઃખ વધી જાય જીવવું ન ગમે. એટલે મૃત્યુ પણ આવશ્યક છે, અને ઘણી જ મહત્ત્વની ચીજ છે. જે આ વાતને સમજી લે છે, તે મોતથી નથી ડરતા; કારણ કે એક શરીરનો નાશ થઈને બીજું નવું શરીર મળે છે. તેથી મૃત્યુ જ નવીન જીવન પ્રદાન

કરે છે. આ સમજવાળા બુદ્ધિમાન મનુષ્ય ક્યારેય મૃત્યુથી નથી ડરતો, પરંતુ તેનું સ્વાગત કરે છે. જૂના વસ્ત્રને ઉતારીને નવા પહેરવામાં કોઈ પણ સમજદારને બીક નથી લાગતી, પરંતુ પ્રસન્નતા જ થાય છે; કારણ કે તેમાં કંઈ હાનિ નથી માનતો, ઉપરથી લાભ જ માને છે. મૃત્યુનો ડર તે મનુષ્યને લાગે છે, જે મનુષ્યો વર્તમાન સ્થિતિનો સદુપયોગ નથી કરતાં, કારણ કે વર્તમાનના સદુપયોગથી જ ભવિષ્યને ઉત્કૃષ્ટ અને આશાજનક બને છે. અર્થાત્ જે લોકોએ પોતાનાં ભવિષ્યને ઉજ્જવળ બનાવી દીધું છે, તે મૃત્યુથી ભયભીત કેમ થાય છે ? જેમણે વર્તમાનનો દુરુપયોગ કર્યો છે તે જ મૃત્યુથી ભયભીત થતાં રહે છે.

(૭)

**પ્રશ્ન**—જીવ સ્વાધીન છે કે પરાધીન ?

**ઉત્તર**—ઈશ્વર તરફથી મળેલ વિવેકનો આદર કરી પ્રાપ્ત શક્તિનો સદુપયોગ કરવામાં જીવ સર્વથા સ્વતંત્ર છે. આ સ્વતંત્રતા ઈશ્વરની આપેલી છે. એના સિવાય જીવ સર્વથા પરતંત્ર છે. અર્થાત્ વાસ્તવમાં સ્વાધીન તેને જ કહી શકાય જે પોતાને મળેલ વિવેકનો આદર કરી બધાં પ્રકારની ઇચ્છાઓથી રહિત થઈ ગયો છે; કારણ કે કોઈ પણ પ્રકારની ઇચ્છા રહેવાથી કોઈ પણ પ્રાણી પોતાને સ્વતંત્ર નથી કહી શકતો. જ્યાં સુધી મનુષ્યનું અંતઃકરણ અપવિત્ર છે, તેમાં રાગ-દ્વેષ અને ભોગ-વાસના હોય છે, ત્યાં સુધી તે સ્વાધીન નથી. જ્યાં સુધી તે જે કામને કરવા યોગ્ય નથી સમજતો, તેને પણ કરતો રહે છે અને જેને યોગ્ય સમજે છે, તેને નથી કરી શકતો, ત્યાં સુધી તે સ્વાધીન કેવો ? અર્થાત્ પ્રાપ્તનો દુરુપયોગ કરવાવાળો અજ્ઞાનપૂર્વક જ ભલે પોતાને સ્વાધીન સમજે પરંતુ વાસ્તવમાં તે પરાધીન જ છે.

જ્યાં સુધી મનુષ્ય પોતાની પ્રસન્નતાના હેતુ માટે કોઈ બીજી વ્યક્તિ, પદાર્થ, પરિસ્થિતિ અને અવસ્થાને માનતો રહે છે, ત્યાં સુધી તે પોતાના જીવનમાં દીન-હીન અને પરાધીન જ બનેલો રહે છે. ક્યારેય પણ સ્વાધીનતાનો અનુભવ નથી કરી શકતો. પ્રાપ્ત વિવેકનો સદુપયોગ કરી પોતે ઊભા કરેલ દોષોને દૂર કરી અંતઃકરણને શુદ્ધ કરી લેવામાં મનુષ્ય સદાય સ્વાધીન છે. એટલે કે એવું કરી તે પ્રભુની કૃપાથી દરેક પ્રકારની સ્વાધીનતા પ્રાપ્ત કરી શકે છે; કારણ કે પછી તેની પ્રસન્નતાથી કોઈ બીજા પર નિર્ભર નથી રહેતી.

સાધકે માનવું જોઈએ કે મનુષ્યમાં જે વિવેકશક્તિ છે, તે કોઈ કર્મનું ફળ નથી. આ તો ઈશ્વરની દેણ છે, જે વગર કારણે પોતાના મધુર સ્વભાવથી પ્રેરિત થઈ બધા પર કૃપા કરતાં રહે છે. અર્થાત્ જે પ્રાણીમાત્રનો શુભચિંતક છે. શરીર, ઇન્દ્રિય અને સંપત્તિ વગેરેને કર્મ ફળ માની શકાય છે, તેમાં કોઈ આપત્તિ નથી; પરંતુ વિવેક કોઈ ક્રિયા દ્વારા ઉત્પન્ન થતો નથી. આ તો મનુષ્યને પ્રભુની કૃપાથી મળેલ છે.

એટલે કે ઈશ્વરે આપેલ વિવેકનો આદર કરી તેનો સદુપયોગ કરવો જોઈએ અર્થાત્ પોતે ઊભા કરેલ દોષોને વિચારપૂર્વક નિરીક્ષણ કરી તેને મટાડવા જોઈએ અને ચિત્તની શુદ્ધિ કરી પોતાના પ્રભુ ઉપર વિશ્વાસ કરવો જોઈએ અને પોતે પોતાને તેમને સમર્પણ કરી તેમના વિશુદ્ધ પ્રેમને પ્રાપ્ત કરવો જોઈએ.

(૮)

**પ્રશ્ન**—મૂર્તિપૂજા ક્યાં સુધી કરવી જોઈએ ?

**ઉત્તર**—કોઈ પણ આસ્તિક ભક્ત મૂર્તિની પૂજા નથી કરતાં, તે તો મૂર્તિમાં પોતાનાં ઇષ્ટદેવની પૂજા કરે છે, એટલે જ્યાં સુધી

પોતાને ભાસ રહે ત્યાં સુધી પોતાના ઈષ્ટદેવની પૂજા કરતા રહેવું જોઇએ.

જ્યારે મનુષ્ય કોઈ પુસ્તક અથવા ચિઠ્ઠીને વાંચે છે, ત્યારે કાગળ કે સ્યાહીને નથી વાંચતો; પરંતુ તેમાં લખેલ સંકેત દ્વારા તેના અર્થને વાંચે છે. કાગળ, સહી અને અક્ષર તો તેના અર્થને સમજાવવા માટેનાં ચિહ્ન માત્ર છે. અર્થ તો વાંચવાવાળાની બુદ્ધિમાં પરંપરાથી હાજર જ છે. એવી જ રીતે ભક્ત મૂર્તિને સંકેત બનાવી પોતાનાં ઈષ્ટની પૂજા કરે છે, મૂર્તિની પૂજા નથી કરતો.

એ જ પ્રમાણે ગીતા વગેરેમાં સમજી લેવું જોઈએ. વાંચવાવાળો તેને ભગવાનની વાણી સમજીને વાંચે છે અને તેવા જ ભાવથી તેનો આદર કરે છે.

શ્રી તુલસીદાસજી રામ-નામના જપ કર્તા હતાં. તે તેમના ભાવમાં પરમેશ્વર અને તેમના પૂર્ણ ઐશ્વર્ય, માધુર્ય વગેરે બધા ગુણ નામમાં ભરેલાં હતાં, તેઓ રામ અને બ્રહ્મ કરતાં નામને વધારે માનતા હતા. તેમના વિષયમાં કોઈ પણ એવું નથી કહી શકતા કે તેઓ પરમેશ્વરનું સ્મરણ કરતાં ન હતાં, ફક્ત શબ્દના જ જપ કરતાં હતાં. જેથી સાધકે એવું સમજી લેવું જોઈએ કે કોઈ પાત્ર સાધન નીચલી કક્ષાનું નથી.

જે સાધકને જે સાધન પ્રિય હોય, પોતાની યોગ્યતા અનુસાર જે સાધનને સરળતાથી કરી શકે, જેમાં તેને પૂર્ણ વિશ્વાસ હોય, કોઈ પણ પ્રકારની શંકા ન રહે, તે જ સાધન તેને માટે સર્વશ્રેષ્ઠ છે. કોઈપણ પ્રકારની શંકા ન રહેવાથી સાધકની બુદ્ધિ સાધનમાં લાગી જાય છે. પ્રેમ હોવાથી હૃદય દ્રવિત થઈ જાય છે. વિશ્વાસ હોવાના કારણે મનમાં કોઈ પણ પ્રકારનો વિકલ્પ નથી થતો. તેમાં મન લાગી જાય છે. અર્થાત્ સાધનમાં કોઈ નાનું કે મોટું નથી.

કોઈ પણ સાધકે એવું ન માનવું જોઈએ કે મને અમુક પ્રકારની યોગ્યતા પ્રાપ્ત નથી. જેથી મને ભગવાન નહિ મળે. આવું માની ભગવાનના મહિમાને જાણ્યા વગર તેમની કૃપાનો અનાદર કહેવાય; કારણ કે ભગવાન તેમની કૃપાથી પ્રેરિત થઈ સાધકને મળે છે. તેમની કૃપા કરવાનો એકમાત્ર ઉપાય તેમને મળવાની ઉત્કંઠા, તેમના પ્રેમની અતિશય લાલસા જ છે. ધન, બળ, સુંદરતા અથવા કોઈ પણ પ્રકારના સાધકના બળથી ભગવાન નથી મળતા. સાધન તેમના તથા તેમનાં પ્રેમનું મૂલ્ય નથી. સાધન તો પોતે બનાવેલ દોષોને મટાડવા માટે છે, જે ભગવાન દ્વારા મળેલી યોગ્યતાનો સદુપયોગ કરવા માત્રથી થાય છે.

મનુષ્ય ભલેને ગમે તેવો દીન-હીન-મલિન કેમ ન હોય, કેટલોય મોટો પાપી કેમ ન હોય, તે જેવો અને જે પરિસ્થિતિમાં હોય, તેમાં જ જો વિશ્વાસપૂર્વક ભગવાનનો થઈ જાય અને તેમને મેળવવા માટે વ્યાકુળ થઈ જાય, ભગવાનનાં વિયોગમાં તેને કોઈ પણ પ્રકારનું ચેન ન પડે, તો ભગવાન અવશ્ય મળી જાય છે.

ભગવાન તેવાં જ પાપીને મળે છે જે પાપી રહેવા નથી ઇચ્છતો, અર્થાત્ ફરી પાપ કરવા નથી ઇચ્છતો. એવા સાધકને ભગવાન પરમ પવિત્ર બનાવી અપનાવી લે છે, પરંતુ જેને પોતાનાં પાપોનો પશ્ચાત્તાપ નથી, જે તેને છોડવા નથી માગતો તેને ભગવાન નથી મળતાં. તેવી જ રીતે જેમને પોતાના ગુણોનું અભિમાન હોય છે, તેને પણ નથી મળતાં. સાથે-સાથે એ વાત પણ છે કે જ્યાં સુધી સાધકનાં મનમાં કોઈ બીજી વસ્તુની ઇચ્છા રહે છે ત્યાં સુધી ભગવાન નથી મળતાં, પરંતુ તેની ઇચ્છા મુજબ વસ્તુ અને પરિસ્થિતિ, જો તેનાં પતનનો હેતુ ન હોય તો આપી દે છે.

ભગવાનની આ શરત હોય છે કે મને મળ્યા પછી અન્ય

બીજા કોઈને સાધક મળી શકતો નથી; પરંતુ આવો સાધક કોઈ વીર પુરુષ જ હોય છે. જે હરહંમેશાં માત્ર તેમને જ મળવાની ઈચ્છા રાખતો હોય, જેનાં બધાં કામ પૂરાં થઈ ગયા હોય, જેનાં મનમાં અન્ય કોઈ પ્રકારની ઈચ્છા ન રહી હોય. અધિકાંશ મનુષ્ય તો અનેક પ્રકારના સંયોગની ઈચ્છાઓથી ઘેરાયેલો રહેતો હોય છે. આજે મારે અમુક કામ કરવા છે, અમુક મિત્રોને મળવું છે, અમુક જગ્યાએ જવું છે, ત્યારબાદ આ કરવું છે, ઈત્યાદિ.

જેમાં અધિક યોગ્યતા હોય છે, તેને માટે સાધન પણ અધિક કઠણ હોય છે, અને ઓછી યોગ્યતાવાળા માટે સાધન પણ સહજ સરળ હોય છે. જેમ કોઈ ધનવાન મનુષ્ય પુષ્કર-સ્નાન કરવા માટે જાય તો મોટરમાં કે ગાડીમાં પહેલી શ્રેણીમાં યાત્રા કરવા જાય છે. તેમાં ઘણું ખર્ચ કરવું પડે છે, ત્યાં જઈને પણ દાન વગેરેમાં ઘણું ધન આપવું પડે છે, પરંતુ એક ગરીબ ભિખારી અથવા નોકર જાય તો ઊલટાનું તેને કંઈ ને કંઈ મળે છે. ખર્ચ કંઈ પણ કરવો પડતો નથી. પુસ્કર-સ્નાન બંનેને મળી જાય છે, તેમાં કાઈ પણ પ્રકારનો ભેદ નથી હોતો.

જ્યાં સુધી સાધકનાં મનમાં ગુણ-દોષનું અભિમાન રહે છે, ત્યાં સુધી ભગવાન મળી શકતાં નથી. એટલા માટે સાધકે વિચારવું જોઈએ કે પોતાનામાં સદ્ગુણોના અભિમાનને સ્થાન ન આપે અને દોષોની ઉત્પત્તિ ન થાય. બસ, આ જ સાધકનો પ્રયત્ન હોવો જોઈએ.

ભગવાનને અને તેમનાં પ્રેમને પ્રાપ્ત કરવા માટે ફક્ત સરળ વિશ્વાસપૂર્વક તેમનાથી સંબંધ હોવો જોઈએ. કોઈ પણ પ્રકારના ગુણોનું અભિમાન ન હોય અને કોઈ પણ પ્રકારના દોષ ઉત્પન્ન ન થાય તો સાધકથી ભગવાન છુપાઈ શકતાં નથી.

(૯)

**પ્રશ્ન**—સ્વામીજી ! પ્રેમ તો બધો એક જ હોય ને, તે ભલે પુત્રમાં હો, કે અન્ય કોઈમાં, પ્રેમ જ તો છે ?

**ઉત્તર**—જે પુત્ર અને પતિ વગેરેમાં પ્રેમ હોય છે, તે પ્રેમ નથી મોહ છે. તેને જ રાગ અને આસક્તિ પણ કહે છે. પ્રેમ અને મોહમાં ઘણું અંતર છે. જેમાં મોહ હોય છે, તે મોહના કારણે પ્રિય લાગે છે, તેમાં સ્વાર્થભાવ હોય છે. તેમાં એકબીજાથી કોઈ પણ પ્રકારનું સુખ લેવાની ઇચ્છા રાખે છે, પંરતુ પ્રેમમાં સ્વાર્થ માટે કોઈ સ્થાન નથી. પ્રેમી તો દરેક પ્રકારે પોતાના પ્રિયને સુખ આપવા માટે—અર્થાત્ તેમની પ્રસન્નતા માટે જ દરેક કામ કરતા હોય છે. તે પોતાના પ્રિયતમ માટે સર્વસ્વ સમર્પણ કરી દેતા હોય છે. પ્રેમીનું જીવન પોતાના પ્રિયતમને સુખ આપવા માટે જ હોય છે. પોતાના પ્રિયતમનું સુખ જ પ્રેમી માટે સુખ હોય છે. પ્રિયતમની પ્રસન્નતા જ તેની પ્રસન્નતા હોય છે, પ્રિયતમનો પ્રેમ જ તેનું અસ્તિત્વ હોય છે, પોતાના માટે તેને અન્ય કોઈ પ્રકારની ઇચ્છા રહેતી નથી.

તમે કોઈ પણ પ્રેમી ભક્તની જીવનકથા સાંભળો ક્યાંય એવી ઘટના નહિ મળે, જેમાં પ્રેમી ભક્તે પોતાના પ્રભુ પાસે પોતાના સુખ માટે ક્યારેય કોઈ માગણી કરી હોય. માગણી કરવાની વાત તો દૂર રહી તે તો આપે તોપણ લેવા સ્વીકાર નથી કરતા. ફક્ત પ્રેમ જ પ્રેમ ઇચ્છે છે, અર્થાત્ ભગવાન પોતે તેમના પ્રેમી બની જાય છે પછી તો ભગવાનની બધી ઇચ્છાઓ ભક્તને રસ આપવા માટે થયા કરે છે. વિયોગ સમયમાં ભક્ત ભગવાનનાં વિરહમાં વ્યાકુળ રહે છે અને ભગવાન ભક્તના વિરહમાં વ્યાકુળ રહે છે. અહીંયાં સીતા રામના વિયોગમાં વ્યાકુળ છે તો ત્યાં રામ સીતાના

વિયોગમાં વ્યાકુળ છે. આ જ ભક્ત અને ભગવાનની દિવ્ય પ્રેમલીલા છે.

(૧૦)

**પ્રશ્ન**—ગીતામાં નિષ્કામકર્મ દ્વારા પરમાત્માની પ્રાપ્તિના ઉપાય બતાવવામાં આવે છે. આપણે ગૃહસ્થ છીએ. આપણે લૌકિક ઉન્નતિની ઈચ્છા રાખતા હોવાથી નિષ્કામકર્મ કરવું ઘણું મુશ્કેલ છે, તો કેવી રીતે કરવું જોઈએ ?

**ઉત્તર**—લોકિક ઉન્નતિ અને પરલૌકિક ઉન્નતિ માટે ભગવત્પ્રાપ્તિના સાધન અલગ-અલગ નથી. જે વાસ્તવિક લૌકિક ઉન્નતિનું સાધન છે. તે જ પરલૌકિક ઉન્નતિનું પણ સાધન છે. આ બંનેમાં ભેદ માની લઈ લોકો પોતાના કર્તવ્યમાં ભૂલ કરી બેસે છે, વાસ્તવમાં લૌકિક ઉન્નતિવાળા તે જ છે જેની આવશ્યકતા બીજાને હોય, સંસારમાં જેને મોટા માણસ સમજવામાં આવે છે, તેઓ પણ જેની પાછળ-પાછળ ફરી રહ્યા છે અને તેમની કોઈ વસ્તુ તે પોતાના ઉપયોગમાં લઈ લે તો લોકો પોતાનું અહોભાગ્ય સમજે.

જે મનુષ્ય બીજા પાસે કંઈ લેવાની ઈચ્છા રાખે છે, પોતાના સુખનો આધાર બીજાઓને માને છે, બીજાઓની આશા રાખે છે તેને શું ઉન્નતિશીલ કહી શકાય ? ભલે તે કેટલોય વૈભવશાળી કેમ ન હોય. તે તો દરિદ્ર જ છે. ઉન્નતિશીલ તો તે જ છે કે જે પ્રાપ્ત વિવેકનો આદર અને બળનો સદુપયોગ કરે છે. લોભી મનુષ્ય ક્યારેય ઉન્નતિશીલ હોઈ શકે નહિ.

વિચાર કરવો જોઈએ કે કર્મ કરવાનું વિધાન શા માટે છે ? વિચાર કરવાથી ખબર પડશે કે મનુષ્યમાં જે ક્રિયાશક્તિનો વેગ છે, તેને કરવાની જે આસક્તિ છે, તેને મટાડવા માટે જે કર્મોનું

વિધાન છે, અર્થાત્ પોતાના સ્વભાવ અને પરિસ્થિતિ અનુસાર જે કર્મ કર્તવ્યરૂપમાં પ્રાપ્ત થયા છે, તેને ઘણી જ સાવચેતીથી ઉત્સાહપૂર્વક સારી રીતે પૂરું કરી નાખવું; પરંતુ તે કર્મના ફળરૂપે પ્રાપ્ત થવાવાળા પદાર્થોથી પોતાનું મૂલ્ય વધારે સમજે. તેના બદલામાં પોતે-પોતાને વેચે નહિ; કારણ કે જે કર્મથી પ્રાપ્ત થવાવાળા ફળથી પોતાનું મૂલ્ય ઓછું કરી શકે કરે છે તેના બદલામાં પોતાને વેચી દે છે, તે ન તો વાસ્તવિક ઉન્નતિ કરી શકે છે કે ન તો પરલૌકિક ઉન્નતિ કરી શકે. તે વસ્તુઓના દાસીત્વને કારણે સદાય અભાવનો અનુભવ કરતો રહે છે.

જે એવું સમજે છે કેમ જો મારે કર્મથી કંઈ લેવું જ નથી તો હું શા માટે કર્મ કરું, તે પણ કર્મને બરાબર કરી શકતો નથી. આળસુ બની જાય છે. જે ફળની લાલચમાં કર્મ કરે છે, તેનું લક્ષ્ય પણ કર્મની સુંદરતા પર નથી રહેતું. અર્થાત્ તે પણ કરવા લાયક કર્મને સારી રીતે પુરું કરી શકતો નથી. લોભના વશમાં થઈ તે કર્મમાં અનેક પ્રકારની ખામીઓને સમાવી લે છે. કર્મને સાંગોપાંગ તો તે જ કરી શકે છે, જેના મનમાં ફળની લાલચ નથી, પરંતુ કર્તવ્ય-કર્મને સાંગોપાંગ પૂરું કરવું જ તેનો ઉદ્દેશ્ય હોય છે.

કર્મનું જે દેખીતું ફળ છે, તે તો કર્તા ઇચ્છશે તોપણ થશે અને ન ઇચ્છે તોપણ થશે, ઇચ્છવું ન ઇચ્છવું તેમાં કોઈ અંતર નહિ પડે, જેમ ભોજન કરવાથી ભૂખ મટાડવાની નિવૃત્તિ તો બંનેની થશે; પરંતુ જે સ્વાદની લાલચમાં ભોજન કરશે, તે કર્મ, વિધાનના વિરુદ્ધની વસ્તુઓ ખાઈ ઊલટું પોતાનું અહિત કરશે. એવી જ રીતે વેપારમાં પણ સમજવું જોઈએ. વેપારમા નફો-નુકસાન તો જે થવાનું છે તે જ થશે; પરંતુ જે મનુષ્ય લાભની લાલચમાં અને નુકસાનના ભયમાં આવી જઈ વેપાર કરશે, તે વેપારમાં એવા નિયમોનું યથાયોગ્ય પાલન નહિ કરી શકે, જેનું પાલન કરવું લૌકિક ઉન્નતિમાં અતિ

આવશ્યક છે.

આથી આ સિદ્ધ થયું કે નિષ્કામકર્મમાં કોઈ મુશ્કેલી નથી, નહિ તો સકામની અપેક્ષાએ નિષ્કામ જ સરળ છે અને તે જ લૌકિક ઉન્નતિનો ઉપાય પણ છે.

જે સંપત્તિશાળી મનુષ્ય લોભના વશમાં થઈ તે સંપત્તિનો સદુપયોગ નથી કરતો જેનાથી નિર્ધનોની જરૂરિયાત પૂરી નથી કરતો, તે લોકોમાં પણ ઉન્નતિશીલ માનવામાં નથી આવતો તથા જે નિર્ધન મનુષ્ય ધનની ઈચ્છાનો ત્યાગ નથી કરતો, તે પણ સુખી નથી થઈ શકતો. અર્થાત્ લૌકિક ઉન્નતિ માટે પણ બધા પ્રકારની કામનાઓનો ત્યાગ જરૂરી છે.

જે સાધક પોતાના સ્વભાવ અને પરિસ્થિતિને અનુરૂપ કર્તવ્યરૂપમાં મળેલ કર્મને ફળની ઈચ્છા વગર સારી રીતે પૂરું કરી લે છે, જેવી રીતે તેને કરવું જોઈએ, ઠીક કરે છે, આળસ કે પ્રમાદવશ તેમાં કોઈ પ્રકારની ઊણપ નથી કરતો; શૌચ કરવું, સ્નાન કરવું, જીવનોપયોગી કર્મ કરવા, સેવારૂપી કર્મ કરવા, ભોજન કરવું, શયન કરવું વગેરે જેટલા પણ જરૂરી કર્મ છે, તે બધાને યોગ્ય આવશ્યક સમય પર સારી રીતે કુશળતા અને ઉત્સાહપૂર્વક પૂરા કરે છે, તે કર્તવ્યપાલનથી તેની ક્રિયાશક્તિનો વેગ અને કર્મ કરવાની આસક્તિ મટી જાય છે, તે ચિત્ત શુદ્ધ થઈ જાય છે. ભોગ-વાસના નષ્ટ થઈ જાય છે. કોઈપણ પ્રકારની ઈચ્છા ન રહેવાથી ચિત્ત નિર્વિકલ્પ થઈ જાય છે. પછી યોગથી સામર્થ્ય, વિવેકથી બોધ અને વૈરાગ્યથી ભગવત્પ્રેમની પ્રાપ્તિ થઈ તેનો પરલોક પણ બધી રીતે સુધરી જાય છે.

**પ્રશ્ન**—ભગવાને ગીતામાં કહ્યું છે કે શરીરરૂપી યંત્ર ઉપર ચઢાવેલાં પ્રાણીઓને તેમના હૃદયમાં સ્થિત પરમાત્મા ફેરવે છે અર્થાત્ તેમનાથી કર્મ કરાવે છે, તો પછી તેનું ફળ પ્રાણીઓને

કેમ ભોગવવું પડે છે ?

**ઉત્તર**—ક્રિયામાં અને કર્મમાં અંતર છે. તે અંતરને સમજી લેવાથી તેનો જવાબ મળી જશે. જેમાં કોઈ કર્તા હોતો નથી, જે કરવું નથી પડતું પોતાની મેળે થાય છે, જેમ હવાથી ઝાડના પત્તાનું હલવું વગેરે, તે તો ક્રિયા છે અને જે કર્તા બની રાગ-દ્વેષપૂર્વક કરવામાં આવે છે, તે કર્મ છે અર્થાત્ જેનો આ સાચે જ ભાવ છે કે જે કંઈ થઈ રહ્યું છે, તે ઈશ્વરની શક્તિ અને પ્રેરણાથી જ થઈ રહ્યું છે. મારો તેમાં કોઈ સંબંધ નથી. આ ભાવથી જે પોતાને બધી રીતે અસંગ સમજી લે છે, તે ન તો કર્મનો કર્તા બને છે અને ન તો તેમાં અસક્ત થાય છે, તે ભોક્તા પણ નથી હોતો, તેના દ્વારા થવાવાળા કર્મ વાસ્તવમાં કર્મ નથી. તે તો ક્રિયામાત્ર છે. અર્થાત્ તેનું કોઈ ફળ નથી બનતું; પરંતુ જો મનુષ્ય પોતે કોઈ કર્મનો કર્તા બની તેને આસક્તિપૂર્વક કોઈ પણ પ્રકારની ફળની ઈચ્છાથી કરે છે, તેને તે કર્મનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. જે કર્તા છે, તે ભોક્તા પણ છે.

**પ્રશ્ન**—કુન્તીદેવીને સતી માનવામાં આવે છે; પરંતુ સૂર્ય વગેરે દેવતાઓ દ્વારા પુત્ર ઉત્પન્ન કરવા છતાં પણ તેમનું સતીત્વ અખંડ કેમ રહ્યું ? આ સમજમાં નથી આવતું તેથી આને સમજાવો.

**ઉત્તર**—તે સમયે આજકાલ જેવી પરિસ્થિતિ ન હતી. તે લોકોને ધર્મનું જ્ઞાન અને ધર્મમાં વિશ્વાસ હતો. સ્ત્રીઓનાં મુખ્ય બે ધર્મ માનવામાં આવે છે—એક તો સતીધર્મ બીજો સાધ્વીધર્મ. સતી ધર્મ તો તે છે જેમાં પતિને જ પરમેશ્વર માની સર્વસ્વ તેને સમર્પણ કરવામાં આવે છે અને સાધ્વીધર્મ તે છે જેમાં પરમેશ્વરને જ પતિ માની તેમને સમર્પણ કરવામાં આવે છે. મીરા, ગોપીઓ અને એવાં જ પ્રકારની અન્ય સ્ત્રીઓ તો સાધ્વીધર્મનું પાલન કરવાવાળી હતી. કુન્તીદેવી સતી ધર્મનું પાલન કરવાવાળી હતી. સતી સ્ત્રીને એક

પતિ સિવાય પોતાનું કંઈ પણ હોતું નથી. તે શરીર, ઘર અન્ય કોઈના પર અધિકાર નથી રાખતી. બધું પતિનું જ માને છે. તે જે કંઈ કરે છે, પતિ માટે જ કરે છે, પતિની પ્રસન્નતા અને હિત એકમાત્ર તેનો ઉદ્દેશ્ય હોય છે. કુન્તીની સામે પરિસ્થિતિ એવી હતી કે શ્રાપના ભયથી પાન્ડુ સ્ત્રી સહવાસ કરી શકતાં ન હતા. જો કરે તો તેમનું મૃત્યુ થઈ જાય. પાન્ડુના મનમાં પુત્રની ઇચ્છા હતી, તેથી તેમણે તે વાસનાથી પ્રેરિત થઈને જ્યારે કુન્તીને પોતાના મનની વાત કહી, ત્યારે કુન્તીએ પહેલાં તો વિનયપૂર્વક ધર્મનું તત્ત્વ સમજાવવાની ચેષ્ટા કરી. તે છતાંય તેમની વાસના શાંત ન થઈ, ત્યારે બધી વાત કહી સંભળાવી કે મને દુર્વાસા મુનીથી મંત્ર પ્રાપ્ત થયા છે, તેનાં પ્રભાવથી હું દેવતાઓને બોલાવી પુત્ર ઉત્પન્ન કરી શકું છું, એને માટે પાન્ડુએ આજ્ઞા કરી કે તમે દેવતાઓને બોલાવી પુત્ર ઉત્પન્ન કરો. આવી પરિસ્થિતિમાં કુન્તીએ ભોગવાસના વગર એકમાત્ર પતિની પ્રસન્નતા માટે તેમની આજ્ઞાનું પાલન કર્યું, તેથી તેનું સતીત્વ ક્ષીણ કેવી રીતે થાય ? તેણે તો જે કઈ કર્યું, તે સતીધર્મનું જ પાલન કર્યું. તે શરીરને પોતાનું થોડું માનતી હતી. તે તો તેના ઉપર પતિનો જ અધિકાર માનતી હતી.

**પ્રશ્ન**—કર્ણની ઉત્પત્તિ વખતે તો તેનાં લગ્ન થયાં ન હતાં, તે સમયે તેનો ધર્મ સુરક્ષિત કેવી રીતે રહ્યો ?

**ઉત્તર**—તે સમયે કુન્તી અવિવાહિત હતી. તેથી તેના શરીર ઉપર બીજા કોઈનો તો અધિકાર હતો નહિ. તેણે ઋષિ દ્વારા પ્રાપ્ત મંત્રોની પરીક્ષા કરવા માટે કોઈ પણ પ્રકારની ભોગવાસના વગર શ્રદ્ધાપૂર્વક સૂર્યનું અવાહન કર્યું હતું. સૂર્યદેવ પ્રત્યક્ષ આવ્યા પછી તો તેણે સ્પષ્ટ શબ્દોમાં ના કહી દીધું કે મેં તો તમારા દર્શન માટે જ તમને બોલાવ્યા હતા, કોઈ પણ પ્રકારની ઇચ્છાઓથી પ્રેરિત થઈને નહિ, તેથી તેમ છતાં પણ સૂર્યદેવે કહ્યું કે મારું આવવું

વ્યર્થ થઈ શકશે નહિ, તેથી તમારા ગર્ભથી પુત્ર તો થશે જ; પરંતુ તમારા કૌમાર્યનો નાશ થશે નહિ.

આ ઘટનાથી કુન્તીને તો એટલા માટે કોઈ દોષ નથી લાગ્યો કે તેણે પોતાની ઇચ્છાથી આ કામ નથી કર્યું, તેણે વિવશ થઈ કરવું પડ્યું.

સૂર્યને એટલા માટે દોષ નથી લાગ્યો કે દેવયોનિ ભોગયોનિ છે. તેમાં નવાં કર્મ નથી બનતા. તે કર્મોના ફળ નથી બનતાં.

**પ્રશ્ન**—શું આજકાલ પણ કોઈ સ્ત્રી હોય, પોતાના પતિની આજ્ઞાથી આવું કામ કરી શકે ?

**ઉત્તર**—જો કોઈ કુંતી જેવી સતી સ્ત્રી હોય, જેમાં જરાપણ ભોગવાસના ન હોય તથા દેવતા દિવ્યભાવથી તેના બોલાવવાથી આવી જાય અને પાંડુ જેવા ધર્માત્મા પતિ આજ્ઞા આપવાવાળા હોય તો કોઈ મુશ્કેલ નથી. પરંતુ તેવી પરિસ્થિતિ અત્યારે નથી. દેશકાળના અનુસાર ધર્મના બાહ્ય સ્વરૂપમાં ભેદ હોય છે. આંતરિક ઉદ્દેશમાં નહિ. ધર્માચરણનો મુખ્ય ઉદ્દેશ પ્રાણ રહે ત્યાં સુધી વાસનાઓથી રહિત રહેવું છે. તેથી ધર્માચરણ તે જ છે જે મનુષ્યને વાસનારહિત બનાવવામાં સમર્થ હોય.

(૧૧)

**પ્રશ્ન**—સ્વપ્ન શું છે ?

**ઉત્તર**—જાગ્રતમાં જુએ, સાંભળે, અનુભવ કરેલા ભાવોને જે સંસ્કાર મનમાં સ્થાયી થઈ જાય છે, તેમનું જ પ્રતિબિંબ સ્વપ્નનું દશ્ય બની જાય છે. સ્વપ્નમાં પણ પ્રારબ્ધ-કર્મનો ઉપભોગ થાય છે.

**પ્રશ્ન**—ભગવત્ પ્રાપ્તિ પછી સ્વપ્ન આવે છે કે નહિ ?

**ઉત્તર**—સ્વપ્ન તો એક અવસ્થા છે. તેથી જ્યાં સુધી શરીર

રહે છે ત્યાં સુધી આવે જ છે, જેનો જેવો ભાવ જાગ્રત રહે છે, તેવો જ સ્વપ્નમાં પણ રહે છે. જેનું મન શુદ્ધ થઈ જાય છે તેને સ્વપ્ન પણ તેવા જ આવે છે. સૂક્ષ્મ શરીરના વેપારનું નામ સ્વપ્ન છે. સ્વપ્નમાં મનનું જેવું સ્વરૂપ હોય છે તેવુ સામે આવી જાય છે.

**પ્રશ્ન**–સ્વપ્નથી પુણ્ય-પાપ લાગે છે કે નહિ ?

**ઉત્તર**–નથી લાગતા; કારણ કે જાગતા જ તે દશ્યમાં અસત બુદ્ધિ થઈ જાય છે. ચિત્તશુદ્ધિ સુધી જ મનુષ્ય પ્રયત્ન કરે છે. ચિત્ત શુદ્ધ થઈ ગયા પછી કંઈ કરવાનું રહેતું નથી. જે કંઈ કરવું છે, તે પોતાની મેળે જ થઈ જાય છે, જે પ્રાપ્ત થવાનું હોય, તે મળી જાય છે. અંતિમ સાધન જીવનો પુરુષાર્થ નથી. તે તો ભગવાનની કૃપા છે. તેના ઉપર જ સાધકે નિર્ભર રહેવું જોઈએ.

**પ્રશ્ન**–ગાંધીજીના વિષયમાં તમારો શું ખ્યાલ છે ?

**ઉત્તર**–તેઓ કઈ સ્થિતિ સુધી પહોંચ્યા હતાં, તે તો તેઓ જ જાણે અથવા ભગવાન. હું તો એટલું જ કહી શકું કે મારાથી સારા હતા. ઈશ્વરનિર્ભરતા અને માનવતા તેમના જીવનમાં આદર્શરૂપ હતાં.

ભગવાન ભરોસો જ સમસ્ત સાધનોનું મૂળ છે. વિશ્વાસના સાધનમાં ઉત્સાહ અને સફળતા હોતી નથી.

**પ્રશ્ન**–વગર વિશ્વાસે અર્થાત્ શ્રદ્ધા વગર તો કોઈ પણ કામ સફળ થતું નથી, યજ્ઞ, દાન વગેરે કર્મોમાં પણ શ્રદ્ધા જરૂરી છે.

**ઉત્તર**–કર્મમાં વિધિની પ્રધાનતા છે. ત્યાં શ્રદ્ધા પણ વિધિના રૂપમાં જ છે, જો વિધિમાં ખામી હોય તો કર્મનું ફળ જેવું હોવું જોઈએ તેવું નથી હોતું, તેના ફળમાં ભેદ આવી જાય છે, પરંતુ ઉપાસનામાં અર્થાત્ ભગવત્ પ્રાપ્તિનાં સાધનોમાં વિશ્વાસ મુખ્ય છે. વગર વિશ્વાસે કોઈ પણ સાધનામાં સાધક આગળ વધી નથી શકતો.

સાધકનાં જીવનમાં ઈશ્વર વિશ્વાસ, તેમના પ્રેમની લાલસા અને તેમના ઉપર નિર્ભરતા હોવી જોઈએ. પોતાના પ્રેમાસ્પદના વિયોગથી વ્યાકુળ રહી તેમના ઉપર નિર્ભર રહેવું, પ્રેમની ભૂખ અને નિર્ભરતા બંને એકસાથે હોવું–આ જ સાધકજીવનનો અંતિમ પુરુર્ષાથ છે.

જ્યારે મનુષ્ય સુખ અને દુઃખનું કારણ બીજા કોઈને માની લે છે, ત્યારે રાગ-દ્વેષને કારણે મન અશુદ્ધ થઈ જાય છે. જ્યારે મનુષ્ય પોતાની પ્રસન્નતાનું કારણ કોઈ બીજાના કર્તવ્યને માની લે છે, તેની પ્રસન્નતા બીજા ઉપર નિર્ભર કરે છે, આ જ તેના જીવનનો બધાથી ખરાબ સમય છે, એવું સાધકે સમજવું જોઈએ.

કેટલાક લોકો સુખ અને દુઃખ કર્મોનું ફળ માને છે, પંરતુ વાસ્તવમાં કર્મોનું ફળ સુખ-દુઃખન નથી. કર્મોના ફળ સ્વરૂપે તો પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે. તેમાં સુખ અને દુઃખ તો મનુષ્યના ભાવ અનુસાર હોય છે.

વિવેકી મનુષ્ય ભયંકર પરિસ્થિતિમાં દુઃખી થતો નથી. ઉપરથી તેને પોતાની ઉન્નતિનો હેતુ સમજી તેનો સદુપયોગ કરે છે તથા બધા પ્રકારની પરિસ્થિતિઓને પરિવર્તનશીલ, અનિત્ય અને અર્પૂણ સમજી, પરિસ્થિતિઓથી ઉપરનું જીવન પ્રાપ્ત કરવા માટે તેમનાથી અલિપ્ત થઈ જાય છે.

ભગવત્-વિશ્વાસુ સાધક તો પ્રતિકૂળ પરિસ્થિતિને ભગવાનની અહેતુક કૃપા સમજી તેમના પ્રેમમાં મુગ્ધ થઈ જાય છે. તે સમજે છે કે હવે પ્રભુ આપણા મનની વાત પૂરી કરી રહ્યા છે, તેથી વિશેષ મારું સૌભાગ્ય શું હોઈ શકે ?

જેને લોકો સુખ કહે છે, તે અનુકૂળ પરિસ્થિતિ પણ ભગવાનની દયા માને છે. તે સમજે છે કે આ પરિસ્થિતિ ભગવાને મારામાં છુપાયેલા રાગની નિવૃત્તિ માટે અને વિશ્વરૂપમાં પોતાની સેવા કરવા માટે આપી છે. અર્થાત્ તે તેમાં આસક્ત ન થઈ પ્રાપ્ત શક્તિ

અને પદાર્થોને ભગવાનની પ્રસન્નતા માટે જગત-જનાર્દનની સેવામાં લગાડી ભગવાનની પ્રસન્નતામાં પ્રસન્ન રહે છે.

સાધકે અનુકૂળ અને પ્રતિકૂળ કોઈપણ પ્રકારની પરિસ્થિતિમાં ચલિત ન થાય તેમાં રસ ન લે અર્થાત્ તેમાં જે સંતોષી થઈ પરિસ્થિતિઓથી વિતેલા જીવનથી નિરાશ થઈ જાય, પરંતુ દરેક પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ કરી તેનાથી ઉપર ઊઠવાનો પ્રયત્ન કરે. દરેક પરિસ્થિતિ મનુષ્ય માટે સાધનરૂપ છે, સાધ્ય નથી.

કૃપા અને દયાના શબ્દાર્થમાં કોઈ ખાસ ભેદ નથી. પરંતુ અનુકૂળ પરિસ્થિતિની અપેક્ષા પ્રતિકૂળ પરિસ્થિતિ સાધકને ભગવાન તરફ અધિક આકર્ષિત કરે છે. એટલા માટે તેમાં સાધકને ભગવત્-કૃપાનો અનુભવ થાય છે. દયા તો દરેક દુઃખી ઉપર થઈ શકે છે, પરંતુ જે દયા સાથે પોતાપણું અને પ્રેમનો ભાવ વધારે હોય, તેને કૃપા કહી શકાય છે.

(૧૨)

**પ્રશ્ન**—ઈશ્વરનો ભક્ત જો જરૂર પડે બીજાની કામના ન કરી ઈશ્વર પાસે કામના કરે તો શું દોષ છે ?

**ઉત્તર**—જ્યાં સુધી સાધકનો સંસારથી સંબંધ રહે છે, ત્યાં સુધી તેનો ભગવાનથી સંબંધ થતો નથી. સંસારથી અને શરીરથી બધા પ્રકારથી સંબંધ છોડી એકમાત્ર ભગવાનથી સંબંધ જોડવો, ભગવાન સિવાય કોઈથી સંબંધ ન રહેવો આ જ તો ભક્તિ છે. બે સંબંધ એકસાથે નથી રહી શકતા. છોકરી જ્યારે પિતાના ઘરથી બધા સંબંધ છોડે છે, ત્યારે પતિના ઘરથી સંબંધ થાય છે. જ્યારે સાધકનો શરીર અને સંસારથી નથી રહેતો, ત્યારે કોઈ વસ્તુ અથવા પરિસ્થિતિ તેના માટે જરૂરી કેવી રીતે હોઈ શકે અને તે કોઈ પણ પ્રકારની કામના પણ કેવી રીતે કરી શકે. જે વસ્તુઓની કામના કરે છે

તે તો વાસ્તવમાં તે વસ્તુઓનો જ ભક્ત છે, ઈશ્વરનો નહિ.

ભગવાનમાં પૂર્ણ વિશ્વાસ અને નિત્ય નવો પ્રેમ, હોય એનું નામ ભક્તિ છે. જો સાધક પોતાની કમજોરીનો અનુભવ કરે અને કોઈ પણ પ્રકારના સંકલ્પને વિચાર દ્વારા ન મટાડી શકે તો તેને ભગવાનને સમર્પણ કરર દે. તેમની મરજી ઉપર છોડી દે. તે ભલે તેને પૂરો કરી મટાડી દે, અથવા પૂરો કર્યા વગર મટાડી દે. સાધકે પહેલેથી કોઈ પણ પ્રકારનો નિશ્ચય કરી માગણી કરવી જોઈએ નહિ; કારણ કે તેનું વાસ્તવિક હિત તે સંકલ્પને પૂરો કરવામાં છે કે મટાડવામાં, આ બાબતને સાધક નથી જાણતો. અર્થાત્ સાધકે પોતાની ઈચ્છા કાયમ ન કરવી જોઈએ અને કામનાપૂર્તિ માટે પ્રાર્થના પણ કરવી જોઈએ નહિ. બધું ભગવાન ઉપર જ છોડી દેવું જોઈએ. તે જે કંઈ કરે તેમાં પ્રસન્ન રહેવું જોઈએ. જો પ્રાર્થના કરવી જ હોય તો તેમના પવિત્ર પ્રેમના પ્રાપ્તિ માટે, સુખદુઃખના સંબંધને છોડવા માટે, બધા પ્રકારની ઈચ્છાથી રહિત થવા માટે માગણી રજૂ કરે.

એનાથી એમ ન સમજવું જોઈએ કે ભગવાન કામનાપૂર્ણ કરવામાં અસમર્થ છે અથવા કામના પૂરી નહિ કરે. જે સાધક ભગવાનનું ભજનસ્મરણ કોઈ કામનાને પૂર્ણ કરવા કરે છે, તે કામના જો તેના પતનના હેતુ માટે હોય તો ભગવાન અવશ્ય પૂરી કરે છે; પરંતુ તેનાથી તે સાધકને ભગવાનનો પ્રેમ નથી મળતો.

ભગવાનનું ચિંતન તો ચિંતન માટે નહિ, તેમના પ્રેમ માટે હોવું જોઈએ. ચિંતન પ્રેમ માટે કરવામાં આવે છે. ચિંતન માટે ચિંતન કરવાનો કોઈ સ્વાસ્થ્ય નથી હોતો.

**પ્રશ્ન**—ભગવાનના નામના જપ કરવા—આ જ તો ભક્તિ છે કંઈ બીજું ?

**ઉત્તર**—જેમાં પ્રેમ હોય તેના નામનો જપ કરવો પડતો નથી.

વિચાર કરી જુઓ–જે સ્ત્રી, પુત્ર અને મિત્ર વગેરેમાં પ્રેમ હોય છે, શું તેમનો જપ કરે છે ? જેને ધન પ્રિય હોય છે શું તે તેનો જપ કરે છે ? જેનામાં પ્રેમ હોય છે તેનું સ્મરણ અને ચિંતન તો આપમેળે થાય છે, કરવો નથી પડતો; કારણ કે પ્રેમ પ્રયત્ન સાધ્ય નથી, તે તો ભગવાન ઉપર વિશ્વાસ રાખી તેમને પોતાના સમજી પોતાને તેમના ચરણોમાં સમર્પણ કરવાથી થાય છે.

આથી આવું ન સમજશો કે નામ-જપ ન કરવો જોઈએ. જેના નામ ઉપર વિશ્વાસ હોય તેને માટે નામ-જપ ઘણા જ લાભકર્તા હોય છે. મારો કહેવાનો અભિપ્રાય તો એટલો જ છે કે નામ-જપ જ ભક્તિ છે, એવી વાત નથી.

**પ્રશ્ન**–મનુષ્ય શું કરવા માટે સ્વતંત્ર છે અને શેમાં પરતંત્ર છે ?

**ઉત્તર**–દરેક મનુષ્ય મળેલી વસ્તુનો સદુપયોગ અથવા દુરુપયોગ કરવા માટે સ્વતંત્ર છે, પરંતુ એના પરિણામ ભોગવવામાં સ્વતંત્ર નથી, ફળ આપવું વિધાતાના હાથમાં છે. તે જે કર્મનું ફળ જ્યારે અને જે રીતે આપવા માગે તે રીતે આપી શકે છે. મળેલા સંજોગોનો સદુપયોગ એટલે ભલાઈ અને દુરુપયોગ એટલે બૂરાઈ. ભલાઈનું ફળ સુખ અને બૂરાઈનું ફળ દુઃખ હોય છે. જે કંઈ શક્તિ એટલે વસ્તુ, પરિસ્થિતિ અને તેનો ઉપયોગ કરવાની શક્તિ પ્રકૃતિ પાસેથી મળે છે તે કર્માનુસાર મળે છે અને વિવેક ભગવાનની કૃપાથી મળે છે. વિવેક કોઈ કર્મનું ફળ હોતું નથી.

સારા અને ખરાબ કર્મોને આધારે ભાગ્ય નક્કી થાય છે એને આધારે પરિસ્થિતિ મળે છે. તેના સદુપયોગ અને દુરુપયોગથી પાછું ભાગ્ય બને છે. તેનું ફળ ભોગવવા માટે ફરી જન્મ લેવો પડે છે. આ રીતે કર્મભોગનું ચક્ર ચાલતું જ રહે છે. સુખ ભોગવવાની લાલસા મનુષ્યને પોતાની ફરજ બજાવવા દેતી નથી.

એટલા માટે સાધકે સુખ ભોગવવાની લાલસાનો ત્યાગ કરવો જોઈએ અને પ્રતિકૂળતાથી ડરવું જોઈએ નહિ, તેને બદલે ભગવાનની વિનાકારણ મળેલી કૃપાથી જે વિવેક પ્રાપ્ત થયો છે, તેનો આદર કરીને પ્રતિકૂળ સંજોગોને પણ ભગવાનની કૃપા માનીને ખુશ રહેવું જોઈએ. કોઈ પણ પ્રકારના સુખ ભોગવવાની ઇચ્છા કરવી જોઈએ નહિ. સુખ ભોગવવાની ઇચ્છાના ત્યાગને જ નિષ્કામભાવ કહે છે. અનુકૂળ સંજોગો મળવાથી એમાં આસક્ત ન બનો, પણ તેના ઉદારતાપૂર્વક દુઃખીઓને સુખી બનાવવામાં ઉપયોગ કરો અને એવું માનો કે ભગવાનની આપેલી વસ્તુ એમની જ આજ્ઞાનુસાર એમના જ કામમાં વપરાય છે, એમાં મારું કંઈ નથી. આવા ભાવથી સાધકની વાસના દૂર થાય છે.

પોતાના અધિકારનો ત્યાગ કરીને પોતાની ફરજનું પાલન કરીને ભગવાનને ખાતર અન્યના અધિકારનું રક્ષણ કરવું અને શુભ ભાવનાથી એમને સુખ આપવું—આ જ સાધકનો પુરુષાર્થ છે.

જે વાતનો નિર્ણય કરવાનો હોય, એનું સારામાં સારું પાસું લઈને કર્તવ્યનો નિર્ણય કરવો એમાં જ પ્રાપ્ત થયેલા વિવેકની સાર્થકતા છે.

**પ્રશ્ન**—ગુરુના ઋણમાંથી મુક્ત થવા મનુષ્યે શું કરવું જોઈએ ?

**ઉત્તર**—જેના દ્વારા આપણે આપણી ફરજનું જ્ઞાન મળે એટલે કે જે આપણી સાધનાનું નિર્માણ કરી આપે તે જ ગુરુ છે અર્થાત્ ગુરુ દ્વારા ઉપદેશિત સાધનોને જીવનમાં વણી લેવી, એની અનુસાર પોતાનું જીવન બનાવવું એ જ ગુરુના ઋણમાંથી મુક્ત થવું છે.

હાડકાં અને માંસથી બનેલું શરીર ગુરુ નથી. પણ ગુરુમાં જે દિવ્ય જ્ઞાન છે, તે જ ગુરુતત્ત્વ છે. એનો આદર કરીને એમની આજ્ઞાનુસાર પોતાનું જીવન બનાવવું એ જ શિષ્યનું શિષ્યતત્ત્વ છે.

માનવીએ ગુરુતત્ત્વની પ્રાપ્તિ ચાર પ્રકારે થાય છે—

પહેલા ગુરુ તો ભગવાનની કૃપાથી મળેલો વિવેક છે. એના દ્વારા દરેક માનવી પોતાની સાધનાનું નિર્માણ કરી શકે છે. જે મળેલા વિવેકનો આદર કરે છે, તેવા સાધકને બાહ્ય સદ્ગુરુની જરૂર રહેતી નથી. જે તેનો આદર નથી કરતો તે અન્ય ગુરુને મેળવીને પણ સાધનાનું નિર્માણ કરી શકતો નથી.

બીજા ગુરુ વ્યક્તિના રૂપમાં પણ મળે છે. જ્યારે મનુષ્ય પોતાને મળેલા વિવેકનો આદર નથી કરતો અને સદ્ગુરુની જરૂર છે, એમ સમજી એને મળવાનો પ્રયત્ન કરે છે, ત્યારે એને વ્યક્તિના રૂપમાં ગુરુ મળે છે. એમની કૃપાથી પણ સાધક એમના ઉપદેશ અનુસાર પોતાની સાધનાનું નિર્માણ કરી શકે છે.

ત્રીજા ગુરુ પુસ્તકના રૂપમાં પણ મળે છે. જ્યારે માનવીને કોઈ વ્યક્તિ પર વિશ્વાસ નથી થતો, અન્યની બતાવેલી સાધના અનુસાર પોતાનું જીવન બનાવી શકતો નથી, ત્યારે શ્રેષ્ઠ-શાસ્ત્રોને અર્થાત્ ગીતા તથા રામાયણ વગેરે સત્પુરુષો દ્વારા રચાયેલાં ગ્રંથોને ગુરુરૂપમાં સ્થાપી શકે છે અને એમના ઉપદેશ અનુસાર પોતાની સાધનાનું નિર્માણ કરીને એને અનુકૂળ પોતાનું જીવન બનાવી શકે છે.

ચોથો ગુરુ સત્સંગ છે, પોતાના દોષોને સામે રાખીને પરસ્પર વિચારોની આપ-લે કરીને એના પર વિચાર કરી સાધનાનું નિર્માણ કરવું, એનું નામ સત્સંગ છે. આ રીતે સાધનાનું નિર્માણ કરી સાધક એને અનુસાર પોતાનું જીવન બનાવી શકે છે.

આ રીતે એ સાબિત થયું કે સાધનાતત્ત્વ જ ગુરુતત્ત્વ છે અને સાધ્યતત્ત્વ જ ભગવાન છે. સાધ્યથી પણ સાધનાનું મહત્ત્વ વધારે છે; જેવી રીતે ધન કરતાં પણ ધન-પ્રાપ્તિનો માર્ગ વધારે મહત્ત્વનો છે. આ ભાવને આધારે ગુરુને ભગવાનથી પણ મહાન કહ્યા છે.

ગુરુના શરીરની સેવા કરવી એ પણ શિષ્યનું કામ છે; પરંતુ ગુરુની અસલી સેવા તો એમની આજ્ઞા અનુસાર જીવન જીવવું છે. શ્રદ્ધા ગુરુમાં રાખવો અને પ્રેમ ભગવામાં રાખવો જોઈએ. ગુરુ પણ આ જ શીખવે છે.

(૧૩)

**પ્રશ્ન**—શરણાગતિની વ્યાખ્યા કરો.

**ઉત્તર**—શરણાગતિની વ્યાખ્યા થઈ શકતી નથી. આમ તો એ વિષય પર એક નિબંધ લખવામાં આવ્યો છે, તે છપાઈ પણ ગયો છે, પણ હજુ સુધી આવ્યો નથી, આવી જશે તો એક પુસ્તક આપી પણ દેત. શરણાગતિનો કોઈ એક જ પ્રકાર હોતો નથી. અધિકારી અનુસાર શરણાગતિમાં ભેદ હોય છે.

શરણાગતિનો પાયો વિશ્વાસ છે, જ્યાં વિશ્વાસ હોય છે, સાધકે પોતાની યોગ્યતા અને વિશ્વાસ અનુરૂપ પ્રભુનો મહિમા જેવો અને જેટલો સમજે છે, તે પ્રકારે તે ભગવાનને શરણે જાય છે. શરણાગતિ તો સાધકના હૃદયનો પોકાર છે તે શીખવાથી મળતી નથી.

જ્યાં સુધી મનુષ્ય પોતાના વિવેક, ગુણ અને વર્તન દ્વારા પોતાના દુર્ગુણોનો નાશ કરવાની આશા રાખે છે, ત્યાં સુધી એનામાં શરણાગતિનો ભાવ જાગૃત થતો નથી. જ્યારે પોતે પ્રાપ્ત કરેલા વિવેક અને બળનો પ્રયોગ કરીને પણ સાધક પોતાના દોષોનો નાશ કરવામાં પોતાને અસમર્થ સમજે છે. જ્યારે એનું સર્વપ્રકારનું અભિમાન ઓગળી જાય છે અને તે પોતાને બધી રીતે નિર્બળ સમજી લે છે તથા આ રીતે ભગવાનનો મહિમા જાણી લે છે કે તેઓ સર્વશક્તિમાન, સર્વગુણસંપન્ન, બધાનો પરમમિત્ર, પરબ્રહ્મપરમેશ્વર, પતિતપાવન અને દીનદયાળુ છે; દરેક પ્રાણી પછી તે ગમે તેટલો પાપી કે ગમે તેટલો નીચ કેમ ન હોય, તેને અપનાવવા માટે,

તેને પ્યાર કરવા માટે તે હરહંમેશ, દરેક જગ્યાએ હાજર રહે છે અને તેથી જ શંકા વિના એ વિશ્વાસ થઈ જાય છે કે હું જેવો પણ છું, એનો છું, એકમાત્ર તેઓ જ મારા છે, એમના સિવાય અન્ય કોઈ મારું નથી; તથા જેના હૃદયમાં એમના પ્રેમની લાલસા છે અને જેઓ એની પૂર્તિથી નિરાશ નથી થયા, એવા સાધકમાં શરણાગતિનો ભાવ જાગૃત થાય છે.

મનુષ્યના જીવનમાં જેટલા પ્રકારના અભાવ હોય છે, જેને કારણે તે દુ:ખી થાય છે; તેનું કારણ પ્રાપ્ત થયેલા વિવેકનો અનાદર અને શક્તિનો દુરુપયોગ છે. જે સાધક વિવેકનો આદર અને શક્તિનો સદુપયોગ કરીને બધા પ્રકારના દોષોને નાશ કરીને પોતાના મનને શુદ્ધ કરી લે છે, તેને શરણ લેવાની જરૂર પડતી નથી એટલે ભગવાન પણ જ્યાં સુધી કોઈ પોતાની જરૂરિયાત જાતે સંતોષી લે છે, ત્યાં સુધી એમાં હસ્તક્ષેપ કરતા નથી. જે સાધક શરણ લેવા ઈચ્છે છે, શક્ય છે, ભગવાન એને પણ શરણાગત બનવાની તક ન આપે અને તેનાથી પહેલાં જ એની ઈચ્છા પૂર્ણ કરી નાખે.

પ્રવચન પણ એ વાતનું કરવામાં આવે છે, જે કરવા જેવું હોય છે. જે સ્વંય અથવા ભગવાનની કૃપાથી થાય છે, એનું વર્ણન કરી શકાતું નથી. જ્યારે મનુષ્યનો આ વિશ્વાસ દૃઢ થઈ જાય છે કે શરીર, બુદ્ધિ, મન વગેરેને હું પોતાના સમજતો હતો એટલે દુનિયાની કે વ્યક્તિઓને, જે સંપત્તિને અને પરિસ્થિતિને અપનાવીને મેં સંબંધ બાંધી રાખ્યો છે તે કોઈ મારું નથી તથા જ્યારે આવી લાગણી હોવા છતાં તે બધી બાજુથી નિરાશ થઈ જાય છે ત્યારે એનું શરણાગતવત્સલ, સર્વના સાથી ભગવાન તરફ એનું લક્ષ્ય જાય છે અને એની શરણાગત બનવાની ઈચ્છા પ્રકટ થાય છે. આ શરણાગતિ જ જીવનનો (મનુષ્યનો) અંતિમ પુરુષાર્થ છે.

આથી સાધકે ભગવાનનો મહિમા અને એમનો સરળ કૃપાળુ

સ્વભાવ તરફ જોઈને પોતાના ઉત્સાહમાં કમી આવવા ન દે. પોતાની લક્ષ્યની પ્રાપ્તિથી કદી નિરાશ ન થવું અને ભગવાનને શરણે જઈ બધું જ એમના પર છોડી દેવું. પોતાની નિર્બળતા જાણીને એવા ભાવને સંપૂર્ણ દૂર કરી દો કે હું કંઈ કરી શકું છું અથવા મારે કંઈ કરવાનું છે.

જ્યારે સાધક પ્રભુનું શરણ થઈ જાય છે, ત્યારે એનો અહમ્ નાશ પામે છે; કારણ કે કોઈ પણ પ્રકારની શક્તિ અને ગુણોનું અભિમાન હોય ત્યાં સુધી મનુષ્ય ભગવાનને શરણે જઈ શકતો નથી. શરણે ગયેલો સાધક ભગવાન પાસે કંઈ પણ માગતો નથી એટલું જ નહિ એવું પણ માનતો નથી કે મારો એના પર કોઈ અધિકાર છે. એ તો બધી જ રીતે શ્રદ્ધાપૂર્વક પોતાની જાતને ભગવાનને સમર્પિત કરી દે છે અને એના પર જ આધાર રાખે છે.

ભગવાનની કૃપાથી, શરણાગત ભક્તોનો સંગ કરવાથી અને પ્રાપ્ત વિવેકનો આદર કરવાથી શરણાગત ભાવ પ્રાપ્ત થાય છે. જ્યારે સાધકનો કોઈ પ્રયત્ન કામમાં નહિ આવે, પોતાની નબળાઈનો સંપૂર્ણ અનુભવ થઈ જાય, ત્યારે એણે ભગવાનનું શરણું લઈને એમને પોકારવા જોઈએ, શરણાગતિ અચૂક શસ્ત્ર છે. એનાથી મનુષ્યના બધા દોષો બળીને રાખ થઈ જાય છે.

સાધકનું જીવન પોતાની માન્યતા અને જાણકારી સાથે ઓતપ્રોત થઈ જવું જોઈએ. માન્યતા, જાણકારી અને જીવન ત્રણેયની એકતા હોવી જોઈએ. એમાં જુદાઈ હોવી ન જોઈએ.

કદાચ કોઈનાં મનમાં એવો ભાવ આવે કે ભગવાન તો દયાળુ સ્વભાવના જ છે, એમની કૃપા મારા પર કેમ ન થઈ, તો એણે પોતાની સ્થિતિનો અભ્યાસ કરવો જોઈએ. પહેલાં એણે વિચારવું જોઈએ કે હું શું ઇચ્છું છું, પછી એણે વિચારવું જોઈએ કે તે મેળવવા હું શું કરી શકું છું, પછી નક્કી કરવું જોઈએ કે જે કંઈ હું કરી

રહ્યો છું તેનાથી મારી જરૂરિયાત પૂરી થશે કે નહિ, મારી જરૂરિયાત સંતોષવા માટે મારામાં વ્યાકુળતા છે કે નહિ, એને માટે હું દુનિયાની વહાલામાં વહાલી વસ્તુને કે પદાર્થોને છોડી શકું છું કે નહિ.

આ રીતે પોતાના સંજોગોના અભ્યાસ કરવાથી એવું લાગે છે કે હું દુનિયાની કોઈ નાશવંત વસ્તુને ચાહું છું તો મળેલા વિવેક દ્વારા એના પરિણામનો વિચાર કરીને એ ઇચ્છાને દૂર કરવી જોઈએ. જો એવું લાગે કે હું પોતે કંઈ કરી શકું છું તો એ પણ જોવાનું કે આજ સુધી જે કંઈ મેં કર્યું છે તેનાથી મારી જરૂરિયાત પૂરી કેમ ન થઈ. આ રીતે પોતાની નબળાઈનો અનુભવ કરીને અભિમાન છોડી દેવું જોઈએ; કારણ કે અભિમાન હોય ત્યાં સુધી ભગવાન કૃપા કરતા નથી. પોતાની શક્તિનું અભિમાન છોડીને જ્યારે સાધક એવો વિશ્વાસ રાખે છે કે મારા પર ભગવાનની કૃપા જરૂર થશે, હું એમનો કૃપાપાત્ર છું, જ્યારે સાધકનો આ વિશ્વાસ વિકલ્પરહિત સુદૃઢ થઈ જાય છે, તે સમયે એના પર ભગવાનની કૃપા જરૂર થાય છે. એમાં કોઈ શંકા નથી.

જ્યારે ભગવાનની અસીમ કૃપાથી શરણાગતિનો ભાવ પ્રકટ થઈ જાય છે, ત્યારબાદ સાધક કદી અસફળ થતો નથી.

મનુષ્યે વિચારવું જોઈએ કે મને સૌથી વધુ પ્રિય શું છે ? જો એને જણાય કે મારો પ્રેમ તો ઘણી જગ્યાએ વહેંચાયેલો છે તો એણે સમજી લેવું જોઈએ કે ઘણી જગ્યાએ પ્રેમ વહેંચાયેલો હશે તો શરણાગતિનો ભાવ ઉત્પન્ન થતો નથી. તેથી સાધક જે નાશવંત વસ્તુઓ સાથે સંબંધ જોડી એની સાથે પ્રેમ કરે છે. એનાથી પ્રેમ ઉઠાવી એકત્ર કરે. એકમાત્ર એને પોતાનું પ્રિય સમજે કે જેના વિના એ કોઈ પણ પ્રકારે શાંતિથી રહી શકે નહિ. એટલા પ્રિય માત્ર ભગવાન જ હોઈ શકે.

વિચારવાથી સમજાય છે કે દુનિયાની દરેક વસ્તુ વગર આપણે

શાંતિથી રહી શકીએ છીએ અને રહીએ છીએ. બદલામાં એનો વિરહ અનિવાર્ય છે; કારણ કે નાશવંત વસ્તુઓ છે. એની સાથે મનુષ્યનો કાયમી સંબંધ કેવી રીતે રહી શકે, તેથી એની સાથે પ્રેમ કરીને આપણા કાયમી સંબંધ પ્રભુ સાથે અંતર માની લેવું એ કેવી મોટી ભૂલ છે. સાધકે યોગ્ય રીતે વિચારીને ક્ષણભંગુર વસ્તુઓ સાથેનો પોતાનો સંબંધ સંપૂર્ણ તોડી નાખી, પોતાના પ્રભુ પર વિશ્વાસ કરી એમની સાથે સંબંધ જોડી લેવો. જેના પર વિશ્વાસ હોય છે એની સાથે સંબંધ થઈ જાય છે, જેની સાથે સંબંધ થાય છે એના વિચાર આવે છે અને જેના વિચાર આવે છે એની સાથે પ્રેમ થાય છે.

ભગવાન પર પ્રેમ અને વિશ્વાસ સ્વાભાવિક થવો જોઈએ. કોઈ પણ પ્રકારના દબાણથી નહિ; કારણ કે પ્રયત્ન દ્વારા મેળવેલી વસ્તુ સ્થાયી હોતી નથી. પોતાના જીવન પર ગંભીરતાથી વિચાર કરવો જોઈએ કે મારે ભગવાન પર સહજ વિશ્વાસ અને પ્રેમ કેમ નથી થતો ? કદાચ એવું લાગે કે મેં ભગવાનને કદી જોયા નથી એટલે વિશ્વાસ થતો નથી, તો વિચારવું પડશે કે તેઓ અમને કેમ દેખાતા નથી ? ત્યારે ખબર પડશે કે આપણે અનેક મર્યાદિત વસ્તુઓને જોઈએ છીએ અને એની સાથે જ ભગવાનને પણ જોવા માગીએ છીએ; એટલે ભગવાન દેખાતા નથી; કારણ કે તેઓ અમર્યાદિત છે, તેથી મર્યાદિત વસ્તુઓ સાથે મર્યાદિત દૃષ્ટિથી શી રીતે દેખાય ?

આ વિચાર એવું બની જ ન શકે કે ભગવાન ન દેખાય, આ કારણથી એમના પર વિશ્વાસ નથી થતો; કારણ કે જે દેખાય છે તે બધી વસ્તુઓ પર પણ ક્યાં વિશ્વાસ આવે છે.

કામનાપૂર્ણ કરવાની ઇચ્છા ખરેખરી જરૂરિયાતને ઓળખવા દેતી નથી. એ જ વિશ્વાસમાં નડતર છે. એની ઉત્પત્તિ શરીરમાં અહમ્‌ભાવથી થાય છે.

આપણી જરૂરિયાત કઈ છે ? એના પર વિચાર કરવાથી સામાન્ય રીતે સમજાય છે કે સૌથી વધારે ધન જ જરૂરી છે. આગળ જતા સમજાશે કે ધન કરતાં વસ્તુની જરૂરિયાત વધારે છે. એનાથી પણ વધારે આપણી સાથે સંબંધ રાખનારી વ્યક્તિ અને એનાથી પણ વધારે જરૂર આપણા શરીરની જણાશે.

ધનની જરૂરિયાત લોભને લીધે લાગે છે. ચિત્તની અશુદ્ધિથી લોભ પેદા થાય છે. વસ્તુઓની ઇચ્છા ભોગની ઇચ્છાથી થાય છે. આપણા પરિચિત મનુષ્યોની જરૂરિયાત મોહને લીધે થાય છે. લોભ, કામ અને મોહ—આ ત્રણે ચિત્તની અશુદ્ધિથી થાય છે અને તે ચિત્તને અશુદ્ધ કરવા જ રહે છે અને તેને કારણે જ મનુષ્યને કદી શાંતિ મળતી નથી. વારંવાર ઊણપનું દુઃખ ભોગવવું જ પડે છે, કારણ કે બધું નાશવંત છે. તેથી એ સાબિત થયું કે સંસાર હકીકતમાં આપણી જરૂરી વસ્તુ નથી. ચિત્તના દોષને કારણે જ એની જરૂરિયાત જણાય છે. હકીકતમાં તે ઇચ્છાઓ છે; કારણ કે જરૂરિયાત અનેક હોતી નથી, ઇચ્છાનો નાશ થાય છે અને જરૂરિયાત સંતોષાય છે. ઇચ્છાઓ નિવૃત્ત થતી હોય તેમ જરૂરિયાત સંતોષાય છે.

તેથી સાધકે કદી પણ ઇચ્છાઓની જાળમાં ફસાવું જોઈએ નહિ. તેણે વિચારવું જોઈએ કે ભલે શરીરનો નાશ થાય પણ તે સાથે મારો નાશ થતો નથી, દુનિયાની બધી વસ્તુઓ અને વ્યક્તિઓ વિના હું રહી શકું છું. શરીરમાં નથી જીવન કે નથી સંપૂર્ણતા. જરૂરિયાત એની છે જેની સાથે મારો કાયમી સંબંધ છે. ખરેખર જે પૂર્ણજીવન છે તેને કદી કોઈ અભાવ હોતો નથી. બધી રીતે પૂર્ણ તો માત્ર એક ભગવાન જ છે. એમના વગર ઇચ્છાઓને સંતોષવાના ચક્કરમાં હું અનેક જન્મોથી અનેક યોનિઓમાં ભટકતો રહ્યો અને આજ સુધી તે સંતોષાઈ નથી કે તે પૂર્ણ નિવૃત્ત બની નથી. હજુ પણ જો હું એ ઇચ્છાઓની જાળમાં ફસાયેલો રહીશ

તો મને ભગવાનની કૃપાનો અનુભવ શી રીત થશે ?

આ રીતે પોતાની સ્થિતિનો અભ્યાસ કરવાથી મનુષ્યને સચ્ચાઈનો ખ્યાલ આવી જાય છે અને તે પોતાની સાચી જરૂરિયાતથી પરિચિત થઈ જાય છે. એમ થવાથી જલદી ભગવાન પણ પરિચિત થઈ જાય છે.

જ્યાં સુધી સાધક ઈશ્વરમાં તન્મય નથી બનતો ત્યાં સુધી તે ઈશ્વરને શરણે જઈ શકતો નથી.

તેથી સાધકે ચારેબાજુથી બુદ્ધિ અને મનને ખસેડી લેવું જોઈએ અને બંનેને માત્ર ભગવાનમાં જ પરોવે. ભગવાન પર અવિશ્વાસ રહે એવાં દરેક કારણોને શોધી-શોધીને દૂર કરે તથા પોતાના ભગવાનમાં અચલ અને વિકલ્પરહિત વિશ્વાસ રાખે. ઈશ્વર સિવાય અન્યનો વિશ્વાસ ન કરે, ન તો કોઈને પોતાના માને, ન તો કોઈને પ્રેમ કરે. એટલું જ નહિ કોઈનો વિચાર પણ ન કરે; કારણ કે બીજું બધું જ કાયમી નથી. કોઈ પણ પ્રેમી નથી. પ્રેમી તો એવો હોય જે કદી કશું લે જ નહિ.

આ રીતે સાધકનો બધા પરથી વિશ્વાસ ઊઠી જઈ એટલે કે બધા સાથેનો સંબંધ તૂટી જઈ એકમાત્ર પોતાના ભગવાનમાં જ વિશ્વાસ રહે છે અને સંબંધ દૃઢ બને છે, ત્યારે જ એનો ભગવાનમાં સ્વયં પ્રેમ જાગૃત થાય છે. પ્રેમ થયા પછી વિચાર કે યાદ કરવું પડતું નથી. જાતે જ થાય છે. એવું બને ત્યારે સાધક ભગવાનને શરણે થઈ જાય છે. પોતાની જાતને તેમને સમર્પિત કરી એમના પર જ આધાર રાખે છે.

(૧૪)

**પ્રશ્ન**—ભગવાને અવતાર શા માટે લેવો પડ્યો ?

**ઉત્તર**—ભગવાને અવતાર લેવો પડે એવી કોઈ વાત ભગવાનને

હોતી નથી; કારણ કે ભગવાન સર્વ રીતે પૂર્ણ, સર્વશક્તિમાન અને સ્વતંત્ર છે.

ભગવાન અવતાર ધારણ કરે છે એ માટે શાસ્ત્રોમાં ત્રણ કારણો આપવામાં આવ્યા છે : (૧) સાધુઓના, સજ્જનોના રક્ષણ માટે, (૨) દુષ્ટોના વિનાશ માટે, (૩) ધર્મની સ્થાપના માટે. આ ત્રણમાંથી દુષ્ટોનો નાશ અને ધર્મની સ્થાપના તો ભગવાન અવતાર ધારણ કર્યા વિના પણ કરી શકે છે. જો ખરેખર આ બંને માટે ભગવાન અવતાર ધારણ કરે તે માટે વિશેષ કારણ હોય તો આધુનિક યુગમાં પણ ભગવાને અવતાર લેવો જોઈએ. ધર્મનો નાશ અર્વાચીન યુગ કરતા ઓછો નથી અને દુષ્ટો પણ તેટલા જ છે, પરંતુ એમની લીલા પર યોગ્ય રીતે વિચાર કરવામાં આવે તો જણાશે કે ભગવાનનો અવતાર પોતાની રસમયી લીલા દ્વારા ભક્તોને પ્રેમરસ આપવા માટે અને ભક્તો પાસે પ્રેમરસ લેવા માટે હોય છે. ધર્મની સ્થાપના અને દુષ્ટોનો નાશ તો એમને માટે સામાન્ય વાત છે. એમાં પણ કોઈ ને કોઈ પ્રકારે સાધુ સજ્જનોનું હિત છુપાયેલું છે.

સાધુ પુરુષ એ છે કે જે ભગવાનને મેળવવા ઇચ્છે છે. પોતાના જીવનને ભગવાનમય બનાવવાની સાધનામાં જ મસ્ત રહે છે, કોઈ પણ પ્રકારનો પહેરવેશ બદલવો સાધુતા નથી.

ભગવાન જ્યારે અવતાર ધારણ કરે છે, સજ્જનોના ઘરમાં જ જન્મ લે છે. ભગવાન શ્રીકૃષ્ણના અવતારનો જ વિચાર કરો. એમનો જન્મ વસુદેવને ત્યાં અને દેવકીના પેટે થયો. જે પોતે જ પ્રકાશ છે અને સર્વત્ર રહેનારો છે એને 'વસુદેવ' કહે છે અને પ્રકાશમાન બ્રહ્મવિદ્યાનું નામ 'દેવકી' છે. આથી સમજાય છે કે ભગવાન એવા સજ્જનોને ત્યાં જન્મ લે છે જે બધી રીતે નિર્મળ અને તત્ત્વજ્ઞાની છે, પરંતુ ભગવાન એને પોતાની લીલા–પોતાનો પ્રેમરસ આપતા નથી. પોતાની પ્રેમમયી લીલાનો રસ પિવડાવવા

તેઓએ મા યશોદાના ખોળાની પસંદગી કરી. જે યશ એટલે કે પ્રેમમય આપે તેને 'યશોદા' કહે છે અને આનંદનું જ બીજું નામ 'નંદ' છે. આમ ભગવાન પોતાના પ્રિય ભક્તોને પોતાની પ્રેમમયી લીલાનું પ્રદાન કરી તેમની પાસેથી પોતે પ્રેમરસનો આસ્વાદ લઈ ભક્તોને આનંદવિભોર બનાવે છે. આ કાર્ય અવતાર ધારણ કર્યા વિના પૂર્ણ થતું નથી.

ભગવાનની દરેક લીલામાં અનેક રહસ્ય છુપાયેલા હોય છે. તેઓ એક જ લીલામાં અનેકની ઇચ્છા પૂરી કરે છે. એમની પ્રેમમયી લીલાનું રહસ્ય મહાન બુદ્ધિશાળી પણ સમજી શક્યા નથી. બીજા તો ઠીક, સાક્ષાત્ બ્રહ્માજીને પણ શંકા ગઈ હતી.

ભગવાન રાક્ષસ અધાસુરને મુક્ત કરીને વનભોજન કરવા માટે પોતાના બાળમિત્રોની વચમાં બેસીને ભોજન કરવા લાગ્યા. આ લીલા જોઈ ખુદ બ્રહ્માજી નવાઈ પામ્યા. તેઓ વિચારવા લાગ્યા કે, 'સાક્ષાત્ ભગવાન શું આવા ગામડિયા ગોપબાળકોનું એઠું અન્ન ખાઈ શકે ? આ શું છે ? એક બાળક પોતાની વસ્તુ બીજાને આપે છે, પોતપોતાને ઘરેથી લાવેલી વસ્તુ પરસ્પર લઈને ખાય છે.' આવા મોહમાં પડીને તેમણે ભગવાનની પરીક્ષા કરવા વાછરડાંને ત્યાંથી સંતાડી દીધા. એટલામાં બાળકોનું મન ભગવાનમાંથી ખસી વાછરડાં તરફ ગયું. તેઓ બોલ્યા, 'ઘાસના લોભથી વાછરડાં દૂર ચાલ્યા ગયાં છે, દેખાતા નથી.' ભગવાન એ કેવી રીતે સહન કરી શકે કે એમને ચાહનારો અન્યનો વિચાર કરે, એનું મન પ્રભુને છોડી અન્ય સ્થાને જાય. તેથી એમણે મિત્રોને કહ્યું, 'મિત્રો તમે અહીંયાં જ રહો, હું હમણાં જ વાછરડાંને લઈ આવું છું.' શ્યામસુંદર ત્યાં ગયા એટલામાં બ્રહ્માજીએ એ બાળકોને ત્યાંથી ઊંચકી લીધા અને પર્વતની ગુફામાં છુપાવી દીધા. આ ભગવાન તરફથી મન ખસેડી લીધું તેની સજા રૂપે એક વર્ષ ભગવાનથી અલગ થવું પડ્યું. આ

બાજું ગાયો તથા ગોપ-ગોપીઓના મનમાં એવી ઉત્કંઠ ઇચ્છા થઈ રહી હતી કે એક દિવસ એવો આવશે કે શ્યામસુંદર યશોદામાતાની જેમ અમારા સ્તનમાંથી પણ દૂધ પીશે, આ રીતે અમારા ખોળામાં રમીને પોતાની પ્રેમમયી બાળલીલાનો રસ પિવડાવશે. એમની આ ઇચ્છા સંતોષવા ભગવાન ખુદ બાળક એટલે કે વાછરડાં બન્યા અને ગાયોને પ્રેમરસ પિવડાવ્યો તથા એમનો પ્રેમરસ દૂધ રૂપે પીધો. ગોપ અને ગોપીઓના ખોળામાં રમીને એમને પુત્રપ્રેમરસ આપ્યો. એક વર્ષ સુધી તેઓ મધુર પ્રેમનો આસ્વાદ લેતા રહ્યા. ત્યારબાદ જ્યારે બ્રહ્માજીએ જોયું કે વ્રજનું કામ તો તથાવત્ ચાલી રહ્યું છે, શ્યામસુંદર તો પહેલાંની જેમ જ ગોપબાળકો સાથે ભોજન કરે છે, રમે છે તથા જેને હું ચોરી લાવ્યો હતો તે બધા તો ગુફામાં ઊંઘે છે, આમ વિચાર કરતા એમને ભગવાનના અકલ્પ મહિમાનાં દર્શન થયા અને એમનું બધું અભિમાન ઓગળી ગયું. ભગવાનના ચરણમાં માથું ટેકવી ક્ષમા માંગી અને ભગવાનને વિંનતી કરી; પણ ભગવાન તો એમની સાથે બોલ્યા નહિ. એક જ લીલામાં ભગવાને પોતાના ઐશ્વર્ય અને માધુર્યનાં દર્શન કરાવ્યાં. આ કામ અવતાર ધારણ કર્યા વિના કેવી રીતે થઈ શકે. એક તરફ બ્રહ્માના અભિમાનનો નાશ અને એની સાથે સાથે ગોપબાળકોને ચેતવણી અને ગાયોની તથા ગોપબાળકોની પ્રેમ લાલસા કરવાની ઇચ્છાની પૂર્તિ. આ કાર્ય તો અવતાર લઈને જ કરી શકાય.

આ પહેલાં જ્યારે ભગવાન શ્યામસુંદર છ દિવસના હતા, ત્યારે પણ એમણે એકસાથે ઐશ્વર્ય અને માધુર્ય તથા ન્યાય અને દયાળુપણાનો ભાવ બતાવ્યો હતો. પૂતના, જે ભયંકર પાપી તથા બાળકોનો નાશ કરનારી હતી, જ્યારે સુંદર ધાવનું(દૂધ પિવડાવનારી) કપટી રૂપ ધારણ કરી ભગવાન પાસે ગઈ એટલે કે મનમાં ખરાબ ભાવ અને બહારથી પ્રેમભાવ બતાવીને ભગવાનને ખોળામાં લીધા

અને પોતાનું સ્તન શ્યામસુંદરના મુખકમળમાં મૂક્યું, ત્યારે ભગવાને એના માતૃપ્રેમની રક્ષા કરવા માટે એનું દૂધ પીધું અને તે તો ભગવાનનો જીવ લેવા આવી હતી, એટલે દૂધની સાથે-સાથે ભગવાન એના પ્રાણ પણ પી ગયા. ભગવાનના સ્પર્શથી એના કપટનો નાશ થયો. તે એના મૂળરૂપમાં આવી ગઈ. આખા શરીરમાં સુગંધ ફેલાઈ ગઈ. ભગવાન એના શરીર પર રમવા લાગ્યા અને એને માતાનું સ્થાન આપ્યું. આવા પ્રકારની લીલા ભગવાન અવતાર લીધા વિના શી રીતે કરી શકે ?

આ રીતે એમની દરેક લીલા અનંત રસ અને અનંત રહસ્ય ભરેલું છે. એમનો પ્રેમી ભક્ત જ આ રસપાન કરી શકે છે.

ભગવાનનો અવતાર નિત્ય છે. એમનું લીલાધામ એમનાં માતા-પિતા, એમના મિત્ર અને સખી બધા ચિન્મય પ્રેમથી બન્યા હતા. એમાં કોઈપણ ભૌતિક વસ્તુ ન હતી. ભગવાન પ્રેમી ભક્તોમાં ભૌતિક ભાવ હોતો નથી.

ભગવાન પ્રેમી ભક્તોનો આજે પણ એમની દિવ્ય લીલામાં પ્રવેશ થાય છે અને તેઓ એમના પ્રેમરસનો અનુભવ લેતા રહે છે. જો ભગવાન અવતાર જ નહિ લે તો આની પૂર્તિ કેવી રીતે થાય ?

જેને ભગવાન અવતાર ધારણ કરે છે એ વાતમાં વિશ્વાસ નથી. તેઓને હું અવતારવાદમાં માનવા માટે દુરાગ્રહ પણ કરતો નથી, તેઓ નથી માનતા એની નવાઈ પણ નથી; કારણ કે પોતાની માન્યતા માટે દરેક સ્વતંત્ર છે.

(૧૫)

**પ્રશ્ન**—સાધનામાં સફળતા કેમ મળતી નથી ?

**ઉત્તર**—આજકાલ લોકો સાધના કરતા નથી અને સાધનાનું

ફળ મેળવવાની ઇચ્છા રાખે છે, આમ તેમને સફળતા શી રીતે મળે ? દરેક મનુષ્ય વિચાર છે કે બીજો માણસ સાધના કરીને યોગ્યતા મેળવી લે અને અમને માત્ર આશીર્વાદ આપે જેથી અમને સુખ મળી જાય. જેવી રીતે વૃક્ષ કોઈ બીજો રોપે અને એના ફળ કોઈ બીજો ખાવા માગે. જેણે વૃક્ષ રોપવા બિલકુલ મહેનત કરી જ નથી તો એ શી રીતે બને ? સાધનાની સફળતા માટે સાધકે જાતે સાધના કરવી પડે છે. એણે સાધનાને જ પોતાનું જીવન માનવું પડશે. એમ કરવાથી જ તે કૃતાર્થ થાય છે.

જે મનુષ્ય દરેક પ્રકારનાં બંધનોથી મુક્ત થવા માંગે છે એણે વિચાર કરવો જોઈએ કે બંધન શું છે ? વિચાર કરવાથી સમજાશે કે સુખભોગની ઇચ્છા, એને મેળવવાના સંકલ્પો, એની સાથેનો સંબંધ અને એનો વિચાર—આ બહારથી નથી આવેલ. આપણી જ આળસથી, આપણી બેદરકારીને લીધે આપણી અંદર વિકસ્યા છે. આમ સાબિત થાય છે કે બંધન મનુષ્યે પોતે બનાવ્યા છે અને પોતાની અંદર જ છે, એટલે એનાથી મુક્ત પણ જાતે જ થવું પડે.

બંધનોને કાપવા માટે એટલે કે એનાથી મુક્ત થવા માટે સાધકે દરેક પ્રકારના સુખભોગનો ત્યાગ કરી એની સાથેના સંબંધ અને વિચારથી દૂર થઈ જાય.

હું શરીર છું અને એની સાથે સંબંધ રાખનારને પોતાના માનવાથી ઇચ્છા પ્રકટે છે; કારણ કે જેની-જેની સાથે માણસ પોતાનો સંબંધ બાંધે છે, તેની સાથે મોહમાયા થઈ જાય છે. મોહમાયાને કારણે ભોગ એને સુખદ લાગે છે અને પોતાને શરીર માનીને મનુષ્ય એના ઉપભોગમાં પ્રવૃત્ત બને છે. હકીકતમાં ભોગનું પરિણામ રોગ છે.

આમ સાબિત થાય છે કે દરેક પ્રકારનાં બંધનોનું એકમાત્ર કારણ પોતાને શરીર માનવું છે. આથી સાધકે પોતાને શરીરથી અલગ સમજી દરેક પ્રકારની ભોગ-વાસનાનો ત્યાગ કરવો જોઈએ.

ભોગ-વાસનાનો એટલે કે દરેક પ્રકારની ઇચ્છાઓનો ત્યાગ કરવા માટે દરેક સંકલ્પોનો નાશ કરવો જોઈએ. આથી સાધકે જરૂરી સંકલ્પને પૂર્ણ કરી દૂર કરવો અને જે બિનજરૂરી છે તેનો ત્યાગ કરી દૂર કરવા. સંકલ્પરહિત થવાથી સાધકમાં શક્તિ આવે છે એટલે કે મન, બુદ્ધિ સ્થિર થાય છે. ત્યારે તે ઇચ્છારહિત બની શકે છે. ઇચ્છારહિત થવાથી શાંતિ મળે છે.

વિવિધ પ્રકારના સંકલ્પ અને સુખની ઇચ્છાએ જ મનુષ્યમાં ઊણપનો ભાવ ઉત્પન્ન કરી દુઃખી કર્યો છે. ભોગોના સાચા સ્વરૂપને જાણીને, સંકલ્પોની ઉત્પત્તિનાં કારણો દૂર કરવાના પ્રયત્નો કરવાથી અને વારંવાર એનું નિરીક્ષણ કરી ત્યાગ કરતા રહેવાથી સંકલ્પોની ઉત્પત્તિ રોકી શકાય છે. એ માટે સાધકે નિરાશ થવું નહિ.

સાધકે સંકલ્પ નિવૃત્તિ સમયે જે આનંદ પ્રાપ્ત થાય છે તેનો અનુભવ કરે. સંકલ્પ ઉત્પન્ન થઈ પૂર્ણ થઈ જાય અને બીજો સંકલ્પ ઉત્પન્ન ન થાય, આ વચગાળાના સમયમાં ધ્યાનપૂર્વક અભ્યાસ કરવાથી સંકલ્પનિવૃત્તિના આનંદનો અનુભવ થઈ શકે છે.

પ્રયત્નો કરવા છતાં પણ સંકલ્પ રોકાતા નથી. એનું કારણ એ છે કે સંકલ્પો ઉત્પન્ન થાય છે એનું દુઃખ નથી અને એ સંતોષાય એમાં સુખ અનુભવાય છે. એટલે સાધકે સંકલ્પોનું પરિણામ દુઃખ છે, એવું સમજીને એનો નાશ થાય ત્યાં સુધી દુઃખથી વ્યાકુળ બની એની પૂર્ણતાના સુખનો આનંદ ન માણે. જેને વર્તમાન સ્થિતિનો સંતોષ નથી, ઊંડું દુઃખ થાય છે, તેનું જ પરિવર્તન થાય છે.

વિચાર કરવાથી સાધકને સમજાશે કે એક એક ઇચ્છા પૂરી કરવા માટે અનેક સંકલ્પો ઉદ્ભવે છે અને અનેક સંકલ્પો પૂરા કરવા માટે અનેક ઇચ્છાઓ થાય છે. તેથી ઇચ્છા અને સંકલ્પ મનુષ્યને પરતંત્ર બનાવે છે. આ રહસ્ય ન સમજવાને લીધે મનુષ્યને સંકલ્પના ઉદ્ભવથી દુઃખ થતું નથી અને દૂર કરવા માટે તત્પરતાપૂર્વક

સાધના કરી શકાતી નથી.

સંકલ્પોનો અંત થવાથી ઈચ્છાઓનો નાશ થશે. ઈચ્છાઓની નિવૃત્તિ જ મનની શુદ્ધિ છે. મન શુદ્ધ થતાં જ સાધકોને બોધ થઈ જાય છે. એના દરેક પ્રકારના દુઃખનો નાશ થાય છે અને ત્યારબાદ જે ભક્તિ ઉદ્‌ભવે છે તેમાંથી અનંતરસ મળે છે. આથી સાધકે સંકલ્પને નિમૂળ કરી નાખવા. હંમેશાં સાધનામાં નિપૂર્ણ બનવું જોઈએ.

(૧૬)

**પ્રશ્ન**—ગોપીઓના પ્રેમની વાત કહો.

**ઉત્તર**—ગોપીપ્રેમની વાત એ જ કહી શકે જેને ગોપીભાવ પ્રાપ્ત થયો હોય. સાંભળવાનો અધિકારી પણ તે જ છે. જ્યાં સુધી સ્થૂળ, સૂક્ષ્મ અથવા કારણ—કોઈ પણ શરીરમાં અહમ્ છે, ત્યાં સુધી મનુષ્યને ગોપીભાવ પ્રાપ્ત થતો નથી; આથી તે ગોપીપ્રેમનો અધિકારી નથી.

ઉદ્ધવ જેવા જ્ઞાની અને યોગી, જે ભગવાનના મિત્ર હતા, જ્યારે તેઓ વ્રજમાં ગયા, ત્યારે ગોપીઓના પ્રેમને જોઈને જ્ઞાન અને યોગને ભૂલી ગયા. ઊલટા પોતાના સ્વામી અને મિત્ર એવા શ્રીકૃષ્ણને હૃદયહીન અને કઠોર કહેવા લાગ્યા અને ગોપીઓના પ્રેમની પ્રશંસા કરવા લાગ્યા. એટલે સુધી કે વ્રજના વેલ-પાંદડાં બનવામાં પણ પોતાને ભાગ્યશાળી માની ગોપીઓના ચરણરજની ઈચ્છા કરવા લાગ્યા. આવી ગોપીઓના પ્રેમને સામાન્ય માનવી ક્યાંથી સમજી શકે ?

જ્યાં સુધી શરીરમાં અભિમાન છે, ત્યાં સુધી એને કોઈ ને કોઈ પ્રકારનું સંયોગથી પ્રાપ્ત થતાં સુખની લાલચ રહે છે. ગોપીભાવ પ્રાપ્ત કરવા માટે વસ્તુનું સંયોગી સુખ અને ક્રિયા દ્વારા પ્રાપ્ત થતું સુખ તો શું, ચિંતન સુખનો પણ ત્યાગ કરવો પડે છે. જ્યાં સુધી એવો ભાવ રહે છે—અમુક વસ્તુ, અમુક વ્યક્તિ, અમુક પરિસ્થિતિમાં

સુખ મળશે, ત્યાં સુધી મનુષ્ય એનો દાસ બની જાય છે. એના મનમાં બીજાને સુખ આપવાનો ભાવ આવતો નથી. પોતાના સુખભોગની જ રુચિ રહે છે એને સ્વાર્થ કહે છે. સ્વાર્થભાવ હોય ત્યાં સુધી ગોપીભાવ સમજાતો નથી.

માનવજીવનમાં સત્ અને અસત્ બંનેનો સંગમ હોય છે. શરીર, સંસાર અને ભોગોનો સાથે જ અસત્યનો સાથ છે અને અનંત જીવન અને નિત્ય આનંદની ઇચ્છા સત્‌નો સાથ છે. જેનામાં માત્ર અસત્‌નો સંગ છે તે પણ મનુષ્ય નથી; કારણ કે અસત્‌નો સંગ તો પશુ-પક્ષી જેવી નિમ્ન યોનિમાં પણ હોય છે. આથી જેમાં માત્ર સત્‌નો સંગ છે એને પણ મનુષ્ય કહી શકાતો નથી. તે મનુષ્યભાવથી ઉપર છે. આમ ગોપીભાવ પ્રાપ્ત કરવા માટે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરનો તથા એની સાથે સંબંધ રાખનારા બધા જ સુખભોગનો સાથ વિવેકપૂર્ણ છોડવો પડે છે. એનો ત્યાગ સત્સંગથી જ થાય છે.

સંસારી સુખભોગમાં કયા કયા દુઃખ છે, એની સાચી રીતનું જ્ઞાન સુખભોગથી એવા સાધકોને થાય છે, જે પોતાના મળેલા વિવેકનો આદર કરે છે. વિવેકનો આદર જ સત્સંગ છે. આ સત્સંગથી સુખભોગની રુચિ નાશ પામે છે અને ભગવાનના નિત્ય-નવા પ્રેમની ઇચ્છા જાગે છે. ત્યારે કોઈ કોઈ યોગ્યપાત્રને ગોપીભાવ પ્રાપ્ત થાય છે.

શરીરની અલગ થઈને જ મનુષ્ય ભોગ-વાસનારહિત બની શકે છે. દોષ છોડવા એટલે જ ગુણોનો સાથ કરવો છે. ભોગોની ઇચ્છા રહે ત્યાં સુધી ગુણોનો ઉદય અને દોષોનો અભાવ થતો નથી. આથી એ સમજવું જોઈએ કે બધા પ્રકારની ઇચ્છાનો અંત થવાથી જ સત્‌નો સંગ એટલે કે ભગવાનના પ્રેમની ઇચ્છા પ્રકટે છે.

આથી જે સાધકે ગોપીભાવ પ્રાપ્ત કરવો હોય અને એમની લીલામાં પ્રવેશીને ગોપીપ્રેમની વાત સમજવી હોય, તેણે શરીરભાવથી ઉત્પન્ન થનારી સંપૂર્ણ ભોગવાસનાનો ત્યાગ કરવો; કારણ કે જ્યાં સુધી દેહભાવ રહે છે, હું પુરુષ છું, હું સ્ત્રી છું—એવો ભાવ હોય છે ત્યાં સુધી ગોપીચરિત્ર સાંભળવાનો કે સમજવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. તો પછી ગોપીપ્રેમ શું છે ? એ તો કોઈ સમજી જ કેવી રીતે શકે ?

જ્યારે ભગવાન શ્યામસુંદરના પ્રેમની લાલસા બધી જ ભોગવાસનાને ખાઈ જઈને સબળ થઈ જાય છે, ત્યારે જ સાધકનો વ્રજમાં પ્રવેશ થાય છે તે પહેલાં તો વ્રજમાં પ્રવેશ જ નથી થતો. આ એ વ્રજની વાત નથી જ્યાં લોકો ટિકિટ લઈને જાય છે. આ તો એ વ્રજની વાત છે કે જે પ્રકૃતિનું કાર્ય નથી, જ્યાંની કોઈ પણ વસ્તુ ભૌતિક નથી, જેનું નિર્માણ દિવ્યપ્રેમની ધાતુથી થયું છે. જ્યાંની ધરતી, ગોપબાળ, ગોપીઓ, ગાયો અને વેલ-પાંદડાં વગેરે બધા જ ચિન્મય છે. જ્યાં જડતા અને ભૌતિકવાદની ગંધ પણ નથી, એવા વ્રજમાં પ્રવેશ થઈ ગયા પછી ગોપીભાવની પ્રાપ્તિ ખૂબ દૂરની વાત છે. દાસભાવ, સખીભાવ અને વાત્સલ્યભાવ પછી ક્યારેક ગોપીભાવની પ્રાપ્તિ થાય છે. તો પછી સામાન્ય માનવી એ ગોપીપ્રેમની વાત કેવી રીતે સમજી શકે ? અને કેવી રીતે કહી શકે ?

જ્યાં સુધી શરીરભાવ રહે છે, ત્યાં સુધી ભોગવાસના અને અનેક પ્રકારના દુર્ગુણો રહે છે અને ત્યાં સુધી દુર્ગુણોનો નાશ કરીને મન-શુદ્ધિ માટે સાધના કરતા રહેવું પડે છે. મનની સંપૂર્ણ શુદ્ધિ અને દરેક પ્રકારનાં ખરાબ તત્ત્વોનો સાથ છૂટી જવો એ જ વ્રજમાં પ્રવેશ છે.

આથી જે સાધકે ગોપીપ્રેમ પ્રાપ્ત કરવો હોય, તેણે સૌપ્રથમ

મોક્ષના આનંદ સુધીની લાલચ છોડવી પડે અને પછી વ્રજ પ્રવેશનો અધિકાર પ્રાપ્ત કરે અને ત્યારબાદ ભગવાનની કૃપા પર આધાર રાખી ગોપીભાવને પ્રાપ્ત કરે.

(૧૭)

**પ્રશ્ન**–મનુષ્યની પ્રગતિ કેવી રીતે થાય ?

**ઉત્તર**–મનુષ્યે પોતાના વિકાસ માટે કોઈ ને કોઈ શ્રમ કરતા રહેવું પડે છે. શ્રમથી જીવનમાં સંયમ આવે છે અને બેકાર રહેવાથી વિલાસી બની જવાય છે.

દુઃખી મનુષ્યે નિશ્ચય કરવો જોઈએ કે જે ભૂલને લીધે આ દુઃખ પડ્યું છે તે ભૂલ બીજીવાર નહિ કરું તથા આ પડેલા દુઃખનો સદુપયોગ કરી એટલે કે દેહાભિમાન અને સંસાર સાથેના સંબંધને દુઃખદાયક સમજી તેનાથી દૂર ખસી જાય.

જે મનુષ્ય મળેલી અનુકૂળ પરિસ્થિતિનો દુરુપયોગ કરે છે તેના જીવનમાં પ્રતિકૂળ સંજોગો આવ્યા વિના રહેતા નથી. આથી સાધકે તેનો સદુપયોગ કરવો જોઈએ.

સાધકે વિશ્વાસ રાખવો જોઈએ કે જીવન પોતે જ પોતાનું રક્ષણ કરે છે. જો જીવન બાકી હશે તો જીવનના સાધન આપોઆપ મળી જશશ.

પરિસ્થિતિનું પરિવર્તન થવું જરૂરી છે. હંમેશાં એક જ પ્રકારના સંજોગો રહેતા નથી. આથી સાધકે જે સંજોગો સામે છે, એમાં મારે શું કરવાનું છે એનો વિચાર કરવો.

દરેક મનુષ્યના જીવનમાં ચારિત્ર્યશક્તિ અને સુખ–આ બંનેનો સંઘર્ષ ચાલતો જ હોય છે. જે સુખ ભોગવવા ઇચ્છે છે તે એને જ માન આપે છે, તે ચારિત્ર્યની રક્ષા કરી શકતો નથી. આથી સાધકે ચારિત્ર્યને માન આપવું જોઈએ. ભંયકરમાં-ભયંકર મુશ્કેલીથી

ન ડરે. એનો સામનો કરીને ચારિત્ર્યનું રક્ષણ કરે. આમ કરવાથી સાધક મુશ્કેલીમાંથી પાર ઊતરી જાય છે. આથી સાધકે ધીરજ રાખવી. મુશ્કેલીથી ભયભીત થવું નહિ. મુશ્કેલીથી જ પ્રગતિનો માર્ગ ખૂલે છે.

ચરિત્રવાન મનુષ્યના કર્મ બીજા માટે ઉદાહરણ બની જાય છે, એટલે કે આદર્શ બની જાય છે. આચરણમાં આવા પ્રકારના સદ્ભાવને જ ચારિત્ર્યશક્તિ કહે છે.

ચારિત્ર્યબળ, વિવેકબળ અને વિશ્વાસબળ—આ ત્રણેયની જીવનમાં એકતા થવાથી એટલે કે જેવો વિવેક હોય એવો જ દૃઢવિશ્વાસ હોવો જોઈએ અને આ બંનેમાં અનુરૂપ આચરણ હોય તો સાધકને હકીકતમાં સફળતા મળે છે.

સંસાર અને શરીરની ક્ષણભંગુરતાને સમજીને એવો નિર્ણય કરી લેવો કે હું શરીર નથી અને દુનિયા મારી નથી, એનું નામ વિવેક છે. જ્યાં વિવેકબળ હશે ત્યાં નિર્વાસના જરૂર આવશે. વાસનાની જાળથી ફસાયેલો માનવી જ કરવા લાયક અને ન કરવા લાયક દરેક પ્રકારનું વર્તન કરે છે. પરંતુ જ્યાં નિર્વાસના આવી જાય છે ત્યાં ચારિત્ર્યશક્તિ આપોઆપ સુરક્ષિત રહે છે. વિવેકી મનુષ્યને કોઈ પણ પ્રકારનો ભય અથવા પ્રલોભન પોતાના કર્તવ્યમાંથી ડગાવી શકતી નથી. આથી સાધકે મુશ્કેલીથી ડરવું નહિ; ભયભીત થવું નહીં, પરંતુ વિવેકશક્તિથી કામ લે અને ધૈર્યપૂર્વક કર્તવ્યનું પાલન કરે.

સંસાર સુખ અને દુઃખથી બનેલો છે. ન તો કોઈ પૂર્ણ સુખી છે ન તો કોઈ પૂર્ણ દુઃખી છે; કારણ કે જે ખરેખર સંપૂર્ણ દુઃખી થઈ જાય છે એના દુઃખનો દુઃખ હરનાર ભગવાન નાશ કરે છે અને પૂર્ણ સુખી તે જ છે જે સંસારથી પાર છે. સંસારને અનિત્ય કહેનાર મનુષ્ય પણ મળેલા સમયમાં સુખનો ઉપભોગ કરતા રહે

છે અને દુઃખના સમયમાં સુખની પાછળ દોડે છે. આવા સુખના લાલચુ મનુષ્યોને સુખ-દુઃખની વાસ્તવિકતાનો અનુભવ થતો નથી. આથી સાધક જેને ક્ષણભંગુર સમજે છે. એનાથી દૂર થઈ જે નિત્ય છે તેની સમક્ષ થાય એટલે મળેલી પરિસ્થિતિનો સદુપયોગ કરે દુરુપયોગ નહિ.

જ્યારે મનુષ્ય ખરેખર દુનિયાથી નિરાશ થઈ જાય છે. તેને દુનિયામાં કોઈ પણ પ્રકારના સુખની આશા રહેતી નથી, ત્યારે તેને દુનિયા પર વૈરાગ્ય આવી જાય છે. સુખની લાલચમાં લપેટાયેલા મનુષ્યને જીવનમાં વૈરાગ્ય આવતો નથી. આથી સાધકે પોતાના મનમાં આવી ભાવના કરવી જોઈએ કે 'હે સુખ ! હવે હું કદી તારી પાછળ દોડીશ નહિ. તે મારી ખૂબ ખરાબ હાલત કરી છે. હવે હું તારી આશા નહિ કરું.'

જ્યાં સુધી મનુષ્ય દુનિયા પાસે કંઈ લેવા ઇચ્છે છે, એનો દાસ બનેલો રહે છે, ત્યાં સુધી એનું દુઃખ દૂર નહિ થાય. કરોડપતિ અને મહાનમાં મહાન સમ્રાટ બની જાય તોપણ દુઃખનો અંત આવતો નથી. આથી સાધકે સંસારની ઇચ્છાઓને દૂર કરી, ચરિત્રબળ, વિવેકબળ અને વિશ્વાસબળને દઢ કરવા ચારિત્ર્ય, વિવેક અને વિશ્વાસનું બળ દુઃખને દૂર કરે છે.

ભયંકરમાં ભયંકર મુશ્કેલીઓને સહન કરીને ચારિત્ર્યને શુદ્ધ રાખવાથી ચારિત્ર્યશક્તિ વધે છે. ચારિત્ર્યશક્તિમાં જ તપનો વાસ છે. એનાથી ઉત્તરોત્તર સહનશક્તિ વધે છે. વિવેકશક્તિથી ત્યાગની શક્તિ વધે છે અને વિશ્વાસથી સમર્પણભાવનો ઉદય થાય છે. સાધકમાં તે થવું જ જોઈએ. આ ત્રણે હોવા તેનું નામ જ જીવન છે. એના બદલામાં બધા પ્રકારનાં સુખોનો ત્યાગ કરી શકાય છે. દુનિયાની મોટામાં-મોટી કોઈ પણ વસ્તુ અથવા કોઈ પણ અધિકાર એવો નથી કે જે એના બદલામાં આપી ન શકાય. વધારે શું, શરીર

આપીને પણ એનું પાલન કરવું જોઈએ.

ચરિત્રશક્તિથી વિવેકશક્તિનું મહત્ત્વ વધારે છે. વિવેકબળથી પણ વિશ્વાસબળનું મહત્ત્વ વધારે છે; કારણ કે વિશ્વાસ વગર વિવેક વિકલ્પરહિત થઈ શકતો નથી અને ચારિત્ર્યમાં દૃઢતા આવતી નથી. વિશ્વાસ બંનેને સુરક્ષિત રાખે છે.

સાધકે મનની ઇચ્છા પૂર્ણ કરવા માટે વિશ્વાસ, વિવેક અને ચરિત્રબળનો પ્રયોગ ન કરવો. એની અમૂલ્ય શક્તિનો નાશવંત વસ્તુઓ માટે વ્યય કરવો જોઈએ નહિ. પ્રામાણિકતા અને પરિશ્રમને કદી છોડવો નહિ. સંસારિક વસ્તુ અને વ્યક્તિઓનું મિલન અને વિરહ તો થતો જ રહેશે. એનું કોઈ મહત્ત્વ નથી.

સંસારિક ઇચ્છા રહે ત્યાં સુધી મન શુદ્ધ બનતું નથી અને મન નિર્મળ ન બને ત્યાં સુધી દુઃખ દૂર થતું નથી. આથી સુખ ભોગવવાની ઇચ્છાનો ત્યાગ અનિવાર્ય છે, પરંતુ સામાન્ય માનવીને એનો ત્યાગ મૃત્યુ બરાબર લાગે છે.

ધર્મમાં શ્રદ્ધાથી જ ચરિત્રશક્તિ સુરક્ષિત રહે છે, એના વિના એ રહી શકે નહિ. દુનિયાની સચ્ચાઈ સમજી લેવાથી વિવેકશક્તિ પ્રાપ્ત થાય છે, પરંતુ ધર્મ અને વિવેક પણ ઈશ્વરશ્રદ્ધાથી પોષણ પામે છે અને સુરક્ષિત રહી શકે છે. દરેક સંજોગોમાં ઈશ્વરશ્રદ્ધા જ કામ કરે છે. એની શક્તિથી જ મનુષ્ય પોતાના ધ્યેય સુધી પહોંચી શકે છે.

દુનિયાની વ્યક્તિઓ પર રાખેલો વિશ્વાસ ખૂબ ભયંકર સાબિત થયો છે. એના પર વિશ્વાસ રાખનાર માનવી છેતરાય છે વધારે તો શું ? સાધકે તો પોતાના શરીર, મન અને બુદ્ધિ પર પણ વિશ્વાસ રાખવો નહિ. વિશ્વાસપાત્ર તો માત્ર એક ઈશ્વર જ છે.

વ્યક્તિઓ પર વિશ્વાસ ન રાખવાનો હેતુ એ નથી કે સાધકે એમના દોષોને જુએ અથવા એમને ખરાબ સમજવા, એવું થવું

જોઈએ નહિ. કોઈને પણ ખરાબ માનવા નહિ, પણ કોઈ કાર્ય માટે એમના પર આધાર રાખવો નહિ.

જ્યાં સુધી મનુષ્ય સંસાર પર વિશ્વાસ રાખે છે અને તેને પોતાની માનતો રહે છે, ત્યાં સુધી જોખમથી દૂર નથી. દુનિયાની બધી જ વસ્તુઓ બનાવટ કરે છે. શરીર, બુદ્ધિ, ધન અને કુટુંબ વગેરે જે કંઈ મળ્યું છે, તે જરૂર છૂટી જશે. આથી ઇચ્છા પૂર્ણ કરવા માટે ઈશ્વરશ્રદ્ધાનો ઉપયોગ કરવો ભૂલ છે.

ઈશ્વરશ્રદ્ધા તો સાધકનું જીવન હોવું જોઈએ. એના સિવાય કોઈ પણ આપણું નથી. બીજા કોઈથી સાધકનું કામ થશે નહિ. ઈશ્વરશ્રદ્ધાથી ભોગવાસનાનો ત્યાગ કરવાથી દુઃખ દૂર થાય છે. આથી ભગવાન પર આધાર રાખીને સાધકે ચરિત્રશક્તિની રક્ષા માટે મોટામાં મોટા દુઃખને ઉત્સાહપૂર્વક સહન કરી લેવું જોઈએ.

મળેલી વસ્તુઓમાં મોહ અને નહિ મળેલાનો વિચાર એ સુખની લાલચ અને દરિદ્રતા એટલે કે અભાવ છે. એ હોય ત્યાં સુધી દુઃખ દૂર થતું નથી. દુઃખ દૂર કરવા માટે લોભ વગરના, મોહ વગરના અને અભિમાન વગરના બનવું જરૂરી છે, જે ઈશ્વર પર આધાર રાખવાથી સરળ બને છે.

દુઃખ મનુષ્યને દુઃખ હરનાર ભગવાન સાથે મિલન કરાવવા માટે જ આવે છે. આથી જ્યાં સુધી તે ભગવાન સાથે મિલન નહિ કરાવે, ત્યાં સુધી જતું નથી. સુખની લાલચનું નામ દુઃખ નથી. એ તો આવે અને જાય. મૂળ દુઃખ તો ભગવાનની કૃપાનું ફળ છે, એની સાથે મિલન કરાવીને જ છોડે છે.

સાધકે ઇચ્છાપૂર્ણ કરવાની આશા છોડીને ઈશ્વર પર આધાર રાખવો જોઈએ. ઇચ્છાઓનો નાશ કરવા માટે ભગવાનનું ખૂબ ભજન કરવું જોઈએ. ઈશ્વરશ્રદ્ધા વગર વિવેકશક્તિ કે ચરિત્રશક્તિ કશું જ ટકતું નથી. આથી સાધકે દૃઢ નિશ્ચય રાખવો જોઈએ કે ઈશ્વર

મને જે સ્થિતિમાં રાખશે, એમાં જ હું ખુશ રહીશ. એમની ખુશી જ મારી ખુશી છે.

સુખનો સદુપયોગ કરનારને કદી દુઃખ પડતું નથી. સુખનો સદુપયોગ કરનારને આનંદ જરૂર મળે છે. ઈચ્છાઓ નાશ પામે તો જિજ્ઞાસા સંતોષાય છે. ભગવાનની આજ્ઞા જ કર્મ છે.

ઈશ્વરભક્ત સમક્ષ પહાડ જેવું મોટું કામ આવે તોપણ તેને ભાર લાગતો નથી. જેનું કામ છે તે જાણે, ભક્ત તો ભગવાનનો સિપાઈ છે. ઈશ્વર આજ્ઞાનું પાલન કરવું એ જ એકમાત્ર તેનું ઉદ્દેશ્ય છે. શક્તિ અને સામગ્રી બધું તો તેમનું છે. પછી ભક્તને ભાર કોનો લાગે ? ભોગોની ગુલામીમાંથી દૂર થવું તેને જ વૈરાગ કહેવાય. સાધકે સુખ-દુઃખના સદુપયોગને ભૂલવો નહિ. મનમાં કોઈ પણ પ્રકારની ચિંતા, વિલાપ કે ભય રાખવો નહિ. મન વિશ્વાસથી ભરેલું હોય, હૃદય પ્રેમથી ભરેલું હોય અને બુદ્ધિમાં ભગવાનનો ભારોભાર મહિમા હોવો જોઈએ.

(૧૮)

**પ્રશ્ન**—મોહ અને પ્રેમ એમાં શું તફાવત છે ?

**ઉત્તર**—મોહનો સંબંધ શરીર સાથે છે, પ્રેમનો સંબંધ આત્મા અને પરમાત્મા સાથે છે. મોહથી મનુષ્ય વિરહ સમયમાં દુઃખી થાય છે, પરંતુ પ્રેમ વિરહ સમયમાં વધારે પ્રકાશિત બને છે. મોહ મનુષ્યને ફસાવે છે, જ્યારે પ્રેમ બધાં બંધનોથી મુક્ત કરે છે.

**પ્રશ્ન**—પોતાની યોગ્યતાને સમજીને સાધક પોતાની સાધનાની શરૂઆત શી રીતે કરે ?

**ઉત્તર**—વિવેકશક્તિ, કાર્યશક્તિ અને ભાવશક્તિ—એના આધારે જ યોગ્યતાની ખબર પડે છે. યોગ્યતામાં તફાવત હોય છે. રુચિમાં વધારે તફાવત નથી હોતો. સાધક ઇચ્છે છે કે સૌથી શ્રેષ્ઠ વસ્તુ

હોય તે અમને મળે. સૌથી શ્રેષ્ઠ વસ્તુ એક જ છે. એમાં પ્રકારભેદ હોઈ શકે; પરંતુ વસ્તુભેદ હોતો નથી. યોગી એને 'યોગ' કહે છે, શ્રદ્ધાળુ એને 'ભગવાન' કહે છે, વિવેકી એને 'બોધ' કહે છે. યોગ્યતા અને રુચિ અનુસાર જ સાધનાનું નિર્માણ થાય છે.

સાધકે પોતાની યોગ્યતા અને રુચિનો યોગ્ય અભ્યાસ કરવો, એમાં પોતાની જાતને છેતરવી નહિ. એટલે દેખાદેખી પોતાની યોગ્યતા અને રુચિની વિરુદ્ધ સાધના કરવાની લાલચ કરવી નહિ.

રુચિ સાધકમાં સ્વાભાવિક હોય છે; તે અન્ય પાસેથી મેળવી શકાતી નથી. સમજ બીજા પાસેથી મેળવી શકાય છે અને મળે પણ છે. આથી સાધકે પોતાના સ્વભાવનો અભ્યાસ કરવો જોઈએ. બે વ્યક્તિઓનો સ્વભાવ પણ સંપૂર્ણ સરખો હોતો નથી.

આમ યોગ્યતા અને સ્વભાવના ભેદના કારણે સાધનમાં ભેદ હશે; પરંતુ સફળતા બધાની સરખી હશે. ઉપાયમાં ભિન્નતા અને પરિણામમાં એકતા એનું નામ 'સાધન' છે.

સાંસારિક વસ્તુઓની પ્રાપ્તિ કર્મના ફળસ્વરૂપ હોય છે. એટલે કે કર્મના ફળમાં એકતા નથી હોતી. પોતાની યોગ્યતા પ્રમાણે જ કર્મો કરવામાં આવે છે, તેવા જ ફળ મળે છે; પરંતુ સૌથી શ્રેષ્ઠ વસ્તુ માટે એટલે કે ભગવાન પ્રાપ્તિ માટે જે સાધના કરવામાં આવે છે તેના ફળમાં ભેદ નથી હોતો.

સાધકે વિચાર કરવો જોઈએ કે શું મેં મને મળેલી શક્તિનો સદુપયોગ કર્યો છે કે કંઈક ઊણપ રાખી છે ? વિચારવાથી સમજાશે કે કંઈક ઊણપ રાખી છે. મે મારી શક્તિનો સંપૂર્ણ ઉપયોગ કર્યો નથી.

દરેક મનુષ્ય પોતાના મનની વાતો સંપૂર્ણ પ્રદર્શિત કરતો નથી, પરંતુ કંઈ ને કંઈ ઉમેરતો રહે છે; આથી સાધકે પોતાના મનને ઢંઢોળી એમાં શું શું ભર્યું છે, તેને સારી રીતે જુએ અને વિચારે

કે મારામાં એવી કઈ અમસમર્થતા છે, જેણે મને મારા ધ્યેય સુધી પહોંચવા નથી દીધો ? જરૂર મને કોઈ એવા સુખમાં આનંદ આવે છે કે જેણે મને બાંધી રાખ્યો છે. આ રીતે વિચારીને એ અડચણને વિવેકથી અથવા વિશ્વાસથી દૂર કરે, ત્યારે તે સાધનામાં આગળ વધે છે.

આશ્ચર્ય તો એ વાતનું છે કે સાધકે જે કંઈ કરવું જોઈએ તેને તે કરતો નથી અને એ નથી કરતો તેના દુ:ખથી દુ:ખી પણ નથી. એ જેટલો સમય મન બિનજરૂરી કામમાં લગાવે છે, એટલું પોતાના ધ્યેય સિદ્ધ માટે લગાવતો નથી. જો સાધક પોતાના મનની વાસ્તવિકતાને વિવેક પ્રકાશમાં રાખે તો એને સમજાશે કે મારા મનમાં એવા ઘણાં સંકલ્પો છે કે જેને હું પૂરા પણ નથી કરતો અને દૂર પણ નથી કરતો. એનું કારણ એ છે કે મારું મન સંકલ્પની જાળમાં ફસાયેલું રહે છે અને શુદ્ધ થઈ શકતું નથી. ચિત્ત શુદ્ધ ન થવાથી મારા લક્ષ્યની પ્રાપ્તિમાં વિલંબ થાય છે.

મનુષ્ય પોતાના મનના મૂળ ચિત્રને છુપાવે છે અને તે જાણે છે એનાથી વિપરીત વર્તન કરે છે. સામાન્ય માણસ અને સંતમાં આ જ અંતર છે કે સંત જેવું જાણે છે તેવું જ માને છે અને જેવું માને છે તેવું તે કરે છે, પરંતુ સામાન્ય માનવી એવું કરતો નથી. આથી સાધકે સંતોનું અનુકરણ કરવું જોઈએ.

મનુષ્યની સ્થિતિ હંમેશાં એકસરખી રહેતી નથી, પરિવર્તનશીલ છે. આથી સાધકે વિચારવું જોઈએ કે જ્યારે હું વર્તમાન સ્થિતિથી અલગ થઈ જઈશ, ત્યારે હું ક્યાં અને કેવી રીતે રહીશ ? એનો વિવેકપૂર્વક અભ્યાસ કરવાથી સાધક મળેલ સ્થિતિથી ઉપર ઊઠવા માટે આગળ વધે છે.

ભોગોની રુચિ હંમેશાં બદલાયા કરે છે. એક રુચિ પૂર્ણ થાય ત્યાં બીજી ઊભી થાય છે. આ રીતે રુચિની ઉત્પત્તિ અને તેને

પૂર્ણ કરવાની જાળમાં મનુષ્ય ફસાયેલો રહે છે. જેને એ ખરાબ સમજે છે તેને પણ એ કરે છે. પરંતુ રુચિની પૂર્ણતાના રસમાં મોહિત રહેવાને કારણે એને આમ કર્યાનું દુઃખ થતું નથી અને જે સૌથી સારી વસ્તુ છે એ નહિ મળ્યાનું દુઃખ પણ થતું નથી. એટલા માટે સાધક પોતાના ધ્યેયમાં આગળ વધી શકતો નથી. જો એના જીવનમાં સાચા દુઃખનો ઉદય થઈ જાય તો એને ઘણી જલદીથી ધ્યેય પ્રાપ્તિ થઈ શકે છે.

જે ચિંતનને મનુષ્ય વિચારધારા વ્યર્થ સમજે છે, જેમાં મન લગાવવા માગતો નથી, એમાં તો એનું મન રોકાયલું જ રહે છે અને જેમાં રોકવા માગે છે એમાં મન રોકાતું નથી, છતાં પણ તે દુઃખી થતો નથી. એનું એકમાત્ર કારણ એ છે કે પોતાના ધ્યેયના મહત્ત્વની ખબર નથી એટલે એની જરૂરિયાતનું એને જ્ઞાન નથી. એટલે એની તીવ્ર લાલસા નથી.

આથી સાધકે ભગવાનના મહિમાને સમજવો જોઈએ અને એમના પર પૂરો વિશ્વાસ કરે એટલે કે પોતાની ઇચ્છાને સજીવ બનાવે તથા જ્યાં સુધી તે પૂરી ન થાય ત્યાં સુધી શાંતિથી બેસે નહિ.

સંસારિક સુખ મળવાથી ઉપભોગમાં જડતા આવે છે. સુખ ભોગવવામાં મસ્ત રહેવાથી મનુષ્યની વિવેકશક્તિ નિષ્ક્રિય બની જાય છે. આથી સાધકે કદી પણ સુખભોગમાં રમણ કરવું નહિ.

મનુષ્યના મનની બધી જ વાતો ભગવાન પૂર્ણ થવા દેતા નથી. એમાં પણ એમની કૃપા જ છે. જો એના મનની બધી જ પૂર્ણ થવા માંડે તો એવી ભયાનક સ્થિતિ આવી જાય કે જેની કલ્પના પણ કરી શકાય નહિ. એના પર એક વાર્તા છે.

એક કુટુંબમાં ત્રણ વ્યક્તિ હતા. એક પિતા, બીજી એની પત્ની અને ત્રીજો એનો દીકરો. એ ત્રણે ઘણાં દુઃખી હતા. એમની જરૂરિયાત

સંતોષાતી ન હતી. શિવ અને પાર્વતી ત્યાંથી પસાર થતા હતા ત્યારે પાર્વતીએ કહ્યું, 'એમને ઐશ્વર્ય આપીને સુખી કરો', ત્યારે શિવજી બોલ્યા, 'આ લોકો સુખી થવા નથી માંગતા.' ત્યારે આ વાત પાર્વતીને સમજમાં ન આવી. ત્યારે શિવજીએ પહેલા સ્ત્રીને કહ્યું, 'તું જે ઇચ્છે તેવું સારામાં સારું વરદાન માગી લે.' તેણે કહ્યું, 'હું ચૌદ વર્ષની ખૂબ સુંદર રૂપાળી અને તંદુરસ્ત બની જાઉં.' શિવજીએ કહ્યું, 'તથાસ્તુ.' તે એવી બની ગઈ. પછી એનાં પતિને કહ્યું કે 'તું પણ વરદાન માગ.' ત્યારે પતિએ વિચાર્યુ કે, 'આ સ્ત્રી મારા જેવા વૃદ્ધને છોડીને બીજો પતિ કરવા ઇચ્છે છે. આથી તેણે વરદાન માંગ્યું. 'તે ભૂંડણ થઈ જાય. ત્યારે તે ભૂંડણ થઈ ગઈ.' ત્યારબાદ છોકરાને વરદાન માગવા કહ્યું. એણે માંગ્યું, 'અમે બધાં પહેલાં હતા જ તેવા થઈ જઈએ.' એટલે તેવા જ થઈ ગયા. શિવજીએ પાર્વતીજીને કહ્યું કે, 'તમાશો જોઈ લીધો ? આ લોકો ક્યાં સુખી થવા માગે છે ?'

આથી એ સાબિત થાય છે કે મનુષ્યને પોતાના સાચા સુખદુઃખનો ખ્યાલ નથી તે પોતાના મનની વાત પૂર્ણ થાય તેને સુખ અને પૂર્ણ ન થાય તેને દુઃખ માને છે. જ્યારે મનુષ્ય ખરેખર દુઃખી થઈ જાય છે, ત્યારે તેને કોઈ પ્રકારના સુખભોગમાં પ્રવૃત્તિ થતી નથી અને ભોગવાસનાનો અંત આવી જાય છે. સંસારથી અરુચિ થઈ જાય છે. ત્યારે તે દુઃખ તેનું પ્રભુ સાથે મિલન કરાવે છે; કારણ કે સુખ ભોગવવાની ઇચ્છા અને તેની પ્રવૃત્તિથી જ તે ભગવાનથી દૂર થઈ જાય છે અને ભોગવાસનાના નાશથી ભગવાનની નજદીક અને દુનિયાથી દૂર થઈ જાય છે.

જેને લોકો જીવન કહે છે હકીકતમાં એ જીવન નથી. એ તો મૃત્યુનું બીજું નામ છે. એક અવસ્થાના મૃત્યુને જ બીજી અવસ્થાનો જન્મ કહે છે. જેવી રીતે બીજ મૃત્યુ પામે અને છોડનો જન્મ થાય,

બાળપણનું મૃત્યુ અને કિશોરાવસ્થા એટલે કે યુવાનીની શરૂઆત આમાંની કોઈ પણ અવસ્થા કાયમી નથી. દરેક ક્ષણમાં પરિવર્તન થાય છે. પરિવર્તનનું નામ જ મૃત્યુ છે. આથી એ જીવન નથી. અસલી જીવન તો એ છે કે જેમાં મરવાનો ડર નથી; પરંતુ લોકો આ પરિવર્તનશીલ અવસ્થાને જીવન માનવા લાગ્યા એટલે કે શરીર-ઈન્દ્રિયોની સાથે વિષયોના સંબંધોને જ એમણે સુખ માની લીધું છે. હકીકતમાં શરીર તો હાડકાં-માંસ અને મળ-મૂત્રની થેલી છે. એની માયામાં આત્માની માયાને એટલે કે અમર જીવનની માયાને ઢાંકી દીધી છે. ભોગની માયાએ મનુષ્યને ઈશ્વરથી અલગ કરી નાખ્યો છે.

સાધકે ઈન્દ્રિયો અને વિષયોના સંબંધથી થતા સુખ ભોગવવાની ઈચ્છાનો નાશ કરી ભગવાન સન્મુખ બને. વિચારવાથી સમજાશે કે બધી વસ્તુઓ હોવા છતાં પણ કંઈક ખૂટે છે એવો અનુભવ થાય છે. ઈચ્છાઓ સંતોષાતી નથી. મિલનનો અંત થશે અને વિયોગ આવશે. બધી જ વસ્તુ નાશવંત છે. એનું મિલન શી રીતે રહી શકે ?

જેના મનમાં શરીર સાચવવાની વૃત્તિ છે, જે શરીરને જ પોતાનું સ્વરૂપ માને છે, તે ઈશ્વરને મેળવી શકતો નથી. જે વિરહને અપનાવે છે, તેને યોગ અને વૈરાગ્ય પ્રાપ્ત થાય છે; કારણ કે દુનિયાનું ચિંતન છૂટવાથી યોગ સિદ્ધ થાય છે, આથી સાધકે જે વસ્તુ એને છોડે છે તેને પકડવી નહિ.

મળેલા કાર્યને ભગવાનનું સમજીને યોગ્ય રીતે પૂર્ણ કરવાથી જીવનમાં સુંદરતા આવે છે. સેવાથી સંસારમાં સુંદરતા આવે છે. સેવાથી સંસારમાં સુંદરતા આવે છે. આથી સાધકે જે કામ પોતે કરી શકે છે તેમાંથી છટકવું નહિ. જે સંકલ્પ પૂર્ણ કરવા જેવો છે તેને પૂર્ણ કરે. જે પૂર્ણ કરવા જેવો નથી તેનો નાશ કરે.

જીવનમાં દોષ હોવા નવાઈ નથી એ તો માનવ સ્વભાવ છે. પરંતુ નિર્દોષતા અપનાવવી એનો પુરુષાર્થ છે. જે સાધકના હૃદયમાં દોષ ઉત્પન્ન થયાનું ઊંડું દુઃખ હોય તો દોષ જરૂર નાશ પામશે. ઊંડાં દુઃખથી યોગીને યોગ, વિવેકીને ભોગમાંથી વૈરાગ પ્રાપ્ત થઈ ઈશ્વરને મળવાનો માર્ગ મળશે.

(૧૯)

પ્રાણીનો (મનુષ્ય) શરીર સાથે સંબંધ હોવાથી જગત સાથે સંબંધ બંધાયો છે. સંસારનું કામ જે રીતે કરવું જોઈએ, તેને યોગ્ય રીતે પૂર્ણ કરવાથી કંઈક કરવાની ઇચ્છાનો નાશ થાય છે અને કંઈ નથી કરવું એવી સ્થિતિ આવી જાય છે. એટલે કે સાધકને સફળતા મળી જાય છે.

દરેક કાર્યમાં મનુષ્ય બીજાની ભૂલ બતાવીને પોતાની નિર્દોષતા સાબિત કરવા ઇચ્છે છે. એનાથી એમાં સુધારો થતો નથી, પરસ્પર વિવાદ ઊભો થાય છે. આથી સાધકે પોતાની ભૂલનો અનુભવ કરવો. એવું કરવાથી જ એનો સુધારો થાય છે.

આંતરિક લાચારી હોવા છતાં માનવી ઉપરથી બનાવટ કરીને પોતાને સારો બતાવવા ઇચ્છે છે અને સારાપણાનું અભિમાન કરે છે. હકીકતમાં લાચારી અને અભિમાન બંને સાધનમાં વિઘ્ન છે. આથી સાધકે લાચારી અને અભિમાન બંનેનો નાશ કરવો જોઈએ.

**પ્રશ્ન**—લાચારી અને અભિમાન કેવી રીતે દૂર કરી શકાય ?

**ઉત્તર**—પોતાના ભગવાન પાસે લાચાર બનવું એ લાચારી નથી, જેનો નાશ કરવો પડે. નાશ તો એ લાચારીનો કરવાનો છે જેનાથી મનુષ્ય દુનિયાની નજરમાં લાચાર છે. પોતાનાથી વધારે દુઃખીઓને જોઈને લાચારીનું દુઃખ અને વધારે સુખીઓએ જોઈને અભિમાન દૂર થાય છે. પરંતુ આ સાચો ઉપાય નથી. પોતાના પ્રભુના સંબંધથી

જે લાચારી અને અભિમાન નાશ પામે છે તે લાચારી અને અભિમાનનો બધી રીતે નાશ કરવાનો છે. એનો અર્થ એ છે કે પોતાને ભગવાનના માની લીધા પછી લાચારી આવતી નથી અને બધા જ ભગવાનના છે સમજ્યા પછી કોઈ વસ્તુ, પરિસ્થિતિ અને શક્તિ વગેરેનું અભિમાન રહેતું નથી. જે મનુષ્ય આદરને યોગ્ય ન હોય છતાં આદર મેળવવા ઇચ્છતા હોય, તે માનની લાલચમાં ફસાઈ જાય છે, પ્રગતિ કરી શકતો નથી.

**પ્રશ્ન**—સૌથી શ્રેષ્ઠ પુસ્તક કયું છે ?

**ઉત્તર**—જ્યાં સુધી મનુષ્ય પોતાની વર્તમાન સ્થિતિનો અભ્યાસ નથી કરતો, ત્યાં સુધી પુસ્તકના અભ્યાસથી લાભ થવાનો નથી જે પોતાની સ્થિતિનો અભ્યાસ કરે છે, એને પુસ્તકથી એ વાતનું સમર્થન મળે છે અને શંકા દૂર થઈ દૃઢતા આવે છે. જે પુસ્તકની મૂળ ભાષાને મનુષ્ય સમજી શકે છે, તે એને માટે સારું છે. જો મૂળ સમજાય નહિ તો જે આચાર્ય પર એને વિશ્વાસ હોય, એનો બતાવેલો અર્થ માનવો યોગ્ય છે; કારણ કે ભાષાંતર કરનારના ભાવોનું અર્થમાં મિશ્રણ થાય જ છે. બધા આચાર્ય જે વાત કરવા માટે કહેશે, તેમાં વધારે તફાવત નહિ હશે; પરંતુ માન્યતામાં ભેદ હશે. આથી જેના પર વિશ્વાસ હોય, એની માન્યતાનું અનુકરણ કરવું જોઈએ.

વિચારવાથી સમજાશે કે એવી કોઈ વાત પુસ્તક અથવા ઉપદેશક સાધકને બતાવી શકતો નથી જે તે પોતે જાણતો નથી. આથી સાધકે સૌથી પહેલાં કોઈ પણ જાતના પક્ષપાત વગર પોતાના જીવનનો અભ્યાસ કરવો જોઈએ. 'સ્વ'નો અભ્યાસ એટલે કે પોતાની વસ્તુસ્થિતિનો અભ્યાસ જ સ્વાધ્યાય છે. જે કાર્ય મનુષ્ય બીજા પોતાને માટે કરે એવું નથી ઇચ્છતો, તેવું જ વર્તન તેણે બીજા માટે કરવું નહિ. જેવી રીતે કઠોર શબ્દ આપણે બીજા પાસે સાંભળવા ઇચ્છતાં

નથી, તો આપણે પણ બીજાને કઠોર વચન કહેવા જોઈએ નહિ. આપણે આદર ઇચ્છીએ છીએ અપમાન નહિ તો આપણે પણ બીજાને આદર આપવો જોઈએ. તેમનું અપમાન નહિ કરવું. જે પોતાનું ખરાબ નથી ઇચ્છતો તેણે બીજાનું પણ ખરાબ કરવું નહિ. આ રીતે દરેક વર્તનનું શિક્ષણ પોતાના જીવનના અભ્યાસથી જ પ્રાપ્ત થાય છે.

આ રીતે સાધક પોતાના જીવનનો યોગ્ય અભ્યાસ કરીને પોતાના વર્તનને સુધારી લે છે, ત્યારે એનું જીવન સુંદર બની જાય છે. જે કોઈનું બૂરું ઇચ્છતો નથી, તેનું બૂરું થતું નથી. જે શક્તિનો દુરુપયોગ નથી કરતા, તેની શક્તિ ઘટતી નથી. આથી સાધકે બીજાનું ખરાબ ઇચ્છવું નહિ અને પારકી વસ્તુ લેવાની પણ ઇચ્છા કરવી નહિ.

માત્ર પુસ્તક વાંચવાથી અને ઉપદેશ સાંભળીને મનુષ્ય બુદ્ધિ વડે તો ઘણું જાણી લે છે, પરંતુ તેને અનુરૂપ પોતાનું જીવન બનાવી શકતો નથી. તેના મગજમાં અને હૃદય વચ્ચે ઘણું અંતર થઈ જાય છે. આથી એની પ્રગતિની વાત દૂર રહી, પોતાના સ્થાન પર અડગ રહેવું પણ મુશ્કેલ બની જાય છે. જેવી રીતે કોઈનો જમણો પગ ખૂબ આગળ નીકળી જાય અને ડાબો પગ બહુ દૂર રહી જાય તો નથી આગળ ચાલી શકતો, નથી ઊભો રહી શકતો એવી સ્થિતિ એની થાય છે. આથી સાધકે બુદ્ધિ અને હૃદયના અંતરને દૂર કરીને બંનેની એકતા કરે એટલે કે પોતાની જાણકારી અનુસાર જીવન બનાવતો રહે અને ત્યાર બાદ આગળના સંજોગો જાણવાના પ્રયત્ન કરે.

વિદ્યા અને શિક્ષણમાં ઘણું અંતર હોય છે. પંડિત જે વાતનું શિક્ષણ દ્વારા શીખવે છે. સંત તેને અનુભવથી જાણે છે. શીખેલી

વાતો સ્મૃતિના સ્વરૂપે હોય છે. જ્યારે જાણેલી વાતો જીવન બની જાય છે. ચિત્ત શુદ્ધ થવાથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે જ યોગ્ય જ્ઞાન છે. માત્ર શિક્ષણ દ્વારા મેળવેલી જાણકારી જ્ઞાન નથી. એનાથી તો અભિમાન વધે છે, જે સાધનામાં વિઘ્ન છે.

જ્યારે ઇન્દ્રિયોનું જ્ઞાન બુદ્ધિમાં ભળી જાય છે, ત્યારે ચિત્ત શુદ્ધ થાય છે અને જ્યારે બુદ્ધિનું જ્ઞાન ઇન્દ્રિયોમાં ભળી જાય છે એટલે કે જ્યારે મનુષ્ય પોતાની જાણકારીનો અનાદર કરીને ઇન્દ્રિયોના જ્ઞાનને જ જ્ઞાન માની લે છે અને ઇન્દ્રિયોના ભોગમાં જ રચ્યોપચ્યો રહે છે, ત્યારે ચિત્ત અશુદ્ધ થઈ જાય છે. ઇન્દ્રિયોના જ્ઞાનનો પ્રભાવ બુદ્ધિ પર પડતો રહેવાથી બુદ્ધિ વિષમ રહે છે. એમાં સમતા આવતી નથી. પ્રભુનો પ્રેમ તો બુદ્ધિના જ્ઞાનથી પણ ઉપરની વાત છે. જ્યારે બુદ્ધિના જ્ઞાનમાં અહમ્ ઓગળી જાય છે, ત્યારે સાધકને આગળનો માર્ગ મળી જાય છે. આથી સાધકે બુદ્ધિના જ્ઞાનથી ઇન્દ્રિયોના જ્ઞાન પર વિજય મેળવી બુદ્ધિને સરખી કરે અને એમાં અહમ્‌ને ઓગાળી નાખે.

ભાષાની જાણકારી અને વાસ્તવિક જ્ઞાનમાં ઘણું અંતર છે. ભાષાના જ્ઞાનથી જે શિક્ષણ મળે છે એના કરતાં જીવનના શિક્ષણનું મહત્ત્વ વધારે છે. ભાષાનું શિક્ષણ ન હોય તોપણ જીવન શિક્ષિત બની શકે છે. જેના જીવનમાં સદાચાર આવી ગયો, તે જ સદાચારનો સાચો શિક્ષક છે. જેને માત્ર પુસ્તકોનું જ્ઞાન છે તે આચરણનું શિક્ષણ આપી શકાતો નથી.

આ રીતે આનંદ અને સુખમાં પણ મોટું અંતર છે. સુખથી આસક્તિ વધે છે અને તે દુ:ખના રૂપમાં પરિણમે છે. આનંદ હંમેશાં એકરસ અને અખંડ હોય છે. તેની કદી ખોટ(અભાવ)હોતી નથી.

ઇન્દ્રિયોના જ્ઞાનની આસક્તિથી વાસ્તવિક જ્ઞાન ઢંકાઈ જાય

છે. આથી સાધકે જ્ઞાનથી ઇન્દ્રિયોના જ્ઞાનને દબાવીને ચિત્તને શુદ્ધ કરવું.

શિક્ષણથી જીવનમાં સુંદરતા આવે છે; પરંતુ એનાથી અવિદ્યાનો નાશ થતો નથી. અવિદ્યાનો નાશ તો વિદ્યાથી જ થશે એટલે કે સાચા જ્ઞાનથી જ થશે. જો સાધક બધાથી અલગ થઈને એટલે કે બધાનો આશ્રય છોડીને મૌન થઈ જાય છે, એને તે વિદ્યા પ્રાપ્ત થાય છે, જેનાથી અવિદ્યા દૂર થાય છે. જે 'છે' (પરમાત્મા) એનું જ્ઞાન અને જે 'નથી' (પ્રકૃતિ) એની નિવૃત્તિ–એનું નામ વિદ્યા છે.

અંદર કે બહાર બધી બાજુથી મૌન થવાનું નામ મૌન છે એટલે કે મન, બુદ્ધિ અને અહમ્–એ બધાના મૌનને અહીંયાં મૌન કહ્યું છે. અહંકારનો નાશ અને અહમ્‌ની સ્ફુરણા પણ મૌન થઈ જવાથી જે જીવન બને છે, તે અમર જીવન છે.

શ્રમ, સંયમ, સદાચાર અને સેવા–આ ચારેય જીવનને સુંદર બનાવનારા શિક્ષણના અંગ છે એટલે કે ત્યાગ અને પ્રેમ વિદ્યાના અંગ છે.

નાની નાની વાતોમાં ભૂલ કરવાથી મનુષ્યની આદત બગડી જાય છે, તે પોતાના જીવનને સુંદર બનાવી શકતો નથી.

સાધકે સાધનામાં શિથિલતા આવવા દેવી જોઈએ નહિ. આળસનો આદર અને સંયમનો ત્યાગ કરવાથી સાધનામાં શિથિલતા આવે છે. ગુણથી તો મનુષ્યનો વિકાસ થાય છે અને ગુણોના અભિમાનથી પતન થાય છે.

વિદ્યાના ફળનું વર્ણન કરી શકાતું નથી. ત્યાગ અને પ્રેમથી સંસારનું કલ્યાણ થતું રહે છે. જે સાચો ત્યાગી છે, જેનામાં ત્યાગનું અભિમાન હોતું નથી, એની પાસે ત્યાગનું શિક્ષણ મળે છે.

(૨૦)

**પ્રશ્ન**—લોકો કહે છે—વ્રજમાં પુરુષ તો એક શ્રીકૃષ્ણ જ છે. બીજી બધી સ્ત્રી છે, એનો અર્થ શું ?

**ઉત્તર**—જે જાતે બધી રીતે પૂર્ણ છે અને બીજાઓને પૂર્ણ બનાવવા માટે સમર્થ છે—તે પુરુષ છે, એટલે કે જેને પુરુષની જરૂરિયાત છે. લાલસા છે—તે સ્ત્રી છે. આ અર્થ પ્રમાણે ઈશ્વર પુરુષ અને જીવાત્મા સ્ત્રી—આ અર્થ થાય છે. આ વાત મીરાંબાઈએ જીવગોસ્વામીજીને કહી હતી. જ્યારે મીરાબાઈ વૃંદાવન ગયા હતા, ત્યારે જીવગોસ્વામીજીને મળવા માટે સંદેશો મોકલ્યો. ગોસ્વામીજીએ જવાબ કહેવડાવ્યો કે હું સ્ત્રીઓ સાથે વાતચીત કરતો નથી. એના જવાબમાં મીરાંબાઈએ કહેવડાવ્યું કે મેં તો સાંભળ્યું હતું કે પુરુષ તો એક શ્રીકૃષ્ણ જ છે, તો પછી વ્રજમાં તમે બીજા પુરુષ ક્યાંથી આવી ગયા ? આમ જવાબ સાંભળતા જ એમણે મીરાંબાઈ સાથે વાત કરવાનો સ્વીકાર કર્યો.

**પ્રશ્ન**—કાન્તાભાવ કોને કહે છે ?

**ઉત્તર**—ભગવાનને પોતાના પ્રિયતમ અને પોતાને એમની પ્રિય માનીને જે સાધનનો આરંભ થાય છે, તેને કાન્તાભાવ કહે છે, એને માધુર્યભાવ પણ કહે છે. આ ભાવમાં દાસીભાવ, સખીભાવ અને વાત્સલ્યભાવ વગેરે બધા ભાવોનો સમાવેશ થાય છે. એટલા માટે એ સૌથી ઊંચો કહેવાય છે. પ્રેમની અવસ્થાનું નામ ભાવ છે. હકીકતમાં કોઈ ભાવ નાનો-મોટો હોતો નથી. પોતપોતાના અધિકાર પ્રમાણે બધા બરાબર છે. સ્ત્રી જ્યારે પતિની સેવા કરે છે, ત્યારે દાસી હોય છે; ભોજન કરાવે છે, ત્યારે માતાનું કામ કરે છે, પતિને સલાહ આપે છે, ત્યારે સખી હોય છે અને જ્યારે પ્રેમ કરે છે ત્યારે કાન્તા હોય છે. જેમ જેમ સંકોચ ઓછો થતો જાય છે. તેમ તેમ ભાવનું પરિવર્તન થતું જાય છે. કાન્તાભાવમાં

સંકોચતાનો સંપૂર્ણ અભાવ છે. આથી પ્રેમી અને પ્રિયતમામાં એકતા આવી જાય છે.

**પ્રશ્ન**—સાધનામાં તત્પરતા કેવી રીતે થાય છે ?

**પ્રશ્ન**—તત્પરતા એ જ સાધના છે. ખરેખર તો સાધક એને કહેવો જોઈએ જેનામાં સંપૂર્ણ તત્પરતા હોય; પરંતુ કોઈ સાધક બનવાને તૈયાર હોય તો તત્પરતાનો પ્રશ્ન ઊઠે ને ? પહેલા તો કોઈ પોતાને સાધક માને અને સાધના કરવાનું ઇચ્છતો હોય.

જ્યાં સુધી મનુષ્ય સાધ્યથી પોતાને દૂર સમજે છે, તેને એ વિશ્વાસ નથી આવતો કે સાધ્ય મારી જાતિનું છે, તે મને વર્તમાનમાં જ મળી શકે છે, તે મારા કરતા નિમ્ન કોટિના સાધકને મળ્યા છે અને મળે છે ત્યાં સુધી સાધનામાં પ્રવૃત્તિ અને તત્પરતા નથી આવતી. તે સમજે છે કે સાધના કરતાં કરતાં કોઈ ને કોઈ જન્મમાં સાધ્ય મળશે. આ કારણથી મળેલા સુખને ભોગવવાની ઇચ્છાનો ત્યાગ નથી કરતા, એટલા માટે એની સાધનામાં તત્પરતા આવતી નથી.

સાધકને એવો દૃઢ વિશ્વાસ થઈ જાય કે મારું સાધ્ય મને વર્તમાનમાં, અત્યારે, આ સમયે પ્રાપ્ત થઈ શકે છે અને હું જે સાધના કરી શકું છું, એનાથી મળી શકે તો એની સાધનામાં તત્પરતા થઈ શકે છે. જેટલો દૃઢ વિશ્વાસ થાય એટલી તત્પરતા વધે છે.

યોગ્યતા અને રુચિ અનુસાર યોગ્ય સાધનાનું નિર્માણ થવાથી સાધકની સાધનામાં તત્પરતા થાય છે. પોતાના વિવેકનો આદર કરીને અથવા સત્પુરુષો સાથે ચર્ચા કરીને જ્યારે કોઈ સાધનાનું નિર્માણ કરવાનો પ્રયત્ન ન કરે, તો તત્પરતા કેવી રીતે આવે ? જે સાધના ભારરૂપ લાગે છે, જેમાં રુચિ અને ઉત્સાહ નથી, તે હકીકતમાં સાધના નથી.

મનુષ્ય પહેલેથી જ એવી ધારણા કરી લે છે કે શું વર્તમાનમાં

અને મારા જેવા સામાન્ય મનુષ્યને ભગવાન મળી શકે છે ? એટલે કે શક્ય જ નથી. પહેલા તો એ જાત તો અનુભવ કરવા માગે છે. જો કોઈ ઉદાહરણ મળી જાય તો નસીબ પર છોડી દે છે કે 'મારું એવું નસીબ ક્યાંથી તે ઘણો નસીબદાર છે. એના પર ભગવાનની કૃપા છે. એનામાં અમુક યોગ્યતા છે. અમુક સગવડ છે, મારામાં તો કંઈ જ નથી, મને કેવી રીતે મળી શકે ?' આ રીતે જ નહિ મળેલી યોગ્યતાની જરૂરિયાત માનીને પોતે નિરાશ થઈ જાય છે. તેનાથી સાધનામાં રુચિ અને તત્પરતા નથી હોતી.

જે સાધક એવું સમજે છે કે મારી ભલે ગમે તેવી યોગ્યતા હોય, હું જે કંઈ કરી શકું છું એનો યોગ્ય ઉપયોગ કરવાથી ભગવાન મળશે કે સાધનાને જે પહેલું કાર્ય સમજે છે, જેને શરીરનો વિશ્વાસ નથી, જે એવું સમજે છે કે જીવનનો શું ભરોસો, કોણ જાણે ક્યારે અને કયા કારણથી અચાનક શરીરનો નાશ થઈ જાય; આથી મારે તો અત્યારે-વર્તમાનમાં જ મારા સાધ્યને મેળવી લેવાનું છે, એની સાધનામાં રુચિ અને તત્પરતા આવી જાય છે. તેને સાધનામાં થાક લાગતો નથી. સાધન જ એનું જીવન બની જાય છે.

મળેલા વિવેકને શરીર અને સંસારની સચ્ચાઈ જાણવા માટે વાપરવામાં આવે તો સાધક એ વાતને સમજી શકે છે કે શરીર અને સંસાર મારા નથી, એનો અને મારો સંબંધ માની લીધેલો છે. સાચો નથી. તે જરૂર તૂટનારો છે. એમાં સુખ નથી. આ જાણી લેવાથી સાધક સંસારથી અલિપ્ત થઈ જાય છે. ત્યારે સાધનામાં રુચિ અને તત્પરતા આવે છે.

પરંતુ આજકાલ તો કોઈ સાધક બનવા જ રાજી નથી. અહીંયાં જ લોકો આવે છે, ખરેખર સત્સંગ કરવા કોણ આવે છે. કોઈના મનમાં કોઈ વાત પૂછવાનો વિચાર નથી આવતો. ખરેખર સત્સંગ હોત તો, દરેક મનુષ્ય પોતપોતાની સાધનામાં આવનારી અડચણોનું

સમાધાન કરવા માંગે તો એટલા પ્રશ્નો ઉપસ્થિત થાય કે જેના જવાબ આપવા માટે સમય પણ નહિ મળે; પરંતુ એવું થાય છે ક્યાં ?

આજકાલ પોતાને સાધક માનનારો તો બીજાનો વિચાર કરતો રહે છે. અન્ય સાધક અને વક્તાઓની આલોચના(ટીકા) કરે છે, પોતાના દોષોનું નિરીક્ષણ કરીને એને દૂર કરવા માટે એનું ધ્યાન જતું નથી. એટલે સાધનામાં તત્પરતા આવતી નથી.

સાચા સાધકે પોતાના દોષોને શોધી-શોધીને બહાર કાઢવા જોઈએ. બીજાના દોષોને જોવામાં અને એની ટીકા કરવામાં પોતાનો અમૂલ્ય સમય ન બગાડે. જે કામ કરવા માટે મળે તેને નાનું ન સમજે, ઉત્સાહપૂર્વક પૂરી શક્તિ વાપરીને ભગવાનનું સમજીને યોગ્ય રીતે પૂર્ણ કરે. મનમાં એવો ભાવ લાવે કે હું સાધક છું, સાધના કરી શકું છું અને કરીશ.

સાધકે એવું નહિ માનવું જોઈએ કે અમુક વસ્તુ, વ્યક્તિ, અવસ્થા અથવા પરિસ્થિતિ નહિ મળવાને લીધે સાધના થઈ શકતી નથી, અથવા પેલા માણસે સાધનામાં વિઘ્ન નાખ્યું. એણે તો એવું જ માનવું જોઈએ કે કોઈ પણ વ્યક્તિ સાધનામાં વિઘ્ન નાખી જ ન શકે. ભગવાન તો વિઘ્ન નાખતા નથી, બધી પ્રકારની મદદ કરે છે અને બીજા કોઈની તાકાત જ નથી. આથી મારી નબળાઈ જ વિઘ્ન છે.

ખરેખર તો સાધકનો વિશ્વાસ અને પ્રેમ જ સાધનામાં રુચિ અને તત્પરતા ઉત્પન્ન કરે છે, સાધન માટે બાહ્ય મદદની જરૂર નથી.

જે ખરેખર સાધક છે, પોતાને સાધક માને છે, તે કદી એવું નથી માનતો કે હું દુરાચારી, કામી, ક્રોધી અથવા મોહી છું. જે પોતાને દુરાચારી, કામી, ક્રોધી, લોભી માને છે તે પોતાને સાધક

માની શકતો નથી. મનુષ્યની માન્યતા દરેક ક્ષણે બદલાતી રહે છે. માન્યતા અને પ્રવૃત્તિ બંનેની એકતા થાય અને મનુષ્ય પોતાને યોગ્ય સાધક માની લે તો જ એની સાધનામાં તત્પરતા થઈ જાય છે.

જે સાધક જે સમયે પૂજા કરે તેને, નિત્યકર્મ કરે છે તેને તો તે સાધના માને છે અને બીજાં કામોને સાધના માનતો નથી. તે અખંડ સાધના કરી શકતો નથી. પૂજા કરતી વખતે પણ એનું મન બીજું કામ કરતું રહે છે એને લીધે એનું કોઈ પણ કામ બરાબર થતું નથી.

એટલે સાધકે કરવા જેવા બધાં કાર્યોને સાધના માનવી નાનામાં નાનું જે કામ મળે, તેને પૂરી શક્તિ વાપરીને ઉત્સાહપૂર્વક જે રીતે કરવું જોઈએ તે રીતે વ્યવસ્થિત કરે. એમાં હલકાપણું ન રાખે. જે કામ ભગવાનને નાતે એમનું જ કામ સમજીને, એમની જ ખુશી માટે કરવામાં આવે છે, તે પણ સાધના છે. આથી એમણે સમજવું જોઈએ કે માળા ફેરવવી, કચરો વાળવો, ઓરડો સાફ કરવો–આ બધા જ મારા પ્રિયતમના કામ છે. આ ભાવથી કામ કરનારો સાધક દરેક કામ કરતી વખતે ખુશ રહે છે, એનું હૃદય પ્રેમથી ભરાયેલું રહે છે, રોમાંચ અને આંસુ સરવા લાગે છે. જ્યારે કામ પૂરું થઈ જાય છે, ત્યારે પ્રેમમાં ડૂબી જાય છે અને તે સમયે કોઈ સંકલ્પ બાકી રહેતો નથી.

સાધકની જેવી જાણકારી હોય, તેને અનુરૂપ ભાવ હોય અને ભાવને અનુસાર પ્રવૃત્તિ કરીને બધાની એકતા થઈ જાય એટલે કે પ્રવૃત્તિમાં ભાવની પ્રબળતા હોવાથી ભાવ તરફ આગળ વધે છે, ભાવથી વિવેક તરફ આગળ વધતો રહે તો સમજવું કે જીવન સાધના તરફ આગળ વધી રહ્યું છે. જો જાણકારીથી ભાવ તરફ,

ભાવથી પ્રવૃત્તિ તરફ ગતિ થાય એટલે કે પ્રવૃત્તિનું મહત્ત્વ વધી જાય તો સમજવું કે સાધનામાં શિથિલતા છે.

આજકાલ તો એવું જોવા મળે છે કે જ્યારે કોઈને કામ કરવાનું કહેવામાં આવે છે. ત્યારે મનમાં ક્ષોભ ઉદ્ભવે છે. તે એવું માને છે કે હું અહીંયાં સત્સંગ માટે આવ્યો છું. કામ માટે નહિ. કામ જ કરવાનું હોત તો ઘરમાં પણ ઘણું છે. આથી તે કામને કુશળતાપૂર્વક કરી શકતો નથી અને કામમાં એની સાધનબુદ્ધિ પણ નથી હોતી.

જો એને કહેવામાં આવે કે તું કામ નથી કરી શકતો તો ધ્યાન કર, તો કહે છે કે ધ્યાનમાં મન લાગતું નથી. જો નામ-સ્મરણ કરવાનું કહેવામાં આવે તો એમાં પણ એનું મન લાગતું નથી. ધ્યાન અને નામ-સ્મરણ તો થતું નથી, કાર્યને તું સાધના માનતો નથી—તો શું કરશે ? ઊલટું કરે તો સાધના થતી નથી. આ રીતે પોતાની યોગ્યતાને સમજી સાધના નહિ કરનારો માણસ સાધના કરી શકતો નથી; કારણ કે એની સાધનામાં રુચિ કે તત્પરતા હોતી નથી.

જો સાધક કરવા જેવા બધાં કાર્યોને સાધના માનીને ભગવાનને નાતે કુશળતાપૂર્વક કરે તો, તેને અંતમાં સ્થિરતા, યોગ, વિવેક અને પ્રેમ મળે છે. જે મનુષ્ય મનની ઇચ્છા પૂર્ણ કરવા, સુખ ભોગવવાની ઇચ્છાથી કામ કરે છે, એ એનાથી એનું મન તંદુરસ્ત બને છે, બુદ્ધિ નિર્બળ થઈ જાય છે, ત્યારે મન ઇન્દ્રિયોને આધાર બનાવે છે. ઇન્દ્રિયો વિષય તરફ વળે છે. આ રીતે ભોગોમાં ફસાયેલો રહે છે, સાધના કરી શકતો નથી.

પોતાના મનની વાત કરવી, બીજાના મનની નહિ—એ સાધના નથી; પરંતુ ભગવાનને નાતે બીજાના મનની વાત પૂરી કરવામાં આવે છે, ભક્તોની અને વડીલોની આજ્ઞા માનીને જે કામ કરવામાં

આવે છે, નાનાને પ્રેમ આપવા માટે તેઓના મનની વાત પૂરી કરવામાં આવે છે. આ રીતે પોતાના મનની વાત છોડીને જે ભગવાનના મનમાં પોતાના મનને ભેળવી દે છે. જે કંઈ કરે તે ભગવાનનું કામ સમજીને એમની જ પ્રસન્નતા માટે કરે, તે સાધના છે.

સંસાર તો પોતાના અધિકારો પૂરા કરવા ઈચ્છે છે. આથી સાધકે તેના અધિકાર પૂરા કરી દેવા, પોતાનો કોઈ અધિકાર નહિ માને, અને દુનિયા પાસે કોઈ પણ પ્રકારની આશા રાખે નહિ. એનાથી બુદ્ધિમાં સમતા એટલે કે શરીર-સંસાર પર વૈરાગ આવે છે.

મનને પોષણ આપવાનું નથી. મનનો નાશ કરવાનો છે. કોઈ માને કે 'મનનો નાશ થઈ જાય પછી ભગવાનનું ભજન શી રીતે કરીશું ?' તે એવી વાત નથી જ્યારે મન અમન થઈ જાય ત્યાર પછી પોતાની મેળે ભગવાન સ્મરણ થાય છે. તે જ સાચું ભજન છે અને તે જ સાધન છે. સાધન મનથી નથી હોતું વિવેકપૂર્વક અને વિશ્વાસથી હોય છે.

સાધકનું મન ભગવાનનું, ગુરુનું અને બીજાનું મન બની જાય, એવું જીવન જ સાચું જીવન છે. જ્યારે મનુષ્ય પોતાની મનની વાત પૂર્ણ કરતો રહે છે, પોતાનું મન બીજાને આપવા નથી ઈચ્છતો, ત્યારે તેવું મન સાધનામાં એને તત્પર થવા દેતું નથી.

મનુષ્યયોનિ સાધના માટે મળી છે, જેનું જીવન સાધનાયુક્ત છે, તે જ મનુષ્ય છે. સાધના વિનાનું જીવન પશુજીવન છે. આથી સાધકની દરેક ક્રિયા વિવેકના પ્રકાશમાં સાધનાયુક્ત હોવી જોઈએ. જે જીવન વિવેકના પ્રકાશમાં પ્રકાશિત રહે, તે જ સાધનાયુક્ત જીવન છે. સાધકનું દરેક કાર્ય કુશળતાપૂર્વક ભાવથી ભરેલું હોવું જોઈએ. તેનું ધ્યેય સ્થિરતા, અસંગતા અને પ્રેમ હોવું જોઈએ.

(૨૧)

**પ્રશ્ન**—મનુષ્યને શાંતિ કેમ નથી મળતી ? અને તે કેવી રીતે મળે ?

**ઉત્તર**—મનની ઇચ્છા પૂરી કરવા માટે કામ કરવાથી શાંતિ મળતી નથી. મન બળવાન હોય છે. આથી સાધક મનને દૃઢ બનાવે નહિ, પણ એનું દમન કરે. સાધકનો પ્રયત્ન ચિત્તની શુદ્ધિ સુધી છે. ત્યારબાદ શાંતિ તો એમ જ મળી જાય છે.

**પ્રશ્ન**—શું સમર્પણ પણ પુરુષાર્થ છે ?

**ઉત્તર**—સમર્પણ અંતિમ પુરુષાર્થ છે.

**પ્રશ્ન**—ઇચ્છાશક્તિ કેવી રીતે વધારી શકાય ?

**ઉત્તર**—બધી ઇચ્છાઓ એકમાં ભળી જાય ત્યારે ઇચ્છાશક્તિ બળવાન બની જાય છે. જુદી જુદી ઇચ્છાઓનો નાશ કરવા માટે સમર્પણ કરવું પડે છે.

**પ્રશ્ન**—ભગવાન આપણને પ્રેમ કરે છે તે શી રીતે ખબર પડે ?

**ઉત્તર**—ભગવાન પર શ્રદ્ધા હોય એમાં કોઈ પ્રકારનો વિકલ્પ ન હોય અને એની સાથે સાધકનો સંબંધ હોય ત્યારે ખબર પડે છે.

જેવી રીતે માતા પોતાના બાળક માટે તલસે છે, તેવી જ રીતે ભગવાન પણ પોતાના ભક્ત માટે તલસે છે. બાળક કાણો, લૂલો, કદરૂપો અથવા આંધળો—ગમે તેવો હોય, માતા એને પ્રેમ કરે છે. બાળક પણ એવું જ માને છે કે મારી મા છે, મને એનો પ્રેમ મળશે. એને એવી શંકા નથી હોતી કે હું કાણો, લૂલો, લંગડો અથવા કદરૂપો છું, એટલે માતા પ્રેમ નહિ કરશે. ભગવાનમાં તો માતાથી અનંતઘણો પ્રેમ છે. પછી તેઓ ભક્તને પ્રેમ કરે એમાં કહેવું જ શું ? આથી જે એકમાત્ર ભગવાનને જ પોતાના માને છે, એને ભગવાનનો પ્રેમ મળે જ છે, એમાં કોઈ શંકા નથી. એ

ભક્તનો અનુભવ છે.

પ્રેમી ભક્તને તો ભગવાન પણ શોધે છે. ભક્ત ઈશ્વરને શોધવામાં પોતાને શક્તિશાળી માનતો નથી. વિચારશીલ ભગવાનને શોધે છે. આ જ વિચારમાર્ગ અને પ્રેમમાર્ગ વચ્ચે ભેદ છે. પ્રેમ મન અને ઇન્દ્રિયોનો વેપાર નથી. એ તો શ્રદ્ધા અને સંબંધથી મળે છે.

**પ્રશ્ન**—પોતાના દુર્ગુણોને કેવી રીતે જોવા અને શી રીતે દૂર કરવા ?

**ઉત્તર**—ગુણ અને દોષોને જોવાની શક્તિ દરેક મનુષ્યમાં હોય છે. જે યોગ્યતાથી તે બીજાના દોષોને જુએ છે, એ જ યોગ્યતાથી પોતાના દોષને પણ જુએ. પોતાના દોષને બરાબર જોઈ લીધા પછી દુઃખ થાય છે અને દુઃખ થવાથી દોષ દૂર થાય છે.

બીજાના દોષને અને પોતાના ગુણ જોવાથી મનુષ્યનો વિકાસ અટકી જાય છે અને અભિમાન વધે છે તથા કર્તવ્યથી નિરાશ થવાથી પણ વિકાસ અટકી જાય છે. આથી સાધકે પોતાના ગુણ ન જોવા, પારકાના દોષોને નહિ જોવા તથા કર્તવ્યથી નિરાશ થવું નહિ. જે સાચો સાધક હોય છે, એને પારકાના દોષ જોવાની ફુરસદ હોતી નથી અને એને જોતો પણ નથી.

પરતંત્ર વ્યક્તિ સાધના કરી શકતો નથી. આથી સાધકે બીજા પાસે કોઈ પણ પ્રકારની આશા રાખવી નહિ. પોતાની રુચિ અને યોગ્યતા મુજબ તત્પરતાથી સાધના કરતો રહે. પોતાની યોગ્યતાનો અભ્યાસ કરે કે હું શું શું કરી શકું છું ? જે કરી શકે છે તે અનુસાર દૃઢતાપૂર્વક સાધના કરવાના પ્રયત્ન કરે. પછી તો કોઈ મુશ્કેલી આવે તો એના પર પૂરેપૂરો વિચાર કરવાથી યોગ્ય રસ્તો મળી જશે. આજકાલ લોકો પોતાની યોગ્યતાને જોતા નથી કે આપણે શું કરી શકીએ છીએ ? માત્ર પૂછતાં રહે છે કે આપણે શું કરવું જોઈએ. એનાથી કાર્ય થતું નથી. કરવા જેવી સાધના તો અસંખ્ય

છે; પરંતુ એને તો એ કામ આવશે જે પોતે કરી શકે છે. સાધના ઘણી શ્રેષ્ઠ હોય પણ જે નહિ કરી શકે એના કામની નથી. આથી સાધના એ સારી છે જેને તે કરી શકે અને એમાં એનો પ્રેમ અને વિશ્વાસ હોય.

એક વખત કોઈના પૂછવાથી શ્રી જવાહરલાલે કહ્યું હતું કે, 'જે કોઈ મુશ્કેલી આવે છે તેનાથી બે ડગલાં આગળ વધવાનો રસ્તો મને દેખાય છે. બે ડગલાં ચાલવાથી પાછો બે ડગલાં આગળ ચાલવાનો રસ્તો દેખાય છે.'

મુશ્કેલી એક પ્રકારનું તપ છે. તપ કર્યા પછી યોગ્યતા આવે છે. એવો નિયમ છે. આથી સાધકે કદી નિરાશ થવું નહિ. મળેલી યોગ્યતા અનુસાર સાધના કરતા રહેવું.

કારણ કે નહિ જાણવાનો દોષ એટલો પ્રબળ નથી જેટલો કે નહિ કરવાનો દોષ છે. આથી સાધક જાણવા પાછળ નહિ પડે, જે કંઈ જાણ્યું છે તે અનુસાર કરવાની શરૂઆત કરે. નથી કરતા એવા દોષને દૂર કરે એટલે કે જેને નથી કરી શકતો, એ કરવાની ઈચ્છાનો ત્યાગ કરે. જાણવું તો એક પ્રકારનો પ્રકાશ છે. જેના હાથમાં સર્ચલાઈટ અથવા ફાનસનો પ્રકાશ છે. તે એને લઈને ચાલતો રહેશે તો જેટલું ચાલશે એટલો જ એનો આગળનો રસ્તો દેખાશે. આ રીતે તે ઘણો દૂર જઈ શકે છે, પરંતુ એ આશા પર બેસી રહે કે જ્યારે અંત સુધી પ્રકાશ થશે, પૂરો રસ્તો દેખાશે, ત્યારે ચાલવાની શરૂઆત કરીશ તો થોડું અંતર પણ કાપી શકશે નહિ. જમણો અને ડાબો પગ સરખું જાણવું અને કરવું એ શક્તિનો મેળ છે. ચાલતા રહેવાથી એક પછી બીજી શક્તિ આપમેળે આવે છે. આથી સાધકે જે થોડું ઘણું જાણે છે તેને અનુસાર ચાલવાની શરૂઆત કરી દે.

ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે કર્મની અપેક્ષા નથી. એમાં તો

એકમાત્ર જિજ્ઞાસા જોઈએ, વ્યાકુળતા જોઈએ. સાધક પ્રભુ માટે જેટલો વધુ વ્યાકુળ બનશે, એટલા જલદી ભગવાન મળશે. એને મેળવવા માટે વ્યાકુળતાનું જ મહત્વ છે.

સુખની પ્રાપ્તિ વ્યાકુળતાથી થતી નથી. સુખ કર્મ કરવાથી મળે છે; આથી સુખ મેળવવા કર્મનું મહત્વ વધારે છે.

જો કોઈ કહે છે કે મારાથી ભગવાનનું ચિંતન નથી થતું તો એણે વિચારવું જોઈએ કે હું વિષયોનું ચિંતન શા માટે કરું છું ? જે શક્તિ વડે તે વિષયોનું ચિંતન કરે છે, તે જ શક્તિને તેણે ઈશ્વર ચિંતનમાં વાપરવી જોઈએ.

કારણ કે ચિંતન કરવાનો મનુષ્યનો સ્વભાવ છે; જ્યારે તે ઈશ્વરનું ચિંતન નથી કરતો. ત્યારે તે વિષયોનું ચિંતન કરે છે. કારણ કે ભલું કામ નથી કરતો ત્યારે બૂરું કામ કરે છે. જો કંઈ નહિ કરે તો વધારે સારું છે; પરંતુ કર્યા વિના તો રહેતો જ નથી અને કરવા યોગ્ય કામ કરે નહિ, ઊલટું કરે; તો એ સાધના નથી. એનાથી પ્રગતિ થતી નથી.

મોટે ભાગે લોકો પોતાની શક્તિનો ઉપયોગ જે રીતે કરવો જોઈએ તે રીતે નથી કરતા, એનો દુરુપયોગ કરે છે. જેનું ચિંતન કરવું જોઈએ એને માટે કર્મ કરે છે અને જેને કર્મ કરવું જોઈએ એનું ચિંતન કરે છે. આથી બંને બાજુ નિષ્ફળ થાય છે.

વિચાર કરવાથી સમજાશે કે સંસાર અને સાંસારિક સુખો માટે ચિંતન જરૂરી નથી, એને માટે કર્મની જરૂર છે, કારણ કે ચિંતનથી સંસારને કોઈ લાભ થતો નથી. ચિંતન કરનારને પણ સુખ મળતું નથી. આ રીતે ઈશ્વર કર્મથી મળતા નથી; તેઓ વિશ્વાસ, ચિંતન અને પ્રેમથી મળે છે.

કર્મ કરવા માટે આપણાથી અલગ બાહ્ય સંગઠનની જરૂર પડે છે, કર્મ પ્રમાણે સંજોગો અને ધનની પણ જરૂર હોય છે. શરીર, ઇન્દ્રિય

અને અન્ય વ્યક્તિઓની મદદ વિના કર્મ થઈ શકતું નથી, પરંતુ ચિંતન, વિશ્વાસ અને પ્રેમને માટે કોઈ પણ બાહ્ય વસ્તુની જરૂર પડતી નથી. ભગવાને વિશ્વાસ, પ્રેમ અને વિચારશક્તિ કે જે ભગવાનને મેળવી આપી શકે છે, તે મનુષ્યમાત્રને આપેલ છે. એ કોઈ પાસે નથી એવું નથી. એમાં મનુષ્ય સંપૂર્ણ સ્વતંત્ર છે. એનાથી એ સાબિત થાય છે કે ભગવાનને મેળવવા માટે કોઈ પણ મનુષ્ય પરતંત્ર નથી; પણ સુખ મેળવવા માટે સંપૂર્ણ પરતંત્ર છે.

મનમાં અદ્ભુત શક્તિ છે. મનમાં તો દરેક મનુષ્ય રત્નજડિત મંદિર બનાવી શકે છે; પરંતુ હકીકતમાં એવું સુંદર બનાવવાનું હોય તો અનેક વસ્તુ અને ધનની જરૂર પડે છે. આથી દરેક મનુષ્ય એ બનાવી શકતો નથી.

શરીર વડે કામ કરવાથી સંસારની વસ્તુ મળી શકે છે. ભગવાન નહિ. ભગવાન મનની શુદ્ધિથી જ મળે છે.

મનની ઈચ્છા પૂરી કરવામાં પરાધિનતા છે, પરંતુ એનો ત્યાગ કરવામાં પરાધિનતા નથી; આ રીતે સંકલ્પોને પૂરા કરવામાં અને સુખ મેળવવામાં પરાધિનતા છે, ત્યાગમાં નહિ.

આથી સાધકે ભોગવાસનાનો ત્યાગ કરીને શરીરથી સંસારની સેવા કરવી અર્થાત્ શરીર દ્વારા કર્મ કરીને સંસારના અધિકારને પૂર્ણ કરે અને મનને ભગવાનમાં લગાવે એટલે કે વિશ્વાસ, ચિંતન ભગવાનનું કરે. પ્રેમ પણ ભગવાનને કરે.

મળેલી શક્તિનો દુરુપયોગ ન કરે.

ઈશ્વર મેળવવા માટે વનમાં જવાની જરૂર નથી. જે ઘરમાં આરામથી રહીને ભજન નથી કરી શકતો, તે જંગલમાં મુશ્કેલી સહન કરીને કેવી રીતે કરી શકે ? વનમાં રહેવું તપ કરવા માટે જરૂરી છે.

ભગવાન તો એને મળે છે જે પોતાના મનને નિર્મળ બનાવી

ભગવાનને સમર્પણ કરી દે છે.

દુનિયામાં રહેવાનો અધિકાર એ લોકોને છે, જે પોતાના સાથીદારોને સુખ આપી શકે છે. પોતાના અધિકારનો ત્યાગ કરીને એમના અધિકારોનું રક્ષણ કરી શકે, પોતાના મનની ઇચ્છાનો ત્યાગ કરીને એમના મનની ધર્મને અનુકૂળ ઇચ્છાઓ પૂરી કરી શકે છે.

જે પોતાના સાથીને સુખી રાખી શકતા નથી, એણે એમની માફી માગી અલગ થઈ જવું અને પોતાને એમની પાસેથી કોઈ ઇચ્છા રાખવી નહિ; બીજા દ્વારા પોતાના મનની ઇચ્છા પૂર્ણ કરવાનો અધિકાર સાધકને નથી.

મનુષ્યને શરીર તથા અન્ય વસ્તુઓ સંસારની સેવા કરવા માટે એટલે કે એના અધિકારને પૂર્ણ કરીને એનાથી ઋણમુક્ત થવા માટે મળી છે અને મન, ભગવાનનું ચિંતન કરવા માટે મળ્યું છે. જો મનુષ્ય શરીરથી સંસારની સેવા ન કરવાને બદલે પોતાના જીવનથી લોકોને દુ:ખ આપતો રહે તો તે પાપી છે. જંગલી પશુની જેમ જ અનાદરને પાત્ર છે. સંસાર એનો આદર નથી કરતો, જે એને કામ નથી આવતો અને એની પાસેથી કંઈ ઈચ્છે છે.

લોકો સાપને ભયંકર માનીને એને મારી નાખે છે, પરંતુ હકીકતમાં એ ભયંકર નથી. પોતાના શ્વાસ દ્વારા વાતાવરણના દોષને ખેંચીને શુદ્ધ બનાવે છે. આથી ઘણા જરૂરી છે. એનામાં જે ઝેર છે, એ તો એના જીવનના રક્ષણ માટે એટલે કે ખોરાક પચાવવા માટે છે. બીજાને મારવા માટે નહિ. આથી આપણે એને મારવા જોઈએ નહિ. જાતે સાવચેત રહેવું જોઈએ. અંધારામાં નીકળવું નહિ; નીકળવું જ હોય તો સાથે પ્રકાશ આપનારી વસ્તુ લઈને.

જો બીજાની ઇચ્છાથી સાધકને તે ભોજન ન મળે તો શાંતિપૂર્વક ભૂખ્યો રહે. કોઈ પણ સંકોચ વિના શાંતિપૂર્વક ભૂખને સહન કરી લેવું તપ છે. સાધકે ક્યાં તો સેવા કરવી જોઈએ અથવા તપ કરવું

જોઈએ અથવા પોતાના મનની ઇચ્છા દૂર કરીને એનો નાશ કરવો જોઈએ; કારણ કે શાંતિ તપ અને સેવાથી મળે છે.

જો કોઈ એવી આશા રાખે કે પહેલા અમારા સાથી સુધરી જાય, ત્યારે પોતાને સુધારી શકાશે. તો કદી પણ બનશે નહિ. સાથીઓને સુધારવા પણ પોતે સુધારશે તો જ થશે.

પોતાનું દુઃખ અને મુશ્કેલીનું કારણ મનુષ્ય પોતે છે. બીજું કોઈ નથી. જે પોતાના સ્થાન પર ઠીક નથી રહેતો, તે સંસારના સહકારથી વંચિત રહે છે. સંસાર પોતાની ફરજમાંથી છટકી જતો નથી, વ્યક્તિ પોતે જ ફરજમાંથી છટકે છે. સંયમનો અભાવ અને સ્વાર્થ–એ જ મનુષ્યની પડતી કરે છે. એટલે સાધકે બીજો પોતાનું કર્તવ્ય પાલન કરે છે કે નહિ. દુનિયા પોતાની જગ્યા પર યોગ્ય છે કે અયોગ્ય, આ વિચારને છોડીને તે પોતો પોતાની ફરજનું પાલન કરે–પોતાના સ્થાન પર યોગ્ય રહે.

તપ અને સેવા સંસાર માટે કરે અને વિશ્વાસ, ચિંતન અને પ્રેમ ઈશ્વર માટે કરે. ભગવાનની કૃપા પર આધાર રાખે. ભગવાનની કૃપાથી જ મનુષ્ય ભગવાનને મેળવી શકે છે.

(૨૨)

ચિત્તને રોકવાની અભિલાષા બહુ સારી અભિલાષા છે, એને બળવાન બનાવો. પ્રયત્ન ચાલુ રાખો. સાધનામાં શંકા નહિ કરો.

સમજદારી પ્રમાણે જીવન બનાવો. માન્યતા પ્રમાણે કાર્ય કરો.

જાણકારીનો સંબંધ શરીર અને સંસાર સાથે છે. માન્યતા અને વિશ્વાસનો સંબંધ ભગવાન સાથે છે.

**પ્રશ્ન**–દુઃખ કેવી રીતે દૂર થાય ?

**ઉત્તર**–ઇચ્છાઓ દૂર થવાથી દુઃખ દૂર થાય છે. જ્યારે સાધક વિવેકનો આદર કરીને વિચાર દ્વારા એ સમજી જાય છે કે હું શરીર

નથી, ત્યારે સંકલ્પ અને વાસનાઓ ઓછી થાય છે. આમ થવાથી દુ:ખ નાશ પામે છે. જ્યાં સુધી ઇન્દ્રિયોની ઇચ્છા પૂરી કરવાની ઇચ્છા રહેશે, ત્યાં સુધી મનનું કામ રહેશે; ઇચ્છાનો અંત થતાંની સાથે મનનું કામ સમાપ્ત થઈ જશે. ઇન્દ્રિયો અને મનનું ક્રિયારહિત થઈ જવાથી વાસનાનો અંત આપોઆપ થશે.

સાધનામાં જેટલી સ્વાભાવિક આવશે એટલી જ સરળ આવશે. આથી સાધકે પોતાની સાધનાને સ્વાભાવિક બનાવવાના પ્રયત્નો કરવા જોઈએ. જેથી તે ભારરૂપ લાગે નહિ.

ઉત્કટ જિજ્ઞાસા થાય તો જ્ઞાન જાતે જ મળશે. આત્મા અને પરમાત્માનું જ્ઞાન બુદ્ધિથી થતું નથી.

(૨૩)

**પ્રશ્ન**—મન રોકાતું નથી, આમ તેમ ભટકે છે. એનું કારણ શું છે ?

**ઉત્તર**—મન રોકાતું નથી તેનું દુ:ખ નથી, મનને રોકવું ખૂબ જરૂરી છે, એવો અનુભવ નથી. એવો અનુભવ નથી. એનો મહિમા સાંભળીને રોકવા ઇચ્છે છે, પરંતુ ખાસ જરૂર જણાતી નથી, એ કારણે રોકાતું નથી. જોવા મળે છે કે દરેક જરૂરી કામ પૂરું થતું નથી એટલે મનુષ્યને બેચેની થાય છે. ધનના અભાવથી દુ:ખ થાય છે. પ્રિયના વિરહથી દુ:ખ થાય છે, ત્યાં સુધી કે ખાવાનું-પહેરવાનું પણ મન થતું નથી.

દુ:ખ ભૂલવા માટે અયોગ્ય માર્ગને પણ અપનાવે છે. જેમ કે માદક પદાર્થોનું સેવન કરવું વગેરે; છતાં પણ દુ:ખ નાશ પામતું નથી. આ પરિસ્થિતિ તો સાધારણ દુ:ખની છે. જો મન રોકાતું નથી એનું કોઈને આટલું દુ:ખ થાય છે કે જ્યાં સુધી મન રોકાય નહિ ત્યાં સુધી બીજી કોઈ વાત સારી નહિ લાગે, વ્યાકુળ થઈ

જવાય, કોઈ પણ બનાવથી શાંતિ નહિ મળે, તો મનને રોકી શકાય; કારણ કે ખરેખર અસહ્ય દુઃખ થવાથી સુખભોગવવાની ઇચ્છા નાશ પામે છે, એ સમયે સુખનો વિચાર અને સુખની ઇચ્છા સમાપ્ત થઈ જાય છે, કોઈ પણ પ્રવૃત્તિ બાકી રહેતી નથી. રડવાની પણ હિંમત થતી નથી.

મનુષ્યનું મન જ સુખની ઇચ્છા સ્થિર થવા દેતી નથી. એકસાથે બે કામ કરવાની ટેવ પણ મનને સ્થિર કરવાના પ્રયત્નો કરવા છતાં પણ મન સ્થિર થતું નથી. સુખની ઇચ્છાથી મનને સ્થિર કરવાના પ્રયત્નો કરવા છતાં પણ મન સ્થિર થતું નથી. દેહાભિમાન પણ મનને સ્થિર થવા દેતું નથી. મન સ્થિર થવાથી જે આનંદ મળે છે, એની જાણ અથવા વિશ્વાસ નહિ થવાને લીધે પણ મન સ્થિર કરવાની સંપૂર્ણ ઇચ્છા થતી નથી.

એટલે સાધકને મન સ્થિર થવાથી પરમ આનંદ મળે છે, એવો વિશ્વાસ રાખીને એના માટે રુચિ ઉત્પન્ન કરે. જ્યાં સુધી મન સ્થિર ન થાય ત્યાં સુધી શાંતિથી ન બેસો. પ્રવૃત્તિથી મળનારા સુખની આશા છોડી દો. મનના રોકાવાથી જે ક્ષણિક શાંતિ મળે છે, એમાં સંતોષ ન રાખે. પોતાને શરીરથી અલગ સમજે. એક જ સમયે બે કામ કરવાની ટેવ છોડી દે. કામ કરતી વખતે આગળપાછળનો વિચાર ન કરો. જે સમયે જે કામ કરો, પૂરું મન લગાવીને કરો. એવું કરીને જ્યારે મનને અહીંથી ખસેડી ભગવાનમાં સ્થિર કરવામાં આવશે, ત્યારે જ તે સ્થિર થશે.

જ્યાં સુધી મનુષ્યને ન તો પ્રવૃત્તિના સુખમાં અરુચિ થાય કે ન તો નિવૃત્તિમાં પૂરી રુચિ, ત્યાં સુધી મન સ્થિર થતું નથી; કારણ કે બધી બાજુથી મન હટી જાય તેનું નામ જ મનની સ્થિરતા છે. મનને સંસારમાંથી ખસેડી લેવામાં આવે તો ભગવાનમાં આપોઆપ લાગી જશે. ચંચળતાને રોકવા માટે પ્રયત્ન છે. ચંચળ બનાવવા

માટે પ્રયત્નની જરૂર નથી.

**પ્રશ્ન**–મારે શું કરવું જોઈએ.

**ઉત્તર**–કંઈ પણ કર્યા વિના રહી શકતા હોવ તો કશું જ ન કરો અને કર્યા વિના રહી ન શકતા હોવ તો બધું જ કરવું જોઈએ. એનો અર્થ એ છે કે જે સંકલ્પોને વિચાર્યા વિના નહિ રહી શકો, એને ધર્મ પ્રમાણે, ભગવાનના સમજીને પૂર્ણ કરી દૂર કરી દેવા જોઈએ અને નવા સંકલ્પો ઉત્પન્ન થવા દેવા જોઈએ નહિ.

વિચાર કરવાથી જાણવા મળે છે કે કર્મોનું ફળ સુખ અને દુઃખ છે, એ બંને આવે છે અને નાશ પણ પામે છે. કરવાથી જે કંઈ મળે છે, તે સમય જતાં રહેતું નથી. કરતાં પહેલાં આપણે જે પરિસ્થિતિમાં હોઈએ છીએ, અંતમાં પણ એ જ સ્થિતિમાં આવી જઈએ છીએ. કાર્ય કરતાં પહેલાંની અને અંતની પરિસ્થિતિનો જો મનુષ્ય યોગ્ય અભ્યાસ કરે તો કરવાની ઇચ્છા નાશ પામે છે.

જે કર્યા વિના નહિ રહી શકે, એ કામ કરો; પરંતુ કરવાની ઇચ્છાનો નાશ કરી ન કરવાની સ્થિતિ પેદા કરવા માટે કરો.

જે મનુષ્ય ભોગની ઇચ્છાથી કર્મ કરે છે. તે એનું ફળ ભોગવે છે, દુઃખી થાય છે, પાછો કર્મ કરે છે, પાછો ફળ ભોગવે છે. ભોગ પછી શોક નિશ્ચિત છે. અનંતકાળથી મનુષ્ય કર્મ કરવું અને ફળ ભોગવવું એના ચક્રમાં ફસાયેલો છે. આથી જે કંઈ કરો, સુખભોગવવાની ઇચ્છા વિના કરો. દરેક કર્મના બે ફળ હોય છે– એક જોઈ શકાય તેવું અને બીજું જોઈ શકાય નહિ તેવું. દેખાય તે ફળ તો આપોઆપ નાશ પામે છે, જે નથી દેખાતું તે ફળ ઇચ્છાઓ વિનાના થવાથી નાશ પામે છે. આ રીતે ઇચ્છા વિનાનું સુખ યોગમાં પરિણમે છે; કારણ કે ઇચ્છા ન રહેવાથી વાસના પણ રહેતી નથી. હકીકતમાં માની લીધેલા અહમ્‌ભાવનો નાશ એટલે

કે કર્તા પણ અને ઇચ્છાઓ ન રહે તે ન કરવા બરાબર છે, કારણ કે શરીર હોય ત્યાં સુધી કર્મનો અભાવ રહેતો નથી. આથી જે કંઈ કરો તે ઇચ્છા વિના, ચિંતનવિના અને ફળની આશા રાખ્યા વિના કરો. સંકલ્પ વિનાના અને ઇચ્છાવિનાના જીવનમાં માની લીધેલો અહમ્ નાશ પામે છે.

જે સાધન દ્વારા પ્રભુ સાથે સંબંધ થાય, તે કરવી જોઈએ. આથી કરવી હોય તો સેવા કરો અથવા ત્યાગ કરો. ભોગની ઇચ્છાથી કરવાવાળા યોગથી વંચિત રહી જાય છે. આસક્તિ અને સ્વાર્થ સાથે કર્મ કરનારો સુખ-દુઃખની જાળથી બચી શકતો નથી.

કોઈ પણ વસ્તુને પોતાની નહિ માનવી—એ જ ત્યાગ છે ત્યાગથી વૈરાગ્ય ઉદ્ભવે છે. રાગની નિવૃત્તિ થવાથી બધા નાશ પામે છે.

મુશ્કેલી અથવા ઊણપ હસતાં-હસતાં સહન કરવી એનું નામ તપ છે. તપથી શક્તિ મળે છે. એને સેવામાં વાપરવી જોઈએ.

અહમ્‌નો અને માયાનો નાશ વિચારથી થાય છે. સત્યના બોધથી બધું દુઃખ નાશ પામે છે, સત્ય સાથે પ્રેમ કરવાથી પરમાનંદ મળે છે. પોતાને શરીર ન માનવાથી વાસનરહિત બનાય છે અને હંમેશાં રહે એવી શાંતિ પ્રાપ્ત થાય છે. કરવા જેવું કામ એ છે કે, જે કર્યા વિના રહી ન શકાય, જે કરવા માટે સાધનો છે, જેનો સંબંધ માત્ર વર્તમાન જીવન સાથે છે, જેમાં બીજાનું હિત છે અહિત નથી. મનુષ્યે કરવા જેવી પ્રવૃત્તિ બે પ્રકારની હોય છે—એક સંસારની સેવા માટે, બીજી શારીરિક સુખ ભોગવવા માટેની. સુખ ભોગવવા માટે થતી પ્રવૃત્તિ સ્વાર્થ છે. શરીરને સંસારની સેવામાં પરોવી, સેવા માટે જ થતી પ્રવૃત્તિ ઇચ્છારહિત કરાય છે.

ઇચ્છાઓ છોડ્યા પછીની જે સ્થિતિ છે તે ખૂબ ઉચ્ચ કોટિની છે. એ સ્થિતિમાં નિર્વિકલ્પતા આવી જાય છે, બુદ્ધિ સ્થિર થઈ જાય છે, ઇન્દ્રિયો પર વિજય મેળવી શકાય છે. એ મળવાથી મનુષ્ય

જાતે 'કલ્પતરુ' બની જાય છે. જેને લોકો કલ્પતરુ કહે છે, એનાથી તો હિત અને અહિત બંને થાય છે. પણ કલ્પતરુ તો એવું છે કે જેનાથી કદી કોઈનું અહિત થતું નથી. એનાથી મનુષ્યને યોગ, બોધ અને પ્રેમ પ્રાપ્ત થાય છે.

સેવા કરનારની જરૂરિયાત આખી દુનિયા છે. જેની જરૂરિયાત બીજાને હોય, તે મહાન છે અને જેને બીજાની જરૂરિયાત હોય, એને માટે તે મહાન છે જેની જરૂરિયાત તે અનુભવ કરે છે. જે કોઈ વસ્તુની જરૂરિયાતનો અનુભવ કરે છે, તેને માટે તે વસ્તુ જ મહાન છે.

આથી સાધકે પોતાનું જીવન એવું સુંદર બનાવવું જોઈએ, જેનાથી લોકો એની જરૂરિયાત સમજે અને તેના તરફ આકર્ષાય; પરંતુ એને દુનિયાની જરાપણ જરૂર નહિ હોય. જ્યારે સાધક સંસારને નથી બોલાવતો, ત્યારે ભગવાન તેની પાસે આપમેળે આવી જાય છે.

બિનજરૂરી સંકલ્પ અને ઇચ્છા કરીને મનુષ્ય પોતાનો નાશ કરે છે. આથી સાધકે જરૂરિયાતની પૂર્તિ, ઇચ્છાઓની નિવૃત્તિ મનની શુદ્ધિ અને ધ્યેયને પ્રાપ્ત કરે.

મળેલી યોગ્યતાથી સંસારના અધિકારની રક્ષા કરે અને ધર્મને આધિન રહી બધાને સુખ પહોંચાડવું તથા સંસાર પાસે કંઈ લેવું નહિ–એ સેવા છે. સેવા કરવાથી હૃદયમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. જીવન એ છે કે જેનું શરીર વિશ્વની જરૂરિયાત બની જાય, અહમ્‌ભાવ હંમેશને માટે નાશ પામે અને હૃદય પ્રેમથી ભરાઈ જાય.

(૨૪)

**પ્રશ્ન**–કોઈ વખત એવો અનુભવ થાય છે કે હૃદય પ્રેમથી ભરપૂર છે. કોઈ વખત હૃદય ખાલી લાગે છે, પ્રેમ નથી, એ શું છે ?

**ઉત્તર**–જાતે જ સાક્ષી બનીને મનના ગુણ-દોષ જોવા, વિશ્વાસ

અને પ્રેમનું વારંવાર નિરીક્ષણ કરવું, આ પ્રેમમાર્ગની સાધના નથી. સાક્ષીભાવથી એ જેવું કે ગુણ જ ગુણમાં વર્તાય છે, આ વિચારમાર્ગની સાધના છે. વિશ્વાસ અને પ્રેમની શોધ કરવી આમ તો ભૂલ જ છે. જેવી રીતે કોઈ બીજ રાખીને વારંવાર ખોદીને જુએ કે ઊગ્યું કે નહિ. આથી સાધકે પ્રભુને પોતાના માની. એમના પર દૃઢ વિશ્વાસ રાખવો, વિશ્વાસમાં વિકલ્પ આવવા દેવો નહિ. શરીર, મન, ઇન્દ્રિયો અને બુદ્ધિને તથા પોતાની જાતને સંપૂર્ણ ભગવાનને સમર્પણ કરી બધી રીતે એમના પર આધાર રાખો; એમના પર પૂરો ભરોસો કરો.

ભગવાન પર પૂરો વિશ્વાસ રાખવાથી જ સમર્પણ શક્ય બને છે. સમર્પણ કર્યા પછી એવું ઇચ્છે કે કંઈ નવું બન્યું કે નહિ તો તે વિશ્વાસની કમી છે.

આશ્ચર્યની વાત તો એ છે કે મનુષ્ય દુનિયા પર જેટલો વિશ્વાસ કરે છે, તેટલો ભગવાન પર કરતો નથી. જેવી રીતે મુસાફરી કરનારો મુસાફર પહેલેથી પોતાની સીટ રિઝર્વ કરાવી લે છે, તો એને એવો વિશ્વાસ હોય છે કે ચોક્કસ સમય પર પહોંચીશ તોપણ જગ્યા મળી જશે; આથી તે નિશ્ચિંત થઈ જાય છે. જોકે તેમાં ઘણાં વિઘ્નો પણ આવી શકે છે. વિઘ્ન અસંભવ નથી, તોપણ તેના પર ભરોસો કરવામાં આવે છે. સંસાર પર ભરોસો કરીને ઘણીવાર છેતરાય છે પણ ભગવાન પર ભરોસો કરનારને કદી છેતરાવવાનો સમય આવ્યો નથી. આવું માનવા છતાં પણ મનુષ્ય ભગવાન પર આધાર રાખતો નથી, એનાથી મોટું દુઃખ અને આશ્ચર્ય શું હોય ?

મનુષ્ય જાતે અલગ રહીને પોતાનું મન, બુદ્ધિ અને ઇન્દ્રિયોને ભગવાનમાં લગાવવા માગે છે; અહીંથી જ ભૂલ થાય છે. પ્રેમનો સંબંધ સાધક સાથે છે નહિ કે એના મન, ઇન્દ્રિય અને બુદ્ધિ સાથે. પ્રેમમાર્ગ પર ચાલનારો પહેલાં તો પોતાને પોતાના પ્રિયતમના પ્રેમની લાલસા અને ત્યારબાદ પ્રેમને સમજે છે. પ્રેમી પ્રેમમાં વિલીન થઈ

જાય છે. પ્રેમ અને પ્રેમીમાં જુદાઈ નથી રહેતી. આથી પ્રેમમાર્ગના સાધકના જીવનમાં ભગવાનનો પ્રેમ, ભરોસો અને કૃપા સદા સજીવ રહેવો જોઈએ, ભાવની શિથિલતા આવવી જોઈએ નહિ.

મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો તો અહમ્‌ની પ્રતિમા છે, એમાં પ્રેમ નથી હોતો. પ્રેમ અહમ્‌માં હોવા જોઈએ. અહમ્‌માં પ્રેમની પ્રબળતા હોવાથી મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો બધું જ એમાં ભળી જાય છે. તેઓ અહમ્‌તા ભાવનો વિરોધ નથી કરતા.

સાધકે ધ્યાનપૂર્વક આ વાતનું મંથન કરવું જોઈએ કે હું ખરેખર શું ઇચ્છું છું, મારી ખરેખર જરૂરિયાત શું છે ? જે નથી છતાં સાધક રહી શકે છે, જેનો વિરહ અનિવાર્ય છે તે એની જરૂરિયાત થઈ શકે નહિ. સાચી જરૂરિયાત એની છે, જેના વિના એ રહી શકે નહિ, જે કદી એનાથી અલગ નહિ થાય. વિચારતા જો એ સમજાય કે એવો તો એકમાત્ર હું પોતે જ છું તો વિચારવું જોઈએ, મેં શું કદી મારામાં ડોકિયું કર્યું છે કે માત્ર મેં દુનિયાનો વિચાર કર્યો છે, ત્યારે સમજાવશે કે સંસારમાં જે રાચતો રહ્યો છું. પાછો વિચાર કરવાથી સમજાશે કે અનંત નિત્ય સૌંદર્ય અને અનંત નિત્ય રસનો ભંડાર છે, એની વાસ્તવિકતા જરૂરી છે, તે છે જીવનો હંમેશનો સાથી, એકમાત્ર પરમેશ્વર, તે કદી જીવનો સાથ છોડતા નથી. જીવ પોતે જ દુનિયાને અપનાવીને એને ભૂલી જાય, એનાથી દૂર થઈ ગયો છે.

આ સમજાતા સાધકે માની લેવું જોઈએ કે જેની મને જરૂર છે એનાથી મારું સમય કે સ્થળનું અંતર નથી, આથી એને મેળવવા માટે એવું માનવું કે અમુક સ્થળે જવાથી કે અમુક સમયમર્યાદામાં મારી જરૂરિયાત પૂર્ણ તે થશે તે સત્ય નથી. એ તો આજે અને અત્યારે મળી શકે તેમ છે. મારા આળસે અને ભૂલે જ મને એનાથી દૂર રાખ્યો છે.

જેને મેં મારો માનીને સંબંધ જોડી રાખ્યો છે—તે શરીર, ઇન્દ્રિયો,

મન, બુદ્ધિ એટલું જ નહિ માતા-પિતા, ભાઈ-બંધુ અને પતિ-પત્ની વગેરે તથા દરેક વસ્તુ બધું જ નાશવંત છે. આથી તેનો વિરહ અનિવાર્ય છે. એને પોતાના માનીને, એના પર વિશ્વાસ રાખીને હું મારા ભગવાનથી દૂર થઈ ગયો છું.

આ નિશ્ચય કર્યા પછી સાધકે ખરેખર એને જેની જરૂર છે, એવા સર્વશ્રેષ્ઠ પ્રિયમાં પ્રિય ભગવાનને જ પોતાના માને, એના પર જ વિશ્વાસ રાખે અને એમને જ પ્રેમ કરે. જ્યારે ભગવાનને પોતાના માની એમની નજદીક થશે, એમની સાથે અનન્ય સંબંધ બાંધશે, સતત એમને જ યાદ કરશે, ત્યારે સમજી જવું કે પ્રેમનું પ્રાગટ્ય થયું છે.

જેની સાથે વિરહ થવો અનિવાર્ય છે, એની માયા એ જ પ્રભુ પરના પ્રેમને ઢાંકી રાખ્યો છે. માણસ નાશવંત વસ્તુ પાસે સુખની આશા રાખીને એનામાં જ મસ્ત બની ગયો છે. એટલે જ તે ભગવાનથી દૂર થઈ ગયો છે.

જે એને નફરત કરે છે, તેને જ તે પકડે છે, જે શરીરને, બુદ્ધિ અને ઈન્દ્રિયને મનુષ્ય સૌથી વધુ પોતાના માને છે, તે બધા જ તેની નફરત કરે છે, એટલે કે તેનો ત્યાગ કરે છે, તોપણ એની સાથેનો સંબંધ એ છોડતો નથી. ભગવાનને ભૂલી જવાને લીધે જ એની આ ખરાબ હાલત થઈ છે. એનું પરિણામ એ છે કે આ શરીર અને સુખમાં માયા રાખીને તેનું જ ચિંતન કરતો રહે છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનના બનાવોમાં એટલો ફસાયેલો છે કે એને છોડી શકતો નથી.

(૨૫)

**પ્રશ્ન**—ભાવદૃષ્ટિ અને તાત્ત્વિક દૃષ્ટિમાં શું ભેદ છે ?

**ઉત્તર**—વિશ્વાસપૂર્વક માનવું એટલે કે સ્વીકાર કરવો તેને ભાવદૃષ્ટિ કહે છે અને વસ્તુને વિવેકપૂર્વક સમજી લેવી એટલે કે જાણકારીનું નામ તાત્ત્વિકદૃષ્ટિ છે. બંનેના પરિણામમાં કોઈ તફાવત

નથી, તફાવત એટલો જ છે કે સ્વીકારનું ફળ કાયમી અનન્યરસ છે અને જાણકારીનું ફળ અખંડ એકરસ છે. આ બંનેમાં પરસ્પર કોઈ વિરોધ નથી.

**પ્રશ્ન**—મન અને શરીરમાં શું તફાવત છે ?

**ઉત્તર**—તનથી એટલે કે શરીર પાસેથી જે કામ લે છે તેને મન કહે છે. જેવી રીતે મોટર અને ડ્રાઈવરનો હાથ. મોટરની જગ્યાએ શરીર અને હાથની જગ્યાએ મન છે. તેવી જ રીતે જે મન પાસે કામ લઈ શકે તેને બુદ્ધિ માનવી.

**પ્રશ્ન**—ભજન કયા સમયે કરવા જોઈએ ?

**ઉત્તર**—બધાં કાર્યોથી પરવારીને સૂતી વખતે અને જાગ્યા પછી એટલે કે કાંઈ કરો તેના અંતે ભજન કરવા જોઈએ. જે મનુષ્ય દરેક કામના અંતે એક વખત પણ હૃદયથી ભગવાનને યાદ કરે છે, એને મૃત્યુ સમયે ભગવાન જરૂર યાદ આવશે.

**પ્રશ્ન**—બાળકો મનફાવે તેમ વર્તે છે, કહેલું માનતા નથી, એ માટે શું કરવું જોઈએ ?

**ઉત્તર**—બાળકને કંઈ જ કહો નહિ, એને કરીને બતાવો, તમારા જીવનની એના પર અસર પડશે. જે કંઈ કરવાનું છે તે ચુપચાપ કર્યા કરો. થોડા સમય પછી એના સ્વભાવમાં પરિવર્તન આવશે. તમારા બાળપણને ભૂલી ગયા છો ? એને યાદ કરો.

**પ્રશ્ન**—તીર્થોમાં શું કરવું જોઈએ ?

**ઉત્તર**—તીર્થોનું મહત્ત્વ સમજીને એનામાં શ્રદ્ધા રાખવી જોઈએ, દાન કરવું સ્નાન અને ભજન તથા દેવદેવાલયના દર્શન કરવા જોઈએ. સાધુસંતોને મળવું અને એની સાથે સત્સંગ કરવો જોઈએ. નિર્બળ, ગરીબ અને શ્રદ્ધા વગરના માણસે યાત્રા કરવી જોઈએ નહિ. તીર્થયાત્રા એક પ્રકારનું તપ છે, એમાં શારીરિક કષ્ટ સહન કરવું પડે છે, નબળો માણસ શારીરિક શ્રમ કરી શકતો નથી. તીર્થયાત્રામાં ધન પણ ખરચવું

પડે છે, ગરીબ મનુષ્ય ધન ક્યાંથી લાવે ? કદાચ દેવું કરે કે માગીને લાવે તો તેનાથી યાત્રા ફળતી નથી. જેમની તીર્થ પર શ્રદ્ધા નથી તે પણ યાત્રાથી લાભ મેળવી શકતો નથી.

**પ્રશ્ન**–તીર્થયાત્રામાં નદીમાં તાંબુ, ચાંદી અથવા સોનું ચઢાવવાનો મહિમા સાંભળ્યો છે, તો શું એમ કરીને જ સ્નાન કરવું જોઈએ ?

**ઉત્તર**–આવી વાત મોટેભાગે એવા માણસો જ કરે છે કે તમે ચઢાવો પછી તે પાછું કાઢી લે. આથી પાણીમાં નાખવાને બદલે તેટલું ધન દાન બહાર જ જેને જરૂર છે તેને આપો, જેથી કાઢવાવાળાને મહેનત પડે નહિ. શ્રદ્ધાપૂર્વક તીર્થમાં સ્નાન કરવામાં આવે તેનો મહિમા રોજિંદા સ્નાન કરતા વિશેષ છે. આથી સ્નાનનો મંત્ર બોલી પુષ્પ વગેરેથી તીર્થની પૂજા કરી સ્નાન કરવું જોઈએ.

**પ્રશ્ન**–બ્રાહ્મણો તીર્થની પૂજા કરાવે છે, પણ મંત્રો યોગ્ય રીતે બોલતા નથી. દક્ષિણા લે છે, તો તે અંગે શું કરવું ?

**ઉત્તર**–તે લોકો તમારાં કપડાં, ઘડિયાળ વગેરેનું રક્ષણ કરે છે તેમને રહેનારી સગવડ કરી આપે છે. આથી એમને જે કંઈ આપવામાં આવે તે એમણે કરેલી મહેનતનો બદલો સમજો, અપનારે તેને બોજો સમજવો નહિ. જો દરેક માનવી પર કર નાખવામાં આવે તો આપો કે નહિ ? તેમ માનીને આપી દેવું, અહીયાં તો બ્રાહ્મણો ખૂબ ઓછી દક્ષિણામાં ખુશ થઈ જાય છે, લાંબો ખર્ચ કરવો પડતો નથી.

**પ્રશ્ન**–રસોડામાં સ્વચ્છતા અને છૂતાછૂત એવું માનવું જોઈએ કે નહિ ?

**ઉત્તર**–સ્વચ્છતાનો સંબંધ શરીર સાથે છે અને શુદ્ધતાનો સંબંધ મન સાથે છે. આથી મનમાં હું ખૂબ જ શુદ્ધતાથી રહું છું, બીજા રહેતા નથી, એવું અભિમાન રાખીને બીજાને નીચો અથવા એનો તિરસ્કાર કરવો યોગ્ય નથી. ઉપરની સફાઈ માટે શુદ્ધતા અને સફાઈ તથા છૂતાછૂતનો વ્યવહાર રાખવો ખરાબ નથી, પણ જરૂર છે, પરંતુ ભેદ

કાર્યમાં હોવો જોઈએ. પ્રેમમાં ભેદ રાખવો નહિ. મનમાં રાગદ્વેષ જેવા વિકારો હોય નહિ તે જ સાચું આચરણ છે. માત્ર બાહ્ય પવિત્રતા પણ આંતરિક શુદ્ધતા તરફ પ્રગતિ કરવા માટે જ છે.

**પ્રશ્ન**—આચરણ કરનારો મહાન છે કે વિચાર કરનારો ?

**ઉત્તર**—એમાં નાનો-મોટો કોઈ નથી. પોતપોતાના સ્થાન પર બંને મોટા છે. આચાર અને વિચારમાં કોઈ વિરોધ નથી, પરસ્પર એકબીજાના સહાયક છે. આચાર શુદ્ધિનું સાધન છે. એનાથી જીવનમાં પવિત્રતા આવે છે. મનના દોષોનો નાશ થાય છે. વિચારનું કાર્ય નિરાભિમાનતા એટલે કે ભિન્નતાને દૂર કરી એકતા કરવાનું છે.

આચરણ આપણને તિરસ્કાર શીખવતો નથી; કારણ કે દોષોનો નાશ થવાનું કાર્ય જ શુદ્ધિ છે. દોષ મનુષ્યમાં સ્વાભાવિક નથી, કારણ કે જન્મતાની સાથે જ કોઈ અસત્ય બોલતો નથી. માતાપિતા પાસે શીખીને તે જૂઠું બોલે છે. બાળકને જે કોઈ પ્રેમથી રાખે છે, તે તેને પ્રેમ કરવા માંડે છે, એમાં ભેદભાવની, પોતાના-પારકાની કલ્પના પહેલેથી હોતી નથી. બીજાના વ્યવહારથી શીખે છે. જન્મતાની સાથે જ કોઈના મનમાં ખરાબ સંકલ્પ આવતા નથી. એનાથી એ સાબિત થાય છે કે દોષોનો ત્યાગ કરવો ખૂબ અઘરું છે.

પોતે જાણતા હોય તેનાથી વિરુદ્ધ કામ કરવું અશુદ્ધિ છે. જે કામ મનુષ્ય પોતાને માટે નથી ઇચ્છતો, તે બીજાની સાથે નહિ કરે. જે પોતાને માટે સારું સમજે તે જ બીજા માટે કરે—એ જ વિચારનો સદુપયોગ છે, એનાથી વ્યવહારમાં શુદ્ધિ આવે છે. વ્યવહારની શુદ્ધિ વિવેક પ્રકટે છે. આ રીતે એકબીજાના સહાયક છે. વર્તમાન વિવેકશક્તિનો યોગ્ય ઉપયોગ કરીને ભૂત. ભવિષ્ય બધું જ વ્યવસ્થિત થઈ જાય છે.

હકીકતને જાણી લેવાનું નામ વિચાર છે. શરીરને સ્વચ્છ કરી નાખ્યું. પણ મન અને બુદ્ધિ ગંદા હોય તો તે અધૂરું સ્નાન કહેવાય.

વિચારવા છતાં શંકા દૂર નહિ થાય તો તે વિચાર નથી. વિવેકશક્તિ વિવાદ કરવા માટે નથી. આ રીતે પોતાને પવિત્ર અને બીજાને અપવિત્ર માનીને અભિમાન કરવું યોગ્ય વર્તન નથી, શરીરમાં અને મનમાં શુદ્ધિ વધે તેનું નામ આચરણ.

આ બાબતે એકનાથજી મહારાજની એક ઘટના યાદ આવી ગઈ. એક સમયની વાત છે. એકનાથજીના પિતાના શ્રાદ્ધનો દિવસ હતો. બ્રહ્મભોજન માટે વિવિધ મિષ્ટાન્ન બની રહ્યા હતા. એ સમયે એમનાં ઘરની પાસેથી ઘણાં બધાં અછત ઘરના લોકો જઈ રહ્યા હતા. સ્વાદિષ્ટ પકવાનની સુગંધ આવવાથી તેમાંથી એકે કહ્યું, 'કેટલું સરસ સ્વાદિષ્ટ ભોજન બની રહ્યું છે, કેટલી સરસ સુગંધ આવી રહી છે.' બીજાએ કહ્યું, 'ભાઈ ! આ તો બ્રાહ્મણો માટે બની રહ્યું છે, તમે કેમ વિચારી રહ્યા છો ? આપણા નસીબમાં આવું અન્ન ક્યાંથી ?' આ લોકોની વાતચીત એકનાથજી મહારાજે સાંભળી. એમણે બધાને બોલાવીને બધા જ પકવાન પ્રેમપૂર્વક એ લોકોને ખવડાવી દીધાં. આ વાતની જ્યારે બીજા બ્રાહ્મણોને ખબર પડી, ત્યારે તેઓએ પરસ્પર એકનાથજીની ખૂબ નિંદા કરી અને એવો નિશ્ચય કર્યો કે એમના ઘરે કોઈ પણ બ્રાહ્મણે ભોજન કરવું નહિ. એકનાથજીએ બ્રાહ્મણોને ખૂબ સમજાવ્યા કે આ અન્ન એઠું થઈ ગયું હતું, અછૂતોએ એની ગંધ લઈ લીધી હતી એટલે તે બ્રાહ્મણો માટે યોગ્ય રહ્યું ન હતું. હવે આપશ્રીઓ માટે બીજી વખત પવિત્ર ભોજન તૈયાર કરાવવામાં આવ્યું છે, પણ બ્રાહ્મણોએ જીદ છોડી નહિ, એના દરવાજા પર ચોકી કરવા લાગ્યાં કે કોઈ બ્રાહ્મણ ભૂલમાં પણ ત્યાં ભોજન ન કરી લે. અંદર એકનાથજીના પિતૃઓ સાક્ષાત્ પ્રકટ થઈને ભોજન કરી રહ્યા હતા. ભોજન કરીને જ્યારે ઊઠ્યા. ત્યારે તેઓએ તે સમયના રિવાજ મુજબ હર હર મહાદેવની ઘોષણા કરી. પહેરો ભરી રહેલા બ્રાહ્મણોને આ ઘટના જોઈને ખૂબ આશ્ચર્ય થયું. આ એમના સાચા વર્તનનો પ્રભાવ હતો.

માનવજીવનમાં આચરણની મોટી જરૂરિયાત છે, આચારથી પતન પામેલો મનુષ્ય નહિ, પશુ છે. આચરણથી ઉપર તો ભગવાન છે, માનવતા તો એને કહેવાય કે જે, આચાર અને વિચારયુક્ત હોય.

અંગ્રેજ લોકો આચરણને માનતા નથી, એવી વાત નથી, તેઓ આપણા કરતા વધારે માને છે, પરંતુ પોતાની રીતે માને છે, વૈજ્ઞાનિક દૃષ્ટિથી માને છે, તેઓ ઉપરની સફાઈ ઓછી નથી રાખતા. કોઈ ખાવાની વસ્તુને અડકતા નથી, રસોડાને તેઓ પૂજાના ઓરડાથી પણ વધારે સ્વચ્છ રાખે છે, કોઈ પણ પ્રકારની ગંદકી ત્યાં રાખતા નથી, માખી અને મચ્છરને પણ ત્યાં બેસવા દેતા નથી, દૂધ દોહવામાં, બાટલીમાં ભરવામાં, બંધ કરવામાં પ્રામાણિકતા અને સફાઈનું પૂરું ધ્યાન રાખે છે, વસ્તુની અને બનાવવાની સ્વચ્છતા પર પૂરું ધ્યાન આપે છે.

આપણે આચારમાં માનીએ છીએ, પરંતુ તેનો પૂરેપૂરો ઉપયોગ કરતા નથી, આપણે આનંદથી ભોજન કરીએ છીએ, આપણા પાડોશીઓને ખાવાનું નહિ મળે, બીજા પણ આસપાસ ભૂખ્યા રહે તો તે ભોજન પવિત્ર કહેવાતું નથી. ભોજનની શુદ્ધિ માટે જરૂરી છે સચ્ચાઈપૂર્વક કમાયેલું ધનનું અન્ન, પવિત્ર વસ્તુ, પવિત્રતાથી બનાવવું અને પવિત્ર ભાવથી જમવું, આવા ભોજન જ પવિત્ર કહેવામાં આવે છે.

આચારનો અભિપ્રાય બાહ્ય તથા આંતરિક પવિત્રતા વધારવાનો છે. આજકાલ આચરણના નામ પર જે એવું અભિમાન કરે છે કે હું મોટો છું અને બીજા નાના છે, એ આચરણ નથી.

ભગવાનને રહેવાનું અસલી મંદિર મન છે, અને પવિત્ર રાખવું જોઈએ, શરીર આત્માનું મંદિર છે, એને પણ પવિત્ર રાખવું જોઈએ.

મહેનત કરનારા શરીરને આળસુ બનાવી દેવું, મનને રાગદ્વેષથી ભરી દેવું. બુદ્ધિને વિવેકહીન બનાવી દેવી આ જ અશુદ્ધિ છે, એને દૂર કરવું સાચું આચરણ છે.

ભોગવાસનાનો ત્યાગ કરવાથી જીવન પવિત્ર થાય છે, મનમાં ભોગવાસના જન્મે તે સાથે જ બુદ્ધિ મન તરફ, મન ઇન્દ્રિય તથા ઇન્દ્રિયો વિષયવાસના તરફ ખેંચાય છે, એનાથી સ્વતંત્રતા તથા ચિન્મયતાનો નાશ પામે છે, તથા જડતા, પરતંત્રતા અને શક્તિહીનતા આવે છે.

વાસનારહિત થવાની સાથે જ ઇન્દ્રિયો વિષયોમાંથી ખસીને મનમાં, મન બુદ્ધિમાં અને બુદ્ધિ અહમ્‌માં વિલીન થઈ જાય છે, અહમ્ ઈશ્વરના પ્રેમ બનીને એમાં મળી જાય ત્યારે જીવનમાં આનંદ, દિવ્યતા, સ્વતંત્રતા, પ્રસન્નતા, નિર્ભયતા વગેરે ગુણો આપોઆપ આવી જાય છે.

(૨૬)

કાલે કોઈ ભાઈએ કહ્યું હતું કે તમારા સત્સંગમાં વીરતાની વાત હોતી નથી, એટલે આ જે એ વિષય પર વાતચીત થાય તો સારું સારું ભાઈ, બતાવો તમારી સમજણમાં વીર કોણ છે ? તમે કોને વીર માનો છો.

**શ્રોતા**—જેવી રીતે ભગતસિંહ વીર હતા.

**સ્વામીજી**—ભગતસિંહ વીર અવશ્ય હતા, પરંતુ વીરતાની સાથે ધૈર્ય અને ગંભીરતા પણ જોઈએ, માત્ર વીરતાનો આદર્શ સ્થાપવાથી કામ નહિ ચાલે. મારી સમજણ પ્રમાણે વીર એ છે જેમાં પરતંત્રતા, જડતા કે શક્તિહીનતા ન હોય, એટલે કે જે વીર, ધીર અને ગંભીર પણ હોય તે જ અસલી વીર છે, વિવેકહીન વીરતાથી લાભને બદલે મોટું નુકસાન થઈ શકે છે, ગાંધીજી વીર હતા, એમનામાં વીરતાની સાથે-સાથે ધીરતા અને ગંભીરતા પણ હતી, હકીકતમાં સૌથી મોટો વીર એ છે, જેણે પોતાના પર વિજય પ્રાપ્ત કરી લીધો હોય. જે મન અને ઇન્દ્રિય પર શાસન કરતો હોય, જેના પર એનું શાસન ન હોય એટલે કે મન ઇન્દ્રિયને આધીન નહિ હોય.

**પ્રશ્ન**–ધીરતા અને ગંભીરતાનો અર્થ શો ?

**ઉત્તર**–જેના મનમાં વિધાનનો એટલે કે કર્તવ્યનો પૂરેપૂરો આદર હોય, પોતાના સિદ્ધાંતથી કદી ડગે નહિ; પોતાના લક્ષ્ય પર દૃઢ રહે, તે ધીર છે, એટલે કે વિવેકશીલ અને ધૈર્યયુક્ત મનુષ્ય જ ધીર કહેવાય છે.

જે કોઈની તરફ આકર્ષાય નહિ; પરંતુ પોતાના વિરોધીને પણ પોતાની તરફ આકર્ષિત કરી શકે, પોતાનો ભાવ ન દર્શાવે, દરેક કામ ઊંડાઈથી વિચારીને કરે તે ગંભીર કહેવાય છે.

અર્થ એ છે કે જે કામ, ક્રોધ, લોભ, અને મોહ વગેરેના આક્રમણ જેને હરાવી ન શકે એટલે કે સુખ-દુઃખના આક્રમણ જેના પર પોતાનો પ્રભાવ દર્શાવી ન શકે, તે જ ધીર, વીર અને ગંભીર છે, ધીરતા અને ગંભીરતા વિનાની વીરતા એ વીરનો વિનાશ કરે છે, તે વીરને ખાઈ જાય છે, એની વીરતાનો વિકાસ થઈ શકતો નથી.

ધીર મનુષ્ય કદાચ પોતાના વિરોધી પર વિજય પ્રાપ્ત કરી લે, તો પણ તેના પર ક્રોધ કરતો નથી. ધીરજથી પોતાની ફરજનું પાલન કરે છે. જેના પર આનંદ અને દુઃખ બંને પોતાનો પ્રભાવ નહિ બતાવી શકે તે જ ધીર છે.

પશુશક્તિ બિરદાવે તે કદી વીર હોઈ શકે નહિ, જે વીર નિર્બળતા દુઃખનું કારણ હોય છે, તે વીર નથી, વીર તો એ છે, જે નિર્બળનું રક્ષણ કરે. પોતાનાથી નિર્બળોને દુઃખ આપવા માટે તો ભયંકર સિંહ પણ વીર હોય છે, પરંતુ એમાં ધીરતા અને ગંભીરતા હોતી નથી.

ઇન્દ્રિય-વિજય, સેવા તથા સત્યની શોધ–આ ત્રણ ગુણો ગાંધીજીમાં હતા, એટલે તેઓ વીર હતા, જેને કોઈ સન્માન, અધિકાર વગેરેના લોભથી અથવા કોઈ પણ જાતના ભયથી બદલી શકે નહિ, જેના કોઈ પણ પ્રકારનો મોહ પોતાનો પ્રભાવ જમાવી શકે નહિ. જે દરેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે તોપણ અવિચળ રહે, તે વીર, ધીર અને ગંભીર કહેવાય છે, જે પશુબળ વડે અધિકાર મેળવીને

નિર્બળોને સતાવે છે, બીજાની મા-બહેનોની ઈજ્જત લૂંટે છે, લઘુમતી સાથે ખરાબ વ્યવહાર કરે છે, સંપ્રદાયનું અભિમાન કરીને અન્ય સંપ્રદાયો પર અત્યાચાર કરાવે છે, તેને વીર નહિ કહેવાય. આથી જો કોઈ એવું સમજે કે મુસલમાનોને મારનારા હિંદુ વીર છે અથવા હિંદુઓને મારનારા મુસલમાન વીર છે, તો તેની ભૂલ છે, જો મારવાવાળો જ વીર ગણાતો હોય તો એક એટમબોંબને સૌથી મોટો વીર માનવો જોઈએ, પરંતુ એ વીરતાના લક્ષણ નથી.

જે વીર બનવાનું પસંદ કરે છે, તેણે માતૃશક્તિના એટલે કે સ્ત્રી જાતિનો ખૂબ આદર કરવો જોઈએ, દરેક રીતે એનું રક્ષણ કરે, પોતાના જીવનમાં અસલામતી આવવા નહિ દે, જ્યાં સુધી પ્રાણ રહે ત્યાં સુધી પોતાના સત્ય પર અડગ રહે, ડગે નહિ.

જે બીજાના હૃદય, મન અને બુદ્ધિ પર વિજય મેળવી લે, તે હકીકતમાં વીર છે, એવો વીર એ જ થઈ શકે છે, જેનો વિવેક અને વિશ્વાસ જ જીવન બની ગયું છે, જેના જીવનમાં હારનું નામ જ નથી.

જેની ભાવના, ચરિત્ર, વિશ્વાસ, વિવેક, સંકલ્પ અને પરાક્રમ બધું જ એક જ બનીને જીવન બની જાય, તે વીર કહેવાને યોગ્ય છે, આવો વીર એક દુર્બળ મનુષ્ય પણ બની શકે છે, વીરતા માટે શરીરની તાકાતની જરૂર નથી.

અર્જુન જ્યારે સ્વર્ગમાં ગયો હતો, ત્યારે ઉર્વશીને શું જવાબ આપ્યો હતો ? માતા ! તમે મને પુત્ર સમજી લો. હું તમને મારા જેવો પુત્ર આપવા શક્તિશાળી નથી. અનેક પ્રકારની લાલચ મળી અને ભય બતાવવામાં આવ્યો છતાં પણ અર્જુને ઉર્વશીના પ્રસ્તાવનો સ્વીકાર નહિ કર્યો, આ વીરતાનો નમૂનો છે.

જે પોતાના પર નેતૃત્વ કરી શકે છે, જે બુદ્ધિનો, ધર્મનો અને વિશ્વાસનો અપરાધી નહિ હોય, પોતે દુ:ખીઓના દુ:ખને સહન ન કરી શકે, તેવો ઉદાર માનવી જ સાચો વીર છે.

કોઈનો અન્યાય અને અત્યાચાર સહન ન કરવો પડે તેનું નામ જ વીરતા છે. એના માટે મનુષ્યને ઉદાર ચરિત્ર બનવું પડે, સ્વતંત્ર હોય, સંયમી હોય તથા મન, બુદ્ધિ અને શરીરે આધીન ન હોય ભગવાનને દુનિયામાં પોતાનાથી દૂર નહિ થવા દે એટલે કે બધા સાથે ભગવાનના સમજી એકતા સ્થાપિત કરે.

જે પશુબળ દ્વારા નિર્બળ પર વિજયી બને છે, જે પોતાની સમજ અને યોગ્યતા ધનના બદલામાં કે અધિકારના બદલામાં વેચી શકે છે, એટલે પોતાના જેટલો સુખી અને સમૃદ્ધિ-સંપન્ન બીજાને જોઈ શકે નહીં. તે વીર તો શું ? માનવતાથી પણ દૂર છે.

માત્ર હાથથી જ કામ ચાલતું નથી અને માત્ર મગજ પણ હાથ વિના કામ કરી શકતું નથી. કોઈ પણ કામ કરવા માટે હાથ અને મગજ બંને જોઈએ, હિટલર હાથ હતો એટલે એનામાં વિવેકહીન વીરતા હતી, ગાંધીજી મગજ હતા એટલે કે એમનામાં બુદ્ધિશક્તિ વિશેષ હતી.

ખરાબ ચારિત્ર્ય પર સારા ચારિત્ર્યનો વિજય થવો એટલે સારા ચારિત્ર્યના પ્રાણ ચાલ્યા જાય, પણ ચારિત્ર્ય સુરક્ષિત રહે છે; એ વીરતા છે, સ્વાર્થ અને રાગદ્વેષ ફેલાવીને જીવનને ખરાબ કરવું વીરતા નથી.

મનુષ્ય પોતાના જીવનનું શ્રેષ્ઠ નિર્માણ કરે, જેના દ્વારા પોતાના રાષ્ટ્ર સમાજ અને દુનિયાનું પણ ઘડતર કરે પોતાના પર પોતાનું આધિપત્ય કરે, એકવાર થયેલી ભૂલને બીજી વાર થવા ન દે, દુનિયાનું હિત અને એને ખુશ કરે એટલે કે એના અધિકારનું રક્ષણ કરે. કોઈના અધિકાર છીનવી ન લે. આ રીતે જેનું જીવન બીજાની જરૂરિયાત બની જાય છે, જે બીજાના હૃદય પર રાજ્ય કરે છે, તે વીર છે, અને તે હિંદુ છે.

સમાજને એની જરૂર છે, જેનામાં સ્વાર્થભાવના હોતી નથી. જેનામાં શ્રમ, સંયમ, સદાચાર, સેવા અને ત્યાગ હોય.

(૨૭)

**પ્રશ્ન**–ધ્રુવા સ્મૃતિ કોને કહે છે ?

**ઉત્તર**–ધ્રુવા સ્મૃતિ અંગે આપનો શું અભિપ્રાય છે.

**પ્રશ્ન**–ભગવાનનું સ્મરણ કરવું છે. પણ મન બીજી બાજું ચાલ્યું જાય છે, ભગવાનમાં સ્થિર કેવી રીતે થાય ?

**ઉત્તર**–જ્યારે એ વાત સમજાઈ જાય કે જે કંઈ સત્ય પ્રિયતા અને જ્ઞાન જે કંઈ દેખાય તે બધી એની મહાનતા છે, જેવી રીતે એક મીઠાઈમાં મીઠાશ અને ખાંડની છે, લાડુ, જલેબી, બરફી, રસગુલ્લાં અને કલાકંદ વગેરે બધા ખાંડને લીધે જ મીઠા છે, તો હંમેશ માટે તેની યાદ રહે છે. માનવીને સૌથી વધારે પ્રેમ એની સાથે હોવો જોઈએ કે જે સૌથી નજીક હોય, એવા નિયમ છે કે જ્યાં પ્રેમ હોય છે, એની યાદ આપોઆપ આવે છે, એટલે કે સાધકે જોવું જોઈએ કે મારી અત્યંત નજીક કોણ છે ? કારણ કે સુંદર જીવનની પ્રગતિ કરવા માટે પોતાના નજીકનાને જોવા ખૂબ જરૂરી છે, વિચાર કરવાથી સમજાશે કે હાથ-પગ, આંખ વગેરે ઇન્દ્રિયોને જોડીને પણ મનુષ્ય પ્રાણને રાખે છે, આથી એને આધારે પ્રાણ ઘણા નજીક છે, પ્રાણથી વધારે નજીક એ કે જેને માટે પ્રાણ પણ આપી શકાય, એ છે આપણા હંમેશના સાથી ભગવાન, જે જીવથી (મનુષ્ય) કદી અલગ થતો નથી, એ જ જીવના પોતાના છે. જે સાધક અંતરથી બચીને અત્યંત નજીકના બનીને રહે છે, એની તરફ બધાનું ધ્યાન જાય છે. અત્યંત નિકટતામાં જ બધું છે, કારણ કે તે જ બધાનું કેન્દ્ર છે, જે અત્યંત નજીક છે.

આથી સાધકે જે પારકાં છે, એટલે કે દૂર છે, એનો તિરસ્કાર ન કરે, પરંતુ દૂર થઈ જાય અને પોતાને એને સમર્પણ કરી દે જે પોતાની નજીક છે. આ રીતે વિશ્વાસપૂર્વક ભક્તિભાવની સ્થાપના કરે. આ ભાવનો કદી નાશ થતો નથી. જે વસ્તુ અભ્યાસ દ્વારા મળે છે. એનો સમય જતા નાશ થાય છે. વિશ્વાસનો કદી નાશ થતો નથી,

વિશ્વાસપૂર્વક પોતાની નજીકના થઈ જવાથી પ્રેમ, બોધ અને યોગ જાતે જ મળી જાય છે, ત્યારબાદ ધ્રુવા સ્મૃતિ (અચળ યાદ) થઈ જાય છે.

જે નજીક નથી, જેનો વિરહ અનિવાર્ય છે. એનો વિશ્વાસ પણ બનાવટી વિશ્વાસ છે. એને છોડી દેવો જોઈએ.

ખોટું જ્ઞાન મેળવવાથી એટલે કે વિવેકથી દૂર થાય છે, જે ન રહેવા છતાં પણ હું રહું છું, તે વસ્તુ ન તો હું છું અને ન તો મારી છે. આ વાત વિચાર કરવાથી સમજાઈ જાય છે, આથી ખોટા જ્ઞાનને જાણ્યા પછી દૂર કરવું જોઈએ. શીખીને નહિ, શીખીને દૂર કરેલી ભૂલ ખરેખર દૂર થતી નથી. એની જીવન પર કોઈ અસર થતી નથી. જીવતા જીવ મરી જવું એટલે કે શરીરથી પોતાને અલગ છીએ એવો અનુભવ કરી લેવો અમરત્વ છે એ જ આનંદ છે, એમ થવાથી અભાવ અને દુઃખ હંમેશ માટે દૂર થઈ જાય છે.

જ્યારે મનુષ્ય સમુદ્ર તરફ જુએ છે, ત્યારે એને સમુદ્ર જ સમુદ્ર દેખાય છે, અને પાછળની બાજુ નજર નાખતા જમીન જ જમીન દેખાય છે; એવી રીતે દુનિયા તરફ જોવાથી દુનિયા જ દુનિયા દેખાય છે અને સંસાર તરફથી નજર હટાવી પાછળ જોવામાં આવે તો ભગવાન દેખાય છે.

વિવેકયુક્ત જીવન માનવ-જીવન છે. કર્મ દ્વારા પ્રાપ્ત થનાર વસ્તુઓ મેળવવામાં માણસ પરતંત્ર છે. પરંતુ વિશ્વાસ અને વિવેદ દ્વારા પ્રાપ્ત થનારા શ્રેષ્ઠ જીવનને પ્રાપ્ત કરવામાં મનુષ્ય સંપૂર્ણ સ્વતંત્ર છે. જગતથી અલિપ્ત થઈને ઈશ્વર સાથે અનન્ય પ્રેમ કરવો એ માનવાચિત ઉત્કૃષ્ટ જીવન છે.

અમાર પ્યારા ભગવાન અસીમ છે. અનંત છે. અસીમનું વર્ણન થઈ શકતું નથી. પરંતુ એને મેળવી શકાય છે. તેઓ જીવાત્માને એની સાધનાથી નહિ, પરંતુ જાતે પોતાની કૃપાશક્તિથી પીગળીને મળે છે.

જીવનો સ્વભાવ તો બાળક જેવો છે, જ્યારે ભગવાનનો સ્વભાવ

માતા સમાન છે, જ્યારે જીવાત્મા બાળકની જેમ ભગવાનને મેળવવા વ્યાકુળ બની રડવા માંડે છે, ત્યારે ભગવાનમાં દયા ઉત્પન્ન થાય છે અને તેઓ જીવાત્માને ન્યાલ-ખુશખુશાલ કરી દે છે, જગત રમકડું છે, જ્યાં સુધી જીવાત્મા બાળકની જેમ જગતરૂપી રમકડાંથી રમતો રહે છે, ત્યાં સુધી તેને પ્રભુના પ્રેમરસની ભૂખ લાગતી નથી. તેને માટે એ વ્યાકુળ થતો નથી એટલે કે ભગવાન પણ તમાસો જોયા કરે છે, એને મળતા નથી. પણ જ્યારે સાધકને બાળકની જેમ ભૂખ લાગે છ એટલે કે ભૂખ લાગવાથી બાળક માનું દૂધ પીવાને માટે વ્યાકુળ થઈ જાય છે, રમકડાંનો મોહ છોડીને, તેને ફેંકીને માને બોલાવે છે. તેવી જ રીતે જ્યારે ભગવાનના પ્રેમરસની ભૂખ લાગે છે, અને જગતરૂપી રમકડાંથી વૈરાગ્ય થઈને સાધક પ્રભુના પ્રેમરસને માટે વ્યાકુળ બનીને એને બોલાવવા માંડે છે, ત્યારે ભગવાન પણ દયાભાવથી વ્યાકુળ થઈ જાય છે. પછી રાહ જોઈ શકતા નથી. તરત જ પ્રેમી સાધકને પ્રેમરસનું પ્રદાન કરે છે.

કર્મ મર્યાદિત હોય છે, એટલા માટે એનું ફળ પણ કર્મને અનુરૂપ મર્યાદિત જ મળે છે, પરંતુ ભગવાન અનંત છે. એમની કૃપા પણ અનંત છે. આથી એમની કૃપાથી જે કંઈ મળે છે, તે પણ અનંત મળે છે.

પ્રભુની પ્રાપ્તિનું સાધન પણ પ્રભુની કૃપાથી મળે છે. એવું સાધકે માનવું જોઈએ અને પોતાની સાધનામાં શ્રદ્ધા રાખવી જોઈએ. સાધનામાં અડગ વિશ્વાસપૂર્વક શ્રદ્ધા હોવાથી પ્રાપ્તિ થાય છે.

(૨૮)

**પ્રશ્ન**—લાચારી અને અભિમાન કેવી રીતે દૂર થાય ?

**ઉત્તર**—જ્યાં ઇચ્છા છે, ત્યાં સત્યની પ્રતિષ્ઠા મુશ્કેલ નહિ, પણ અશક્ય છે. સાધકે જો કોઈ એવી માન્યતા અથવા સિદ્ધાંતનું ખંડન કરે તો ડરવું નહિ. ખૂબ આનંદ સાથે એને સાંભળે છે. જો પોતાના

સિદ્ધાંતની નિર્બળતા લાગે તો તેને દૂર કરો. જો ખરેખર નિર્બળતા હોય તો એને સંતાડી રાખવાથી કોઈ ફાયદો નથી.

જો સાધકે કોઈ પણ પ્રકારની અછતથી લાચાર નથી થતો એટલે કે તેની ઇચ્છા નથી કરતો અને મળેલી વસ્તુ અથવા શક્તિનું અભિમાન નથી કરતો એટલે કે પોતાની નથી માનતો, બધું જ પોતાના ભગવાનનું માને છે, તે ભક્ત છે, ઇચ્છારહિત થવાથી જ લાચારી દૂર થાય છે. જ્યાં કોઈ પ્રકારના સુખના ઉપયોગ થાય છે, તે મનુષ્યની ઇચ્છાની પૂર્તિના સુખમાં બંધાઈ જાય છે અને ફરીથી નવી ઇચ્છા ઉત્પન્ન થાય છે, એની લાચારીનો અંત આવતો નથી.

જ્યાં સંકલ્પની ઉત્પત્તિ અને પૂર્તિ નથી, ત્યાં લાચારી અને અભિમાન માટે કોઈ સ્થાન નથી.

જ્યાં સુધી મનુષ્યશરીર સાથે સંબંધ રાખે છે, ત્યાં સુધી લાચારી અને અભિમાન ટકી રહે છે, જેવી રીતે દીવાલ અને છત બની જાય તો ઓરડો વિશાળ આકાશથી અલગ થઈ જાય છે. એટલે આકાશ મહાન હોવા છતાં પણ ઓરડાનું આકાશ કોઈનાથી મોટું તો કોઈનાથી નાનું બની જાય છે. આ રીતે પોતાના કાયમી સંબંધી કાયમી આત્મસ્વરૂપ ભગવાનને ભૂલીને પોતાને અલગ માનવા લાગ્યો, ત્યારથી એનામાં લાચારી અને અભિમાન વગેરે દોષ આવી ગયા. એ એકથી પોતાને મોટો સમજે છે. એટલે એનામાં અભિમાન આવે છે. બીજાથી નાનો માને છે. એટલે લાચારી આવે છે.

સંકલ્પ પૂર્ણ થાય ત્યાં સુધી લાચારી રહે છે. સંકલ્પ પૂરો થતાં જ અભિમાન આવે છે અને નવા સંકલ્પ જન્મ લે છે. આથી તે સાબિત થયું કે શરીરથી અલગ થઈને જીવવું જ કાયમી આનંદમય જીવન છે. શરીરથી સંબંધ છૂટી જવાથી દુઃખની જડ કપાઈ જાય છે. જો કોઈ એવું વિચારે કે શરીરનો નાશ કરી નાખવાથી હું શરીર વગરનો થઈ જઈશ, તો એની ભૂલ છે. કારણ કે સૂક્ષ્મ અને કારણ શરીરનો નાશ

આ સ્થૂળ શરીરના નાશથી નથી. એટલા માટે ફરી જન્મ થઈને નવા સ્થૂળ શરીર સાથે એનો સંબંધ જોડાઈ જાય છે. આ રીતે સંકલ્પ અને ઇચ્છાનો ચકરાવો પણ બની રહે છે. સંબંધ અને ઇચ્છા રહે ત્યાં સુધી શરીર વિનાનું જીવન મળતું નથી.

જો કોઈ કહે જ્યારે શરીર હોય તો જ સાધના થાય છે, તો એના વિનાના થવાથી શરીર વડે સાધના કેવી રીતે થાય છે. તો સમજવું કે શરીર વડે થનારી ક્રિયાનો વિરોધ નથી, ક્રિયા તો સ્વાભાવિક છે. વિરોધ તો શરીરની ઇચ્છાનો અને શરીરથી સંબંધ રાખવાનો છે. વાસનારહિત થઈને શરીર અને સંસારના હિતની ભાવનાથી શરીર દ્વારા બધા જ કામ કરી શકાય છે. શરીર હોય ત્યાં સુધી એને એના વડે શરીર અને દુનિયાનું હિત કરતા રહેવું, ચાલ્યું જાય પછી એનો કોઈ મોહ નથી, એટલે ચાલ્યા જવાનો ડર પણ નહિ. શરીર રહે તો સારું ન રહે તોપણ સારું—આ ભાવનાથી જે ક્રિયા થાય છે, એના પહલા કર્મ-સંસ્કારોનો નાશ થાય છે. આવા પ્રકારની ક્રિયાથી કર્તાનો વસ્તુ, અવસ્થા અને પરિસ્થિતિ સાથે સંબંધ થતો નથી. એટલે એ બંધનકર્તા નથી.

જો કોઈ કહે કે વિશ્વાસ પણ મનમાં જ થાય છે. જ્યારે મન જ નહિ રહેશે. ત્યારે વિશ્વાસ શેમાં થશે ? એનો જવાબ એ છે કે વિશ્વાસ મનમાં થતો નથી. મન તો વિશ્વાસને પ્રકાશિત કરનારું એક યંત્ર છે. વિશ્વાસ તો એમાં થાય છે, જેમાં મન પ્રકાશિત થાય છે. જેવી રીતે વીજળીના ગોળામાં પ્રકાશ નથી, એના દ્વારા તો પ્રકાશ મળે છે. તે માત્ર પ્રકાશને પ્રગટ કરનારું યંત્ર છે. પ્રકાશનું કેન્દ્ર તો પાવરહાઉસ છે. એની સાથે જેનો સંબંધ હોય છે, તે યંત્ર એની સત્તાથી કામ કરવા માંડે છે. એ રીતે બધાનું કેન્દ્ર એકમાત્ર પરમેશ્વર છે. આ રીતે બુદ્ધિનો ધર્મ વિવેક અથવા બોધ નથી. એમાં તો અવિવેક પણ રહે છે,

એનાથી એ સાબિત થયું કે શરીર સાથે સંબંધ તોડી નાખ્યા પછી

પણ શરીર વગરનું જીવન રહે છે, અને એમાં ક્રિયા હોય તો પણ કર્મ રહેતું નથી. પણ રસ રહે છે.

વર્તમાન શરીરયુક્ત જીવન જીવન નથી. જીવનની સાધના સામગ્રી છે. શરીર માત્ર સાધના માટે જ મળ્યું છે. સાધના પ્રાપ્ત થઈ એટલે શરીર સાથે સંબંધ તૂટી જાય છે.

(૨૯)

**પ્રશ્ન**—અભિમાનનું કારણ શું ?

**ઉત્તર**—કેટલાક લોકો ધન કમાનારા હોય છે અને કેટલાક લોકો ધન વાપરનારા હોય છે. જે કમાય છે, તે મોટે ભાગે ધનનો ઉપયોગ કરી શકતા નથી. તે તો કમાણી કરવામાં, અને સુરક્ષિત રાખવામાં અને એની વ્યવસ્થા કરવી વગેરેમાં જ મશગૂલ રહે છે. કુટુંબના સભ્યો તરફથી એવો ખ્યાલ બંધાયેલો રહે છે કે અયોગ્ય છે, વગેરે. ધનનો ઉપયોગ કરનારી વ્યક્તિ તેનો ઉપયોગ કરતો જ રહે છે, એટલે ધન કમાનારને ધનનું અભિમાન નથી હોતું, જેટલું ધનનો ઉપયોગ કરનારામાં હોય છે. આ રીતે જે મનુષ્ય સુખનો ઉપયોગ કરે છે. એને પણ અભિમાનનો હેતુ છે. વસ્તુઓ હોય છે, તે નહિ.

(૩૦)

**પ્રશ્ન**—ઇચ્છાઓનો નાશ કેવી રીતે થાય ?

**ઉત્તર**—ઇચ્છા ભગવાનની કૃપાથી જ નાશ પામી શકે છે. મનુષ્યમાં શું તાકાત છે, જે ઇચ્છાઓનો નાશ કરી શકે. આથી દૃઢવિશ્વાસપૂર્વક પોતાની જાતને ઈશ્વરને સમર્પણ કરીને એમના પર આધારિત બની જવું જોઈએ.

'થાય છે', 'છે', 'જોઈએ'—આ ત્રણેમાં ઘણું અંતર છે. 'થાય છે' જે થવાનું હોય છે તે. એમાં મનુષ્ય કંઈ કરી શકતો નથી. હકીકતમાં

જે 'છે' એની કદી અછત વર્તાતી નથી; એવા એક પરમેશ્વર જ છે, બીજું કોઈ નહિ. 'જોઈએ'ની વ્યાખ્યા બહુ વિસ્તૃત છે. જુદા-જુદા માણસોની જુદી-જુદી વસ્તુ અને પરિસ્થિતિ જોઈએ. ઇચ્છા કદી પૂર્ણ તો થતી નથી. એટલે કે તેનો અંત આવતો નથી ભગવાનની કૃપાથી ઇચ્છાનો નાશ થઈ શકે છે.

**પ્રશ્ન**—સંતોષ શી રીતે થાય ?

**ઉત્તર**—જેવી રીતે પિતા પોતાના સંતાનને યોગ્ય બનાવીને પોતાની ફરજ પૂર્ણ કરીને, પિતૃઓના ઋણમુક્ત બનીને સંતુષ્ટ થઈ જાય છે તેવી જ રીતે વ્યક્તિ પોતાની ફરજનું પાલન કરીને સંસારના અધિકારને પૂર્ણ કરી દે છે; એનાથી ઋણમુક્ત થઈ જાય છે, તે સંતોષ અનુભવે છે.

**પ્રશ્ન**—ગુરુ કેવી રીતે મળે ?

**ઉત્તર**—હકીકતમાં ગુરુ એ છે, જેનાથી સાધકને પોતાના લક્ષ્યનું અને ફરજનું જ્ઞાન થાય. એ માટે આપણો પહેલો ગુરુ વિવેક છે. જે એનો આદર નથી કરતો, એને સાચો ગુરુ મળવો મુશ્કેલ છે. પોતાના વિવેકનો આદર કરીને જ્યારે મનુષ્ય લાયક બને છે, ત્યારે એના ગુરુ બનવા માટે ઘણા લોકો તૈયાર થાય છે. આ રીતે ખ્યાતનામ ગુરુના શિષ્ય ઘણા હોય છે અને ખ્યાતનામ શિષ્યના ગુરુ બનવા ઘણા લોકો તૈયાર થઈ જાય છે, કારણ કે સુંદર વસ્તુ સાથે સંબંધ બાંધવા માંગે છે. ખરાબ વસ્તુ સાથે કોઈ સંબંધ જોડતો નથી.

આજકાલ પહેલાં જેવા ગુરુ પણ જોવા મળતા નથી અને એવા શિષ્ય પણ મળતા નથી. સૌથી શ્રેષ્ઠ ગુરુ તો એ હોય છે કે, જે પોતાની શક્તિનો શિષ્યમાં સંચાર કરે છે. જેવી રીતે રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદમાં કર્યો હતો. એક બનાવ છે કે એક સાધક મુક્તિની તીવ્ર ઇચ્છાથી ગુરુની શોધમાં પહાડ પર અને જંગલમાં ભટકી રહ્યો છે. એક જગ્યાએ એને એક મહાત્માના દર્શન થયા. તે ત્યાં જઈને બેસી

ગયો. મહાત્માએ પૂછ્યું, 'તને શું જોઈએ છે' ? એણે કહ્યું, 'મુક્તિ'. મહાત્માએ પૂછ્યુ, 'તને શું બંધન છે ?' આ વાતને સાંભળીને તે ચોવીસ કલાક બેસી રહ્યો. એને સંતોષ થઈ ગયો.

ગુરુનું કામ એ છે કે સાધક જે સાધના કરે છે, એને જીવંત બનાવે એટલે કે સાધનામાં જે ઊણપ હોય તેને દૂર કરીને અને એ ઉજ્જવળ બનાવે. એનામાં કોઈ શંકા હોય તો દૂર કરે. જીવવાની આશા, મેળવવાની આશા, કરવાની આશા અને ભોગવવાની આશા—આ આશાઓએ મનુષ્યને ઈશ્વરથી દૂર કરી દીધો છે, વર્તમાનમાં પોતાના ભગવાનને મળવાની લાલસા પ્રકટ થવા દીધી નહિ અને સંસારથી સાચો વૈરાગ્ય થવા દીધો નહિ.

સૌથી વધારે આડખીલી તો જીવવાની આશા છે, બીજી બધી આશાઓ એના ભાગરૂપે હોય છે. શરીર અને સંસારના સાચા સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી જીવવાની આશા થાય છે.

આ જીવવાની આશા એકમાત્ર પ્રમાદથી જ રક્ષાયેલી અને જાગૃત રહે છે. નહિ તો વિચારવાથી એ કોણ નથી જાણતું કે હું કાળનો કોળિયો છું. જો કે એમાં કોઈ શંકા નથી છતાં પણ જીવવાની આશા અડચણ કરે છે. એનાથી વધારે બીજું આળસ કયું ?

સૌથી મોટી ભૂલ મનુષ્યની એ છે કે એણે પોતાના જ્ઞાનનો અનાદર કરીને એના તરફથી મોં ફેરવી લીધું. પોતાના ભગવાનની પ્રાપ્તિ મનુષ્ય જ્યારે ઇચ્છે ત્યારે—વર્તમાનમાં થઈ શકે છે; કારણ કે એનાથી એનું દેશ, સમય, જાતિ કોઈ પણ પ્રકારનું અંતર નથી. છતાં પણ વર્ષોથી પ્રાણી મનુષ્ય એને ભવિષ્યની આશા પર છોડતો આવ્યો છે એટલે કે જેનાથી એનું દેશ-કાળથી ઘણું અંતર છે તથા જે વસ્તુ એની જાતિની નથી, એને માટે પ્રયત્ન કરે છે.

જેને જીવનની આશા રહેતી નથી, તે કેટલો વ્યાકૂળ બની જાય છે, એ ત્યારે સમજાય છે, જ્યારે આપણે કોઈ એવા કેદીને જોઈએ

છીએ, જેને ફાંસીનો હુકમ કરવામાં આવ્યો છે. જો કે અપીલમાં એની સજા દૂર થઈ શકે છે એટલે કે કોઈ આકસ્મિક સંજોગોથી તે બચી શકે છે. એની શક્તિ હોય તોપણ એ સમયે એનું એવું પરિવર્તન થઈ જાય છે. જેનાથી એને કંઈ પણ સારું લાગતું નથી. પણ વ્યક્તિ માટે તો ફાંસીની સજા નક્કી થઈ છે. જેની કોઈ મર્યાદા નથી. જ્યારે ઇચ્છે ત્યારે જીવન સમાપ્ત કરી દેવામાં આવે. આથી સાધકે કદી જીવવાની આશા કરવી નહિ. જ્યાં સુધી શરીર છે, ત્યાં સુધી વર્તમાનમાં જ પોતાના ભગવાન માટે વ્યાકુળ થઈ જવું જોઈએ, જીવનનો ભરોસો કરવો મોટી ભૂલ છે.

જ્યાં સુધી જીવવાની આશા રહે છે, ત્યાં સુધી મનુષ્ય ભવિષ્યમાં કંઈક પ્રયત્નની આશા, સાધના કરવાની આશા અને ભોગવવાની આશા છોડી શકતો નથી.

હકીકતમાં અત્યારે કરેલી સાધના જ ભવિષ્યને સફળ બનાવી શકે છે. જે વર્તમાનમાં સાધનાપરાયણ થઈ જાય છે, તે મૃત્યુથી ડરતો નથી. ઊલટું એની રાહ જોતો ખુશ રહે છે. તે મૃત્યુથી નથી ડરતો; કારણ કે જે કામ માટે એને શરીર મળ્યું હતું તે પૂર્ણ કરી નાખ્યું, હવે ગભરાટ શેનો ?

પરંતુ વર્તમાનમાં કંઈ જ નહિ કરીને ભવિષ્ય પર છોડી દીધું છે. જેણે જવાની તૈયારી નથી કરી. એણે મૃત્યુથી ડરવું પડે છે તે મૃત્યુ પછી આવતા ગભરાય છે અને પસ્તાવો કરે છે, પરંતુ તે સમયે કંઈ કરી શકતો નથી.

મનુષ્યની સૌથી મોટી લાચારી, હૃદયની દુર્બળતા એ છે કે તે જાણે છે કે તે પણ કરી શકતો નથી.

સાધકે જીવન દરમ્યાન જ જીવનથી નિરાશ થઈ જવું જોઈએ. એવો ભાવ ઉત્પન્ન કરી લે કે જીવ્યા તો પણ શું અને ન જીવ્યા તો પણ શું ? પોતાના જીવનના કાર્યક્રમને પૂર્ણ કરી દે. એણે વિચાર કરવો

જોઈએ કે હવે મારે કયું કામ કરવાનું બાકી છે ? જેને માટે મારે જીવવાનું છે અને કેટલું જીવવાનું છે ? શું જીવવું આપણા હાથમાં છે ? અગર ના, તો જે પણ કામ કરવાનું છે. તેને જલદી પૂર્ણ કરીને તૈયાર થઈ જવું જોઈએ. પછી મૃત્યુનો ડર રહેશે નહિ.

સાધકે જોવું જોઈએ કે મારી જે જરૂરિયાત છે. તેને પૂર્ણ કરવાની સાધનામાં હું લાગ્યો છું કે નહિ. એણે જણાવવું જોઈએ કે ભોગો પર મારો અધિકાર નથી. ભોગ-સુખની શરૂઆત તો પ્રિય છે, પરંતુ એનો અંત હંમેશાં અપ્રિય હોય છે. આ જાણી લેવાથી ભોગો પર અણગમો થશે.

સાધકે કરવા લાયક કામ પૂરું કરી નાખવું જોઈએ. કામને ભવિષ્ય માટે જમા રાખવું નહિ. દરેક પ્રવૃત્તિના અંતે યોગ થઈ જવો જઈએ. કામના અંતમાં રામની પ્રાપ્તિ થવી જોઈએ. ત્યારે પ્રવૃત્તિ અને ઇચ્છાના અંતની સફળતા કહેવાય.

કામનું સ્વરૂપ છે પરિવર્તન અને મર્યાદિત સુંદરતાની માયા, એને જાણવું જોઈએ.

રામનું કાર્ય કામને દીપાવવાનું છે એનો નાશ કરવાનું નહિ. એટલે સત્યનું કામ અસત્યને પ્રકાશિત કરવાનું છે, નાશ નહિ, પરંતુ રામની ઇચ્છા કામને ખાઈને રામમાં મેળવી દે છે, સત્યની ઇચ્છા અસત્યને છોડી સત્યમાં ભેળવી દે છે.

જો કોઈ પૂછે કે સત્યની અભિલાષા થયા પછી સત્ય કેટલા દિવસમાં મળે છે ? એનો જવાબ એ છે કે પૂર્ણ ઇચ્છા થાય કે તરત મળી જાય છે. એમાં વિલંબનું કોઈ કારણ નથી.

ભોગોની ઇચ્છાએ રામને મળવાની જિજ્ઞાસાને છુપાવી રાખી છે. ભોગોનું પરિણામ શું છે ?—પરતંત્રતા, જડતા અને શક્તિહીનતા. બધા જ જાણે છે કે પરતંત્રતા, જડતા અને શક્તિહીનતા દુઃખ છે છતાં પણ એની ઇચ્છા કરે છે. કેટલી નવાઇની વાત છે.

મનુષ્ય જન્મે છે ત્યારે રડતો હોય છે અને રડતો રડતો જ મરે તો શું ફાયદો ? માનવશરીરથી શું ફાયદો થયો ? આ શરીરનું મહત્ત્વ તો ત્યારે કહેવાય કે મનુષ્ય હસતો-હસતો મૃત્યુનું સ્વાગત કરે.

આથી મનુષ્યે વર્તમાનમાં જ પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કમર કસવી જોઈએ અર્થાત્ આકરી મહેનત કરી તૈયાર થઈ જાય. કાર્યનો અંત અને રામની ભગવાનની પ્રાપ્તિ એ જ એનો હેતુ છે.

જે એવી આશા રાખે કે આવતે વર્ષે પાછો સત્સંગ કરીશું, એમણે સત્સંગનું મહત્ત્વ જાણ્યું નથી. સાંભળ્યા પછી પાછી સાંભળવાની ઈચ્છા રહે તો સાંભળેલું સાર્થક ગણાય નહિ.

જીવવાની આશાએ મનુષ્યની ફરજને છુપાવી રાખી છે. તે મનુષ્યને કર્તવ્યપરાયણ બનવા દેતી નથી. જીવવાની નિરાશા ખૂબ મહત્ત્વની છે. જીવવાથી નિરાશ થનારને જ સાચો વૈરાગ પ્રાપ્ત થાય છે અને તેમ થાય તો બેડો પાર થઈ જાય છે. સફળ થઇ જવાય છે.

Challenge

Video 1 | Challenge of Ramsukhdasji – Scan QR | Video 2

पारमार्थिक उन्नति इतनी सुगम सरलता से कि जिसमें भविष्य नहीं है और क्रिया और पदार्थ की जरूरत नहीं है। यह बात कहीं भी मिलती नहीं है। आप इतनों के सामने मैं कहता हूँ, किसी जगह मिली है तो आप बताओ। एक जगह (शरणानन्दजी से) ही मिलती है, दो जगह मिलती ही नहीं। इतनी बढ़िया बात इतनी सरल इतनी सुगम मैंने कहीं नहीं देखी है, कहीं सुनी नहीं है। किसी भाषा में देखी नहीं है, सुनी नहीं है। (प्रवचन 17-8-2001, 8:30 am)

शरणानन्दजी के सम्पूर्ण साहित्य की pdf के लिए scan 10 Volumes QR


ⒽⒺⓎ ⓃⒶⓉⒽ!!

SHARNANANDJI

www.swamisharnanandji.org

Vol-1 Vol-2 Vol-3 Vol-4 Vol-5

शरणानन्दजी की बातें सम्पूर्ण शास्त्रों का अन्तिम तात्पर्य है। - स्वामी रामसुखदासजी

Vol-6 Vol-7 Vol-8 Vol-9 Vol-10

PL. SCAN QR CODE आत्मा की प्रतिध्वनि PDF BOOKS IN HINDI


हिन्दू, मुसलमान, ईसाई, यहूदी आदि सभी लाभ उठा सकें इसलिए अद्वितीय शरणानन्दजी की क्रान्तिकारी वाणी में *एक-देशीय साधना की चर्चा कभी नहीं की जाती है।

## ‘गीताप्रेस’ गोरखपुरकी निजी दूकानें तथा स्टेशन-स्टाल

| | | |
|---|---|---|
| **गोरखपुर**-२७३००५ | गीताप्रेस—पो० गीताप्रेस<br>website:www.gitapress.org / e-mail: booksales@gitapress.org | ✆ ( ०५५१ ) २३३४७२१, २३३१२५०; फैक्स २३३६९९७ |
| **दिल्ली**-११०००६ | २६०९, नयी सड़क | ✆ ( ०११ ) २३२६९६७८; फैक्स २३२५९१४० |
| **कोलकाता**-७००००७ | गोबिन्दभवन-कार्यालय; १५१, महात्मा गाँधी रोड<br>e-mail:gobindbhawan@gitapress.org | ✆ ( ०३३ ) २२६८६८९४; फैक्स २२६८०२५१ |
| **मुम्बई**-४००००२ | २८२, सामलदास गाँधी मार्ग (प्रिन्सेस स्ट्रीट)<br>मरीन लाईन्स स्टेशनके पास | ✆ ( ०२२ ) २२०३०७१७ |
| **कानपुर**-२०८००१ | २४/५५, बिरहाना रोड | ✆ ( ०५१२ ) २३५२३५१; फैक्स २३५२३५१ |
| **पटना**-८००००४ | अशोकराजपथ, महिला अस्पतालके सामने | ✆ ( ०६१२ ) २३००३२५ |
| **राँची**-८३४००१ | कार्ट सराय रोड, अपर बाजार, बिड़ला गद्दीके प्रथम तलपर | ✆ ( ०६५१ ) २२१०६८५ |
| **सूरत**-३९५००१ | वैभव एपार्टमेन्ट, नूतन निवासके सामने, भटार रोड<br>e-mail: suratdukan@gitapress.org | ✆ ( ०२६१ ) २२३७३६२, २२३८०६५ |
| **इन्दौर**-४५२००१ | जी० ५, श्रीवर्धन, ४ आर. एन. टी. मार्ग | ✆ ( ०७३१ ) २५२६५१६, २५११९७७ |
| **जलगाँव**-४२५००१ | ७, भीमसिंह मार्केट, रेलवे स्टेशनके पास | ✆ ( ०२५७ ) २२२६३१३ ; फैक्स २२२०३२० |
| **हैदराबाद**-५०००९५ | ४१, ४-४-१, दिलशाद प्लाजा, सुल्तान बाजार | ✆ ( ०४० ) २४७५८३११ |
| **नागपुर**-४४०००२ | श्रीजी कृपा कॉम्प्लेक्स, ८५१, न्यू इतवारी रोड | ✆ ( ०७१२ ) २७३४३५४ |
| **कटक**-७५३००९ | भरतिया टावर्स, बादाम बाड़ी | ✆ ( ०६७१ ) २३३५४८१ |
| **रायपुर**-४९२००९ | मित्तल कॉम्प्लेक्स, गंजपारा, तेलघानी चौक | ✆ ( ०७७१ ) ४०३४४३० |
| **वाराणसी**-२२१००१ | ५९/९, नीचीबाग | ✆ ( ०५४२ ) २४१३५५१ |
| **हरिद्वार**-२४९४०१ | सब्जीमण्डी, मोतीबाजार | ✆ ( ०१३३४ ) २२२६५७ |
| **ऋषिकेश**-२४९३०४ | गीताभवन, पो० स्वर्गाश्रम<br>e-mail:gitabhawan@gitapress.org | ✆ ( ०१३५ ) २४३०१२२, २४३२७९२ |
| **कोयम्बटूर**-६४१०१८ | गीताप्रेस मेंशन, ८/१ एम, रेसकोर्स | ✆ ( ०४२२ ) ३२०२५२१ |
| **बेंगलोर**-५६००२७ | १५, फोर्थ ‘इ’ क्रास, के० एस० गार्डेन, लालबाग रोड | ✆ ( ०८० ) २२९५५१९०, ३२४०८१२४ |

### स्टेशन-स्टाल—

**दिल्ली** (प्लेटफार्म नं० ५-६); **नयी दिल्ली** (नं० १६); **हजरत निजामुद्दीन** [दिल्ली] (नं० ४-५); **कोटा** [राजस्थान] (नं० १); **बीकानेर** (नं० १); **गोरखपुर** (नं० १); **कानपुर** (नं० १); **लखनऊ** [एन० ई० रेलवे]; **वाराणसी** (नं० ४-५); **मुगलसराय** (नं० ३-४); **हरिद्वार** (नं० १); **पटना** (मुख्य प्रवेशद्वार); **राँची** (नं० १); **धनबाद** (नं० २-३); **मुजफ्फरपुर** (नं० १); **समस्तीपुर** (नं० २); **हावड़ा** (नं० ५ तथा १८ दोनोंपर); **कोलकाता** (नं० १); **सियालदा मेन** (नं० ८); **आसनसोल** (नं० ५); **कटक** (नं० १); **भुवनेश्वर** (नं० १); **अहमदाबाद** (नं० २-३); **राजकोट** (नं० १); **जामनगर** (नं० १); **भरुच** (नं० ४-५); **इन्दौर** (नं० ५); **वडोदरा** (नं० ४-५); **औरंगाबाद** [महाराष्ट्र] (नं० १); **सिकन्दराबाद** [आं० प्र०] (नं० १); **गुवाहाटी** (नं० १); **खड़गपुर** (नं० १-२); **रायपुर** [छत्तीसगढ़] (नं० १); **बेंगलोर** (नं० १); **यशवन्तपुर** (नं० ६); **हुबली** (नं० १-२); **श्री सत्यसाईं प्रशान्ति निलयम्** [दक्षिण-मध्य रेलवे] (नं० १) एवं **अन्तर्राज्यीय बस-अड्डा, दिल्ली।**

ISBN 81-293-1387-1

### फुटकर पुस्तक-दूकानें

**चूरू**-ऋषिकुल ब्रह्मचर्याश्रम, पुरानी सड़क, **ऋषिकेश**-मुनिकी रेती, **तिरुपति**-शॉप नं० ५६, टी० टी० डी० मिनी शॉपिंग कॉम्प्लेक्स, **बेरहामपुर**- म्युनिसिपल मार्केट काम्प्लेक्स, ब्लाक-बी, शॉप नं० ५७—६०, प्रथम तल, **गुजरात**-सन्तराम मन्दिर, नडीयाड।

**Code 1212**